# શ્રી પ્રાચીન સ્તવનાવલી

ભાગ ૨ જો

-પ્રકાશક-

મતિલાલ ભાહરચંદ

અમદાવાદ.

ॐ ह्रीं શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥

# શ્રી

# પ્રાચીન સ્તવનાદિ સંગ્રહ

## વિભાગ ૧ લો

( શ્રીમદ્ યશોવિજયજી, આનંદઘનજી, શ્રીમદ્ દેવચંદ્રજી કૃત સ્તવન ચોવિશિ તેમજ શ્રી પદ્મ વિજયજી કૃત ચૈત્યવંદન, સ્તવન અને સ્તુતિ ચોવિશિ તેમજ બીજા ચૈત્યવંદનો સ્તવનો સ્તુતિઓ અને છંદો તેમજ આધ્યાત્મિક સજઝાય વિગેરેનો સંગ્રહ. )


-: પ્રકાશક :-

માસ્તર રતીલાલ બાદરચંદ શાહ

ઠે. દોસીવાડાની પોળ-અમદાવાદ-૧.

બીજી આવૃતિ [ પ્રતિ-૫૦૦ ]

કિંમત રૂા. ૨-૦૦ પૈસા

પ્રકાશક :

માસ્તર રતીલાલ બાદરચંદ શાહ
દોશીવાડાની પોળ
અમદાવાદ—૧.

કિંમત :
રૂા. ૨-૦૦ પૈસા

( સર્વ હક્ક પ્રકાશકને સ્વાધીન )

મુદ્રક :
એ. એચ. બબરૂ
વતન પ્રિન્ટીંગ પ્રેસ
ખુરકુલ્લા પોળ
કાલુપુર
અમદાવાદ.

# પ્રસ્તાવના

ગગણુ તણું જિમ નહિ માનં; ફળ અનંત તિમ જિનં ગુણુ ગાનં. શ્રીસકળચંદજી ઉપાધ્યાય

શ્રી જિનેશ્વર દેવનાં સ્તવન અને સ્તુતિ રૂપ મંગળ વડે જીવ જ્ઞાન, દર્શન. ચારિત્ર અને બોધિ-લાભને ઉપાર્જન કરે છે. અને તેજ ભવમાં મોક્ષ પ્રાપ્ત કરવાની આરાધના તેને યોગ્ય બને છે. બે ભુજાઓ વડે પૃથ્વીને ઉપાડવી કે સ્વયંભુરમણ સમુદ્ર તરવો જેટલો દુષ્કર છે, તેના કરતાં પણ દુષ્કર કામ જીનેશ્વર દેવોના ગુણુનું વર્ણન કરવું તે છે. શ્રી જીનેશ્વર દેવના અરૂપી અનંત ગુણોનું વર્ણન છદ્મસ્થ આત્માઓ વડે સર્વથા થઈ શકે નહી.

આ સ્તવનની ચોપડીની સાઈઝ જો કે નાની હોવા છતાં ભાવવાહી પૂર્વાચાર્ય કૃતિનાં સ્તવન, ચૈત્ય-વંદન, સ્તુતિ તેમજ અધ્યાત્મીક સજ્ઝાયોનો સંગ્રહ છે.

આવા કપરા સંયોગોમાં આવાં ભાવવાહી પુસ્તકો તૈયાર કરતાં દૃષ્ટી દોષ કે પ્રેસદોષની સ્ખલના રહી જવા પામી હોય તો સુધારી વાંચશો એજ શુભેચ્છા.

લી. **પ્રકાશક**.

## [ પ્રભુ આગળ બોલવાની સ્તુતિઓ ]

મંગલં ભગવાન્ વીરો, મંગલં ગૌતમ પ્રભુ, મંગલં સ્થુલિભદ્રાદ્યા, જૈન ધર્મોસ્તુ મંગલમ્ ॥ ૧ ॥ અર્હન્તો ભગવંત ઇન્દ્ર–મહિતા, સિદ્ધાશ્ચ સિદ્ધિ–સ્થિતા; આચાર્યા જિન–શાસનોન્નતિ કરા; પૂજ્યા ઉપાધ્યાયકા; શ્રી સિદ્ધાન્ત-સુપાઠકા મુનિ–વરા; રત્ન–ત્રયારાધકા; પંચૈતે પરમેષ્ટિનઃ પ્રતિદિનં કુર્વન્તુ વો મંગલં ॥ શાદર્શનં દેવ–દેવસ્યં, દર્શનં પાપ નાશનમ્; દર્શનં સ્વર્ગ–સોપાનં. દર્શનં મોક્ષ–સાધનમ્. ૩ દર્શનાદ્ દુરિત–ધ્વંસી, વંદનાદ વાંછિત પ્રદ; પૂજનાત્ પૂરકઃ શ્રીણાં, જિનં સાક્ષાત્ સુરદ્રુમઃ. ૪ જિને ભક્તિ-ર્જિને ભક્તિ ર્જિને ભક્તિ ર્દિને દિને; સદા મેડસ્તુ સદા મેડસ્તુ સદા મેડસ્તુ ભવે ભવે. ૫ અદ્ય મે સફલં જન્મ, અદ્ય મે સફલા ક્રિયા; શુભો દિનોદયોડસ્માકં, જિનેંદ્ર ! તવ દર્શનાત્. ૬ અન્યથા શરણં નાસ્તિ, ત્વમેવ શરણં મમ; તસ્માત્ કારુણ્ય–ભાવેન, રક્ષ રક્ષ જિનેશ્વર ! ૭

# ચૈત્યવંદનો


| | | |
|---|---|---|
| સકલ કુશલ વલ્લી | | ૧ |
| ૧ શ્રી આદિનાથ જિન ચૈત્યવંદન. | | ૧ |
| ૨ ” | ” | ૨ |
| ૩ શ્રી શાન્તિનાથ પ્રભુનું | ” | ૨ |
| ૪ ” | ” | ૨ |
| ૫ શ્રી નેમનાથ પ્રભુનું | ” | ૩ |
| ૬ શ્રી પાર્શ્વનાથ પ્રભુનું | ” | ૩ |
| ૭ ” | ” | ૪ |
| ૮ શ્રી મહાવીર સ્વામીનું | ” | ૪ |
| ૯ ” | ” | ૫ |
| ૧૦ સામાન્ય જિનનું | ” | ૫ |
| ૧૧ ” | ” | ૫ |
| ૧૨ ” | ” | ૬ |
| ૧૩ પંચ પરમેષ્ઠિના ગુણનું | ” | ૭ |
| ૧૪ શ્રી સીમંધર સ્વામીનું | ” | ૭ |
| ૧૫ ” | ” | ૭ |
| ૧૬ શ્રી સિદ્ધાચલજીનું | ” | ૮ |
| ૧૭ ” | ” | ૮ |

| | | |
|---|---|---|
| ૧૮ શ્રી રાયણ પગલાંનું ચૈત્યવંદન. | | ૯ |
| ૧૯ શ્રી પુંડરીક સ્વામીનું | ,, | ૧૦ |
| ૨૦ | ,, | ૧૦ |
| ૨૧ શ્રી સિદ્ધચક્રજીનું | ,, | ૧૦ |
| ૨૨ શ્રી જ્ઞાન પંચમીનું | ,, | ૧૧ |
| ૨૩ શ્રી અષ્ટમીનું | ,, | ૧૨ |
| ૨૪ શ્રી એકાદશીનું | ,, | ૧૨ |


## પ્રાચીન ચોવીશી


શ્રીમદ્ મહોપાધ્યાય શ્રી યશોવિજયજી
કૃત ચોવીશ જિનનાં સ્તવન ૧૪ થી ૩૪

શ્રી આનંદઘનજી કૃત ચોવિશ જિન સ્તવન
૩૪ થી ૬૫

શ્રી પદ્મ વિજયજી કૃત ચૈત્યવંદન
સ્તવન અને સ્તુતિ ચોવિશિ ૬૬ થી ૧૦૪


## પરચુરણ જિન સ્તવનો


| | | |
|---|---|---|
| ૧ ઋષભદેવ જિન સ્તવન | | ૧૦૫ |
| ,, | ,, | ૧૦૬ |
| ૨ શ્રી અજિતનાથ જિન સ્તવન | ,, | ૧૦૭ |
| ૩ શ્રી ધર્મનાથ જિન સ્તવન | | ૧૦૮ |
| ૪ શ્રી શાન્તિનાથ જિન સ્તવન | | ૧૧૦ |

| | | | |
|---|---|---|---|
| ૫ | શ્રી અરનાથ જિન સ્તવન | | ૧૧૧ |
| ૬ | શ્રી મલ્લિનાથ જિન સ્તવન | | ૧૧૨ |
| ૭ | શ્રી નેમનાથ જિન સ્તવન | | ૧૧૩ |
| ૮ | શ્રી નેમનાથ જિન સ્તવન | | ૧૧૪ |
| ૯ | શ્રી પાર્શ્વનાથ જિન સ્તવન | | ૧૧૫ |
| ૧૦ | શ્રી શંખેશ્વર પાર્શ્વનાથનું સ્તવન | | ૧૧૬ |
| ૧૧ | શ્રી પંચાસરા પાર્શ્વનાથનુ સ્તવન | | ૧૧૭ |
| ૧૨ | શ્રી મહાવીર સ્વામીનુ સ્તવન | | ૧૧૮ |
| ૧૩ | ” | ” | ૧૧૯ |
| ૧૪ | ” | ” | ૧૨૦ |
| ૧૫ | ” | ” | ૧૨૧ |
| ૧૬ | શ્રી સીમંધર સ્વામીનું સ્તવન | ” | ૧૨૩ |
| ૧૭ | ” | ” | ૧૨૪ |
| ૧૮ | ” | ” | ૧૨૫ |
| ૧૯ | શ્રી સિદ્ધાચલજીનું સ્તવન | ” | ૧૨૬ |
| ૨૦ | ” | ” | ૧૨૭ |
| ૨૧ | ” | ” | ૧૨૮ |
| ૨૨ | ” | ” | ૧૨૮ |
| ૨૩ | ” | ” | ૧૨૯ |
| ૨૪ | ” | ” | ૧૩૦ |

૨૬ શ્રી સિદ્ધગિરિજીનું સ્તવન ૧૩૩
૨૭ શ્રી મહાવીર સ્વામીનું પારણું ૧૩૪
૨૮ બીજનું ચૈત્ય. સ્તવનને સ્તુતિ ૧૩૧-૧૩૯
૨૯ જ્ઞાન પંચમી ચૈત્ય. સ્તવનને સ્તુતિ ૧૩૯-૧૫૨
૩૦ અષ્ટમીનુ ચૈત્ય. સ્તવનને સ્તુતિ ૧૫૨-૧૫૮
૩૧ એકાદશીનું ચૈત્ય. સ્તવનને સ્તુતિ ૧૫૮-૧૬૬
૩૨ શ્રી દેવચંદ્રજી કૃત ચોવિશિ જિન સ્તવન ૧૬૬-૨૦૧
૩૩ શ્રી જિન પૂજન સ્તવન ૨૦૨
૩૪ શ્રી ગૌતમ સ્વામિનો છંદ ૨૦૩
૩૫ શ્રી સોળ સતીનો છંદ ૨૦૪
૩૬ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિન સ્તવન ૨૦૭
૩૭શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિન સ્તવન ૨૦૮
૩૮ શ્રી મહાવીર સ્વામી જિન સ્તવન ૨૧૧
૩૯ શ્રી પર્યુષણા પર્વનું ચૈત્યવંદન ૨૧૨
૪૦ શ્રી પર્યુષણા પર્વનું સ્તવન ૨૧૪
૪૧ શ્રી પર્યુષણ પર્વની સ્તુતિ ૨૧૫
૪૨ ,, ,, ,, ૨૧૭

## પ્રાચીન સજ્ઝાયો


| | | |
|---|---|---|
| ૧ | શ્રી ઈલાચીકુમારની સજ્ઝાય | ૨૧૮ |
| ૨ | શ્રી અરણિક મુનિની સજ્ઝાય | ૨૧૯ |
| ૩ | શ્રી ખધક મુનિને સજ્ઝાય | ૨૨૧ |
| ૪ | શ્રી મૌન એકાદશીની સજ્ઝાય | ૨૨૩ |
| ૫ | સહજાનંદિની સજ્ઝાય | ૨૨૫ |
| ૬ | શ્રી સુબાહુ કુમારની સજ્ઝાય | ૨૨૮ |
| ૭ | શ્રી નેમ રાજુલની સજ્ઝાય | ૨૩૧ |
| ૮ | જીવને સમતા વિષેની સજ્ઝાય | ૨૩૨ |
| ૯ | પરસ્ત્રી ત્યાગ કરવાની સજ્ઝાય | ૨૩૩ |
| ૧૦ | આપ સ્વભાવની સજ્ઝાય | ૨૩૫ |
| ૧૧ | મૂર્ખને પ્રતિબોધ કરવાની સજ્ઝાય | ૨૩૫ |
| ૧૨ | શ્રી શીયલની સજ્ઝાય | ૨૩૬ |
| ૧૩ | વૈરાગ્યની સજ્ઝાય | ૨૩૮ |
| ૧૪ | સંસારના ખોટા સગપણની સજ્ઝાય | ૨૩૯ |
| | શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિન છંદ | ૨૪૦ |

## ચૈત્યવંદન કરવાનો વિધિ.

ઇચ્છામિ ખમાસમણો ! વંદિઉં જાવણિજ્જાએ નિસિહીઆએ મત્થએણ વંદામિ.

(એ પ્રમાણે બોલી ત્રણ ખમાસમણાં દઈને પછી ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ચૈત્યવંદન કરૂં ? ઇચ્છં (કહી ડાબો ઢીંચણ ઉચો કરી)

સકલકુશલવલ્લી–પુષ્કરાવર્ત્તમેઘો;
દુરિત તિમિર ભાનુઃ કલ્પવૃક્ષોપમાનઃ;
ભવજલનીધિપોતઃ સર્વસંપત્તિહેતુ;
સ ભવતુ સતતં વઃ શ્રેયસે શાંતિનાથઃ
શ્રેયસે પાર્શ્વનાથ : ॥ ૧ ॥

## શ્રી શત્રુંજયનું ચૈત્યવંદન

શ્રી શત્રુંજય સિદ્ધક્ષેત્ર, દીઠે દુર્ગતિ વારે,
ભાવ ધરીને જે ચઢે, તેને ભવજલ પાર ઉતારે. ૧

અનંત સિદ્ધનો એહ ઠામ, સકલ તીરથનો રાય;
પુર્વ નવાણું ઋષભદેવ, જ્યાં ઠવીયા પ્રભુ પાય. ૨

સૂરજકુંડ સોહામણો, કવડ જક્ષ અભિરામ;
નાભિરાયા કુલમંડણો; જિનવર કરૂં પ્રણામ, ૩

## જંકિંચિ.

જંકિંચિ નામતિત્થં, સગ્ગે પાયાલિ માણુસે લોએ;
જાઈ જિણબિંબાઈ, તાઈ સવ્વાઈ વંદામિ ૧

## નમુત્થુણં વા શક્રસ્તવ

નમુત્થુણં અરિહંતાણં, ભગવંતાણં. ૧. આઈગ-

રાણં, તિત્થયરાણં સયંસંબુદ્ધાણં, ૧ પુરિસુત્તમાણં, પુરિસસીહાણં, પુરિસવર પુંડરીયાણં પુરિસવરગંધ-હત્થીણં. ૩. લોગુત્તમાણં, લોગનાહાણં, લોગહિયાણં, લોગપઈવાણં, લોગપજ્જોઅગરાણં. ૪ અભયદયાણં, ચકખુદયાણં, મગ્ગદયાણં, સરણદયાણં, બોહિદયાણં. ૫ ધમ્મદયાણં, ધમ્મ દેસયાણં, ધમ્મનાયગાણં, ધમ્મ સારહીણં ધમ્મવરચાઉરંતચકકવટ્ટીણં, ૧ અપ્પડિહય-વરનાણ દંસણધરાણં, વિયટ્ટછઉમાણં ૭. જિણાણં જાવયાણ, તિન્નાણં તારયાણં, બુદ્ધાણં બોહયાણં, મુત્તાણં, મોઅગાણં. ૮. સવ્વન્નૂણં, સવ્વદરિસીણં, શિવમયલ મરૂઅમણંત મકખય-મવ્વાબાહમપૂણરા-વિત્તિ સિદ્ધિગઈ નામધેયં ઠાણં સંપત્તાણં નમો જિણાણં; જિઅભયાણં. ૯. જે અ અઈઆ સિદ્ધા, જે અ ભવિસ્સંતિણાગએ કાલે; સંપઈ અ વટ્ટમાણા, સવ્વે તિવિહેણ વંદામિ ૧૦.

## જાવંતિ ચેઈઆઈં

જાવંતિ ચેઈઆઈં, ઉડ્ઢે અ અહે અ તિરિઅલોએ અ,
સવ્વાઇં તાઇં વંદે, ઇહ સંતો તત્થ સંતાઈં ૧

## જાવંત કેવિ સાહૂ

જાવંત કેવિ સાહુ, ભરહેરવયમહાવિદેહે અ;
સવ્વેસિં તેસિં પણઓ, તિવિહેણ તિદંડવિરયાણં ૧

નમોઽર્હત્ સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ

( અહીં નીચે મુજબ સ્તવન કહેવું. ત્યાર પછી )

## શ્રી રૂષભદેવ જિન સ્તવન.

માતા મરૂદેવીના નંદ દેખી તાહરી મૂરતિ મારૂં મન લોભાણુજી; મારૂં દિલ લોભાણુજી. દેખી૰ ૧

કરૂણાનાગર કરૂણાસાગર, કાયા કંચનવાન; ધોરી લંછન પાઉલે કાંઈ, ધનુષ્ય પાંચસે માન, માતા૰ ૨

ત્રિગડે બેસી ધર્મ કહંતા, સુણે પર્ષદા બાર; જોજન ગામિની વાણી મીઠી, વરસંતી જળધાર. માતા૰ ૩

ઉર્વશી રૂડી અપછરાને, રામા છે મન રંગ; પાયે નેઉર રણઝણે કાંઈ, કરતી નાટારંભ. માતા૦ ૪ તુંહી બ્રહ્મા, તુહી વિધાતા, તુહીં જગ તારણહાર, તુજ સરીખો નહીં દેવ જગતમાં; અરવડીઆ આધાર. માતા ૫ તુંહી ભ્રાતા, તુહી ત્રાતા, તુંહી જગતનો દેવ; સુરનર કિન્નર વાસુદેવા, કરતા તુજપદ સેવ. માતા૦ ૬ શ્રી સિદ્ધાચલ તીરથકેરો, રાજા ઋષભ જિણંદ; કીર્તિ કરે 'માણેકમુનિ' તાહરી, ટાળો ભવભય ફંદ. માતા૦ ૭

## જય વીયરાય

જય વીયરાય! જગગુરૂ! હોઉ મમં તુહ પભાવઓ ભયવં
ભવનિવ્વેઓ મગ્ગા ણુસારિઆ ઈટ્ટફલસિદ્ધિ ૧
લોગવિરૂદ્ધચ્ચાઓ, ગુરૂજણપૂઆ પરત્થકરણં ચ;
સુહગુરૂજોગો તવ્વયણ-સેવણા આભવમખંડા, ૨
વારિજ્જઈજઈવિ નિઆણ-બંધણં વીયરાય તુહ સમએ;
તહવિ મમ હુજ્જ સેવા, ભવે ભવે તુમ્હ ચલણાણં. ૩

દુક્ખક્ખઓ કમ્મક્ખઓ, સમાહિમરણં ચ બોહિલાભો અ, સપજ્જઉ મહ એઅં, તુહ નાહ પણામકરણેણં.
સર્વ મંગલ માંગલ્યં, સર્વકલ્યાણ કારણં;
પ્રધાનં સર્વધર્માણાં, જૈનં જયતિ શાસનમ્.

## અરિહંતચેઇઆણં

અરિહંત ચેઇઆણં, કરેમિ કાઉસ્સગ્ગં ૧. વંદણ-વત્તિયાએ પૂઅણવત્તિયાએ, સક્કારવત્તિયાએ, સમ્મા-ણવત્તિયાએ, બોહિલાભવત્તિયાએ, નિરૂવસગ્ગવત્તિયાએ. ૨. સદ્ધાએ, મેહાએ, ધિઈએ ધારણાએ અણુપ્પે-હાએ, વડ્ઢમાણીએ, ઠામિ કાઉસ્સગ્ગં. ૩.

## અન્નત્થ ઉસસીએણં

અન્નત્થ ઊસસિએણં, નિસસિએણં, ખાસિએણં, છીએણં, જંભાઇએણં, ઉડ્ડુએણં, વાયનિસગ્ગેણં, ભમલીએ પિત્તમુચ્છાએ. ૧. સુહુમેહિં અંગ સચાલેહિં સુહુમેહિં ખેલસચાલેહિં, સુહુમેહિં દિટ્ઠિ-

સંચાલેહિં. ૨, એવમાઇએહિં આગારેહિં અભગ્ગો અવિરાહિઓ, હુજ્જ મે કાઉસ્સગ્ગો. ૩. જાવ અરિહંતાણું ભગવંતાણું, નમુક્કારેણું ન પારેમિં ૪. તાવ કાયં ઠાણેણં મોણેણં ઝાણેણં અપ્પાણં વોસિરામિ. ૫.

( પછી એક નવકારનો કાઉસ્સગ્ગ કરી, નમોઽર્હત્ સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્ય : કહી થોય કહેવી. )

## થોય

સિદ્ધાચળ મંડણ, ઋષભ જિણંદ દયાળ,
મરૂદેવાનંદન વંદન કરૂં ત્રણ કાળ;
એ તીરથ જાણી, પૂર્વ નવાણું વાર,
આદીશ્વર આવ્યા, જાણી લાભ અપાર.

ॐ श्री संखेश्वर पार्श्वनाथाय नमः

# શ્રી પ્રાચીન સ્તવનાદિ સંગ્રહ

## વિભાગ-૧ લો.

### ચૈત્યવંદનો

### ચૈત્યવંદનની શરૂમાં બોલવું.

સકલ કુશલ વલ્લિ–પુષ્કરાવર્ત્તમેઘો,
દુરિત તિમિર ભાનુઃ, કલ્પવૃક્ષો પમાનઃ ।
ભવજલ નિધિપોતઃ, સર્વ સંપત્તિ હેતુઃ,
સભવતુ સતતંવઃ, શ્રેયસે શાંતિનાથઃ
શ્રેયસે પાર્શ્વનાથઃ ॥૧॥

### ૧. શ્રી આદિનાથ પ્રભુનું ચૈત્યવંદન

આદિદેવ અલવેસરૂ, વિનીતાનો રાય;
નાભિરાયા કુલમંડણો, મરૂદેવા માય. ૧
પાંચસેં ધનુષની દેહડી, પ્રભુજી પરમ દયાલ,
ચોરાશી લાખ પૂર્વનું, જસ આયુ વિશાલ. ૨
વૃષભ લંછન જિન વૃષધરૂએ, ઉત્તમ ગુણ મણિખાણ;
તસ પદ 'પદ્મ' સેવન થકી, લહીએ અવિચલ ઠાણ. ૩

## ૨. શ્રી આદીનાથ પ્રભુનું ચૈત્યવંદન

જય ! જય ! નાભિનરિંદ નંદ, સિદ્ધાચલ–મંડણ;
જય ! જય ! પ્રથમ જિણંદ ચંદ, ભવદુઃખ-વિહંડણ ૧
જય ! જય ! સાધુ સુરિંદ વૃંદ, વંદિઅ પરમેસર;
જય ! જય ! જગદાનંદ કંદ, શ્રી ઋષભ જિણેસર. ૨
અમૃત સમ જિનધર્મનો એ, દાયક જગમાં જાણ;
તુજ પદ પંકજ પ્રીતધર, નિશદિન નમત કલ્યાણ. ૩

## ૩. શ્રી શાંતિનાથ પ્રભુનું ચૈત્યવંદન

શાંતિ જિનેશ્વર સોલમા, અચિરા સુત વંદો;
વિશ્વસેન–કુલ–નભ મણિ, ભવિજન સુખકંદો. ૧
મૃગલંછન જિન આઉખું, લાખ વરસ પ્રમાણ;
હત્થિણાઉર નયરી ધણી, પ્રભુજી ગુણમણિ ખાણ. ૨
ચાલીશ ધનુષની દેહડી એ, સમચઉરસ સંઠાણ,
વદન 'પદ્મ' જ્યું ચંદલો, દીઠે પરમ કલ્યાણ. ૩

## ૪. શ્રી શાંતિનાથ પ્રભુનું ચૈત્યવંદન

જય ! જય ! શાન્તિજિણંદ દેવ, હત્થિણાઉર સ્વામી;
વિશ્વસેન કુલ ચંદ સમ, પ્રભુ અંતરજામી. ૧

અચિરા ઉર સમ હંસલો, જિનવર જયકારી;
મારી રોગ નિવારકે, કીર્તિ (જગ) વિસ્તારી. ૨
સોલમા જિનવર પ્રણમીયે એ,
નિત્ય ઉઠી નામી શીશ;
સુરનર ભૂપ પ્રસન્ન મન, નમતાં વાધે જગીશ. ૩

## ૫. શ્રી નેમિનાથ પ્રભુનું ચૈત્યવંદન

નેમનાથ બાવીસમા, શિવાદેવી માય,
સમુદ્રવિજય પૃથ્વીપતિ, જે પ્રભુના તાય. ૧
દશ ધનુષની દેહડી. આયુ વરસ હજાર;
શંખ લંછનધર સ્વામીજી, તજી રાજુલ નાર. ૨
સૌરીપુરી નયરી ભલી એ, બ્રહ્મચારી ભગવાન;
જિન ઉત્તમ પદ 'પદ્મને,' નમતાં અવિચલ થાન. ૩

## ૬. શ્રી પાર્શ્વનાથ પ્રભુનું ચૈત્યવંદન

આશ પૂરે પ્રભુ પાસજી, ત્રોડે ભવ પાસ;
વામા માતા જનમીયા, અહિ લંછન જાસ. ૧
અશ્વસેન સુત સુખકરૂ, નવ હાથની કાય,
કાશી દેશ વણારસી, પુણ્યે પ્રભુ આય ૨

એકસો વરસનું આઉખું એ, પાળી પાર્શ્વકુમાર;
પદ્મ કહે મુગતે ગયા, નમતાં સુખ નિરધાર. ૩

## ૭. શ્રી પાર્શ્વનાથ પ્રભુનું ચૈત્યવંદન

જય ચિંતામણિ પાર્શ્વનાથ ! જય ત્રિભુવન સ્વામીઃ
અષ્ટ કરમ રિપુ જીતીને, પંચમી ગતિ પામી. ૧

પ્રભુ નામે આનંદ કંદ, સુખ સંપતિ લહીયે;
પ્રભુ નામે ભવભવતણાં, પાતક સબ દહીયે. ૨

ૐ હ્રીં વર્ણ જોડી કરી એ, જપીએ પારસ નામ
વિષ અમૃત થઇ પરગમે, પામે અવિચલ ઠામ. ૩

## ૮. શ્રી મહાવીર પ્રભુનું ચૈત્યવંદન

સિદ્ધારથ સુત વંદીયે, ત્રિશલાનો જાયો,
ક્ષત્રિયકુંડમાં અવતર્યો, સુરનરપતિ ગાયો. ૧

મૃગપતિ લંછન પાઉલે, સાત હાથની કાય;
બહોંતેર વરસનું આઉખું, વીર જિનેશ્વર રાય. ૨

ક્ષમાવિજય જિનરાજના એ ઉત્તમ ગુણ અવદાત
સાત બોલથી વર્ણવ્યા, 'પદ્મવિજય' વિખ્યાત; ૩

## ૯. શ્રી મહાવીર પ્રભુનું ચૈત્યવંદન

સિદ્ધારથ નૃપ કુલ તિલો, ત્રિશલા જસ માત;
હરિલંછન તનુ સાત હાથ, મહિમા વિખ્યાત. ૧
ત્રીસ વરસ ગૃહવાસ છંડી, લીએ સંયમ ભાર;
બાર વરસ છદ્મસ્થ માન, લહી કેવલ સાર. ૨
ત્રીસ વરસ એમ સવિ મલી એ,
બહોંતેર આયુ પ્રમાણ;
દીવાળી દિન શિવ ગયા, કહે 'નય' તે ગુણખાણ. ૩

## ૧૦ શ્રી સામાન્ય જિનનું ચૈત્યવંદન

તુજ મૂરતિને નીરખવા, મુજ નયણાં તરસે;
તુજ ગુણગણને બોલવા, રસના મુજ હરખે. ૧
કાયા અતિ આનંદ મુજ, તુમ યુગ પદ ફરસે;
તો સેવક તાર્યા વિના, કહો કિમ હવે સરસે. ૨
એમ જાણીને સાહિબા એ, નેક નજર મોહે જોય;
'જ્ઞાનવિમલ' પ્રભુ સુનજરથી, તે શું જે નવિ હોય. ૩

## ૧૧. શ્રી સામાન્ય જિનનું ચૈત્યવંદન

પરમેશ્વર પરમાતમા, પાવન પરમિટ્ઠ;
જય જગગુરૂ ! દેવાધિદેવ ! નયણે મેં દિટ્ઠ. ૧

અચલ અકલ અવિકાર સાર, કરૂણારસ સિંધુ;
જગતિ જન આધાર એક, નિષ્કારણ બંધુ. ૨
ગુણ અનંત પ્રભુ તાહરા એ, કિમહી કહ્યા ન જાય;
'રામ' પ્રભુ નિજ ધ્યાનથી, ચિદાનંદ સુખ થાય. ૩

## ૧૨. શ્રી સામાન્ય જિનનું ચૈત્યવંદન

જય જય શ્રીજિનરાજ આજ, મલિયા મુજ સ્વામી;
અવિનાશી અકલંકરૂપ, જગ અંતરજામી. ૧
રૂપારૂપી ધર્મદેવ, આતમ આરામી;
ચિદાનંદ ચેતન અચિંત્ય, શિવલીલા પામી. ૨
સિદ્ધ બુદ્ધ તુજ વંદતાં, સકલ સિદ્ધિ વર બુદ્ધિ;
રામ પ્રભુ ધ્યાને કરી, પ્રગટે આતમ ઋદ્ધિ. ૩
કાલ બહુ સ્થાવર ગ્રહી, ભમિયો ભવમાંહી;
વિકલેંદ્રિય એળે ગયો, સ્થિરતા નહિ ક્યાંહી. ૪
તિર્યંચ પંચેંદ્રિયમાંહી દેવ! કરમે હું આવ્યો;
કરી કુકર્મ નરકે ગયો, તુમ દરિશન નહિ પાયો. ૫
એમ અનંત કાલે કરી એ, પામ્યો નર અવતાર;
હવે જગતારક તું મલ્યો, ભવજલ પાર ઉતાર. ૬

## ૧૩. પંચ પરમેષ્ઠિના ગુણનું ચૈત્યવંદન.

બાર ગુણ અરિહંત દેવ, પ્રણમીજે ભાવે;
સિદ્ધ આઠ ગુણ સમરતાં, દુઃખ દોહગ જાવે. ૧
આચારજ ગુણ છત્રીસ, પચવીશ ઉવજ્ઝાય;
સત્તાવીશ ગુણ સાધુના, જપતાં શિવસુખ થાય. ૨
અષ્ટોત્તરશત ગુણ મલી એ, ઇમ સમરો નવકાર;
ધીરવિમલ પંડિત તણો, 'નય' પ્રણમે નિત્ય સાર. ૩

## ૧૪. શ્રી સીમંધર સ્વામીનું ચૈત્યવંદન

શ્રી સીમંધર વીતરાગ, ત્રિભુવન તુમે ઉપગારી;
શ્રી શ્રેયાંસ પિતા કુલે, બહુ શોભા તુમારી. ૧
ધન્ય ધન્ય માતા સત્યકી, જેણે જાયો જયકારી;
વૃષભ લંછન વિરાજમાન, વંદે નરનારી. ૨
ધનુષ પાંચસેં દેહડી એ, સોહીએ સોવનવાન;
કીર્તિવિજય ઉવજ્ઝાયનો, 'વિનય' ધરે તુમ ધ્યાન. ૩

## ૧૫. શ્રી સીમંધર સ્વામીનું ચૈત્યવંદન

શ્રી સીમંધર જગધણી, આ ભરતે આવો;
કરુણાવંત ! કરુણા કરી, અમને વંદાવો. ૧

સકલ ભક્ત તુમે ધણી, જો હોવે અમ નાથ;
ભવો-ભવ હું છું તાહરો, નહિ મેલું હવે સાથ. ૨
સયલ સંગ છંડી કરીએ, ચારિત્ર લેઇશું;
પાય તુમારા સેવીને, શિવરમણી વરીશું. ૩
એ અલજો મુજને ઘણો એ, પૂરો સીમંધર દેવ.
ઇહાં થકી હું વિનવું, અવધારો મુજ સેવ. ૪

## ૧૬. શ્રી સિદ્ધાચલજીનું ચૈત્યવંદન

શ્રી શત્રુંજય સિદ્ધક્ષેત્ર, દીઠે દુરગતિ વારે;
ભાવ ધરીને જે ચઢે, તેને ભવપાર ઉતારે. ૧
અનંત સિદ્ધનો એહ ઠામ, સકલ તીર્થનો રાય;
પૂરવ નવાણું ઋષભદેવ, જ્યાં ઠવિયા પ્રભુ પાય. ૨
સૂરજકુંડ સોહામણો એ, કવડ જક્ષ અભિરામ;
નાભિરાયા કુલમંડણો, જિનવર કરૂં પ્રણામ ૩

## ૧૭. શ્રી સિદ્ધાચલજીનું ચૈત્યવંદન

વિમલ કેવલ જ્ઞાનકમલા, કલિત ત્રિભુવન હિતકરં;
સુરરાજસંસ્તુતચરણપંકજ, નમો આદિ જિનેશ્વરં. ૧
વિમલગિરિવર શૃંગમંડણ, પ્રવર ગુણગણ ભૂધરં;
સુર અસુર કિન્નરકોડિસેવિત— નમો૦ ૨

કરતી નાટક કિન્નરીગણ, ગાય જિનગુણ મનહરં;
નિર્જરાવલિ નમે અહોનિશ— નમો૦ ૩
પુંડરીક ગણપતિ સિદ્ધિ સાધી, કોડિ પણ મુનિ મનહરં;
શ્રીવિમલ ગિરિવર શ્રૃંગસિદ્ધા— નમો૦ ૪
નિજ સાધ્ય સાધક સુર મુનિવર, કોડીનંત એ ગિરિવરં;
મુક્તિરમણી વર્યા રંગે— નમો૦ ૫
પાતાલ-નર-સુર-લોકમાંહી, વિમલગિરિવરતો પરં;
નહિ અધિક તીરથ તીર્થપતિ કહે— નમો૦ ૬
ઇમ વિમલગિરિવરશિખરમંડણ,દુઃખ વિહંડણ ધ્યાઇએ;
નિજશુદ્ધસત્તા સાધનાર્થં, પરમ જ્યોતિ નિપાઇએ. ૭
જિતમોહકોહ વિછોહનિદ્રા, પરમપદસ્થિત જયકરં;
ગિરિરાજ-સેવા-કરણ તત્પર, પદ્મવિજય સુહિતકરં. ૮

## ૧૮. શ્રી રાયણપગલાનું ચૈત્યવંદન

એહ ગિરિ ઉપર આદિદેવ, પ્રભુ પ્રતિમા વંદો;
રાયણ હેઠે પાદુકા, પૂજી આણંદો. ૧
એહ ગિરિનો મહિમા અનંત, કુણ કરે વખાણ;
ચૈત્રી પૂનમને દિને, તેહ અધિકો જાણ. ૨
એહ તીરથ સેવો સદા એ, આણી ભક્તિ ઉદાર;
શ્રી શત્રુંજય સુખદાયકો, 'દાનવિજય' જયકાર. ૩

## ૧૯ શ્રી પુંડરીક સ્વામીનું ચૈત્યવંદન

શ્રી શત્રુંજય–મહાત્મ્યની, રચના કીધી સાર;
પુંડરગિરિના સ્થાપનાર, પ્રથમ જિન–ગણધાર. ૧
એક દિન વાણી જિનની, શ્રવણી થયા આણંદ;
આવ્યા શત્રુંજયગિરિ, પંચ ક્રોડ સહ રંગ. ૨
ચૈત્રી પૂનમને દિને એ, શિવશું કીયો યોગ;
નમીએ ગિરિને ગણધરુ, અધિક નહિ ત્રિલોક. ૩

## ૨૦. શ્રી પુંડરીક સ્વામિનું ચૈત્યવંદન

આદીશ્વર જિનરાયનો, ગણધર ગુણવંત;
પ્રગટ નામ પુંડરીક જાસ, મહીમાંહે મહંત. ૧
પંચ કોડી સાથે મુણિંદ, અણસણ તિહાં કીધ;
શુકલ ધ્યાન ધ્યાતાં અમૂલ, કેવલ તિહાં લીધ. ૨
ચૈત્રી પૂનમને દિને એ, પામ્યા પદ મહાનંદ;
તે દિનથી પુંડરીકગિરિ, નામ દાન સુખકંદ. ૩

## ૨૧. શ્રી સિદ્ધચક્રજીનું ચૈત્યવંદન

જો ધુરિ સિરિ અરિહંત મૂલ, દઢપીઠ પઈટ્ઠિઓ;
સિદ્ધ સૂરિ ઉવજ્ઝાય સાહૂ, ચિહુ પાસ ગરિટ્ઠિઓ. ૧

દંસણનાણ ચરિત્ત તવ હિ, પડિસાહા સુંદરૂ;
તત્તક્ખરસરવગ્ગ લદ્ધિ, ગુરૂ પયદલ દુંબરૂ. ૨
દિસિપાલ જક્ખજ ક્ખિણી પમુહ,
સુરકુસુમેહિ અલંકિઓ;
સો સિદ્ધચક્ક ગુરૂ કપ્પતરૂ,
અમ્હ મનવંછિય ફલ દિઓ ૩

## ૨૨ શ્રી જ્ઞાનપંચમીનું ચૈત્યવંદન

બાર પર્ષદા આગલે, શ્રી નેમિ જિનરાય;
મધુરધ્વનિ દીયે દેશના, ભવિજનને હિતદાય. ૧
પંચમી તપ આરાધીએ, જિમ લહિએ જ્ઞાન અપાર;
કાર્તિક સુદિ પંચમી ગ્રહો, હરખ ઘણો બહુમાન. ૨
પાંચ વર્ષ ઉપર વલી, પંચ માસ લગે જાણ;
અથવા જાવજ્જીવ લગે, આરાધો ગુણખાણ. ૩
વરદત્ત ને ગુણમંજરી, પંચમી આરાધી;
અંતે આરાધન કરી, શિવપુરીને સાધી. ૪
ઇણિપરે જે આરાધશે એ, પંચમી વિધિસંયુક્ત;
જિન ઉત્તમ પદ 'પદ્મને,' નમી થાયે શિવભક્ત.

## ૨૩. શ્રી અષ્ટમીનું ચૈત્યવંદન.

મહા સુદિ આઠમને દિને વિજયાસુત જાયો,
તિમ ફાગણ સુદિ આઠમે, સંભવ ચવી આવ્યો ૧
ચૈતર વદની આઠમે, જન્મ્યા ઋષભ જિણંદ;
દીક્ષા પણ એ દિન લહી, હુઆ પ્રથમ મુનિચંદ. ૨
માધવ સુદિ આઠમ દિને, આઠ કર્મ કરી દૂર;
અભિનંદન ચોથા પ્રભુ, પામ્યા સુખ ભરપૂર. ૩
એહિજ આઠમ ઉજળી, જનમ્યા સુમતિ જિણંદ;
આઠ જાતિ કળશે કરી, ન્હવરાવે સુરઈંદ. ૪
જનમ્યા જેઠ વદિ આઠમે, મુનિસુવ્રત સ્વામી;
નેમ અષાડ સુદિ આઠમે, અષ્ટમી ગતિ પામી, ૫
શ્રાવણ વદની આઠમે, નમિ જનમ્યા જગભાણ;
તેમ શ્રાવણ સુદિ આઠમે, પાસજીનું નિરવાણ. ૬
ભાદરવા વદિ આઠમ દિને એ, ચવિયા સ્વામી સુપાસ,
જિન ઉત્તમ પદ 'પદ્મને,' સેવ્યાથી શિવવાસ. ૭

## ૨૪. શ્રી. એકાદશીનું ચૈત્યવંદન

શાસન નાયક વીરજી, પ્રભુ કેવળ પાયો;
સંઘ ચતુર્વિધ સ્થાપવા, મહસેન વન આયો ૧

માધવસિત એકાદશી, સોમિલ દ્વિજ યજ્ઞ;
ઇન્દ્રભૂતિ આદે મળ્યા, એકાદશ વિપ્ર. ૨

એકાદશસેં ચઉગુણો, તેહનો પરિવાર;
વેદ–અરથ અવળો કરે, મન અભિમાન અપાર. ૩

જીવાદિક–સંશય હરી, એકાદશ ગણધાર;
વીરે સ્થાપ્યા વંદીએ, જિનશાસન જયકાર. ૪

મલ્લિ જન્મ અર મલ્લિ પાસ, વીર ચરણવિલાસી;
ઋષભ અજિત સુમતિ નમિ, મલ્લિ ઘનઘાતી વિનાશી. ૫

પદ્મપ્રભ શિવવાસ પાસ, ભવભવના તોડી;
એકાદશી દિન આપણી, ઋદ્ધિ સઘળી જોડી. ૬

દશક્ષેત્રે ત્રિહું કાળનાં, ત્રણસેં કલ્યાણ;
વર્ષ અગ્યાર એકાદશી, આરાધો વરનાણ. ૭

અગિયાર અંગ લખાવીએ, એકાદશ પાઠાં;
પૂંજણી ઠવણી વીંટણી, મશી કાગળ કાઠાં. ૮

અગિયાર અવ્રત છાંડવા એ, વહો પડિમા અગિયાર;
ખિમાવિજય જિનશાસને, સફળ કરો અવતાર. ૯

—०—

# શ્રીમદ્ મહોપાધ્યાય શ્રી યશોવિજયજી કૃત ચોત્રીશ જિનનાં સ્તવનો.

## ૧. શ્રી રૂષભજિન સ્તવન

( મહાવિદેહ ક્ષેત્ર સોહામણો—એ દેશી. )

જગજીવન જગ વાલહો, મરૂદેવીનો નંદ લાલરે; મુખ દીઠે સુખ ઉપજે, દર્શન અતિહિ આનંદ લાલરે. જગ૦—૧. આંખડી અંબુજ પાંખડી, અષ્ટમી શશિ સમ ભાલ લાલરે; વદન તે શારદ ચંદલો, વાણી અતિહિ રસાલ લાલરે, જગ૦—૨. લક્ષણ અંગે વિરાજતાં, અડહિય સહસ ઉદાર લાલરે; રેખાકર ચરણાદિકે, અભ્યંતર નહિ પાર લાલરે. જગ૦—૩. ઇંદ્ર ચંદ્ર રવિ ગિરિ તણા, ગુણ લઈ ઘડિયું અંગ લાલરે, ભાગ્ય કિહાં થકી આવિયું, અચરિજ એહ ઉત્તંગ લાલરે. જગ૦—૪ ગુણ સઘળા અંગે કર્યા, દૂર કર્યા સવિ દોષ લાલરે; વાચક 'યશવિજયે' થુણ્યો, દેજો સુખનો પોષ લાલરે. જગજીવન૦—૫.

## ૨. શ્રી અજિતનાથ જિન સ્તવન

(નિદ્રડી વેરણ હોઈ રહી--એ દેશી)

અજીત જિણંદશું પ્રીતડી, મુજ ન ગમે હો બીજાનો સંગકે; માલતી ફૂલે મોહિયો, કિમ બેસે હો બાવલ તરૂ ભૃંગ કે—અજિત૦ ૧. ગંગા જલમાં જે રમ્યા, કિમ છિલ્લર હો રતિ પામે મરાલકે; સરોવર-જલધર જલ વિના, નવિ ચાહે હો જગ ચાતક બાલ કે—અજિત૦ ૨. કોકિલ કલ કુંજિત કરે, પામી મંજરી હો પંજરી સહકાર કે; ઓછાં તરૂવર નવિ ગમે, ગિરૂઆશું હો હોય ગુણનો પ્યાર કે—અજિત૦ ૩. કમલિની દિન કર કર ગ્રહે, વલી કુમુદિની હો ધરે ચંદશું પ્રીતકે, ગૌરી ગિરીશ ગિરિધર વિના, નવિ ચાહે હો કમલા નિજ ચિત્તકે—અજિત૦ ૪. તિમ પ્રભુશું મુજ મન રમ્યું, બીજા શું હો નવિ આવે દાય કે, શ્રી નયવિજય વિબુધતણો, વાચક 'જશ' હો નિત નિત ગુણ ગાય કે—અજિત૦ ૫.

## શ્રી સંભવનાથ જિન સ્તવન

(મન મધુકર મોહી રહ્યો—એ દેશી)

સંભવ જિનવર વિનતી, અવધારો ગુણ જ્ઞાતારે;

ખામી નહીં મુજ ખિજમતે, કદીયે હોશો ફલદાનારે સંભવ૦ ૧. કરજોડી ઉભો રહું, રાત દિવસ તુમ ધ્યાનોરે; જો મનમાં આણો નહીં, તો શું કહીએ છાનોરે. સંભવ૦ ૨. ખોટ ખજાને કો નહીં, દીજીયે વાંછિત દાનોરે; કરૂણા નજર પ્રભુજી તણી, વાધે સેવક વાનોરે–સંભવ૦ ૩. કાલ લબ્ધિ મુજ મતિ ગણો, ભાવ લબ્ધિ તુમ હાથેરે; લડથડતું પણ ગજ બચ્ચું, ગાજે ગયવર સાથે રે–સંભવ૦ ૪. દેશો તો તુમહી ભલું, બીજા તો નવિ જાચું રે; વાચક યશ કહે સાંઇશું, ફલશે એ મુજ સાચું રે–સંભવ૦ ૫.

## ૪. શ્રી અભિનંદનજિન સ્તવન

(સુણજો હો પ્રભુ–એ દેશી)

દીઠી હો પ્રભુ, દીઠી જગ ગુરૂ તુજ; મૂરતિ હો પ્રભુ. મૂરતિ મોહન વેલડીજી; મીઠી હો પ્રભુ, મીઠી તા રી વાણી; લાગે હો પ્રભુ, લાગે જેસી સેલડીજી ॥૧॥ જાણું હો પ્રભુ જાણું જન્મ કયથ્થ; જોઉં હો પ્રભુ જોઉં તુમ સાથે મિલ્યોજી; સુરમણી હો પ્રભુ, સુરમણિ પામ્યો હથ્થ; આંગણે હો પ્રભુ, આંગણે

મુજ સુરતરૂ ફલ્યોજી—૨. જાગ્યાં હો પ્રભુ, જાગ્યાં પુણ્ય અંકૂર;માગ્યાં હો પ્રભુ,માગ્યાંમુહ માગ્યા પાસા ઢલ્યાજી; વૂઠ્યા હો પ્રભુ, વુઠ્યા અમિરસ મેહ; નાઠા હો પ્રભુ નાઠા અશુભ, શુભ દિન વલ્યાજી—૩ ભૂખ્યાં હો પ્રભુ, ભૂખ્યાં મલ્યાં ઘૃતપૂર; તરસ્યાં હો પ્રભુ, તરસ્યાં દિવ્ય ઉદક મિલ્યાજી; થાકયાં હો પ્રભુ, થાકયાં મિલ્યા સુખપાલ ચાહતાં હો પ્રભુ, ચાહતાં સજ્જન સ્હેજે મીલ્યાજી—૪. દીવો હો પ્રભુ દીવો નિશાવિન ગેહ; સાખી હો પ્રભુ, સાખી થલે જલ નૌકા મળીજી; કલિયુગે હો પ્રભુ, કલિયુગે દુલહો મુજ; દરિસન હો પ્રભુ, દરિસન લહ્યું આશા ફલીજી—૫ વાચક હો પ્રભુ, વાચક 'યશ' તુમ દાસ; વિનવે હો પ્રભુ, વિનવે અભિનંદન સુણોજી; કહિયે હો પ્રભુ, કહીયે મ દેશો છેહ; દેજો હો પ્રભુ દેજો સુખ દરિસણ તણોજી—૬.

## ૫. શ્રી સુમતિનાથ જિન સ્તવન

( ઝાંઝરીયા મુનિવરની—એ દેશી )

સુમતિનાથ ગુણશું મિલીજી, વાધે મુજ મન પ્રીતિ; તેલ બિંદુ જિમ વિસ્તરેજી, જલ માંહે ભલી

રીતિ; સોભાગી જિનશું લાગ્યો અવિહડ રંગ૦—૧. સજ્જનશું જે પ્રીતડીજી, છાની તે ન રખાય; પરિમલ કસ્તુરી તણોજી, મહી માંહે મહકાય–સોભાગી૦—૨ આંગલિયે નવિ મેરૂ ઢંકાયે, છાબડિયે રવિ તેજ; અંજલીમાં જિમ ગંગ ન માયે, મુજ મન તિમ પ્રભુ હેજ–સોભાગી૦ ૩. હુઓ છીપે નહિ અધર અરૂણ જિમ, ખાતાં પાન સુરંગ; પીવત ભર ભર પ્રભુ ગુણ પ્યાલા, તિમ મુજ પ્રેમ અભંગ–સોભાગી૦ ૪. ઢાંકી ઇક્ષુ પરાલશુંજી, ન રહે લહિ વિસ્તાર; વાચક 'યશ' કહે પ્રભુ તણોજી, તિમ મુજ પ્રેમ પ્રકાર સોભાગી૦ ૫

## ૬. શ્રી પદ્મપ્રભ જિન સ્તવન.

(સહજ સલુણા હોય સાધુજી—એ દેશી)

પદ્મપ્રભ જિન જઈ અલગા રહ્યા, જિહાંથી નાવે લેખોજી; કાગળને મશિ તિહાં નવિ સંપજે, ન ચલે વાટ વિશેષોજી; સુગુણ સનેહારે કદિય ન વિસરે; એ આંકણી—૧ ઇહાંથી તિહાં જઈ કોઇ આવે નહીં, જેહ કહે સંદેશોજી; જેહનું મિલવું રે દોહિલું તેહશું,

નેહ તે આપ કિલેશોજી–સુગુણ૦ ૨ વીતરાગશુંરે રાગ તે એક પખો, કીજે કવણ પ્રકારોજી; ઘોડો દોડે ...રે સાહેબ વાજમાં, મન નાણે અસવારોજી–સુગુણ૦ ૩ સાચી ભકિતરે ભાવ ન રસ કહ્યો, રસ હોય તિહાં દોય રીઝેજી; હોડાહોડેરે બિહું રસરીઝથી, મનના મનોરથ સીઝેજી–સુગુણ૦ ૪ પણ ગુણવંતારે ગોઠે ગાજિયે મોહોટા તે વિશ્રામોજી; વાચક 'યશ' કહે એહિજ આસરે, સુખ લહું ઠામોઠામજી–સુગુણ૦ ૫

## ૭ શ્રી સુપાર્શ્વનાથ જિન સ્તવન

( લાછલદે માત મલાર–એ દેશી. )

શ્રીસુપાસ જિનરાજ, તું ત્રિભુવન શિરતાજ; આજહો છાજેરે ઠકુરાઈ, પ્રભુ તુજ પદ તણીજી ॥૧॥ દિવ્ય ધ્વનિ સુર ફૂલ, ચામર છત્ર અમૂલ; આજ હો રાજેરે ભામંડલ, ગાજે દુદુંભિજી ॥ ૨ ॥ અતિશય સહજના ચાર, કર્મ ખપ્યાથી અગ્યાર; આજ હો કીધારે ઓગણીસે, સુરગણ ભાસુરેજી ॥ ૩ ॥ વાણી ગુણ પાંત્રીશ, પ્રતિહારજ જગદીશ; આજ હો રાજેરે દીવાજે, છાજે આઠશુંજી ॥ ૪ ॥ સિંહાસન અશોક,

બેઠા મોહે લોક; આજ હો સ્વામીરે શિવગામી,
વાચક 'યશ' થુણ્યોજી ॥ ૫ ॥

## ૮ શ્રી ચંદ્રપ્રભજિન સ્તવન

( ધણરા ઢોલા–એ દેશી )

ચંદ્રપ્રભજિન સાહેબારે, તુમે છો ચતુરસુજાણ;
મનના માન્યા, સેવા જાણો દાસનીરે, દેશો પદ નિરવાણ ॥
મનના માન્યા. આવો આવોરે ચતુર સુખ ભોગી,
કીજે વાત એકાંત અભોગી, ગુણ ગોઠે પ્રગટે પ્રેમ,
મનના માન્યા ॥ ૧ ॥ આંકણી ॥ ઓછું અધિકું પણ
કહેરે, આસંગાયત જેહ ॥ મનના ૦॥ આપે ફલ જે અણ
કહેરે, ગિરૂઓ સાહેબ તેહ ॥ મ૦ ॥ ૨ ॥ દીન કહ્યા
વિણ દાનથીરે, દાતાની વાધે મામ ॥ મ૦ ॥ જલ
દીયે ચાતક ખીજવીરે, મેઘ હુઓ તિણે શ્યામ ॥મ૦॥
॥ ૩ ॥ પીઉ પીઉ કરી તુમને જપુંરે; હું ચાતક
તુમે મેહ ॥ મ૦ ॥ એક લહેરમાં દુઃખ હરોરે; વાધે
બમણો નેહ ॥ મ૦ ॥ ૪ ॥ મોડું વહેલું આપવું રે, તો
શી ઢીલ કરાય ॥ મ૦ ॥ વાચક 'યશ' કહે જગધણીરે,
તુમ તૂઠે સુખ થાય ॥ મનના માન્યા ॥ ૫ ॥

## ૯ શ્રી સુવિધિનાથ જિન સ્તવન

( સુણ મેરી સજની રજની ન જાવેરે–એ દેશી )

લઘુ પણ હું તુમ મન નવિ માવુંરે, જગગુરૂ તુમને દિલમાં લાવું રે; કુણને એ દીજે સાબાશીરે, કહો શ્રી સુવિધિ જિણંદ વિમાસીરે ॥ લઘુ૦ ॥ ૧ ॥ મુજ મન અણુમાંહે ભક્તિ છે ઝાઝીરે, તેહ દરીનો તું છે માછરે; યોગી પણ જે વાત ન જાણેરે, તેહ અચરીજ કુણથી હુઓ ટાણેરે ॥ લઘુ૦ ॥ ૨ ॥ અથવા થિર માંહી અથિર ન માવેરે; મહોટો ગજ દર્પણમાં આવેરે; જેહને તેજ બુદ્ધિ પ્રકાશીરે, તેહને દીજે એ સાબાશીરે ॥ લઘુ૦ ॥ ૩ ॥ ઉર્ધ્વ મૂલ તરૂવર અધ આખારે, છંદ પુરાણે એહવી છે ભાખારે; અચરીજ વાળે અચરીજ કીધુંરે, ભકતે સેવક કારજ સીધુંરે ॥ લઘુ૦ ॥ ૪ ॥ લાડ કરી જે બાલક બોલેરે, માતપિતા મન અમિયને તોલેરે; શ્રી નયવિજય વિબુધનો શીશોરે, યશ કહે ઈમ જાણો જગદીશોરે ॥ લઘુ૦ ॥ ૫ ॥

## ૧૦ શ્રી શિતલનાથજિન સ્તવન

શ્રી શીતલ જિન ભેટિયે, કરી ચોખું ભકતે ચિત

હો; તેહથી કહો છાનું કિશ્યું, જેહને સોંપ્યા તનમન વિત્ત હો ॥ શ્રી શીતલજિન૦ ॥ ૧ ॥ દાયક નામે છે ઘણા, પણ તું સાયર તે કૂપ હો; તે બહુ ખજવા તગતગે, તું દિન કર તેજ સ્વરૂપ હો ॥ શ્રી૦॥ ॥ ૨ ॥ મોહોટા જાણી આદર્યો, દારિદ્ર ભાંજો જગતાતહો, તું કરૂણાવંત શિરોમણિ, હું કરૂણાપાત્ર વિખ્યાત હો ॥ શ્રી૦ ॥ અંતરજામી સવિ લહો; અમ મનની જે છે વાત હો; મા આગલ મોસાલના, શ્યા વરણ-વવા અવદાત હો ॥ શ્રી૦ ॥ જાણો તો તાણો કિશ્યું, સેવા ફલ દીજે દેવ હો; વાચક યશ કહે ઢીલની, એ ન ગમે મુજ ટેવ હો ॥ શ્રી૦ ॥ ૫ ॥

## ૧૧ શ્રી શ્રેયાંશનાથજિન સ્તવન

( કર્મ ન છુટેરે પ્રાણીયા—એ દેશી. )

તુમે બહુ મૈત્રીરે સાહેબા, મારે તો મન એક, તુમ વિણ બીજોરે નવિ ગમે, એ મુજ મહોટી રે ટેક ॥ શ્રી શ્રેયાંસ કૃપા કરો ॥ ૧ ॥ એ આંકણી ॥ મન રાખો તમે સવિ તણાં, પણ કિહાં એક મલિ જાઓ; લલચાવો લંખ લોકને, શાથી સહજ ન

થાઓ ।। શ્રી૦ ।। ૨ ।। રાગ ભરે જન મન રહો, પણ તિહું કાલ વૈરાગ, ચિત્ત તુમારોરે સમુદ્રનો, કોય ન પામેરે તાગ ।। શ્રી૦ ।। ૩ ।। એવા શું ચિત્ત મેલવ્યું કેળવ્યું પહેલાં ન કાંઇ; સેવક નિપટ અબુજ છે, નિર્વહેશો તુમે સાંઈ ।। શ્રી૦ ।। ।। ૪ ।। નિરાગી શું રે કિમ મીલે, પણ મલવાનો એકાંત; વાચક યશ કહે મુજ મિલ્યો, ભક્તિ એ કામણ તંત ।। શ્રી૦ ।।૫।।

## શ્રી વાસુપુજ્ય સ્વામિ જિન સ્તવન

( સાહેબા મોતીડો હમારો—એ દેશી )

સ્વામી તુમે કાંઈ કામણ કીધું, ચિત્તડું અમારૂં ચોરી લીધું ।। સાહેબા વાસુપૂજ્ય જિણંદા' મોહના વાસુપૂજ્ય. ।। એ આંકણી ।। અમે ગુણ તુમશું કામણ કરશું, ભક્તિ ગ્રહી મન ઘરમાં ધરશું ।। સાહેબા૦ ।।૧।। મન ઘરમાં ધરીયા ઘરશોભા, દેખત નિત્ય રહેશો થિર થોભા ।। મન વૈકુંઠ અકુંઠીત ભકને, યોગી ભાખે અનુભવ યુકને ।।સા૦ ।।૨।। કલેશે વાસિત મન સંસાર, કલેશ રહિત મન તે ભવપાર; જો વિશુદ્ધ મન ઘર તુમે આવ્યા, તો અમે નવ નિધિ ઋદ્ધિ પામ્યા

॥ સા૦ ॥ ૩ ॥ સાત રાજ અલગ જઈ બેઠા, પણ ભગતે અમ મનમાં પેઠા ॥ અલગાને વલગ્યા જે રહેવું, તે ભાણા ખડખડ દુઃખ સહેવું ॥ સા૦ ॥ ૪ ધ્યાનક ધ્યેય ધ્યાન ગુણ એકે, ભેદ છેદ કરશું હવે ટેકે ॥ ખીર નીર પરે તુમશું મલશું, વાચક, 'યશ' કહે હેજે હલશું ॥ સા૦ ॥ ૫ ॥

## ૧૩ શ્રી વિમળનાથજિન સ્તવન

( નમોરે નમો શ્રી શેત્રુંજા ગિરિવર—એ દેશી )

સેવો ભવિયાં વિમલ જિણેસર, દુલ્લહા સજ્જન સંગાજી, એહવા પ્રભુનું દરિસન લેવું, તે આલસમાંહે ગંગાજી ॥સેવો૦॥ ॥ ૧ ॥ અવસર પામી આલસ કરશે, તે મુરખમાં પહેલોજી; ભૂખ્યાને જેમ ઘેબર દેતાં, હાથ ન માંડે ઘેલોજી ॥ સેવો૦ ॥ ॥ ૨ ॥ ભવ અનંતમાં દર્શન દીઠું, પ્રભુ એહવા દેખાડેજી; વિકટ ગ્રંથ જે પોળ પોળિયો, કર્મ વિવર ઉઘાડેજી ॥સે૦॥ ॥ ૩ ॥ તત્ત્વ પ્રીતિકર પાણી પાએ, વિમલા લોકે આંજિજી; લોયણ ગંદુ પરમાન્નદિએ તવ, ભ્રમ નાંખે સવિ ભાંજિજી ॥સેવો૦॥ ॥૪॥ ભ્રમ ભાંગ્યો તવ

પ્રભુશું પ્રેમે, વાત કરું મન ખોલીજી; સરલ તણે જે હઈડે આવે, તેહ જણાવે બોલીજી ॥ સેવો૦॥ ॥ ૫ ॥ શ્રી નયવિજય વિબુદ્ધ પય સેવક, વાચક 'યશ' કહે સાચુંજી; કોડિ કપટ જો કોઈ દિખાવે, તોહી પ્રભુ વિણુ નવિ રાચુંજી ॥ સેવો ૦॥ ॥ ૬ ॥

## ૧૪. શ્રી અનંતનાથજિન સ્તવન

( સાહેલડિયાં–એ દેશી )

શ્રી અનંત જિનશું કરો ॥ સાહેલડિયાં ॥ ચોલ મજીઠનો રંગરે ॥ ગુણ વેલડિયાં ॥ સાચો રંગ તે ધર્મનો—સાહેલડિયાં ॥ બીજો રંગ પતંગરે ॥ ગુણ વેલડિયાં ॥ ૧ ॥ ધર્મ રંગ જીરણ નહીં ॥ સા૦ ॥ દેહ તે જીરણ થાયરે ॥ ગુ૦ ॥ સોનું તે વિણસે નહીં ॥ સા૦ ॥ ઘાટ ઘડામણ જાયરે ॥ગુ૦॥ ॥ ૨॥ ત્રાંબું જે રસ વેધિઉં ॥ સા૦॥ તે હોય જાચું હેમરે ॥ગુ૦॥ ફરી ત્રાંબું તે નવિ હુએ ॥ સા૦ ॥ એહવો જગ ગુરુ પ્રેમરે ॥ ગુ૦ ॥ ૩ ॥ ઉત્તમ ગુણ અનુરાગથી ॥ સા૦ ॥ લહિયે ઉત્તમ ઠામરે ॥ ગુણ૦॥ ઉત્તમ નિજ મહિમા વધે ॥ સા૦ ॥ દીપે ઉત્તમ ધામરે ॥ ગુ૦॥ ૪ ॥ ઉદક બિંદુ

સાયર ભલ્યો ॥ સા૦ ॥ જિમ હોય અક્ષય અભંગરે ॥ ગુ૦ ॥ વાચક યશ' કહે પ્રભુ ગુણે ॥ સા૦ ॥ તિમ મુજ પ્રેમ પ્રસંગરે ॥ ગુણ વેલડિયાં. ॥ ૫ ॥

## ૧૫. શ્રી ધર્મનાથજિન સ્તવન

(એડલે ભાર ઘણો છે રાજ, વાતાં કેમ કરોછો–દેશી)

થા શું પ્રેમ બન્યો છે રાજ, નિરવહેશો તો લેખે; મેં રાગી થેં છો નિરાગી, અણજુગતે હોય હાંસી; એક પખો જે નેહ નિર્વહેવો, તેહ માંકી સાબાશી. થાશું૦ ૧ નીરાગી સેવે કાંઈ હોવે, ઇમ મનમાં નવિ આણું, ફળે અચેતન પણ જિમ સુરમણિ, તિમ તુમ ભક્તિ પ્રમાણું. થા૦ ૨ ચંદન શીતલતા ઉપજાવે, અગ્નિ તે શીત મિટાવે; સેવકનાં તિમ દુઃખ ગમાવે, પ્રભુ ગુણ પ્રેમ સ્વભાવે. થા૦ ૩. વ્યસન ઉદય જે જલધિ અનુહરે, શશીને તેહ સંબંધે; અણસંબંધે કુમુદ અનુહરે, શુદ્ર સ્વભાવ પ્રબંધે. થા૦ ૪ દેવ અનેરા તુમથી છોટા, થેં જગમાં અધિકેરા; 'યશ' કહે ધર્મ જિનેશ્વર થાશું, દિલ માન્યા હે મેરા. થાશું૦૫

## ૧૬. શ્રી શાંતિનાથ જિન સ્તવન

( રહ્યોરે આવાસ દુવાર–એ દેશી. )

ધન્ય દિન વેલા, ધન્ય ઘડિ તેહ, અચિરારો નંદન જિન યદિ ભેટશુંજી ॥ લહિશું રે સુખ દેખી મુખચંદ, વિરહ વ્યથાનાં દુઃખ સવિ મેટશુંજી ॥ ૧ ॥ જાણ્યોરે જેણે તુઝ ગુણ લેશ, બીજારે રસ તેહને મન નવિ ગમેજી; ચાખ્યોરે જેણે અમિ લવલેશ; બાકસ બુકસ તસ ન રૂચે કિમેજી ॥ ૨ ॥ તુજ સમકિત રસ સ્વાદનો જાણ, પાપ કુભકતે બહુ દિન સેવીયુંજી; સેવે જો કર્મને જોગે તોહિ, વાંછે તે સમકિત અમૃત ધુરે લિખ્યુંજી ॥૩॥ તાહરૂં ધ્યાન તે સમકિત રૂપ, તેહીજ જ્ઞાન ને ચારિત્ર તેહ છે જી; તેહથારે જાએ સઘલાં હો પાપ, ધ્યાતારે ધ્યેય સ્વરૂપ હોયે પિછે જી ॥ ૪ ॥ દેખારે અદ્ભુત તાહરૂં રૂપ, અચરિજ ભવિક અરૂપી પદ વરેજી; તાહરી ગતિ તું જાણે હો દેવ, સ્મરણ ભજન તે વાચક 'યશ' કરેજી ॥ ૫ ॥

## ૧૭. શ્રી કુંથુનાથ જિન સ્તવન

( સાહેલાં હે–એ દેશી. )

સાહેલાં હે કુંથુજિનેશ્વર દેવ, રત્ન દીપક અતિ

દીપતો હો લાલ ॥ સ૦ ॥ મુજ મન મંદિરમાંહિ, આવે જો અરિબલ જીપતો હો લાલ ॥ સા૦ ॥ ૧ ॥ મિટે તો મોહ અંધાર, અનુભવ તેજે ઝલહલે હો લાલ ॥ સા૦ ॥ ધૂમ કષાય ન રેખ, ચરણ ચિત્રામણ નવિ ચલે હો લાલ ॥ સા૦ ॥૨॥ પાત્ર કરે નહિ હેઠ, સુરજ તેજે નવિ છીપે હો લાલ ॥ સા૦ ॥ સર્વ તેજનું તેજ, પહેલાંથી વાધે પછી હો લાલ ॥ સા૦ ॥ ૩ ॥ જેહ ન મરૂતને ગમ્ય, ચંચલતા જે નવિ લહે હો લાલ ॥ સા૦ ॥ જેહ સદા છે રમ્ય, પૃષ્ઠ ગુણે નવિ કૃશ રહે હો લાલ ॥ સા૦ ॥ ૪ ॥ પુદ્ગલ તેલ ન ખેય, તેહ ન શુદ્ધ દશા દહે હો લાલ ॥ સા૦ ॥ શ્રી નય-વિજય સુશિષ્ય, વાચક 'યશ' ઇણિપરે કહે હો લાલ ॥ સા૦ ॥ ૫ ॥

## ૧૮. શ્રી અરનાથજિન સ્તવન

( આસણુરા જોગી—એ દેશી )

શ્રી અરજિન ભવજલનો તારૂ. મુજ, મન લાગે વારૂરે, મનમોહન સ્વામી; બાંહ્ય ગ્રહી એ ભવજલ તારે, આણે શિવપુર આરેરે ॥ મન૦ ॥ ૧ ॥તપ જપ

મોહ મહા તોફાને, નાવ ન ચાલે માને રે, ॥ મન૦ ॥ પણ નવિ ભય મુજ હાથોહાથે, તારે તે છે સાથેરે ॥ મન૦ ॥ ૨ ॥ ભગતને સ્વર્ગ સ્વર્ગથી અધીકું, જ્ઞાનીને ફલ દેઇરે ॥ મન૦ ॥ કાયા કપટ વિના ફલ લહિયે, મનમાં ધ્યાને ધરેઈરે ॥ મન૦ ॥ ૩ ॥ જે ઉપાય બહુ વિધની રચના, યોગ માયા તે જાણોરે ॥ મન૦ ॥ શુદ્ધ દ્રવ્ય ગુણ પર્યાય ધ્યાને, શીવ દિયે પ્રભુ સપરાણોરે ॥ મન૦ ॥ ૪ ॥ પ્રભુ પદ વલગ્યા તે રહ્યા તાજા, અલગા અંગ ન સાજારે ॥ મન૦ ॥ વાચક 'યશ' કહે અવર ન ધ્યાઉં, એ પ્રભુના ગુણ ગાઉંરે ॥ મન૦ ॥ ૫ ॥

## ૧૯ શ્રી મલ્લિનાથજિન સ્તવન

(નાભી રાયા કે બાગ—એ દેશી)

તુજ મુઝ રીઝની રીઝ, અટપટ એહ ખરીરી; લટપટ નાવે કામ ખટપટ ભાંજ પરીરી ॥ ૧ ॥ મલ્લિનાથ તુજ રીઝ, જન રીઝે ન હુએરી; દોય રીઝણનો ઉપાય, સાહામું કાંઈ ન જુએરી ॥ ૨ ॥ દુરારાધ્ય છે લોક, સહુને સમ ન શશીરી; એક

દુહવાએ ગાઢ, એક જો બોલે હસીરી ॥ ૩ ॥ લોક લોકોત્તર વાત, રીઝ છે દોય જુઈરી; તાત ચક્ર ધુર પૂજ્ય, ચિંતા એહ હુઈરી ॥ ૪ ॥ રીઝવવો એક સાંઈ, લોક તે વાત કરેરી; શ્રી નયવિજય સુશિષ્ય, એહિજ ચિત્ત ધરેરી. ॥ ૫ ॥

## ૨૦ શ્રી મુનિસુવ્રતસ્વામિજિન સ્તવન

(પાંડવ પાંચે વંદતા—એ દેશી)

મુનિસુવ્રત જિન વંદતા, અતિ ઉલ્લસિત તન મન થાયરે; વદન અનોપમ નિરખતાં, મારાં ભવ ભવનાં દુઃખ જાયરે ॥ ૧ ॥ મારાં ભવ ભવનાં દુઃખ જાય. જગત ગુરૂ જાગતો સુખકંદરે, સુખકંદ અમંદ આણંદ, પરમ ગુરૂ દીપતો ॥ સુ૦ ॥ એ આંકણી ॥ નિશિદિન સૂતાં જાગતાં, હઈડાથી ન રહે દૂરરે; જબ ઉપકાર સાંભળીયે, તવ ઊપજે આનંદ પૂરરે ॥ તવ૦ ॥ જ૦ ॥ સુ૦ ॥ ૨ ॥ પ્રભુ ઉપકાર ગુણે ભર્યા, મન અવગુણ એક ન માય રે; ગુણ ગુણાનુંબંધી હુઆ, તે તો અક્ષય ભાવ કહાય રે ॥ તે૦ ॥ જ૦ ॥ સુ૦ ૩ ॥ અક્ષય પદ દીયે પ્રેમ જે, પ્રભુનું તે અનુભવ રૂપેરે;

અક્ષર સ્વર ગોચર નહીં., એ તો અકલ અમાપ અરૂપ રે ׀ એ૦ ॥ જ૦ ॥ સુ૦ ॥ ૪ ॥ અક્ષર થોડા ગુણ ઘણા, સજ્જનના તે ન લિખાય રે; વાચક 'યશ' કહે પ્રેમથી પણ મન માંહે પરખાય રે ॥ ૫૦ ॥ જ૦ ॥ સુ૦ ॥ ૫ ॥

## ૨૧. શ્રી નેમિનાથ જિન સ્તવન

શ્રી નમિ જિનની સેવા કરતાં, અલિય વિઘન સવિ દૂરે નાસેજી અષ્ટ મહાસિદ્ધિ નવનિધિ લીલા, આવે બહુ મહમૂર પાસેજી ॥ શ્રી૦ ॥ ૧ ॥ મયમત્તા અંગણ ગજ ગાજે, રાજે તેજી તુખાર તે ચંગાજી; બેટાબેટી બંધવ જોડી; લહિયે બહુ અધિકાર રંગાજી ॥ શ્રી૦ ૨ ॥ વલ્લભ સંગમ રંગ લહીજે, અણ વાલહા હોય દૂર સહેજેજી, વાંછા તણો વિલંબ ન દૂજો, કારજ સીઝે ભુરિ સહેજેજી ॥ શ્રી૦ ॥ ૩ ॥ ચંદ્રકિરણ ઉજ્જવલ 'યશ' ઉલસે, સુરજ તુલ્ય પ્રતાપી દીપેજી; જે પ્રભુ ભકિત કરે નિત્યવિનયે, તે અરિયણ બહુ પ્રતાપી ઝીપેજી ॥ શ્રી૦ ॥ ૪ ॥ મંગલ માલા લચ્છિ વિશાલા, બાલા બહુલે પ્રેમ રંગેજી; શ્રીનયવિજય વિબુધ પય

સેવક, કહે લહિએ સુખ પ્રેમ અંગેજી ॥ શ્રી૦ ॥ ૫ ॥

## ૨૨. શ્રી નેમિનાથ જિન સ્તવન

( આટલા દિન હું જાણુતોરે હાં–એ દેશી )

તોરણ આવી રથ ફેરી ગયારે હાં, પશુઆં દેઇ દોષ; મેરે વાલમા ॥ નરભવ નેહ નિવારિયોરે હાં, શ્યો જોઈ આવ્યા જોશ ॥ મે૦ ॥ ૧ ॥ ચંદ કલંકી જેહથીરે હાં, રામને સીતા વિયોગ ॥ મે૦ ॥ તેહ કુરંગને વયણડેરે હાં, પતિ આવે કુણ લોગ ॥ મે૦ ॥ ૨ ॥ ઉતારી હું ચિત્તથીરે હાં, મુક્તિ કવણ ધુતારી હેત મે૦ ॥ સિદ્ધ અનંતે ભોગવીરે હાં, તેહશું કવણ સંકેત ॥ મે૦ ॥ ૩ ॥ પ્રીત કરતાં સોહિલીરે હાં, નિરવહેતાં જંજાલ. મે૦ ॥ જેહવો વ્યાલ ખેલાવવોરે હાં, જેહવી અગનની ઝાલ ॥ મે૦ ॥ ૪ ॥ જો વિવાહ અવસરે દિઓરે હાં, હાથ ઉપર નવિ હાથ–મે૦ ॥ દીક્ષા અવસર દીજિયેરે હાં, શિર ઉપર જગનાથ ॥ મે૦ ॥ ૫ ॥ ઇમ વલવલતી રાજુલ ગઇરે હાં, નેમિ કને વ્રત લીધ ॥ મે૦ ॥ વાચક 'યશ' કહે પ્રણમીયેરે હાં, એ દંપતી દોય સિદ્ધ ॥ મે૦ ॥ ૬ ॥

## ૨૩ શ્રી પાર્શ્વનાથ જિન સ્તવન

(દેખી કામની દોય—એ દેશી.)

વામાનંદન જિનવર મુનિમાંહે વડોરે કે મુનિમાંહે વડો ॥ જિમ સુરમાંહે સોહે સુરપતિ પરવડોરે, કે. સુર૦ જિમ ગિરિમાંહિ સુરાચલ મૃગમાંહે કેશરીરે ॥ મૃ૦ ॥ જિમ ચંદન તરૂમાંહિ સુભટમાંહિ સુરઅરીરે ॥ સુ૦ ॥ ૧ ॥ નદીયમાંહિ જિમ ગંગ અનંગ સુરૂપમાંરે અનંગ૦ ॥ ફૂલમાંહિ અરવિંદ ભરતપતિ ભૂપમાંરે ॥ ભ૦ ॥ઐરાવણ ગજમાંહિ ગરૂડ ખગમાં યથારે ॥ ગરૂડ૦ ॥ તેજવંત માંહિ ભાણ વખાણમાંહિ જિન-કથારે ॥ વ૦ ॥ ૨ ॥ મંત્રમાંહિ નવકાર રત્નમાંહિ સુરમણિરે ॥ રત્ન૦ ॥ સાગરમાંહિ સ્વયંભુરમણ શિરોમણિરે ॥ રમ૦ ॥ શુકલ ધ્યાન જિમ ધ્યાનમાં અતિ નિર્મલપણેરે ॥ અ૦ ॥ શ્રી નયવિજય વિબુધ પય સેવક ઇમ ભણેરે ॥ સે૦ ॥ ૩ ॥

## ૨૪. શ્રી મહાવીર સ્વામિનું સ્તવન

ગિરૂઆરે ગુણ તુમ તણા, શ્રી વર્દ્ધમાન જિનરાયા રે; સુણતાં શ્રવણે અમીઝરે, મ્હારી નિર્મલ થાયે કાયારે ॥ગિ૦॥૧॥ તુમ ગુણ ગણ ગંગા જલે, હું ઝીલીને નિર્મલ

થાઉંરે ॥ અવર ન ધંધો આદરૂં, નિશ દિન તોરા ગુણ ગાઉંરે–ગિ૦ ॥ ૨ ॥ ઝીલ્યા જે ગંગા જલે, તે છિલ્લર જલ નવિ પેસેરે ॥ જે માલતી ફૂલે મોહીયા, તે બાઉલ જઈ નવિ બેસેરે–ગિ૦ ॥ ૩ ॥ એમ અમે તુમ ગુણ ગોઠશું, રંગે રાચ્યા ને વળી માચ્યા રે ॥ તે કેમ પરસુર આદરૂં, જે પરનારી વશ રાચ્યા રે ॥ગિ૦॥ ૪ ॥ તું ગતિ તું મતિ આશરો, તું આલંબન મુજ પ્યારોરે ॥ વાચક 'યશ' કહે માહરે, તું જીવન જીવ આધારોરે ॥ ગિરૂઆરે૦ ॥ ૫ ॥

(શ્રીમદ્ યશોવિજય કૃત ચોવિશિ સંપૂર્ણ)

# શ્રી આનંદઘનજી કૃત ચોવિશ-જિનના-સ્તવનો.

## ૧. શ્રી ઋષભદેવ સ્વામીનું સ્તવન

(કરમ પરીક્ષા કરણ કુમર ચલ્યો રે–એ દેશી)

ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરોરે, ઓર ન ચાહુંરે કંત; રીઝ્યો સાહેબ સંગ ન

પરિહરેરે, ભાંગે સાદિ અનંત—ઋષભ૦ ॥ ૧ ॥ પ્રીત સગાઇરે જગમાં સહુ કરેરે, પ્રીત સગાઈ ન કોય; પ્રીત સગાઇરે નિરૂપાધિક કહીરે, સોપાધિક ધન ખોય ॥ ઋષભ૦ ॥૨॥ કોઈ કંત કારણ કાષ્ઠ ભક્ષણ કરેરે, મિલશું કંતને ધાય; એ મેળો નવિ કહીયે સંભવેરે, મેળો ઠામ ન ઠાય ॥ ઋષભ૦ ॥ ૩ ॥ કોઈ પતિરંજન અતિ ઘણું તપ કરેરે, પતિરંજન તન તાપ; એ પતિરંજન મેં નવિ ચિત્ત ધર્યુંરે, રંજન ધાતુ મિલાપ ॥ ઋષભ૦ ॥ ૪ ॥ કોઈ કહે લીલારે અલખ અલખ તણીરે, લખ પુરે મન આશ; દોષ રહીતને લીલા નવિ ઘટેરે, લીલા દોષ વિલાસ—ઋષભ૦ ॥ ૫ ॥ ચિત્ત પ્રસન્નેરે પૂજન ફલ કહ્યુંરે, પૂજા અખંડીત એહ; કપટ રહિત થઈ આતમ અરપણારે, 'આનંદઘન' પદ રેહ—ઋષભ૦ ॥ ૬ ॥

## ૨ શ્રી અજિતનાથ સ્વામિનું સ્તવન

રાગ—આશાવરી--મારૂં મન મોહ્યુંરે—એ દેશી

પંથડો નિહાલુંરે બીજા જિન તણોરે, અજિત અજિત ગુણ ધામ; જે તેં જીત્યોરે તેને હું જિતી-

યોરે, પુરૂષ કિશ્યું મુજ નામ–પંથડો૦॥૧॥ ચરણ નયણ કરી મારગ જોવતોરે, ભુલ્યો સકલ સંસાર; જેણે નયણે કરી મારગ જોઇએરે, નયણ તે દિવ્ય વિચાર–પંથડો૦ ॥ ૨ ॥ પુરુષ પરંપર અનુભવ જોવતાંરે, અંધોઅંધ પુલાય; વસ્તુ વિચારેરે જો આગમે કરીરે, ચરણ ધરણ નહીં ઠાય–પંથડો૦ ॥ ૩ ॥ તર્ક વિચારેરે વાદ પરંપરારે, પાર ન પહોંચે કોય; અભિમત વસ્તુ વસ્તુ ગતે કહેરે, તે વિરલા જગ જોય. પંથડો૦ ॥ ૪ ॥ વસ્તુ વિચારે રે દિવ્ય નયણ તણોરે, વિરહ પડ્યો નીરધાર, તરતમ જોગેરે તરતમ વાસનારે, વાસીત બોધ આધાર–પંથડો૦ ॥ ૫ ॥ કાલ લબ્ધિ લહી પંથ નીહાળશું રે, આશા અવલંબ; એ જન જીવેરે જિનજી જાણજો રે, 'આનંદઘન' મત અંબ–પંથડો૦ ॥ ૬ ॥

## ૩ શ્રી સંભવનાથ સ્વામીનું સ્તવન.

રાગ રામગ્રી-રાતડી રમીને કિહાંથી આવીયારે-એ દેશી

સંભવદેવ તે ધુર સેવો સવેરે, લહિ પ્રભુ સેવન ભેદ; સેવન કારણ પહેલી ભૂમિકારે, અભય અદ્વેષ અખેદ–સંભવ૦ ॥ ૧ ॥ ભય ચંચલતા હો જે પરિ-

ણામનીરે, દ્વેષ અરોચક ભાવ; ખેદ પ્રવૃત્તિ હો કરતાં થાકીયેરે, દોષ અબોધ લખાવ–સંભવ૦ ॥ ૨ ॥ ચરમાવર્ત હો ચરમ કરણ તથારે, ભવ પરિણતિ પરિપાક; દોષ ટળે વળી દૃષ્ટિ ખુલે ભલીરે, પ્રાપ્તિ પ્રવચન વાક–સંભવ૦ ॥૩॥ પરિચય પાતિક ઘાતિક સાધુશુંરે, અકુશલ અપચય ચેત; ગ્રંથ અધ્યાતમ શ્રવણ મનન કરીરે, પરિશીલન નય હેત–સંભવ૦ ॥૪॥ કારણ જોગે હો કારજ નીપજેરે, એમાં કોઈ ન વાદ; પણ કારણ વિણ કારજ સાધિયેરે, એ નિજ મત ઉનમાદ–સંભવ૦ ॥ ૫ ॥ મુગ્ધ સુગમ કરી સેવન આદરેરે, સેવન અગમ અનૂપ; દેજો કદાચિત સેવક યાચનારે, 'આનંદઘન' રસ રૂપ–સંભવ૦ ॥ ૬ ॥

## ૪ શ્રી. અભીનંદન સ્વામીનું સ્તવન.

( રાગ ધનાશ્રી–સિંધુઓ )

( આજ નિહેજોરે દીસે નાહલો—એ દેશી. )

અભિનંદન જિન દરિશણ તરસીએ, દરિસણ દુર્લભ દેવ; મત મત ભેદેરે જો જઈ પૂછીએ, સહુ થાપે અહમેવ.—અભિનંદન૦ ॥ ૧ ॥ સામાન્યે કરી

દરિસણ દોહિલું, નિર્ણય સકલ વિશેષ; મદમેં ઘેર્યો રે અંધો કેમ કરે, રવિ શશિરૂપ વિલેખ.—અભિ૦ ॥૨॥ હેતુ વિવાદે હો ચિત્તધરી જોઇએ, અતિ દુર્ગમ નયવાદ; આગમવાદે હો ગુરૂ ગમ કો નહીં, એ સબલો વિષવાદ. અભિ૦ ॥ ૩ ॥ ઘાતિ ડુંગર આડા અતિ ઘણા, તુજ દરિસણ જગનાથ; ધીઠાઈ કરી મારગ સંચરૂ, સેંગુ કોઈ ન સાથ. અભિ૦ ॥ ૪ ॥ દરિસણ દરિસણ રટતો જો ફરૂં, તો રણ રોઝ સમાન; જેહને પીપાસા હો અમૃત પાનની, કિમ ભાંજે વિષપાન. અભિ૦ ॥ ૫ ॥ તરસ ન આવે હો મરણ જીવન તણો, સીઝે જો દરિસણ કાજ; દરિસણ દુર્લભ સુલભ કૃપા થકી, 'આનંદઘન' મહારાજ. અભિનંદન૦ ॥ ૬ ॥

## ૫ શ્રી. સુમતીનાથ સ્વામીનું સ્તવન.

રાગ—વસંત તથા કેદારો.

સુમતિ ચરણ કજ આતમ અરપણો, દરપણ જિમ અવિકાર; સુજ્ઞાની, મતિ તરપણ બહુ સમ્મત જાણિયે, પરિસરપણ સુવિચાર. સુજ્ઞાની, સુમતિ૦

॥ ૧ ॥ ત્રિવિધ સકલ તનુ ધર ગત આતમા, બહિરાતમ ધુરિ ભેદ; સુ૦ બીજો અંતર આતમા તીસરો, પરમાતમ અવચ્છેદ. સુ૦ સુમતિ૦ ॥ ૨ ॥ આતમ બુધ્ધે કાયાદિકે ગ્રહ્યો, બહિરાતમ અઘરૂપ; સુ૦ કાયાદિક હો સાખી ધર રહ્યો, અંતર આતમ રૂપ. સુ૦ સુમતિ૦ ॥ ૩ ॥ જ્ઞાનાનંદે હો પુરણ પાવનો, વર્જિત સકળ ઉપાધિ; સુ૦ અતીંદ્રય ગુણ ગણ મણ આગરૂ, એમ પરમાતમ સાધ. સુ૦ સુમતિ૦ ॥ ૪ ॥ બહિરાતમ તજી અંતર આતમા, રૂપ થઈ થિર ભાવ; સુ૦ પરમાતમનું હો આતમ ભાવવું, આતમ અર્પણ દાવ. સુ૦ સુમતિ૦ ॥ ૫ ॥ આતમ અર્પણ વસ્તુ વિચારતાં, ભરમ ટળે મતિદોષ; સુ૦ પરમ પદારથ સંપત્તિ સંપજે, 'આનંદઘન' રસ પોષ. સુ૦ સુમતિ૦ ॥ ૬ ॥

## ૬ શ્રી. પદ્મપ્રભ સ્વામીનું સ્તવન.

### રાગ—મારૂ તથા સિંધુઓ.

ચાંદલીયા સંદેશો કહેજે મારા કંતનેરે—દેશી.

પદ્મપ્રભ જિન તુજ મુજ આંતરૂં રે, કિમ ભાંજે ભગવંત; કર્મ વિપાકે કારણ જોઈનેરે, કોઈ કહે

મતિમંત. પદ્મપ્રભ૦ ॥ ૧ ॥ પયઈ ઠિઈ અણુભાગ પ્રદેશથીરે મૂલ ઉત્તર બહુ ભેદ; ઘાતી અઘાતી હો બંધોદય ઉદીરણારે, સત્તા કર્મ વિચ્છેદ. પદ્મપ્રભ૦ ॥ ૨ ॥ કનકોપલવત્ પયડિ પુરૂષ તણીરે, જોડી અનાદિ સ્વભાવ; અન્ય સંજોગી જિહાં લગે આતમારે, સંસારી કહેવાય. પદ્મપ્રભ૦ ॥ ૩ ॥ કારણ જોગે હો બાંધે બંધનેરે, કારણ મુગતિ મુકાય; આશ્રવ સંવર નામ અનુક્રમેરે, હેય ઉપાદેય સુણાય. પદ્મપ્રભ૦ ॥ ૪ ॥ ગુંજન કરણે હો અંતર તુજ પડયોઃ રે. ગુણ કરણે કરી ભંગ; ગ્રંથ ઉકતે કરી પંડિત જન કહ્યોરે, અંતર ભંગ સુઅંગ. પદ્મ૦ ॥ ૫ ॥ તુજ મુજ અંતર ભાંજશેરે, વાજશે મંગલ તૂર; જીવ સરોવર અતિશય વાધશેરે, **આનંદઘન** રસપૂર, પદ્મ૦ ॥ ૬ ॥

## ૭. શ્રી સુપાર્શ્વનાથ સ્વામીનું સ્તવન

( રાગ—સારંગ તથા મલ્હાર-લલનાની દેશી. )

શ્રી સુપાસ જિન વંદીયે, સુખ સંપત્તિનો હેતુ લલના; શાંત સુધારસ જલનિધિ, ભવસાયર માંહે સેતુ. લલના૦શ્રી સુપાસ૦ ॥ ૧ ॥ સાત મહા ભય

ટાલતો, સપ્તમ જિનવર દેવ, લ૦ ॥ સાવધાન મનસા કરી, ધારો જિનપદ સેવ. લ૦ શ્રી સુ૦ ॥ ૨ ॥ શિવશંકર જગદીશ્વરૂ, ચિદાનંદ ભગવાન; લ૦ જિન અરિહા તીર્થંકરૂ, જ્યોતિ રૂપ અસમાન, લ૦ શ્રી સુ૦ ॥ ૩ ॥ અલખ નિરંજન વચ્છલુ, સકલ જંતુ વિશરામ; લ૦ અભયદાન દાતા સદા, પૂરણ આતમ-રામ. લ૦ શ્રીસુપાસ૦ ॥ ૪ ॥ વીતરાગ મદ કલ્પના, રતિ અરતિ ભય શોગ, લ૦ નિદ્રા તંદ્રા દુરંદશા, રહિત અબાધિત યોગ. લ૦ શ્રી સુ૦ ॥ ૫ ॥ પરમ પુરૂષ પરમાતમા, પરમેશ્વર પરધાન; લ૦ પરમ પદા-રથ પરમેષ્ટિ, પરમદેવ પરમાન. લ૦ શ્રી સુ૦ ॥ ૬ ॥ વિધિ વિરંચિ વિશ્વંભરૂ, ઋષિકેશ જગનાથ લ૦ અઘહર અઘમોચન ધણી, મુક્તિ પરમપદ સાથ. લ૦ શ્રી સુ૦ ॥ ૭ ॥ એમ અનેક અભિધા* ધરે, અનુભવ ગમ્ય વિચાર; લ૦ જેહ જાણે તેહને કરે, 'આનંદઘન' અવતાર. લ૦ શ્રી સુ૦ ॥ ૮ ॥

---

* નામો

## ૮ શ્રી ચંદ્રપ્રભ સ્વામીનું સ્તવન

રાગ—કેદારો તથા ગોડી.

કુમરી રોવે આક્રંદ કરે; મુને કોઈ મૂકાવે–દેશી.

દેખણને દે રે સખિ મુને દેખણદે, ચંદ્રપ્રભ મુખ ચંદ સખિ૦ ઉપશમ રસનો કંદ સ૦ સેવે સુરનર ઈંદ્ર સુખિ૦ ગત કલિમલ દુખ દંદ, સખિ મુને૦ ॥ ૧ ॥ સુહમ નિગોદે ન દેખિયો સખિ૦ બાદર અતિહિ વિશેષ સ૦ પુઢવી આઉ ન પેખિયો સ૦ તેઉ વાઉ ન લેશ સ૦ ॥ ૨ ॥ વનસ્પતિ અતિ ઘણ દિહા સ૦ દીઠો નહીં દેદાર સ૦ બિ તિ ચઉરિંદી જલ લિકા સ૦ ગતિ સન્નિ પણ ધાર, સ૦ ॥ ૩ ॥ સુર તિરિ નિરય નિવાસમાં સ૦ મનુજ અનારજ સાથ સ૦ અપજ્જતા પ્રતિભાસમાં સ૦ ચતુર ન ચઢીયો હાથ. સ૦ ॥ ૪ ॥ એમ અનેક થલ જાણિયે સ૦ દરિસણ વિણ જિનદેવ સ૦ આગમથી મત જાણિયે સ૦ કીજે નિર્મલ સેવ સ૦ ॥ ૫ ॥ નિર્મલ સાધુ ભગતિ લહી સ૦ યોગ અવંચક હોય સ૦ કિરિયા અવંચક તિમ સહી સ૦ ફલ અવંચક જોય, સ૦ ॥ ૬ ॥ પ્રેરક અવસર જિનવરૂ

સ૦ મોહનીય ક્ષય થાય સ૦ કામિત પૂરણ સુરતરૂ સ૦ **આનંદઘન** પ્રભુ પાય, સ૦ ॥ ૭ ॥

## ૯. શ્રીસુવિધિનાથ સ્વામીનું સ્તવન.

રાગ કેદારો, એમ ધન્નો, ધણને પરચાવે—એ દેશી.

સુવિધિ જિણેસર પાય નમીને, શુભ કરણી એમ કીજેરે, અતિ ઘણો ઉલટ અંગ ધરીને, પ્રહ ઉઠીને પૂજીજેરે—સુવિધિ૦ ॥ ૧ ॥ દ્રવ્ય ભાવ શુચિ ભાવ ધરીને, હરખે દેહરે જઇએરે; * દહ તિગ × પણ અહિગમ સાચવતાં, એકમના ધુરિ થઇએરે ॥ સુ૦ ॥ ॥ ૨ ॥ કુસુમ અક્ષત વર વાસ સુગંધી, ધુપ દીપ મન સાખીરે; અંગ પુજા પણ ભેદ સુણી એમ, ગુરૂ મુખ આગમ ભાખીરે ॥ સુ૦ ॥ ॥ ૩ ॥ એહનું ફલ દોય ભેદ સુણીજે, અનંતર ને પરંપરરે; આણા પાલણ ચિત્ત પ્રસન્ની, મુગતિ સુગતિ સુર મંદિરરે ॥ સુ૦ ॥ ॥ ૪ ॥ ફુલ અક્ષત વર ધુપ પઇવો, ગંધ નૈવેદ્ય ફલ જલ ભરીરે; અંગ અગ્ર પુજા મળી અડવિધ, ભાવે ભવિક શુભગતિ વરીરે ॥ સુ૦ ॥ ॥ ૫ ॥ સત્તર ભેદ એકવીશ

* ૩ શત્રિક × પાંચ અભિગમ,

પ્રકારે; ÷ અષ્ટોત્તર શત ભેદેરે, ભાવ પૂજા બહુવિધ નિરધારી, દોહગ દુર્ગતિ છેદેરે ॥ સુ૦ ॥ ॥ ૬ ॥ તુરિય + ભેદ પડિવત્તિ×પુજા. ઉપશમ ખીણ સયોગીરે; ચઉહા પુજા ઇમ ઉત્તરઝયણે=, ભાખી કેવલ ભોગીરે ॥ સુ૦ ॥ ॥ ૭ ॥ એમ પુજા બહુ ભેદ સુણીને, સુખદાયક શુભ કરણી રે; ભવિક જીવ કરશે તે લહેશે, 'આનંદઘન' પદ ધરણીરે ॥ સુ૦ ॥ ॥ ૮ ॥

## ૧૦ શ્રી શીતલનાથ સ્વામીનું સ્તવન

(મંગલિક માલા ગુણહ વિશાલા—એ દેશી)

શિતલ જિનપતિ લલિત ત્રિભંગી, વિવિધ ભંગી મન મોહેરે; કરૂણા કોમલતા તીક્ષણતા ઉદાસીનતા સોહેરે ॥ શીત૦ ॥ ॥ ૧ ॥ સર્વ જંતુ હિત કરણી કરૂણા, કર્મ વિદારણ તીક્ષણરે હાનાદાન રહિત પરિણામી, ઉદાસીનતા વિક્ષણરે ॥ શી૦ ॥ ॥ ૨ ॥ પરદુઃખ છેદન ઇચ્છા કરૂણા, તીક્ષણ પર દુઃખ રીઝેરે; ઉદાસીનતા ઉભય વિલક્ષણ. એક ઠામે કેમ સીઝેરે ॥ શી૦ ॥

---

÷ અષ્ટોતરી ૧૦૮ પ્રકારી, + ચોથો, × પ્રત્તિપત્તિ = ઉત્તરાધ્યયન સુત્ર.

॥ ૩ ॥ અભયદાન તિમ લક્ષણ કરૂણા, તીક્ષણતા ગુણ ભાવેરે, પ્રેરણ વિણ કૃત ઉદાસીનતા, ઇમ વિરોધ મતિ નાવેરે ॥ શી૦ ॥ ૪ ॥ શક્તિ વ્યક્તિ ત્રિભુવન પ્રભુતા, નિર્ગ્રંથતા સંયોગેરે; યોગી ભોગી વક્તા મૌની, અનુપયોગી ઉપયોગેરે ॥ શી૦ ॥ ૫ ॥ ઇત્યાદિક બહુભંગ ત્રિભંગી, ચમત્કાર ચિત્ત દેતીરે; અચરિજકારી ચિત્ર વિચિત્રતા, 'આનંદઘન' પદ લેતીરે ॥ શી૦ ॥ ૬ ॥

## ૧૧. શ્રી શ્રેયાંસનાથ સ્વામીનું સ્તવન.

('રાગ ગોડી—અહો મતવાલે સાજન, એ દેશી.)

શ્રી શ્રેયાંસ જિન અંતરજામી, આતમરામી નામીરે; અધ્યાતમ મત પૂરણ પામી, સહજ મુગતિ ગતિ ગામીરે ॥ શ્રી શ્રે૦ ॥ ૧ ॥ સયલ સંસારી ઇંદ્રિયરામી, મુનિ ગુણ આતમરામીરે; મુખ્યપણે જે આતમરામી, તે કેવલ નિઃકામીરે ॥ શ્રી શ્રે૦ ॥ ૨ ॥ નિજ સ્વરૂપ એ કિરિયા સાધે. તેહ અધ્યાતમ લહીએરે, જે કિરિયા કરી ચઉગતિ સાધે, તે ન અધ્યાતમ કહીએરે ॥ શ્રી શ્રે૦ ॥ ૩ ॥ નામ અધ્યાતમ ઠવણ અધ્યાતમ, દ્રવ્ય

અધ્યાતમ છંડોરે, ભાવ અધ્યાતમ નિજ ગુણ સાધે, તો તેહશું રઢ મંડોરે ॥ શ્રી શ્રે૦ ॥ ૪ ॥ શબ્દ અધ્યાતમ અરથ સુણીને, નિર્વિકલ્પ આદરજોરે; શબ્દ અધ્યાતમ ભજના જાણી, હાન ગ્રહણ મતિ ધરજોરે ॥ શ્રી શ્રે૦ ॥ ૫ ॥ અધ્યાતમ જે વસ્તુ વિચારી, બીજા જાણ લબાસીરે; વસ્તુગતે જે વસ્તુ પ્રકાસે, 'આનંદઘન' મતવાસીરે ॥ શ્રી શ્રે૦ ॥ ૬ ॥

## ૧૨. શ્રી વાસુપુજ્ય સ્વામીનું સ્તવન

રાગ ગોડી તથા પરજીયો તુંગિયાગિરિ શિખરે હોંસે-એ દેશી

વાસુપુજ્ય જિન ત્રિભુવન સ્વામી, ધનનામી પરિણામીરે; નિરાકાર સાકાર સચેતન, કરમ કરમ ફલ કામીરે ॥ વાસુ૦ ॥ ૧ ॥ નિરાકાર અભેદ સંગ્રાહક, ભેદ ગ્રાહક સાકારો રે; દર્શન જ્ઞાન દુભેદ ચેતના, વસ્તુ ગ્રહણ વ્યાપારોરે ॥ વાસુ૦ ॥ ૨ ॥ કર્તા પરિણામી પરિણામો, કર્મ જે જીવે કરિયેરે; એક અનેક રૂપ નય વાદે, નિયતે નય અનુસરિયેરે ॥ વાસુ૦ ॥ ૩ ॥ દુઃખ સુખ રૂપ કરમ ફલ જાણો, નિશ્ચય એક આનંદોરે, ચેતનતા પરિણામ ન ચુકે, ચેતન

કહે જિન ચંદોરે ॥ વાસુ૦ ॥ ૪ ॥ પરિણામી ચેતન પરિણામો, જ્ઞાન કરમ ફલ ભાવીરે; જ્ઞાન કરમ ફલ ચેતન કહીએ, લેજો તેહ મનાવીરે ॥ વાસુ૦ ॥ ૫ ॥ આતમ જ્ઞાની શ્રમણ કહાવે, બીજા તો દ્રવ્ય લિંગીરે; વસ્તુગતે જે વસ્તુ પ્રકાશે, 'આનંદઘન' મત સંગીરે ॥ વાસુ૦ ॥ ૬ ॥

## ૧૩. શ્રી વિમલનાથ સ્વામીનું સ્તવન.

(રાગ મલ્હાર-ઇડર આંબા આંબલીરે-એ દેશી.)

દુઃખ દોહગ દૂરે ટળ્યારે, સુખ સંપદશું ભેટ; ધીંગ ધણી માથે કિયોરે, કુણ ગંજે નર ખેટ, વિમલ જિન દીઠાં લોયણ આજ ॥ મ્હારાં સીધ્યાં વાંછિત કાજ ॥ વિમલ જિન દીઠાં૦ ॥ ૧ ॥ ચરણ કમલ કમલા* વસેરે, નિર્મલ થિર પદ દેખ ॥ સમલ અથિર પદ પરિહરેરે પંકજ પામર પેખ ॥ વિ૦ દી૦ ॥ ૨ ॥ મુજ મન તુઝ પદ પંકજેરે, લીનો ગુણ મકરંદ ॥ રંક ગણે મંદરધરા=રે, ઇંદ્ર ચંદ્ર નાગેંદ્ર ॥ વિ૦ ॥ દી૦ ॥ ૩ ॥ સાહિબ સમરથ તું

*લક્ષ્મી = મેરૂ-સુવર્ણાચલ-ભુમિ

ધણીરે, પામ્યો પરમ ઉદ્દાર ॥ મન વિશરામી વાલહોરે, આતમચો + આધાર ॥ વિ૦ ॥ દી૦ ॥ ૪ ॥ દરિસણ દીઠે જિન તણોરે, સંશય ન રહે વેધ ॥ દિનકર કરભર પસરતારે, અંધકાર પ્રતિષેધ ॥ વિ૦ ॥ દી૦ ॥ ૫ ॥ અમિય ભરી મૂરતિ રચીરે, ઉપમા ન ઘટે કોય ॥ શાંત સુધારસ ઝીલતીરે, નિરખત તૃપ્તિ ન હોય ॥ વિ૦ ॥ દી૦ ॥ ૬ ॥ એક અરજ સેવક તણીરે, અવધારો જિનદેવ ॥ કૃપા કરી મુજ દીજીયેરે, 'આનંદઘન' પદ સેવ ॥ વિ૦ ॥ દી૦ ॥૭॥

## ૧૪. શ્રી અનંતનાથ સ્વામીનું સ્તવન

ધાર તરવારની સોહેલી દોહલી, ચઉદમા જિનતણી ચરણ સેવા; ધાર પર નાચતા દેખ બાજીગરા, સેવના ધારપર રહે ન દેવા ॥ ધાર૦ ॥ ૧ ॥ એ આંકણી. એક કહે સેવીએ વિવિધ કિરિયા કરી, ફલ અનેકાંત લોચન ન દેખે; ફલ અનેકાંત કિરિયા કરી બાપડા, રડવડે ચાર ગતિ માંહે લેખે ॥ ધાર૦ ॥ ૨ ॥ ગચ્છના ભેદ બહુ નયણ નિહાલતાં, તત્વની

---

+ આત્માનો

વાત કરતાં ન લાજે; ઉદર ભરણાદિ નિજ કાજ કરતાં થકાં, મોહ નડિયાં કલિકાલ રાજે ॥ ધાર૦ ॥ ૩ ॥ વચન નિરપેક્ષ વ્યવહાર જુઠો કહ્યો, વચન સાપેક્ષ વ્યવહાર સાચો; વચન નિરપેક્ષ વ્યવહાર સંસાર ફલ, સાંભળી આદરી કાંઈ રાચો ॥ ધાર૦ ॥ ૪ ॥ દેવ ગુરુ ધર્મની શુદ્ધિ કહો કિમ રહે, કિમ રહે શુદ્ધ શ્રદ્ધા ન આણો; શુદ્ધ શ્રદ્ધાન વિણ સર્વ કિરિયા કરે, છાર પર લીપણું તેહ જાણો ॥ ધા૦ ॥ ૫ ॥ પાપ નહીં કોઇ ઉત્સૂત્ર ભાષણ જિસ્યો, ધર્મ નહીં કોઈ જગસૂત્ર સરિખો; સૂત્ર અનુસાર જે ભવિક કિરિયા કરે, તેહનો શુદ્ધ ચારિત્ર પરખો ॥ ધા૦ ॥ ૬ ॥ એહ ઉપદેશનો સાર સંક્ષેપથી, જે નરા ચિત્તમાં નિત્ય ધ્યાવે; તે નરા દિવ્ય બહુ કાળ સુખ અનુભવી, નિયત 'આનંદઘન' રાજ પાવે ॥ ધાર૦ ॥ ૭ ॥

## ૧૫. શ્રી ધર્મનાથ સ્વામીનું સ્તવન

( રાગ—ગોડી સારંગ, દેશી રશીયાની )

ધર્મ જિનેસર ગાઉં રંગશું, ભંગ મ પડશો હો

પ્રીત ।। જિનેસર ।। બીજો મન મંદિર આણું નહીં, એ અમ કુલવટ રીત ।। જિ૦ ।। ધર્મ૦ ।। ૧ ।। ધરમ ધરમ કરતો જગ સહુ ફિરે, ધરમ ન જાણે હો મર્મ ।। જિ૦ ।। ધરમ જિનેશ્વર ચરણ ગ્રહ્યા પછી, કોઈ ન બાંધે હો કર્મ ।। જિ૦ ।। ધર્મ૦ ।। ૨ ।। પ્રવચન અંજન જો સદ્‌ગુરૂ કરે. દેખે પરમ નિધાન ।। જિ૦ ।। હૃદય નયણ નિહાલે જગ ધણી, મહિમા મેરૂ સમાન ।। જિ૦ ।। ધર્મ૦ ।। ૩ ।। દોડત દોડત દોડત દોડીયો, જેતી મનની રે દોડ ।। જિ૦ ।। પ્રેમ પ્રતીત વિચારો ઢુકડી, ગુરુગમ લેજો રે જોડ ।। જિ૦ ।। ધર્મ૦ ।। ૪ ।। એક પખી કેમ પ્રીતિ પર પડે, ઉભય મિલ્યા હુએ સંધિ ।। જિ૦ ।। હું રાગી હું મોહે ફંદિયો, તું નિરાગી નિરબંધ ।। જિ૦ ।। ધર્મ૦ ।। ૫ ।। પરમ નિધાન પ્રગટ મુખ આગળે, જગત ઉલ્લંઘી હો જાય ।। જિ૦ ।। જ્યોતિ વિના જુઓ જગદીશની, અંધોઅંધ પલાય ।। જિ૦ ।। ધર્મ૦ ।। ૬ ।। નિર્મલ ગુણમણિ રોહણ ભૂધરા, મુનિજન માનસ હંસ ।। જિ૦ ।। ધન્ય તે નયરી ધન્ય વેલા ઘડી, માત પિતા કુલવંશ ।। જિ૦ ।।

॥ ધર્મ૦ ॥ ૭ ॥ મન મધુકર વર કર જોડી કહે, પદકજ* નિકટ નિવાસ ॥ જિ૦ ॥ ઘનનામી 'આનંદઘન' સાંભળો, એ સેવક અરદાસ ॥ જિ૦ ॥ ॥ ધર્મ૦ ॥ ૮ ॥

## ૧૬. શ્રી શાંતિનાથ સ્વામીનું સ્તવન

( રાગ મલ્હાર ॥ ચતુર ચોમાસું પડિક્કમી—એ દેશી )

શાંતિ જિન એક મુજ વિનતિ, સુણો ત્રિભુવન રાય રે ॥ શાંતિ સ્વરૂપ કેમ જાણીએ, કહો મન કેમ પરખાય રે ॥ શાંતિ૦ ॥ ૧ ॥ એ આંકણી ॥ ધન્ય તું આતમ જેહને, એહવો પ્રશ્ન અવકાશરે ॥ ધીરજ મન ધરી સાંભળો, કહું શાંતિ પ્રતિભાસરે ॥ શાંતિ૦ ॥ ॥૨॥ ભાવ અવિશુદ્ધ સુવિશુદ્ધ જે, કહ્યા શ્રી જિનવર દેવરે ॥ તે તેમ અવિતત્થ સદ્દહે, પ્રથમ એ શાંતિપદ સેવરે ॥ શાંતિ૦ ॥ ૩ ॥ આગમધર ગુરુ સમકિતિ, કિરિયા સંવર સારરે ॥ સંપ્રદાયી અવંચક સદા, શુચિ અનુભવ આધારરે ॥ શાંતિ૦ ॥ ૪ ॥ શુદ્ધ આલંબન આદરે, તજી અવર જંજાલરે ॥ તામસી વૃત્તિ સવિ

* ચરણકમલ

પરિહરે, ભજે સાત્વિકી શાલરે ॥ શાંતિ ॥ ૫ ॥
ફલ વિસંવાદ જેહમાં નહીં, શબ્દ તે અર્થ સંબંધીરે
સકલ નયવાદ વ્યાપી રહ્યો, તે શિવ સાધન સંધીરે
॥ શાંતિ૦ ॥ ૬ ॥ વિધિ પ્રતિષેધ કરી આતમા,
પદારથ અવિરોધરે ॥ ગ્રહણ વિધિ મહાજને પરિગ્રહ્યો,
ઇસ્યો આગમે બોધ રે ॥ શાંતિ૦ ॥ ૭ ॥ દુષ્ટ જન
સંગતિ પરિહરી, ભજે સુગુરૂ સંતાનરે ॥ જોગ સામર્થ
ચિત્ત ભાવજે, ધરે મુગતિ નિદાન રે ॥ શાંતિ૦ ॥૮॥
માન અપમાન ચિત સમ ગણે, સમ ગણે કનક
પાષાણ રે ॥ વંદક નિંદક સમ ગણે, એહવો હોય
તું જાણ રે ॥ શાંતિ૦ ॥૯॥ સર્વ જગજંતુને સમ ગણે,
સમગણે તૃણ મણિ ભાવ રે ॥ મુક્તિ સંસાર બેહુ સમ
ગણે, મુણે ભવજલનિધિ નાવ રે ॥ શાંતિ૦ ॥ ૧૦ ॥
આપણો આતમભાવ જે, એક ચેતનાધાર રે ॥ અવર
સવિ સાથ સંયોગથી, એહ નિજ પરિકર સાર રે
॥ શાંતિ૦ ॥ ૧૧ ॥ પ્રભુ મુખથી એમ સાંભળી, કહે
આતમરામ રે ॥ તાહરે દરિશણે નિસ્તર્યો, મુજ સીધાં
સવિ કામ રે ॥ શાંતિ૦ ॥ ૧૨ ॥ અહો અહો હું

મુજને કહું, નમો મુજ નમો મુજરે ॥ અમિત ફલ દાન દાતારની, જેહથી ભેટ થઈ તુજરે ॥ શાંતિ૦ ॥ ॥ ૧૩ ॥ શાંતિ સરૂપ સંક્ષેપથી, કહ્યો નિજ પરરૂપરે, આગમમાંહે વિસ્તાર ઘણો, કહ્યો શાંતિ જિન ભૂપ રે ॥ શાંતિ૦ ॥ ૧૪ ॥ શાંતિ સ્વરૂપ એમ ભાવશે ધરી શુદ્ધ પ્રણિધાન રે ॥ **આનંદઘન** પદ પામશે, તે લહેશે બહુ માન રે ॥ શાંતિ૦ ૧૫ ॥

## ૧૭. શ્રી કુંથુનાથ સ્વામીનું સ્તવન.

(રાગ ગુર્જરી,-અંબર દેહો મોરારી હમારો-એ દેશી)

કુંથુજિન મનડું કિમહી ન બાજે, હો કું૦ ॥ જિમ જિમ જતન કરીને રાખું, તિમ તિમ અલગું ભાજે હો ॥ કું૦ ॥ ૧॥ રજની વાસર વસતી ઉજડ, ગયણ પાયાલે જાય, સાપ ખાયને મુખડું થોથું ×, એહ ઉખાણો ન્યાય હો ॥ કું૦ ॥ ૨ ॥ મુગતિ તણા અભિલાષી તપીયા, જ્ઞાનને ધ્યાન અભ્યાસે; વયરીડું કાંઈ એહવું ચિંતે, નાખે અવલે પાસે હો ॥ કું૦ ॥ ॥ ૩ ॥ આગમ આગમધરને હાથે, નાવે કિણવિધ

---

× ખાલી.

આંકુ; કિહાં કણે જો હઠ કરી હટકું તો, વ્યાલતણીપરે વાંકું હો ॥ કું૦ ॥ ૪ ॥ જો ઠગ કહું તો ઠગતું ન દેખું, શાહુકાર પણ નાં હી; સર્વ માંહે ને સહુથી અલગું, એ અચરિજ મન માંહી હો ॥ કું૦ ॥ ૫ ॥ જે જે કહું તે કાન ન ધારે, આપ મતે રહે કાલો; સુર નર પંડિત જન સમજાવે, સમજે ન માહરો સાલો હો ॥ કું૦ ॥ ૬ ॥ મેં જાણ્યું એ લિંગ નપુંસક, સકલ મરદને ઠેલે; બીજી વાતે સમરથ છે નર, એહને કોઈ ન જેલે હો ॥ કું૦ ॥ ૭ ॥ મન સાધ્યું તેણે સઘળું સાધ્યું, એહ વાત નહિ ખોટી; એમ કહે સાધ્યું તે નવિ માનું, એક હી વાત છે મહોટી હો ॥ કું૦॥ ॥ ૮ ॥ મનડું દુરારાધ્ય તેં વશ આણ્યું, તે આગમથી મતિ આણું; **આનંદઘન** પ્રભુ માહરૂં આણો, તો સાચું કરી જાણું હો ॥ કું૦ ॥ ૯ ॥

## ૧૮ શ્રી અરનાથ સ્વામિનું સ્તવન

(રાગ–પરજ, ઋષભનો વંશ રયણીયરૂ–એ દેશી)

ધરમ પરમ અરનાથનો, કેમ જાણું ભગવંતરે; સ્વપર સમય સમજાવીએ; મહિમાવંત મહંતરે ॥ધ૦॥

॥ ૧ ॥ એ આંકણી ॥ શુદ્ધાતમ અનુભવ સદા, સ્વસમય એહ વિલાસ રે; પરબડી છાંહડી જેહ પડે, તે પર સમય નિવાસ રે ॥ ધ૦ ॥ ૨ ॥ તારા નક્ષત્ર ગ્રહ ચંદની, જ્યોતિ દિનેશ મોઝાર રે; દર્શન જ્ઞાન ચરણ થકી, શક્તિ નિજાતમ ધાર રે ॥ ધ૦ ॥ ૩ ॥ ભારી પીલો ચીકણો, કનક અનેક તરંગ રે; પર્યાય દૃષ્ટિ ન દિજીએ, એકજ કનક અભંગરે ॥ ધ૦ ॥૪॥ દરશન જ્ઞાન ચરણ થકી, અલખ સ્વરૂપ અનેક રે; નિર્વિકલ્પ રસ પિજીએ, શુદ્ધ નિરંજન એક રે ॥ધ૦॥ ॥ ૫ ॥ પરમારથ પંથ જે કહે, તે રંજે એક તંતરે; વ્યવહારે લખ જે રહે, તેહના ભેદ અનંત રે ॥ધ૦॥ ॥ ૬ ॥ વ્યવહારે લખે દોહિલા, કાંઇ ન આવે હાથ રે; શુદ્ધ નય થાપના સેવતાં, નવિ રહે દુવિધા સાથ રે ॥ ધ૦ ॥ ૭ ॥ એક પખી લખ પ્રીતિની, તુમ સાથે જગનાથ રે; કૃપા કરીને રાખજો, ચરણ તળે ગ્રહી હાથ રે ॥ ધ૦ ॥ ૮ ॥ ચક્રી ધરમ તીરથ તણો, તીરથ ફલ તતસાર રે; તીરથ સેવે તે લહે, 'આનંદઘન' નિરધાર રે ॥ ધ૦ ॥ ૯ ॥

## ૧૯ શ્રી મલ્લિનાથ સ્વામીનું સ્તવન

( રાગ કાફી )

સેવક કિમ અવગણીયે હો મલ્લિજિન, એ અબ શોભા સારી, અવર જેહને આદર અતિ દીયે, તેને મૂલ નિવારી હો ॥ મલ્લિ૦ ॥ ૧ ॥ જ્ઞાન સ્વરૂપ અનાદિ તમારૂં, તે લીધું તમે તાણી; જુઓ અજ્ઞાન દશા રીસાવી, જાતા કાણ ન આણી હો ॥ મલ્લિ૦ ॥ ૨ ॥ નિદ્રા સુપન જાગર ઉજાગરતા, તુરીય[1] અવસ્થા આવી; નિદ્રા સુપન દશા રીસાણી; જાણી ન નાથ મનાવી હો ॥ મલ્લિ૦ ॥ ૩ ॥ સમકિત સાથે સગાઈ કીધી, સપરીવારશું ગાઢી; મિથ્યામતિ અપરાધણ જાણી, ઘરથી બાહીર કાઢી હો ॥ મલ્લિ૦ ॥ ૪ ॥ હાસ્ય અરતિ રતિ શોક દુગંછા, ભય પામર કરસાલી; નોકષાય[2] ગજશ્રેણી ચડતાં, શ્વાન તણી ગતિ ઝાલી હો ॥ મલ્લિ૦ ॥ ૫ ॥ રાગ દ્વેષ અવિરતીની પરિણતી, એ ચરણ મોહના યોદ્ધા, વીતરાગ પરિણત્તિ પરિણમતાં, ઉઠી નાઠા એ બોધા હો ॥ મલ્લિ૦ ॥ ૬ ॥ વેદોદય કામા

---

૧–ચોથી. ૨.–કષાયના પેટા ભેદો.

પરિણામા, કામ્ય કરમ સહુ ત્યાગી; નિઃકામી કરુણારસ સાગર, અનંત ચતુષ્ક પદ પાગી હો ॥ મલ્લિ૦ ॥ ૭॥ દાન વિઘન વારી સહુ જનને, અભયદાન પદ દાતા; લાભ વિઘન જગ વિઘન નિવારક, પરમ લાભ રસ માતા હો ॥ મલ્લિ૦ ॥ ૮ ॥ વીર્ય વિઘન પંડિત વીર્યે હણી, પૂરણ પદવી યોગી; ભોગોપભોગ દોય વિઘન નિવારી, પૂરણ ભોગ સુભોગી હો ॥ મલ્લિ૦ ॥ ૯ ॥ એ અઢાર દૂષણ વર્જિત તનુ, મુનિજન વૃંદે ગાયા, અવિરતિ રૂપક દોષ નિરૂપણ, નિર્દૂષણ મન ભાયા હો; ॥ મલ્લિ૦ ॥ ૧૦ ॥ ઇણ વિધ પરખી મન વિશરામી, જિનવર ગુણ જે ગાવે; દિનબંધુની મહેર નજરથી, **આનંદઘન** પદ પાવે હો ॥ મલ્લિ૦ ॥ ૧૧ ॥

## ૨૦ શ્રી મુનિસુવ્રત સ્વામીનું સ્તવન

( રાગ કાફી–આઘા આમ પધારો પૂજ્ય–એ દેશી )

મુનિસુવ્રત જિનરાય, એક મુઝ વિનતિ નિસુણો ॥ આતમ તત્ત્વ કયું જાણ્યું જગત ગુરૂ, એહ વિચાર મુજ કહિયો; આતમ તત્ત્વ જાણ્યા વિણ નિર્મલ; ચિત્ત સમાધિ નવિ લહિયો ॥ મુનિ૦ ॥ ૧ ॥ એ આંકણી॥

કોપ અબંધ આતમ તત્ત માને, [૧]કિરયા કરતો દિસે; ક્રિયા તણું ફલ કહો કુણ ભોગવે, ઇમ પૂછ્યું ચિત્ત-રીસે ॥ મુનિ૦ ॥ ૨ ॥ જડ ચેતન એ આતમ એકજ, સ્થાવર જંગમ સરિખો; દુઃખ સુખ શંકર દૂષણ આવે, ચિત્ત વિચારી જો પરિખો ॥ મુનિ૦ ॥ ૩ ॥ એક કહે નિત્ય જ આતમ તત્ત, [૧] આતમ દરિસણ લીનો; કૃત વિનાશ અકૃતાગમ દૂષણ, નવિ દેખે મતિ હીનો ॥ મુનિ૦ ॥ ૪ ॥ સુગતમત રાગી કહે વાદી, ક્ષણિક એ આતમ જાણો; બંધ મોક્ષ સુખ દુઃખ ન ઘટે, એહ વિચાર મન આણો ॥ મુનિ૦ ॥ ૫ ॥ ભૂત ચતુષ્ક વર્જિત આતમ તત્ત, સત્તા અલગી ન ઘટે; અંધ શકટ જો નજરે ન દેખે, તો શું કીજે શકટે ॥ મુનિ૦ ॥ ૬ ॥ એમ અનેક વાદિમત વિભ્રમ, સંકટ પડિયો ન લહે; ચિત્ત સમાધિ તે માટે પૂછું, તુમ વિણ તત કોઈ ન કહે ॥ મુનિ૦ ॥ ૭ ॥ વલતું જગ-ગુરૂ ઇણિપરે ભાવે, પક્ષપાત સબ છંડી; રાગ દ્વેષ મોહ પખ વર્જિત, આતમશું રઢ મંડી ॥ મુનિ૦ ॥

---

[૧] આતમતત્ત્વ.

॥ ૮ ॥ આતમ ધ્યાન કરે જો કોઉ, સો ફીર ઇણમેં નાવે; વાગ જાલ બીજું સહુ જાણે, એહ તત્ત્વ ચિત્ત ચાવે ॥ મુનિ૦ ॥ જેણે વિવેક ધરિ એ પખ ગ્રહિયો, તે તત્ત્વ જ્ઞાની કહિયે; શ્રી મુનિસુવ્રત કૃપા કરો તો, 'આનંદઘન' પદ લહિયે ॥ મુનિ૦ ॥ ૧૦ ॥

## ૨૧. શ્રી નમિનાથ સ્વામીનું સ્તવન.

રાગ–આશાવરી.

( ધન ધન સંપ્રતિ સાચો રાજા—એ દેશી. )

ષટ દરિસણ જિન અંગ ભણીજે, ન્યાસ ષડઅંગ જો સાધે રે; નમિ જિનવરના ચરણ ઉપાસક, ષટ દરિસણ આરાધે રે ॥ ષટ ॥ ૧ ॥ એ આંકણી ॥ જિન સુર પાદપ પાય વખાણું, સાંખ્ય જોગ દોય ભેદે રે; આતમ સત્તા વિવરણ કરતાં, લહો દુગ અંગ અખેદેરે ॥ ષટ૦ ॥ ૨ ॥ ભેદ અભેદ સુગત મીમાંસક, જિનવર દોય કર ભારી રે; લોકાલોક અવલંબન ભજીયે, ગુરૂ ગમથી અવધારી રે ॥ ષટ૦ ॥ ૩ ॥ લોકાયતિક કુખ જિનવરની, અંશ વિચારી જો કીજેરે; તત્ત્વ વિચાર સુધારસ ધારા, ગુરૂ ગમ વિણ

કેમ પીજે રે ॥ ષટ૦ ॥ ૪ ॥ જૈન જિનેશ્વર વર ઉત્તમ અંગ, અંતરંગ બહિરંગેરે; અક્ષર ન્યાસ ધરા આરાધક, આરાધે ધરી સંગેરે ॥ ષટ૦ ॥ ૫ ॥ જિનવરમાં સઘળા દરિસણ છે, દર્શને જિનવર ભજનારે; સાગરમાં સઘળી તટિની સહી, તટિનીમાં સાગર ભજનારે ॥ ષટ૦ ॥ ૬ ॥ જિન સ્વરૂપ થઈ જિન આરાધે, તે સહી જિનવર હોવે રે; ભૃંગી ઈલીકાને ચટકાવે, તે ભૃંગી જગ જોવે રે ॥ ષટ૦ ॥ ૭ ॥ ચુર્ણી ભાષ્ય સૂત્ર નિર્યુક્તિ, વૃત્તિ, પરંપર અનુભવ રે; સમય પુરુષનાં અંગ કહ્યાં એ, જે છેદે તે દુર્ભવરે ॥ ષટ૦ ॥ ૮ ॥ મુદ્રા બીજ ધારણા અક્ષર, ન્યાસ અરથ વિનિયોગેરે; જે ધ્યાવે તે નવિ વંચિ જે, ક્રિયા અવંચક ભોગેરે ॥ ષટ૦ ॥ ૯ ॥ શ્રુત અનુસાર વિચારી બોલું, સુગુરૂ તથા વિધ ન મિલે રે; કિરિયા કરી નવિ સાધી શકીએ, એ વિષવાદ ચિત સઘળે રે ॥ ષટ૦ ॥ ૧૦ તે માટે ઉભો કરજોડી, જિનવર આગલ કહીયે રે; સમય ચરણ સેવા શુદ્ધ દેજો, જિમ 'આનંદઘન' લહીયેરે ॥ ષટ૦ ॥ ૧૧ ॥

## ૨૨. શ્રી નેમનાથ સ્વામીનું સ્તવન.

( રાગ—મારૂણી ધરણા ઢોલા—એ દેશી. )

અષ્ટભવાંતર વાલહીરે તું મુઝ આતમરામ મનરા વાલા, મુગતિ સ્ત્રીશું આપણેરે, સગપણ કોઈ ન કામ ॥ મ૦ ॥ ૧ ॥ ઘર આવો હો વાલમ ઘર આવો, મહારી આશાના વિશરામ ॥ મ૦ ॥ રથ ફેરો હો સાજન રથ ફેરો, સાજન મારા મનોરથ સાથ ॥ મ૦ ॥ ૨ ॥ નારીપખો શો નેહલોરે, સાચ કુહે જગનાથ ॥ મ૦ ॥ ઇશ્વરે અર્ધંગે ધરીરે: તું મુજ ઝાલે ન હાથ ॥ મ૦ ॥ ૩ ॥ પશુ જનની કરૂણા કરીરે, આણી હૃદય વિચાર ॥ મ૦ ॥ માણસની કરૂણા નહિરે; એ કુણ ઘર આચાર ॥ મ૦ ॥ ૪ ॥ પ્રેમ કલ્પતરૂ છેદીયોરે, ધરિયો જોગ ધતુર ॥ મ૦ ॥ ચતુરાઇરો કુણ કહોરે, ગુરૂ મિલિયો જગસૂર ॥ મ૦ ॥ ૫ ॥ મારૂં તો એમાં કયુંહી નહીંરે, આપ વિચારો રાજ ॥ મ૦ ॥ રાજસભામાં બેસતાંરે, કિસડી* બધસી લાજ ॥ મ૦ ॥ ૬ ॥ પ્રેમ કરે જગ જન

---

* કોની લાજ વધશે ?

સહુરે નિરવાહે તે ઓર ॥ મ૦ ॥ પ્રીત કરીને છોડી દે રે, તેહ શું ન ચાલે જોર, ॥ મ૦ ॥ ૭॥ જો મનમાં એહવું હતું રે, નિસપતિ* કરત ન જાણ ॥ મ૦ ॥ નિસબત કરીને છોડતાં રે, માણસ હુએ નુકસાન ॥ મ૦ ॥ ૮ ॥ દેતાં દાન સંવત્સરીરે, સહુ લહે વંછિત પોષ ॥ મ૦ ॥ સેવક વંછિત નવિ લહેરે, તે સેવકનો દોષ ॥ મ૦ ॥ ૯ ॥ સખી કહે એ શામલો રે, હું કહું લક્ષણ સેત[1] ॥ મ૦ ॥ ઈણ લક્ષણ સાચી સખી રે, આપ વિચારો હેત ॥ મ૦ ॥ ૧૦ ॥ રાગ શું રાગી સહુ રે, વૈરાગી શ્યો રાગ ॥ મ૦ ॥ રાગી વિના કિમ દાખવો રે, મુગતિ સુંદરી માગ ॥ મ૦ ॥ ॥ ૧૧ ॥ એક ગુહ્ય ઘટતું નથી રે, સઘલો ઈ જાણે લોક ॥ મ૦ ॥ અનેકાંતિક ભોગવોરે, બ્રહ્મચારી ગતરોગ ॥ મ૦ ॥ ૧૨ ॥ જિણ જોણિ તુમને જોઉં રે, તિણ જોણી જુઓ રાજ ॥ મ૦ ॥ એકવાર મુજને જુઓ રે, તો સીઝે મુજ કાજ ॥ મ૦ ॥ ૧૩ ॥ મોહદશા ધરી ભાવના રે, ચિત્ત લહે તત્ત્વ વિચાર

---

* સંબંધ. ૧ શ્વેત.

॥ મ૦ ॥ વીતરાગતા આદરી રે, પ્રાણનાથ નિરધાર ॥ મ૦ ॥ ૧૪ ॥ સેવક પણ તે આદરેરે, તો રહે સેવક મામ × ॥ મ૦ ॥ આશય સાથે ચાલીએ રે એહીજ રૂડું કામ ॥ મ૦ ॥ ૧૫ ॥ ત્રિવિધ યોગ ધરી આદર્યો રે ॥ નેમિનાથ ભરતાર ॥ મ૦ ॥ ધારણ પોષણ તારણો રે, નવરસ મુગતાહાર ॥ મ૦ ॥ ૧૬ ॥ કારણરૂપી પ્રભુ ભજ્યો રે, ગણ્યો ન કાજ અકાજ; ॥ મ૦ ॥ કૃપા કરી મુજ દીજીએરે, 'આનંદઘન' પદ રાજ ॥ મ૦ ૧૭ ॥

## ૨૩. શ્રી પાર્શ્વનાથ સ્વામીનું સ્તવન.

(રાગ સારંગ, રસીઆની દેશી)

ધ્રુવપદરામીહો સ્વામિ માહરા, નિઃકામી ગુણરાય ॥ સુજ્ઞાની ॥ નિજગુણ કામીહો પામી તું ધણી, ધ્રુવ આરામી હો થાય ॥ સુજ્ઞાની ॥ ધ્રુ૦ ॥ ૧ ॥ સર્વવ્યાપી કહે સર્વ જાણંગપણે, પર પરિણમન સરૂપ ॥ સુ૦ ॥ પરરૂપે કરી તત્ત્વ પણું નહીં, સ્વસત્તા ચિદ્રુપ ॥ સુ૦ ॥ ધ્રુ૦ ॥ ૨ ॥ જ્ઞેય અનેકે

× લાજ.

હો જ્ઞાન અનેકતા, જલભાજન રવિ જેમ ॥ સુ૦ ॥ દ્રવ્ય એકત્વપણે ગુણ એકતા, નિજપદ રમતા હો ખેમ ॥ સુ૦ ॥ ધ્રુ૦ ॥ ૩ ॥ પરક્ષેત્રે ગત જ્ઞેયને જાણવે, પરક્ષેત્રે થયું જ્ઞાન ॥ સુ૦ ॥ અસ્તિપણું નિજક્ષેત્રે તુમે કહ્યું, નિર્મલતા ગુણમાન ॥ સુ૦ ॥ ધ્રુ૦ ॥ ૪ ॥ જ્ઞેય વિનાશે હો જ્ઞાન વિનિશ્વરૂ; કાળ પ્રમાણે રે થાય ॥ સુ૦ ॥ સ્વકાળે કરી સ્વસતા સદા, તે પરરીતે ન જાય ॥ સુ૦ ॥ ધ્રુ૦ ॥ ૫ ॥ પરભાવે કરી પરતા પામતા, સ્વસતા થિર ઠાણ ॥ સુ૦ ॥ આત્મ ચતુષ્કમયી પરમાં નહીં, તો કિમ સહુનો રે જાણ ॥ સુ૦ ॥ ધ્રુ૦ ૬ ॥ અગુરુલઘુ નિજ ગુણને દેખતાં, દ્રવ્ય સકલ દેખંત ॥ સુ૦ ॥ સાધારણ ગુણની સાધર્મ્યતા, દર્પણ જલ દૃષ્ટાંત ॥ સુ૦ ॥ ધ્રુ૦ ॥ ૭ ॥ શ્રી પારસજિન પારસસમ સમો, પણ ઈહાં પારસ * નાહિ ॥ સુ૦ ॥ પૂરણ રસીઓ હો નિજ ગુણ પરસનો ×, આનંદઘન મુજ માંહિ ॥ સુ૦ ॥ ધ્રુ૦ ॥ ૮ ॥

---

* કૃષ્ણ અંધારી × ઊપદ્રવ.

## ૨૪ શ્રી મહાવીર સ્વામીનું સ્તવન.

( રાગ ધનાશ્રી. )

વીર જીનેશ્વરને ચરણે લાગું, વીરપણું તે માગુ રે ॥ મિથ્યામોહ તિમિર ભય ભાગ્યું, જિત નગારૂં વાગ્યું રે ॥ વી૦ ॥ ૧ ॥ છઉમત્થ વીર્ય લેશ્યા સંગે, અભિસંધિજ મતિ અંગેરે ॥ સૂક્ષ્મ સ્થુલ ક્રિયાને રંગે, યોગી થયો ઉમંગે રે ॥ વી૦ ॥ ૨ ॥ અસંખ્ય પ્રદેશે વીર્ય અસંખ્યે, યોગ અસંખિત કંખેરે ॥ પુદ્‌ગલ ગણ તેણે લેસુ વિશેષે. યથાશક્તિ મતિ લેખેરે ॥ વી૦ ॥ ૩ ॥ ઉત્કૃષ્ટ વીરયને વેસે. યોગ ક્રિયા નવી પેસે રે ॥ યોગ તણી ધ્રુવતાને લેશે, આતમ શકતી ન ખેસે રે ॥ વી૦ ॥ ૪ ॥ કામ વીર્ય વશે જેમ ભોગી, તેમ આતમ થયો ભોગી રે ॥ શુરપણે આતમ ઉપયોગી, થાય તેહ અયોગી રે ॥ વી૦ ॥ ૫ ॥ વીરપણું આતમ ઠાણે, જાણ્યું તુમચી વાણે રે ॥ ધ્યાન વિનાણે શક્તિ પ્રમાણે, નિજ ધ્રુવપદ પહિચાણે રે ॥ વી૦ ॥ ૬ ॥ આલંબન સાધન જે ત્યાગે, પર પરિણતિને ભાગેરે ॥ અક્ષય દર્શન જ્ઞાન વરાગે, 'આનંદઘન' પ્રભુ જાગેરે ॥ વી૦ ॥ ૭ ॥

# પદ્મવિજયજી કૃત—

## ચૈત્યવંદન, સ્તવન અને સ્તુતિ ચોવિશિ.

### ૧ શ્રીઋષભદેવ સ્વામીનું ચૈત્યવંદન

આદિદેવ અલવેસરૂ, વિનીતાનો રાય નાભિ-રાયા કુલ મંડણો, મરૂદેવા માય ॥૧॥ પાંચસેં ધનુષની દેહડી, પ્રભુજી પરમ દયાલ; ચોરાશી લાખ પૂર્વનું, જશ આયુ વિશાલ ॥ ૨ ॥ વૃષભ લંછન જિન વૃષ ધરૂએ, ઉત્તમ ગુણ મણિખાણ; તસ પદ પદ્મ સેવન થકી, લહીએ અવિચળ ઠાણ ॥ ૩ ॥ ॥ ઇતિ ॥

### ૧ શ્રી ઋષભદેવ સ્વામીનું સ્તવન,

મહાવિદેહ ક્ષેત્ર સોહામણું—એ દેશી.

જગ ચિંતામણી જગગુરૂ, જગત સરણ આધાર લાલરે; અઢાર કોડા કોડી સાગરે, ધરમ ચલાવણ હાર લાલરે ॥ જગ૦ ॥ ૧ ॥ અષાઢ વદિ ચોથે પ્રભુ, સ્વર્ગથી લીએ અવતાર લાલરે; ચૈતર વદિ આઠમ દિને, જનમ્યા જગદાધાર લાલરે ॥ જગ૦ ॥ ૨ ॥ પાંચસેં ધનુષની દેહડી, સોવન વર્ણ શરીર લાલરે;

ચૈતર વદિ આઠમે લીએ, સંજમ મહા વડવીર લાલરે. ॥ જગ૦ ॥ ૩॥ ફાગણ વદિ અગ્યારસે, પામ્યા પંચમ નાણ લાલરે; મહા વદિ તેરસે શિવ વર્યા, જોગ નિરોધ કરી જાણ લાલરે ॥ જગ૦ ॥ ૪ ॥ ચોરાશી લાખ પૂર્વનું, જિનવર ઉત્તમ આય લાલરે; પદ્મ-વિજય કહે પ્રણમતાં, વહેલું શિવ સુખ થાય લાલરે ॥ જગ૦ ॥ ૫ ॥ ઇતિ.

## ૧ શ્રી ઋષભદેવ સ્વામીની સ્તુતિ.

આદિ જિનવર રાયા, જાસ સોવન્ન કાયા; મરૂદેવી માયા, ધોરી લંછન પાયા; જગત સ્થિતિ નિપાયા, શુદ્ધ ચારિત્ર પાયા; કેવળ સિરિ રાયા, મોક્ષ નગરે સધાયા ॥ ૧ ॥ સવિ જિન સુખકારી, મોહ મિથ્યા નિવારી; દુરગતિ દુઃખભારી, શોક સંતાપ વારી; શ્રેણી ક્ષપક સુધારી, કેવલાનંત ધારી; નમીએ નરનારી. જેહ વિશ્વોપકારી ॥ ૨ ॥ સમ વસરણ બેઠા, લાગે જે જિનજી મીઠા; કરે ગણપ પઇઠ્ઠા ઇંદ્ર ચંદ્રાદિ દીઠા; દ્વાદશાંગી વરીઠ્ઠા, ગુંથતાં ટાલે રિઠ્ઠા; ભવિજન હોય હીઠ્ઠા, દેખી પુન્યે ગરિટ્ઠા ॥ ૩ ॥ સુર સમકીત-

વંતા, જેહ રિધ્ધે મહંતા; જેહ સજ્જન સંતા, ટાળીએ મુજ ચિંતા; જિનવર સેવંતા, વિઘ્ન વારે દુરંતા, જિન ઉત્તમ થુણંતા, પદ્મને સુખ દિંતા ॥૪॥

## ૨ શ્રી અજિતનાથ સ્વામીનું ચૈત્યવંદન

અજિત નાથ પ્રભુ અવતર્યા, વિનીતાનો સ્વામી, જિત શત્રુ વિજયા તણો, નંદન શિવ ગામી ॥ ૧ ॥ બહોંતેર લાખ પૂરવ તણું, પાળ્યું જેણે આય; ગજ લંછન લંછન નહિ, પ્રણમે સુરરાય ॥ ૨ ॥ સાડા-ચારસેં ધનુષ્યનીએ, જિનવર ઉત્તમ દેહ, પાદ પદ્મ તસ પ્રણમીએ, જેમ લહીએ શિવ ગેહ ॥ ૩ ॥

## ૨ શ્રી અજિતનાથ જિન સ્તવન

શ્રી અજિત જિનેશ્વર વંદિએ, જે ત્રિભુવન જન-આધાર રે; પચાસ લાખ કોડી આયરનો, અંતર આદિ અજિત વિચારરે ॥ શ્રી અજિત૦ ॥ ૧ ॥ સુદ વૈશાખની તેરસે, પ્રભુ અવતર્યા જગ સુખદાયરે; મહા સુદિ આઠમ દિને જનમિઆ, તેમ નોમી વ્રત ધાર થાય રે ॥ શ્રી અજિત૦ ॥ ૨ ॥ એકાદશી અર્જુન પક્ષની, પોષ માસની પામ્યા નાણ રે; ચૈતર સુદિ

પાંચમને દિને, પામ્યા પ્રભુ શાશ્વત ઠાણુ રે ॥ શ્રી અજિત૦ ॥ ૩ ॥ સાડા ચારસેં ઉંચી ધનુષની, કાયા કંચન તે વાનરે; લાખ બહોંતેર પુર્વનું આઉખું, જગ ઉપગારી ભગવાનરે ॥ શ્રી અજિત૦ ॥ ૪ ॥ જે જિનવર નમતાં સાંભરે, એકસો સીત્તેર મહારાજરે; તેહના ઉત્તમ પદ પદ્મની, સેવાથી લહે શિવરાજરે ॥ શ્રી અજિત૦ ॥ ૫ ॥ ઇતિ ॥

## ૨ શ્રી અજિતનાથ પ્રભુની સ્તુતિ

વિજયા સુત વંદો, તેજથી જ્યું દિણુંદો, શીતળતાએ ચંદો, ધીરતાએ ગિરીંદો. મુખ જેમ અરવિંદો, જાસ સેવે સુરીંદે, લહો પરમાણંદો, સેવના સુખ કંદો ॥ ૧ ॥

## ૩ શ્રી સંભવનાથ સ્વામીનું ચૈત્યવંદન

સાવત્થી નયરી ધણી, શ્રી સંભવનાથ; જીતારી નૃપ નંદનો, ચલવે શિવ સાથ ॥ ૧ ॥ સેના નંદન ચંદને, પુજો નવ અંગે, ચારસેં ધનુષ્ય દેહમાન, પ્રણમો મનરંગે ॥ ૨ ॥ સાઠ લાખ પુરવતણુંએ, જિનવર ઉત્તમ આય; તુરગ લંછન પદ પદ્મમાં; નમતાં શિવ સુખ થાય ॥ ઇતિ

## ૩ શ્રી સંભવનાથ જિન સ્તવન

શાંતિ જિન એક મુજ વિનતી–એ દેશી

સંભવ જિનવર સુખ કરૂ, સાગર ત્રીસ લાખ ક્રોડીરે; અજિત સંભવ વચ્ચે આંતરૂં, જગતમાં જાસ નહિ જોડીરે, ॥ સંભવ૦ ॥ ૧ ॥ ફાગણ સુદ તણી આઠમે, જેહનું ચ્યવન કલ્યાણરે, માગસર સુદની ચૌદસે, નીપનો જનમ જિન ભાણરે. ॥ સંભવ૦ ॥૨॥ કનક વરણે તજી કામના, લીધો સંયમ ભારરે; પુર્ણિમા માગસર માસની, ઘર તજી થયા અણગારરે ॥ સંભવ૦ ॥ ૩ ॥ ચારસેં ધનુષ્યની દેહડી, કાતીવદ પાંચમે નાણરે; લોક અલોક ખટ દ્રવ્ય જે, પ્રત્યક્ષ નાણ પ્રમાણરે. સંભવ૦ ॥ ૪ ॥ ચઈતર સુદ પાંચમે શિવવર્યા, સાઠ લાખ પુર્વનું આયરે, તાસ ઉત્તમ પદ પદ્મની, સેવાથી સુખ થાય રે ॥ ॥ સંભવ૦ ॥ ૫ ઈતિ ॥

## ૩ શ્રી સંભવનાથ સ્વામીની સ્તુતિ

સંભવ સુખદાતા, જેહ જગમાં વિખ્યાતા; ષટ જીવના ત્રાતા, આપતા સુખશાતા; માતાને ભ્રાતા, કેવળજ્ઞાન જ્ઞાતા; દુખ દોહગ ત્રાતા, જાસ નામે પલાતા ॥ ૧ ॥ ઈતિ ॥

## ૪ શ્રી અભિનંદન સ્વામીનું ચૈત્યવંદન

નંદન સંવર રાયના, ચોથા અભિનંદન, કપિ લંછન વંદન કરો, ભવદુઃખ નિકંદન ॥૧॥ સિદ્ધાર્થ જસ માવડી, સિદ્ધારથ જિનરાય; સાડા ત્રણસેં ધનુષ્ય માન, સુંદર જસ કાય ॥ ૨ ॥ વિનિતા વાસી વંદીયે એ, આયુ લખ પચાસ; પુરવ તસ પદ પદ્મને, નમતાં શિવપુર વાસ. ॥ ૩ ॥ ઇતિ ॥

## ૪ શ્રી અભિનંદન જિન સ્તવન

તુમે જોજો જોજોરે વાણિને પ્રકાશે તુમે ॥ એ આંકણી ॥ ઉઠે છે અખંડ ધ્વની જોજને સંભળાય, નર તિરિય દેવ આપણી, સહુ ભાયા સમજી જાય ॥ તુમે૦ ॥ ॥ ૧ ॥ દ્રવ્યાદિક દેખી કરીને, નય નિક્ષેપે જુત્ત, ભંગ તણી રચના ઘણી, કાંઈ જાણે સહુ અદ્‌ભૂત ॥ ॥ તુમે૦ ॥ ૨ ॥ પય સુધાને ઇક્ષુ, વારિ હારી જાએ સર્વ, પાખંડી જન સાંભળીને, મુકી દીએ ગર્વ ॥ તુમે૦ ॥ ૩ ॥ ગુણ પાંત્રીસ અલંકરી, અભિનંદન જિન વાણી, સંયમ છેદે મન તણા, પ્રભુ કેવળજ્ઞાને જાણી ॥ તુમે૦ ॥ ૪ ॥ વાણી જે નર

સાંભળે તે, જાણે દ્રવ્યને ભાવ, નિશ્ચય ને વ્યવહાર જાણે, જાણે નિજપર ભાવ ॥ તુમે૦ ॥ ૫ ॥ સાધ્ય સાધન ભેદ જાણે, જ્ઞાનને આચાર, હેય જ્ઞેય ઉપાદેય જાણે, તત્વા તત્વ વિચાર ॥ તુમે૦ ॥ ૬ ॥ નરક સરગ અપવર્ગ જાણે, થિરવ્ય વને ઉતપાત; રાગદ્વેષ અનુબંધ જાણે, ઉચ્છરંગને અપવાદ ॥ તુમે૦ ॥ ૭ ॥ નિજ સ્વરૂપને ઓળખીને, અવલંબે સ્વરૂપ; ચિદાનંદ ઘન આતમા તે, થાયે નિજ ગુણ ભુપ ॥ તુમે૦ ॥ ૮ ॥ વિણુથી જિન ઉત્તમ કેરા, અવલંબે પદ પદ્મ, નિમાતે પરભાવ તજીને, પામે શિવ પુર પદ્મ ॥ તુમે૦ ॥ ૯ ॥ ઇતિ ॥

## ૪ શ્રી અભિનંદન સ્વામીની સ્તુતિ

સંવર સુત સાચો, જાસ સ્યાદ્વાદ વાચો; થયો હીરો જાચો, મોહને દેઇ તમાચો; પ્રભુ ગુણ ગણ માચો, એહને ધ્યાન રાચો; જિનપદ સુખ સાચો ભવ્ય પ્રાણી નિકાચો ॥ ૧ ॥

## ૫ શ્રી સુમતિનાથ સ્વામીનું ચૈત્યવંદન

સુમતિનાથ સુહંકરૂ, કૌશલ્યા જસ નયરી; મેઘ-

રાય મંગલાતણો, નંદન જિત વયરી ॥ ૧ ॥ લંછન જિન રાજીયો, ત્રણશેં ધનુષની દેહ; ચાલીસ લાખ પૂરવ તણું, આયુ અતિ ગુણ ગેહ. ॥ ૨ ॥ સુમતિ ગુણે કરી જે ભર્યાં એ, તર્યાં સંસાર અગાધ; તસ પદ પદ્મ સેવા થકી, લહો સુખ અવ્યાબાધ ॥૩॥

## ૫. શ્રી સુમતિનાથ જિન સ્તવન

અંબ લીલા રંગાવો વરનાં મોળીયાં–એ દેશી.

સેવો સુમતિ જિનેશ્વર સાહિબો, પ્રભુ અભિનંદનથી એહરે; નવ લાખ કોડી સાગર તણો, અંતર ગુણ ગણમણી ગેહરે ॥ સેવો૦ ॥ ૧ ॥ ચવ્યા શ્રાવણ સુદિ બીજ દિને, સુચિત ચૌદ સુપને જેહરે; વૈશાખ સુદિ આઠમે જનમીયા, ત્રણ જ્ઞાન સહિત વરદેહરે ॥ સેવો૦ ॥ ૨ ॥ ઉંચી કાયા ત્રણસેં ધનુષ્યની, સોવન વન અતિ અવદાતરે; સુદિ વૈશાખ નવમીએ વ્રત લીએ, દેઈ દાન સંવત્સરી ખ્યાતરે ॥ સે૦ ॥ ૩ ॥ ચૈતર સુદિ અગીઆરસ દિને, લહ્યા પ્રભુજી પંચમનાણરે; ચૈતર સુદિ નવમીએ શિવવર્યાં, પુર્વ લાખ ચાલીસ આયુ જાણરે. ॥ સેવો૦ ॥ ૪ ॥ એ

તો જિનવર જગગુરૂ મીહરો, માહરા આતમ છો આધારરે; ભવ ભવ પ્રભુ શરણે રાખજો, કહે પદ્મ-વિજય ધરી પ્યારરે. ॥ સેવો૦ ॥ ૫ ॥ ઈતિ ॥

### ૫. શ્રી સુમતિનાથ સ્વામિની સ્તુતિ.

સુમતિ સુમતિ દાઇ, મંગલા જાસમાઈ, મેરૂને વલીરાઈ; ઓર એહને તુલાઈ; ક્ષય કીધાં ઘાઈ કેવળ-જ્ઞાન પાઇ; નહિ ઉણીમ કાંઇ, સેવીએ એ સદાઈ ॥ ૧ ॥

### ૬. શ્રી પદ્મપ્રભ સ્વામીનું ચૈત્યવંદન.

કોસંબીપુર રાજીયો, ધર નરપતિ તાય, પદ્મ-પ્રભ પ્રભુતામયી, સુસીમા જસ માય ॥ ૧ ॥ ત્રીસ લાખ પુરવ તણું; જિન આયુ પાલી; ધનુષ અઢીસેં દેહડી, સવી કર્મને ટાળી ॥ ૨ ॥ પદ્મ લંછન પરમે-શ્વરૂએ, જિનપદ પદ્મની સેવ; પદ્મવિજય કહે કીજીએ, ભવિજન સહુ નિત મેવ ॥ ૩ ॥ ઈતિ ॥

### ૬. શ્રી પદ્મપ્રભ જિન સ્તવન.

પદ્મપ્રભ છઠ્ઠા નમો સાહેલડીયાં, સુમતિ પદ્મ વચ્ચે જેહ ગુણવેલડીયાં, નેઉ સહસ કોડી અયરનો

સા૦ અંતર જાણે એહ ગુ૦ ॥ ૧ ॥ ચવિઆ મહા વદિ છઠ દિને સા૦ જન્મ તે કાર્તિક માસ ગુ૦ વદિ બારસ દિન જાણીએ સા૦ રક્તવર્ણ છે જાસ ગુ૦ ॥ ૨ ॥ ધનુષ અઢીસેં દેહડી સા૦ કાતિ માસ કલ્યાણ ગુ૦ વદિ તેરસે તપ આદર્યાં સા૦ ચૈત્રી પુનમે નાણ ગુ૦ ॥ ૩ ॥ ત્રીસ લાખ પુરવ તણું સા૦ આયુ ગુણ મણિ ખાણ ગુ૦ માગસર વદિ અગીઆરસેં સા૦ પામ્યા પદ નિર્વાણ ગુ૦ ॥ ૪ ॥ સાહેબ સુરતરૂ સમો ગુ૦ જિન ઉત્તમ મહારાજ ગુ૦ 'પદ્મ વિજય' કહે પ્રણમીયે ગુ૦ સીજે વાંછિત કાજ ગુ૦ ॥ ૫ ॥

## ૬. શ્રી પદ્મપ્રભ સ્વામીની સ્તુતિ.

અઢીસેં ધનુષ કાયા, ત્યક્ત મદ મોહ માયા; સુસીમા જસ માયા, શુકલ જે ધ્યાન ધાયા, કેવલ વર પાયા, ચામરાદિ ધરાયા; સેવે સુર રાયા, મોક્ષ નગરે સધાયા ॥ ૧ ॥

## ૭. શ્રી સુપાર્શ્વનાથ સ્વામીનું ચૈત્યવંદન

શ્રી સુપાસ જિણંદ પાસ, ટાલ્યો ભવ ફેરો; પૃથ્વી

માતાને ઉરે, જયો તે, નાથ હમેશ ॥ ૧ ॥ પ્રતિષ્ટિત સુત સુંદરૂં, વાણારશી રાય; વીશ લાખ પુરવ તણું, પ્રભુજીનું આય ॥ ૨ ॥ ધનુષ બસેં જિન દેહડીએ, સ્વસ્તિક લંછન સાર; પદ્ પદ્મે જસ રાજતો, તાર તાર ભવ તાર ॥ ૩ ॥ ઇતિ ॥

## ૭. શ્રી સુપાર્શ્વનાથ જિન સ્તવન.

ઝુંબખડાની–દેશી.

સાતમો સગ ભય વારવા, જિનવરજી જયકાર, સોભાગી સાંભળો; અંતર સાગર એહનો, નંદ કોડી હજાર ॥ સોભાગી૦ ૧ ॥ ભાદરવા વદની આઠમે, ચવીયા સ્વર્ગને છાંડી, સો૦ ॥ જેઠ સુદિ બારસ જનમીયા, એ પ્રભુશું રઢ માંડી. ॥ સોભાગી૦ ૨ ॥ ધનુષ બસેં તનુ જેહનું, કાન્તિ કનક અનુહાર; સો૦ જેઠ સુદિ તેરસે આદરે. ચોખા મહાવ્રત ચાર; સોભાગી૦ ૩ ॥ ફાગણ વદિ છઠે ઉપન્યું, નિરૂપમ પંચમનાણ, સો૦ વીશ લાખ પુરવ તણું; આઉખું ચઢયું શું પ્રમાણ, સોભાગી૦ ૪ ॥ ફાગણ વદિ સાતમ દિને, પારંગત થયાં દેવ; સો૦ જિન ઉત્તમ પદ પદ્મની, કીજે નિત નિત સેવ; સોભાગી૦ ૫॥

## ૭. શ્રી સુપાર્શ્વનાથ પ્રભુની સ્તુતિ.

સુપાસ જિન વાણી, સાંભળે જેહ પ્રાણી; હૃદયે પહુંચાણી, ॥ તે તર્યાં ભવ્ય પ્રાણી; પાંત્રીશ ગુણ ખાણી, સૂત્રમાં જે ગુંથાણી, ષટ્ દ્રવ્ય શ્યું જાણી, કર્મ પીલે જ્યું ઘાણી ॥ ૧ ॥ ઇતિ

## ૮. શ્રી ચંદ્રપ્રભ પ્રભુનું ચૈત્યવંદન.

લક્ષ્મણા માતા જનમીયા; મહસેન જસ તાય, ઉડુપતિ લંછન દીપતો, ચંદ્રપુરીનો રાય ॥ ૧ ॥ દશ લાખ પુરવ આઉખું, દોઢસો ધનુષની દેહ; સુર નરપતિ સેવા કરે, ધરતા અતિ સસનેહ ॥ ૨ ॥ ચંદ્રપ્રભુ જિન આઠમાએ, ઉત્તમ પદ દાતાર; પદ્મ-વિજય કહે પ્રણમીએ, મુજ પ્રભુ પાર ઉતાર ॥ ૩ ॥

## ૮. શ્રી ચંદ્રપ્રભુ જિન સ્તવન

મુખને મરકલડે—એ દેશી,

શ્રી ચંદ્રપ્રભ જિનરાયજી, જિનવર જયકારી, નવસે કોડી અયર વચે થાયજી, ભવિજન હિતકારી; ચૈતર વદિ પાંચમે ચવીયાજી, સહુજન સુખકારી, નારકી સુખ લહે અણુ મળીયાંજી, ભવિજન ભયહારી ॥ ૧ ॥

પોષ વદિ બારસને દિનેજી, જનમ્યા જાઉં વારી, કુંદિં દુ ગોખીર સમ તનજી, જાઉં હું બલિહારી; જસ દોઢસો ધનુષની, કાયાજી ઉંચપણે ધારી, પોષ વદિ તેરસે વ્રત પાયાજી, છોડી કંચન નારી ॥ ૨ ॥ ફાગણ વદિ સાતમેં પામ્યાજી, સર્વજ્ઞ પદ ભારે, સુર અસુર મલિ શિર નમ્યાજી, મહોત્સવ કરે ત્યારે, ભાદરવા વદિ સાતમે વરીયાજી, શિવ સુંદરી સારી; આયુ દશ લાખ પૂર્વ ધરીયાજી, બહુ ભવિજન તારી ॥ ૩ ॥ કોઈ અપૂર્વ ચંદ્રમા એહજી, લંછને અવિકારી; નવિ રાહુ ગ્રહણ કરે જેહજી, નિત ઉદ્યોતકારી; નવિ મેઘ આવે જસ આગેજી, કાન્તિ શોભા હારી; નવિ ખંડિત હોય કોય માગેજી, સહુ નમે નિર્ધારી; ॥ ૪ ॥ તું સાહેબ જગનો દવોજી, અંધકાર વારી; લક્ષ્મણા નંદન ચિરંજીવોજી, જગમોહનકારી; કહે પદ્મવિજય કરૂં સેવાજી, સર્વ દૂરે ટાળી; જેમ લહિયેં શિવસુખ મેવાજી, અનોપમ અવધારી ॥ ૫ ॥

## ૮. શ્રી ચંદ્રપ્રભ સ્વામીની સ્તુતિ.

સેવે સુર વૃંદા, જાસ ચરણા વિંદા; અટ્ઠમ

જિનચંદા, ચંદ વરણે સોહંદા; મહસેન નૃપનંદા, કાપતા દુઃખ દંદા; લંછન મિષ ચંદા, પાય માનું સેવંદા ॥ ૧ ॥

## ૯. શ્રી સુવિધિનાથ સ્વામીનું ચૈત્યવંદન.

સુવિધિનાથ નવમા નમું, સુગ્રીવ જસ તાત; મગર લંછન ચરણે નમું, રામા રૂડી માત ॥ ૧ ॥ આયુ બે લાખ પુર્વ તણું, શત ધનુષની કાય; કાકંદી નયરી ધણી, પ્રણમું પ્રભુ પાય ॥ ૨ ॥ ઉત્તમ વિધિ જેહથી લહીએ, તીણે સુવિધિ જિન નામ; નમતાં તસ પદ પદ્મને, લહીએ શાશ્વત ધામ ॥ ૩ ॥

## ૯. શ્રી સુવિધિનાથ જિન સ્તવન.

વાડી ફુલી અતિ ભલી મન ભમરારે–એ દેશી

સુવિધિ જિન પતિ સેવીએ મન મોહન મેરે, અંતર સુવિધિચંદ; મન૦ નેઉ કોડી સાગરતણું; મન૦ પ્રણમો ભવિજન વૃંદ; મન૦ ॥ ૧ ॥ ફાગણ વદી નવમી ચવ્યા; મન૦ રામા ઉર સર હંસ; મન૦ માગસર વદી પાંચમે જણ્યા, મન૦ દીપાવ્યો સુગ્રીવ વંશ, મન૦ ॥ ૨ ॥ એકસો ધનુષ કાયા ભલી, મન૦

વરણ ચંદ અનુહાર; મન૦ માગસર વદિ છઠ્ઠ કતી; મન૦ લીધો સંયમ ભાર. મન ॥ ૩ ॥ સુદિ કાર્તિક ત્રીજે થયા, મન૦ લોકાલોકના જાણ, મન૦ ભાદરવા સુદિ નવમી દિને; મન૦ પ્રભુ પામ્યા નિર્વાણ. મન૦ ॥ ૪ ॥ દોય લાખ પુરવ તણું, મન૦ જિનવર ઉત્તમ આય; મન૦ 'પદ્મવિજય' કહે પ્રણમતાં, મન૦ આ પદ દૂર પલાય; મન૦ ॥ ૫ ॥ ઇતિ ॥

## ૯. શ્રી સુવિધિનાથ સ્વામીની સ્તુતિ.

નરદેવ ભાવ દેવો, જેહની સારે સેવો; જેહ દેવાધિ દેવો, સાર જગમાં જ્યું મેવો; જોતાં જગ એહવો, દેવ દીઠો ન તેહવો; સુવિધિ જિન જેહવો મોક્ષ દે તત ખેવો ॥ ૧ ॥

## ૧૦. શ્રી શીતળનાથ પ્રભુનું ચૈત્યવંદન.

નંદા દઢરથ નંદનો, શીતલ શીતલનાથ; રાજા ભદ્દિલ પુર તણો, ચલવે શિવ સાથ ॥ ૧ ॥ લાખ પુર્વનું આઉખું, નેઉ ધનુષ પ્રમાણ; કાયા માયા ટાળીને, લહ્યા પંચમ નાણ ॥ ૨ ॥ શ્રીવચ્છ લંછન સુંદરૂ એ, પદ પદ્મ રહે જાસ; તે જિનની સેવા થકી લહીએ લીલ વિલાસ ॥ ૩ ॥

## ૧૦. શ્રી શીતળનાથ પ્રભુનું સ્તવન.

વારી હું ગોડી પાસની—એ દેશી

શીતળનાથ સુહંકરૂ, નમતાં ભવભય જાય, મોહન સુવિધિ શીતળ વચ્ચે, આંતરો નવ કોડી સાગર થાય મોહન૦ ॥ ૧ ॥ વૈશાખ વદિ છઠે ચવ્યા, મહા વદિ બારસે જન્મ; મો૦ નેઉ ધનુષ સોવન વને, નવિ બાંધે કોઇ કર્મ, મો૦ ॥ ૨ ॥ મહા વદિ બારસે આદરી, દિક્ષા દક્ષ જિણંદ; મો૦ પોષ અંધારી ચૌદશી, ઉગ્યો જ્ઞાન દિણંદ, મો૦ ॥ ૩ ॥ લાખ પુરવનું આઉખું, બીજ વૈશાખ વદિ માસ મો૦ અજરામર સુખીયા થયા, છેદ્યો ભવભય-પાસ, મો૦ ॥ ૪ ॥ એ જિન ઉતમ પ્રણમતાં, અજરામર હોએ આપ, મો૦ પદ્મ-વિજય પ્રભુ આગમેં, એહવી દીધી છાપ, મો૦ ॥૫॥

## ૧૦. શ્રી શીતળનાથ પ્રભુની સ્તુતિ.

શીતળ જિન સ્વામી, પુન્યથી સેવા પામી; પ્રભુ આતમરામી, સર્વ પરભાવ વામી, જે શિવ ગતિ ગામી, શાશ્વતાનંદ ધામી, ભવી શિવસુખ કામી, પ્રણમીએ શીષ નામી ॥ ૧ ॥

## ૧૧. શ્રી શ્રેયાંસનાથ પ્રભુનું ચૈત્યવંદન.

શ્રી શ્રેયાંસ અગ્યારમા, વિષ્ણુ નૃપ તાત; વિષ્ણુ માતા જેહની, એંશી ધનુષની કાય ॥ ૧ ॥ વર્ષ ચોરાશી લાખનું, પાળ્યું જિણે આય; ખડ્ગી લંછન પદક જે, સિંહપુરીનો રાય ॥ ૨ ॥ રાજ્ય તજી દીક્ષા વરીએ, જિનવર ઉત્તમ જ્ઞાન; પામ્યા તસ પદ 'પદ્મને' નમતાં અવિચલ થાન ॥ ૩ ॥ ઇતિ ॥

## ૧૧. શ્રી શ્રેયાંસનાથ સ્વામીનું સ્તવન.

પ્રથમ ગોવાળા તણે ભવેજી-એ દેશી.

છવીસ સહસ લખ છાસઠેજી, વર્ષ સો સાગર એક; ઉણાં કોડી સાગર તણુંજી, શ્રેયાંસ અંતર છેકરે ॥ ૧ ॥ ભવિકા વંદો શ્રી જિનરાજ, તુમે સારો આતમ કાજરે; ભવિ૦ જેઠ વદિ છઠ દિનેજી, ફાગણ વદિ બારે જોય; કંચન વરણા હોયરે ॥ ૨ ભવિ૦ એંશી ધનુષ કાયા કહીજી, જાસ સુગંધીરે સાસ; ફાગણ વદિ તેરસે ગ્રહેજી, સંયમ સુખ આવાસરે ॥ ૩ ॥ ભવિ ॥ જ્ઞાન અમાસ મહા માસનીજી, આયુ ચોરાશી લાખ; વર્ષ શ્રાવણ વદિ શિવ વર્યાજી, ત્રીજ

દિને એમ ભાખરે ॥ ૪ ॥ ભવિ૦ ॥ જિન કલ્યાણક દીઠડાજી, ધન્ય ઉત્તમ નર નાર; 'પદ્મ' કહે સફલો કર્યોજી, માનવનો અવતાર રે; ભવિ૦ ॥ ૫ ॥ ઇતિ ॥

## ૧૧. શ્રી શ્રેયાંસનાથ સ્વામીની સ્તુતિ.

વિષ્ણુ જસ માત, જેહના વિષ્ણુ તાત; પ્રભુના અવદાત, તીન ભુવને વિખ્યાત; સુરપતિ સંઘાત, જાસ નિકટે આયાત; કરી કર્મનો ઘાત, પામીયા મોક્ષ શાત ॥ ૫ ॥

## ૧૨. શ્રી વાસુપૂજ્ય સ્વામીનું ચૈત્યવંદન.

વાસવ વંદિત વાસુપૂજ્ય, ચંપાપુરી ઠામ; વાસુ પૂજ્ય કુલ ચંદ્રમા, માતા જયા નામ ॥ ૧ ॥ મહિષ લંછન જિન બારમા, સીત્તેર ધનુષ પ્રમાણ; કાયા આયુ વરસ વળી, બહોંતેર લાખ વખાણ ॥ ૨ ॥ સંઘ ચતુર્વિધ સ્થાપીને એ, જિન ઉત્તમ મહારાય; તસ મુખ 'પદ્મ' વચન સુણી, પરમાનંદિત થાય ॥૩॥

## ૧૨. શ્રી વાસુપૂજ્ય જિન સ્તવન.

ઇડર આંબા આંબલીરે—એ દેશી.

વાસવ વંદિત વંદીએરે, વાસુપૂજ્ય જિનરાય;

શ્રેયાંસને વાસુપૂજ્ય વચેરે, ચોપન સાગર જાય ॥ ૧ ॥ જિનેશ્વર તું મુજ પ્રાણ આધાર, તુંહિજ મોક્ષ દાતાર, જિને૦ ચવીઆ જેઠ સુદિ નવમી એરે, જન્મ તો ફાગણ માસ; વદી ચૌદસ દિન જાણીએરે, ત્રોડે ભવ ભય પાસ ॥ જિન૦ ॥ ૨ સીત્તેર ધનુ તનુ રકતતારે, દીપે જાસ પવિત્ત; અમાવાસ્યા ફાગણ તણીરે, જિનવર લીએ ચારીત ॥ જિન૦ ॥ ૩ ॥ બીજ મહાસુદની ભલીરે, પામ્યા જ્ઞાન મહંત, અષાઢ સુદી ચૌદસે કર્યોરે, આઠ કર્મનો અંત ॥ ॥ જિન૦ ॥ ૪ ॥ આયુ બહોંતેર લાખ વર્ષનુંરે, જિન ઉત્તમ મહારાજ, બાહ્ય ગ્રહીને તારીએરે, 'પદ્મવિજય' કહે આજ ॥ જિન૦ ॥ ૫ ॥ ઇતિ ॥

## ૧૩. શ્રી વાસુપૂજ્ય પ્રભુની સ્તુતિ.

વિશ્વના ઉપગારી, ધર્મના આદિ કારી; ધર્મના દાતારી, કામ ક્રોધાદિ વારી; તાર્યા નરને નારી, દુઃખ દોહગ હારી. વાસુપૂજ્ય નિવારી;જાઉં હું નિત્ય વારી ॥૧॥

## ૧૩. શ્રી વિમલનાથ પ્રભુનું ચૈત્યવંદન.

કંપિલપુર વિમલ પ્રભુ, શ્યામા માત મલ્હાર;

કૃતવર્મા નૃપ કુલ નભે; ઉગમીયો દિનકાર ॥ ૧ ॥ લંછન રાજે વરાહનું, સાઠ ધનુષની કાય; સાઠ લાખ વરસા તણું, આયુ સુખદાય ॥ ૨ ॥ વિમલ વિમલ પોતે થયા એ. સેવક વિમલ કરેહ; તુજ પદપદ્મ વિમલ પ્રતિ, સેવું ધરી સસનેહ ॥ ૩ ॥

## ૧૩ શ્રી વિમલનાથ પ્રભુનું સ્તવન

સાહેબા મોતી દ્યોને હમારો– એ દેશી

વિમલનાથ તેરમા ભવિવંદો, જસ નામે જાએ દુઃખ ફંદો; સાહેબા ગુણવંતા હમારા, મોહના ગુણવંતા; ત્રીસ સાગર અંતર એહું જિનને, ગમીઓ એ પ્રભુ મારા મનને, સાહેબા૦ ॥ ૧ ॥ ચ્યવન વૈશાખ સુદિ બારસ દિન, જન્મ મહા સુદિ ત્રીજનો પુન, સા૦ સાઠ ધનુષ જસ દેહ વિરાજે, કનક વર્ણ અતિશય જસ છાજે. ॥ સા૦ ॥ ૨ ॥ મહા સુદિ ચોથે ચારિત્ર વરિયા, પોષ સુદિ છઠે થયા જ્ઞાનના દરિયા, સા૦ ત્રિગડું રચે સુર પર્ષદા બાર, ચાર રૂપે કરી ધર્મ દાતાર; સા૦ ॥ ૩ ॥ સાઠ લાખ વર્ષ આયુમાન, તાર્યા ભવિજનને અસમાન; સા૦ અષાડ વદિ

સાતમે વર્યાં સિદ્ધિ, પ્રગટ કીધી આતમ રિદ્ધિ ॥ સા૦ ૪ ॥ શરણાગત વચ્છલ જિનરાજ, મુજ શરણા ગતની તુમ્હ લાજ. સા૦ જિન ઉત્તમ સેવકને તારો, પદ્મ કહે વિનતી અવધારો; સા૦ ॥૫॥

## ૧૩ શ્રી વિમલનાથ પ્રભુની સ્તુતિ

વિમલ જિન જુહારો, પાપ સંતાપ વારો; શ્યામાંબ મલ્હારો, વિશ્વકીર્તિ વિફારો; યોજન વિસ્તારો; જાસ વાણી પ્રસારો; ગુણ ગણ આધારો, પુન્યના એ પ્રકારો ॥ ૧ ॥

## ૧૪ શ્રી અનંતનાથ પ્રભુનું ચૈત્યવંદન

અનંત અનંત ગુણ આગરૂ, અયોધ્યાવાસી; સિંહસેન નૃપ નંદનો, થયો પાપ નિકાસી ॥ ૧ ॥ સુજસા માતા જનમીયો, ત્રીશ લાખ ઉદાર; વરષ આઉખું પાળિયું, જિનવર જયકાર ॥ ૨ ॥ લંછન સિંચાણા તણુંએ, કાયા ધનુષ પચાસ; જિનપદ પદ્મ નમ્યા થકી, લહીએ સહજ વિલાસ ॥ ૩ ॥ ઇતિ.

## ૧૪ શ્રી અનંતનાથ જિન સ્તવન

ઝાંઝરીયા મુનિવર—એ દેશી.

અનંત જિનેશ્વર ચૌદમાજી, આપો ચાર અનંત;

અનંત વિમળ વચ્ચે આંતરોજી, સાગર નવને કહંત ॥ ૧ ॥ સોભાગી જિનસ્યું મુજ મન લાગ્યો રંગ શ્રાવણ વદિ સાતમને દિનેજી, ચ્યવન કલ્યાણક જાસ; વૈશાખ વદિની તેરસેજી, જનમે જગત પ્રકાશ. સોભાગી૦ ॥૨॥ ધનુષ્ય પચાસની દેહડીજી, કંચન વરણ શરીર; વૈશાખ વદિ ચૌદસ દિનેજી, સંજમ સાહસ ધીર; સો૦ ॥ ૩ ॥ વૈશાખ વદિની ચૌદશેજી, પામ્યા જ્ઞાન અનંત; ચૈતર સુદિની પાંચમેજી; મોક્ષ ગયા ભગવંત; સો૦ ॥ ૪ ॥ ત્રીસ લાખ વરસાતણુંજી, ભોગવ્યું ઉત્તમ આય; પદ્મવિજય કહે સાહેબાજી, તુમ તુઠે શિવ થાય ॥ સોભાગી૦ ॥ ૫ ॥ ઇતિ.

## ૧૪ શ્રી અનંતનાથ જિન સ્તુતિ.

અનંત અનંત નાણી, જાસ મહિમા ગવાણી; સુર નર તિરિ પ્રાણી, સાંભળે જાસ વાણી; એક વચન સમજાણી, જેહ સ્યાદ્વાદ જાણી; તર્યા તે ગુણ ખાણી, પામીયા સિદ્ધિ રાણી ॥ ૧ ॥ ઇતિ.

## ૧૫ શ્રી ધર્મનાથ પ્રભુનું ચૈત્યવંદન.

ભાનુનંદન ધર્મનાથ, સુવ્રતા ભલી માત, વજ્ર

~~લંછન વજ્રી~~ નમે, ત્રણ ભુવન વિખ્યાત ॥ ૧ ॥
દશ લાખ વરસનું આઉખું, વપુ ધનુ પિસ્તાલીશ;
રત્નપુરીનો રાજીયો, જગમાં જાસ જગીશ ॥ ૨ ॥
ધર્મ મારગ જિનવર કહીએ, ઉત્તમ જન આધાર;
તીણે તુજ પાદ પદ્મ તણી, સેવા કરૂં નિરધાર ॥ ૩ ॥

## ૧૫ શ્રી ધર્મનાથ પ્રભુનું સ્તવન.

કપુર હોએ અતિ ઉજળોરે—એ દેશી.

ધરમ જિણંદ ધરમ ધણીરે, વજી સેવે પાય; વજ્ર લંછન જિન આંતરૂંરે; ચાર સાગરનું થાયરે ॥ ૧ ॥ પ્રાણી સેવો શ્રી જિનરાજ, એહિજ ભવજલ જહાજરે; પ્રાણી૦ વૈશાખ સુદિ સાતમે ચવ્યારે, જનમ્યા મહા સુદિ ત્રીજ; કાયા પીસ્તાલીસ ધનુષ-નીરે, જેહથી લહે બોધ બીજ રે; ॥ પ્રાણી૦ ૨ ॥ કનક વરણ કંચન તજીરે, મહા સુદિ તેરસે દીસ; પુરૂ પોષ સુદિ પુનમેરે, જ્ઞાન લહી દીએ શીખરે ॥ પ્રાણી૦ ૩ ॥ દસ લાખ વરસનું આઊખુંરે, તારી બહુ નર-નાર; જેઠ સુદિ પાંચમે શિવ વર્યારે, અજરામર અવિકારરે ॥ પ્રાણી૦ ૪ ॥ તું સાહેબ સાચો લહીરે,

જિનવર ઉત્તમ દેવ; પદ્મવિજય કહે અવરનીરે, ન કરૂં સુપને સેવરે ॥ પ્રાણી૦ ૫ ॥ ઇતિ.

## ૧૫ શ્રી ધર્મનાથ પ્રભુની સ્તુતિ

ધરમ ધરમ ધોરી, કરમના પાસ તોરી, કેવલ શ્રી જોરી, જેહ ચોરે ન ચોરી, દર્શની મદ છોરી, જાય ભાગ્યા સટોરી; નમે સુરનર કોરી, તે વરે સિદ્ધિ ગોરી ॥ ૧ ॥ ઇતિ.

## ૧૬ શ્રી શાન્તિનાથ પ્રભુનું ચૈત્યવંદન

શાન્તિ જિનેશ્વર સોળમા, અચિરાસુત વંદો; વિશ્વસેન કુલ નભમણિ, ભવિજન સુખ કંદો ॥ ૧ ॥ મૃગલંછન જિન આઉખું, લાખ વરસ પ્રમાણ, હત્થિણાઉર નયરી ધણી, પ્રભુજી ગુણમણિ ખાણ; ॥ ૨ ॥ ચાલીસ ધનુષની દેહડીએ, સમ ચઉરસ સંઠાણ; વદન પદ્મ જ્યું ચંદલો, દીઠે પરમ કલ્યાણ ॥ ૩ ॥

## ૧૬ શાન્તિનાથ પ્રભુનું સ્તવન.

સુણ મેરી સજની રજની ન જાવેરે—એ દેશી.

શાન્તિ જિનેશ્વર સોલમા સ્વામીરે, એક ભવમાં દોય પદવી પામીરે; પોણો પલ્યોપમ ઓછું જાણોરે,

અંતર ત્રણ સાગર મન આણોરે ॥ ૧ ॥ ભાદરવા વદ સાતમ દિન ચવન્નરે, જન્મ તે જેઠ વદિ તેરસ દિનરે; ચાલીસ ધનુષ કાયા તજી માયારે, જેઠ વદિ ચૌદસ વ્રતની પાયારે ॥ ૨ ॥ શુદિ નવમી પોષમાં લહે જ્ઞાનરે, અતિશય ચોત્રીસ કંચન વાનરે; લાખ વર્ષ આયુ પ્રમાણરે, જેઠ વદિ તેરસ દિન નિર્વાણરે ॥ ૩ ॥ જિન પારંગત તું ભગવંતરે, સ્યાદ્વાદી શંકર ગુણવન્તરે; શંભુ સ્વયંભુ વિશ્નુ વિધાતારે, તુંહી સનાતન અભયનો દાતારે ॥ ૪ ॥ પિતા ત્રાતા માતા ભ્રાતારે, જ્ઞાતા દેવનો દેવ વિખ્યાતારે; એણી પરે ઉપમા ઉત્તમ છાજેરે, પદ્મવિજય કહે ચઢતા દિવાજેરે, ॥ ૫ ॥

## ૧૬. શ્રી શાન્તિનાથ પ્રભુની સ્તુતિ.

વંદો જિન શાંતિ, જાસ સોવન કાંતિ ॥ ટાલે ભવ ભ્રાંતિ, મોહ મિથ્યાત્ત્વ શાંતિ ॥ દ્રવ્ય ભાવ અરિ પાંત, તાસ કરતા નિકાંતિ ॥ ધરતા મન ખાંતિ, શોક સંતાપ વાંતિ ॥૧॥ દોય જીનવર નીલા, દોય ધોળા સુશીલા ॥ દોય રક્ત રંગીલા, કાઢતાં કર્મ કીલા;

ન કરે કોઈ હીલા, દોય શ્યામા સલીલા ॥ સોળ સ્વામીજી પીળા, આપજો મોક્ષ લીલા ॥૨॥ જિનવરની વાણી, મોહવલ્લી કૃપાણી ॥ સૂત્રે દેવાણી, સાધુને યોગ્ય જાણી ॥ અર્થે ગુંથાણી, દેવ મનુષ્ય પ્રાણી ॥ પ્રણમો હિત આણી, મોક્ષની એ નીશાની ॥ ૩ ॥ વાઘેશ્વરી દેવી, હર્ષ હીયડે ધરેવી ॥ જિનવર પય સેવી, સાર શ્રદ્ધા વરેવી ॥ જે નિત્ય સમરેવી, દુઃખ તેહનાં હરેવી ॥ પદ્મવિજય કહેવી, ભવ્ય સંતાપ એવી ॥ ૪ ॥

## ૧૭. શ્રી કુંથુનાથ સ્વામીનું ચૈત્યવંદન.

કુંથુનાથ કામિત દીયે, ગજપુરનો રાય; સિરિ માતા ઉરે અવતર્યો; સુર નરપતિ તાય ॥ ૧ ॥ કાયા પાંત્રીસ ધનુષ્યની, લંછન જસ છાગ; કેવળ જ્ઞાનાદીક ગુણા, પ્રણમો ધરી રાગ ॥ ૩ ॥ સહસ પંચાણું વરસનુંએ, પાળી ઉત્તમ આય; પદ્મવિજય કહે પ્રણમીએ, ભાવે શ્રી જિનરાય ॥ ૩ ॥

## ૧૭. શ્રી કુંથુનાથ સ્વામીનું સ્તવન

દેશી—રસીયાની.

કુંથુ જિનેશ્વર પરમ કૃપા કરૂં, જગ ગુરૂ જાગતિ

જ્યોત સોભાગી; અર્ધ પલ્યોપમ અંતર શાન્તથી, કુંથુ જિણંદ વિચે હોતી ॥ સો૦ ॥ ૧ ॥ ચવીઆ શ્રાવણ વદિ નવમી દિને, વૈશાખ વદિમાંરે જન્મ; સો૦ ચૌદશને દિને તે પ્રભુ પ્રણમતાં, બાંધે નવિ કોયે કર્મ ॥ સો૦ ૨ ॥ પાંત્રીસ ધનુષ પ્રમાણે દેહડી, કંચન વાનેરેં કાય; સો૦ વૈશાખ વદિ પાંચમે દિક્ષા ગ્રહી, તપ કરી કર્મ જ લાય ॥ સો૦ ॥ ૩ ॥ ચૈત્ર સુદિ ત્રીજે જ્ઞાની થયા, આયુ પંચાણું હજાર; સો૦ વરસ વૈશાખ વદિ પડવે શિવવર્યા, અશરીરી અણહાર ॥ સો૦ ૪ ॥ સુર ઘટ સુરગવિ સુર મણી ઉપમા, જિન ઉત્તમ લહે જેહ; સો૦ મુજ મન વાંછિત પ્રભુજી આપજો, પદ્મવિજય કહે એહ ॥ સો૦ ૫ ॥

## ૧૭. શ્રી કુંથુનાથ પ્રભુની સ્તુતિ

કુંથુ જીન નાથ, જે કરે છે સનાથ; તારે ભવ પાથ, જે ગ્રહી ભવ્ય હાથ; એહનો તજે સાથ, બાવળે દીયે બાથ; તારે સુરનર સાથ, જે સુણે એક ગાથ. ॥ ૧ ઇતિ.

## ૧૮ શ્રી અરનાથ પ્રભુનું ચૈત્યવંદન

નાગપુરે અરજિનવરૂ, સુદર્શન નૃપનંદ; દેવી માતા જનમીયો, ભવિજન સુખકંદ. ॥ ૧ ॥ લંછન નંદા વર્તનું, કાયા ધનુષહ ત્રીશ; સહસ ચોરાશી વર્ષનું, આયુ જાસ જગીશ ॥ ૨ ॥ અરૂજ અજર અજ જિનવરૂ એ, પામ્યા ઉત્તમ ઠાણ; તસ પદ પદ્મ આલંબતાં, લહીએ પદ નિર્વાણ;

## ૧૮ શ્રી અરનાથ પ્રભુનું સ્તવન

દેશીઃ–બીંદલીની છે.

અરનાથ જિનેશ્વર વંદો, ભવ ભવના પાપની કંદો હો ॥ ભાવે ભવિ પૂજો ॥ કોડી સહસ વર્ષ ઉણ કીજે, પા પલ્યનું અંતર લીજે હો ॥ ભાવે૦ ૧ ॥ ફાગણ સુદી ચ્યવન તે બીજે, સહુ જીવે સુખ લહી જે હો; ॥ ભા૦ ॥ માગશર સુદિ દશમે જાયા, છપન્ન દિગ્કુમરી ગાયા, હો ॥ ભાવે૦ ॥ ૨ ॥ ત્રીસ ધનુષ તણી જસ કાયા, છોડી મમતાને માયા હો ॥ ભા૦ ॥ અગીયારસ માગશર સુદિ, લીએ દીક્ષા જે સ્વયં બુદ્ધ હો ॥ ભાવે૦ ॥ ૩ ॥ કાતિ સુદ

બારસે જ્ઞાન, પામ્યા પ્રભુ કંચન વાન હો ॥ ભા૦ ॥ માગશર સુદિ દશમે જિણંદ; પામ્યા પરમાણંદ હો ॥ ભાવે૦ ॥ ૪॥ વર્ષ ચોરાસી હજાર, ભોગવી આયુ શ્રીકાર હો ॥ ભા૦ ॥ ઉત્તમ પદ પદ્મની સેવા, કરવી અક્ષય પદ લેવા હો ॥ ભાવે૦ ॥ ૫ ॥

## ૧૮ શ્રી અરનાથ પ્રભુની સ્તુતિ

અર જિનવર રાયા, જેહની દેવી માયા; સુદર્શન નૃપ તાયા, જાસ સુવર્ણ કાયા; નંદાવર્ત્ત પાયા, દેશના શુદ્ધ દાયા; સમવસરણ વિરચાયા, ઈંદ્ર ઇંદ્રાણી ગાયા ॥ ૧॥

## ૧૯ શ્રી મલ્લિનાથ સ્વામીનું ચૈત્યવંદન

મલ્લિનાથ ઓગણીશમા, જસ મિથિલા નયરી; પ્રભાવતી જસ માવડી, ટાળે કર્મ વયરી. ॥ ૧ ॥ તાત શ્રી કુંભ નરેસરૂ, ધનુષ્ય પચીસની કાયા; લંછન કળશ મંગલ કરૂ, નિરમલ નિરમાયા ॥ ૨ ॥ વરસ પંચાવન સહસનું, જિનવર ઉત્તમ આય, **પદ્મવિજય** કહે તેહને, નમતાં શિવસુખ થાય ॥ ૩ ॥

## ૧૯ મી મલ્લિનાથ સ્વામીનું સ્તવન

દેશી—જીહોની છે.

જીહો મલ્લિ જિનેશ્વર મનહરૂ, લાલા અંતર એહ

વિચાર; જીહો કોડી સહસ વરસા તણો, લાલા અર મલ્લિ વચે ધાર ॥ ૧ ॥ જિનેશ્વર તું મુજ તારણ હાર, જીહો જગત જંતુ હિતકાર; જીહો ફાગણ સુદી ચોથે ચવ્યા, લાલા જનમ દીક્ષાનેરે નાણ; જીહો માગશર સુદી એકાદશી, લાલા એકજ તિથિ ગુણખાણ ॥ જિ૦ ॥ ૨ ॥ જીહો વરસ પંચાવન સહસનું, લાલા ભોગવી આયુ શ્રીકાર, જીહો ફાગણ સુદ બારસ દિને, લાલા વરીયા શિવવધુ સાર ॥ જિ૦ ॥ ૩ ॥ જીહો નીલ વરણ તનું જેહનું, લાલા ચોત્રીશ અતિશય ધાર, જીહો પણ વીસ ધનુષ કાયા કહી, લાલા વર્જિત દોષ અઢાર ॥ જિ૦ ॥ ૪ ॥ જીહો ચોસઠ ઇંદ્રિ સેવા કરે, લાલા જિન ઉત્તમ નિત મેવ; જીહો મુજ સેવક કરી લેખવો, લાલા 'પદ્મવિજય' કહે હેવ. ॥ જિ૦ ॥ ૫ ॥

## ૧૯. શ્રી મિલ્લનાથ સ્વામીની સ્તુતિ.

મલ્લિજિન નમીયે, પૂર્વલાં પાપ ગમીએ; ઇંદ્રિય ગણ દમીએ, આણ જિનની ન ક્રમીએ; ભવમાં નવી ભમીએ, સર્વ પરભાવ વમીએ; નીજ ગુણમાં રમીએ, કર્મમલ સર્વ ધમીએ ॥ ૧ ॥

## ૨૦. શ્રી મુનિસુવ્રત પ્રભુનું ચૈત્યવંદન.

મુનિસુવ્રત જિન વીસમા, કચ્છપનું લંછન; પદ્મા માતા જેહની, સુમિત્ર નૃપ નંદન ॥ ૧ ॥ રાજગૃહી નયરી ધણી, વીસ ધનુષ્ય શરીર; કર્મનિકાચિત રેણુ-વ્રજ, ઉદ્દામ સમીર ॥ ૨ ॥ ત્રીસ હજાર વરસ તણુંએ, પાળી આયુ ઉદાર; 'પદ્મવિજય' કહે શિવ વર્યા, શાશ્વત સુખ નિરધાર ॥ ૩ ॥

## ૨૦. શ્રી મુનિસુવ્રત પ્રભુનું સ્તવન.

આધા આમ પધારો પુજ્ય અમ ઘર વહોરણ વેળા—એ દેશી.

મુનિસુવ્રત જિન મહેર કરીને, સેવક સનમુખ દેખો, ચોપન લાખ વરસનું અંતર, મલ્લિ જિણંદથી પરખો ॥ ૧ ॥ ભવિજન ભાવ ધરીને એહ, અતિ આદર કરીને પુજો; શ્રાવણ સુદિ પુનમ પ્રભુ ચવિયા, જનમ આઠમ જેઠ વદિ, વીસ ધનુષની દેહ વીરાજે; રૂપ તણી હુએ હદિ ॥ ભવિ૦ ॥ ૨ ॥ ફાગણ સુદિ બારસ દિન દિક્ષા, સામલ વરણો શોહે; ફાગણ વદિ બારસ દિને પ્રભુજી, ક્ષપક શ્રેણી આરો હે ॥

ભવિ૦ ॥ ૩ લહે જ્ઞાનને દીધી દેશના, ભવિજનને ઉપગારે, ત્રીસ હજાર વરસ ભોગવીઉં; આયુ શુદ્ધ પકારે, ॥ ભવિ૦ ॥ ૪ ॥ આયુ જેઠ વદિ નવમીએ વરીયા, જિન ઉત્તમ વર સિદ્ધિ; "પદ્મવિજય" કહે પ્રગટ કીધી, આપે અનંતી રિદ્ધિ ॥ ભવિ૦ ॥ ૫ ॥

## ૨૦ શ્રી મુનિસુવ્રત પ્રભુની સ્તુતિ

મુનિસુવ્રત નામે, જે ભવી ચિત્ત કામે; સવી સંપત્તિ પામે, સ્વર્ગનાં સુખ જામે; દુર્ગતિ દુઃખ વામે, નવિ પડે મોહ ભામે; સવિકર્મ વિરામે, જઈ વસે સિદ્ધિ ધામે ॥ ૧ ॥

## ૨૦ શ્રી નમિનાથ પ્રભુનું ચૈત્યવંદન

મિથિલા નયરી રાજીયો, વપ્રા સુત સાચો; વિજયરાય સુત છોડીને, અવરાં મત માચો ॥ ૧ ॥ નીલ કમલ લંછન ભલું, પન્નર ધનુષ્યની દેહ; નમિ જિનવરનું સોહતું, ગુણ ગણ મણિ ગેહ ॥ ૨ ॥ દશ હજાર વરસ તણુંએ, પાળ્યું પરગટ આય; 'પદ્મવિજય' કહે પુણ્યથી, નમીએ તે જિનરાય ॥ ૩ ॥

## ૨૦ શ્રી નેમિનાથ પ્રભુનું સ્તવન

વારી રંગ ઢોલણા—એ દેશી

નમિ જિનવર એકવીસમો હો રાજ, ત્રિભુવન તારણહાર ॥ વારી મોરા સાહેબા. ॥ ૭ લાખ વરસનું આંતરૂહો, રાજ આતમ છો આધાર ॥ વારી૦ ॥ ૧ ॥ આસો સુદિ પુનમે ચવ્યા હો રાજ, જનમ શ્રાવણ વદિ માસ ॥ વારી૦ ॥ આઠમે અતિશય ચાર સ્યું હો રાજ, કનક વરણ છબી જાસ ॥ વારી૦ ॥ ૨ ॥ પનર ધનુષ તનું ઉંચતા હો રાજ, દીક્ષા વદિ આષાઢ ॥ વારી૦ ॥ નવમી પાપ નિવારણી હો રાજ, જાસ પ્રતિજ્ઞા આ ધાટ ॥ વારી૦ ॥ ૩ ॥ માગસર સુદ એકાદશી હો રાજ, પામ્યા સમ્યક જ્ઞાન ॥ વારી૦ ॥ દશ હજાર વરસ તણું હો રાજ, આયુનું પરમાણ ॥ વારી૦ ॥ ૪ ॥ વૈશાખ વદિ દશમી દિને હો રાજ, જિનવર ઉત્તમ સિદ્ધ ॥ વારી૦ પદ્મ તસ ગુણ ગાવતાં હો રાજ, માનવનું ફલ લિદ્ધ ॥ વારી૦ ॥ ૫ ॥

## ૨૧ શ્રી નમિનાથ પ્રભુની સ્તુતિ

નમીએ નમિ નેહ, પુન્ય થાયે જયું દેહ, અધ સમુદય જેહ, તે રહે નાહિ રેહ; લહે કેવલ તેહ, સેવના કાર્ય એહ; લહે શિવપુર ગેહ, કર્મનો આણી છેહ. ॥ ૧ ॥

## ૨૨ શ્રી નેમિનાથ પ્રભુનું ચૈત્યવંદન

નેમિનાથ બાવીસમા, શિવાદેવી માય; સમુદ્ર વિજય પૃથ્વીપતિ, જેહ પ્રભુના તાય ॥ ૧ ॥ દસ ધનુષ્યની દેહડી, આયુ વરસ હજાર; શંખ લંછન ધર સ્વામીજી, તજી રાજુલનાર ॥ ૨ ॥ સૌરીપૂરી નયરી ભલીએ, બ્રહ્મચારી ભગવાન; જિન ઉત્તમ પદ પદ્મને, નમતાં અવિચલ થાન, ॥ ૩ ॥ ઈતિ.

## ૨૨ શ્રી નેમિનાથ પ્રભુનું સ્તવન

લોભીડારે હંસા વિષય ન રાચીયે–એ દેશી.

નેમ જિનેશ્વર નમિયે નેહસ્યું, બ્રહ્મચારી ભગવાન, પાંચ લાખ વરસનું આંતરૂં, શ્યામ વરણ તનું વાન ॥ નેમિ૦ ॥ ૧ ॥ કાર્તક વદિ બારસ ચવિયા પ્રભુ, માત શિવાદે મલ્હાર; જનમ્યા શ્રાવણ સુદિ પાંચમ દિને, દશ ધનુષ કાયા ઉદાર ॥ નેમિ૦ ॥ ૨ ॥ શ્રાવણ

સુદ છઠે દિક્ષા ગ્રહી, આસો અમાસે રે નાણ; આષાઢ સુદિ આઠમે સિદ્ધિ વર્યા, વર્ષ સહસ આયુ પ્રમાણ; ॥ નેમિ૦ ॥ ૩ ॥ હરિ પટરાણી સાંબ પ્રદ્યુમ્ન વલી, તેમ વસુ દેવની નાર; ગજ સુકુમાલ પ્રમુખ મુનિ રાખિયા, પહોંચાડ્યા ભવપાર ॥ નેમિ ૦ ॥ ૪ ॥ રાજિમતી પ્રમુખ પરિવારને, તાર્યો કરૂણારે આણ; 'પદ્મવિજય' કહે નિજ પરમત કરો, મુજ તારો તો પ્રમાણ ॥ નેમિ૦ ૫ ॥

## ૨૨ શ્રી નેમિનાથ પ્રભુની સ્તુતિ.

રાજુલ વર નારી, રૂપથી રતિ હારી; તેહના પરિહારી, બાલથી બ્રહ્મચારી; પશુઆં ઉગારી, હુઆ ચારિત્ર ધારી; કેવલશ્રી સારી, પામીયા ઘાતી વારી ॥ ૧ ॥ ત્રણ જ્ઞાન સંયુતા, માતની કૂખે હુંતા; જનમે પુરહૂંતા, આવી સેવા કરંતા; અનુક્રમે વ્રત કરંતા, પંચ સમિતિ ધરંતા, મહીયલ વિચરંતા, કેવલ શ્રી વરંતા ॥ ૨ ॥ સવિ સુરવર આવે, ભાવના ચિત્ત લાવે; ત્રિગડું સોહાવે, દેવછંદો બનાવે; સિંહાસન ઠાવે, સ્વામીના ગુણ ગાવે;

તિહાં જિનવર આવે, તત્ત્વ વાણી સુણાવે ॥ ૩ ॥ શાસનસુરી સારી, અંબિકા નામ ધારી, જે સમકિતી નરનારી, પાપ સંતાપ વારી; પ્રભુ સેવાકારી, જાપ જપીયે સવારી; સંઘ દુરિત નિવારી પદ્મને જેહ પ્યારી ॥ ૪ ॥ ઈતિ.

## ૨૩. શ્રી પાર્શ્વનાથ પ્રભુનું ચૈત્યવંદન.

આશ પૂરે પ્રભુ પાસજી, ત્રોડે ભવ પાસ; વામા માતા જનમીયા, અહિ લંછન જાસ ॥ ૧ ॥ અશ્વસેન સુત સુખકર, નવ હાથની કાય; કાશી દેશ વણારસી, પુણ્યે પ્રભુ આય ॥ ૨ ॥ એકસો વર્ષનું આઉખુંએ, પાળી પાર્શ્વકુમાર; પદ્મ કહે મુગતે ગયા, નમતાં સુખ નિરધાર ॥ ૩ ॥ ઇતિ

## ૨૩. શ્રી પાર્શ્વનાથ પ્રભુનું સ્તવન.

રાગ—ધમાલ

પાર્શ્વ પ્રભુ ત્રેવીસમારે, સહસ ત્યાસી સય સાત લલના; પચાસ ઉપર વર્ષનુંરે, આંતરૂં અતિહિ વિખ્યાત ॥ ૧ ॥ સુખકારક સાહેબ સેવીએ હો, અહો મેરે લલનારે, સેવંતાં શિવ સુખ થાય; સુખ૦;

ચૈત્ર વદિ ચોથે ચવ્યારે, કરવા ભવિ ઉપકાર લલના; પોષ વદિ દશમ અગ્યારસેરે, જનમને થયા અણગાર ॥ સુખ૦ ॥ ૨ ॥ નવકર જેહની દેહડી રે, નીલ વરણ તનું કાન્તિ લલના; ચૈતર વદી ચોથે લહ્યારે, ક્ષાયક જ્ઞાન નિર ભ્રાન્ત ॥ સુખ૦ ॥ ૩ ॥ શ્રાવણ સુદિ આઠમ દિનેરે, પામ્યા ભવનો પાર લલના; આઉખું સો વરસ તણુંરે, અશ્વસેન સુતસાર ॥સુખ૦ ॥ ૪ ॥ આદેય નામ તણો ધણીરે, મહિમાવંત મહંત લલના; 'પદ્મવિજય' પુણ્યે કરીરે, પામ્યો એહ ભગવંત લલના ॥ સુખ૦ ॥ ૫ ॥

## ૨૩. શ્રી પાર્શ્વનાથ પ્રભુની સ્તુતિ.

શ્રી પાર્શ્વ જિણંદા, મુખ પુનમ ચંદા; પદ યુગ અરવિંદા, સેવે ચોસઠ ઈંદા, લંછન નાગિંદા, જાસ પાયે સોહંદા; સેવે ગુણ વૃંદા, જેહથી સુખ કંદા ॥ ૧ ॥ જનમથી વર ચાર, કર્મનાસે ઇગ્યાર; ઓગણીસ નિરધાર, દેવ કીધા ઉદાર; સવિ ચોત્રીશ ધાર, પુન્યના એ પ્રકાર ॥ નમીયે નરનાર, જેમ સંસાર પાર ॥ ૨ ॥ એકાદશ અંગા, તીમ બારે

ઉવંગા; ષટ છેદ સુચંગા, મૂલ ચારે સુરંગા ॥ દશ પયન્ના સુસંગા, સાંભળો થઇ એકંગા ॥ અનુયોગ બહુ ભંગા, નંદીસૂત્ર પ્રસંગા ॥ ૩ ॥ પાસે યક્ષ પાસો, નિત્ય કરતો નિવાસો ॥ અડતાલીશ જાસો, સહસ પરિવાર ખાસો ॥ સહુએ પ્રભુ દાસો. માગતા મોક્ષ વાસો ॥ કહે 'પદ્મ' નિકાસો, વિઘ્નનાં વૃંદ પાસો. ॥ ૪ ॥

## ૨૪. શ્રી મહાવીર સ્વામીનું ચૈત્યવંદન

સિદ્ધારથ સુત વંદીએ, ત્રિશલાનો જાઓ; ક્ષત્રીકુંડમાં અવતર્યો, સુર નરપતિ ગાયો ॥ ૧ ॥ મૃગપતિ લંછન પાઉલે, સાત હાથની કાયા; બહોંતેર વર્ષનું આઉખું, વીર જિનેશ્વર રાયા ॥ ૨ ॥ ક્ષમાવિજય જિન રાજનોએ, ઉત્તમ ગુણ અવદાત; સાત બોલથી વર્ણ્યો, 'પદ્મવિજય વિખ્યાત ॥ ૩ ॥

## ૨૪. શ્રી મહાવીર સ્વામીનું સ્તવન.

સંભવ જિન અવધારીએ-એ દેશી.

ચરમ જિણંદ ચોવીસમો, શાસન નાયક સ્વામી; સ્નેહી વરસ અઢીસેં આંતરો, પ્રણમો નિજ હિત કામી

॥ સ૦ ॥ ચરમ૦ ॥ ૧ ॥ અષાઢ સુદિ છઠે ચવ્યા, પ્રાણત સ્વર્ગથી જેહ ॥ સ૦ ॥ જનમ્યા ચૈતર સુદિ તેરસે, સાત હાથ પ્રભુ દેહ ॥ સ૦ ॥ ચરમ૦ ॥ ૨ ॥ સોવન વરણ સોહામણો, બહોંતેર વરસનું આય ॥ સ૦ ॥ માગશર વદિ દશમ દિને, સંયમ સુચિતલાય ॥ સ૦ ॥ ચરમ૦ ॥ ૩ ॥ વૈશાખ સુદિ દશમે પ્રભુ, પામ્યા કેવળનાણ ॥ સ૦ ॥ કાર્ત્તિક અમાવાસ્યાને દિને, લહિઆ પ્રભુ નિરવાણ ॥ સ૦ ॥ ચરમ૦ ॥૪॥ દિવાલીએ જિન થકી, ઉત્તમ દિવસ કહાય ॥ સ૦ ॥ 'પદ્મવિજય' કહે પ્રણમતાં, ભવ ભયનાં દુઃખ જાય ॥ સ૦ ॥ ચરમ૦ ॥ ૫ ॥

## ૨૪ શ્રી મહાવીર સ્વામીની સ્તુતિ

મહાવીર જિણંદા, રાય સિદ્ધાર્થ નંદા; લંછન મૃગ ઈંદા, જાસ પાયે સોહંદા ॥ સુર નરવર ઈંદા, નિત્ય સેવા કરંદા ॥ ટાળે ભવ ફંદા, સુખ આપે અમંદા ॥ ૧ ॥ અડ જિનવર માતા, મોક્ષમાં સુખશાતા ॥ અડ જિનની ખ્યાતા, સ્વર્ગ ત્રીજે આખ્યાતા ॥ અડજિનપ જનેતા, નાકમાહેંદ્ર યાતા ॥

સવિ જિનવર નેતા શાશ્વતા સુખદાતા ॥ ૨ ॥ મલ્લિ નેમિ પાસ, આદિ અટ્ઠમ ખાસ ॥ કરી એક ઉપવાસ, વાસુપૂજ્ય સુવાસ ॥ શેષ છઠ્ઠ સુવિલાસ, કેવળજ્ઞાન જાસ ॥ કરે વાણી પ્રકાશ, જેમ અજ્ઞાન નાશ ॥ ૩ ॥ જિનવર જગદીશ, જાસ મ્હોટી જગીશ ॥ નહિં રાગ તે રીસ, નામીયે તાસ શિષ ॥ માતંગ સુર ઈશ, સેવતો રાત દીશ ॥ ગુરૂ ઉત્તમ અધીશ, પદ્મ ભાખે સુશિષ. ॥ ૪ ॥ ઈતિ.

# પરચુરણ જિન સ્તવન

## ૧ ઋષભ જિન સ્તવન

નિંદ્રડી વેરણ હુઈ રહી—એ દેશી

ઋષભ જિણંદશું પ્રીતડી, કીમ કીજે હો કહો ચતુર વિચાર; પ્રભુજી જઈ અલગા વસ્યા, તિહાં કણે નવિ હો કો વચન ઉચ્ચાર, ॥ ઋષભ૦ ॥ ૧ ॥ કાગળ પણ પહોંચે નહિ, નવિ પહોંચે હો તિહાં કો પરધાન; જે પહોંચે તે તુમ સમા, નવિ ભાખે હો વ્યવધાન ॥ ઋષભ૦ ॥ ૨ ॥ પ્રીતિ કરે તેનુંકાઈ

રાગીયા, જિનવરજી હો તુમે તો વીતરાગ; પ્રીતડી જેહ અરાગીથી, ભેલવવી હો તે લોકોત્તર માર્ગ ॥ ઋષભ૦ ॥ ૩ ॥ પ્રીતિ અનાદિની વિષ ભરી, તે રીતે હો કરવા મુજ ભાવ, કરવી નિર્વિષ પ્રીતડી, કિણ ભાંતે હો કહો બને બનાવ ॥ ઋષભ૦ ॥ ૪ ॥ પ્રીતિ અનંતી પર થકી, જે તોડે હો તે જોડે એહ; પરમ પુરૂષથી રાગતા, એકત્વતા હો દાખી ગુણ ગેહ ॥ ઋષભ૦ ॥ ૫ ॥ પ્રભુજીને અવલંબતા, નિજ પ્રભુતા હો પ્રગટે ગુણરાગ, 'દેવચંદ્ર'ની સેવના, આપે મુજ હો અવિચલ સુખવાસ ॥ ઋષભ. ૦॥ ૬ ॥

## શ્રી રૂષભજિન સ્વામીનું સ્તવન

બાળપણે આપણ સસનેહી, રમતા નવનવા વેષે, આજ તુમે પામ્યા પ્રભુતાઈ, અમે તો સંસારી ને વેશે હો પ્રભુજી ! ઓલંભડે મત ખીજો. ॥ ૬ ॥ જો તુમ ધ્યાતાં શિવસુખ લહીએ, તો તુમને કોઈ ધ્યાવે; પણ ભવસ્થિતિ પરિપાક થયા વિણ, કોઇ ન મુક્તિ જાવે; હો પ્રભુજી૦ ॥ ૨ ॥ સિદ્ધ નિવાસ લહે ભવિ સિદ્ધિ, તેમાં શ્યો પાડ તમારો; તો ઉપકાર

તમારો લહીએ, અભવ્ય સિદ્ધને તારો; હો પ્રભુજી૦ ॥૩॥ નાણ રયણ પામી એકાંતે, થઈ બેઠા મેવાસી; તે માંહેલો એક અંશ જો આપો, તે વાતે શાબાશી હો પ્રભુજી૦ ॥ ૪ ॥ અક્ષય પદ દેતાં ભવિજનને, સંકીર્ણતા નવી થાય; શિવપદ દેવા જો સમરથ છો, તો જશ લેતાં શું જાય; હો પ્રભુજી૦ ॥ ૫ ॥ સેવા ગુણ રંજ્યો ભવિ જનને, જો તુમે કરો વડ ભાગી; તો તુમે સ્વામી કેમ કહાવો, નિર્મમને નિરાગી; હો પ્રભુજી૦ ॥ ૬ ॥ નાભિનંદન જગવંદન પ્યારો, જગગુરૂ જગજયકારી; રૂપ વિબુધનો 'મોહન' પભણે, વૃષભ લંછન બલિહારી; હો પ્રભુજી૦ ॥ ૭ ॥

## ૨ શ્રી અજીતનાથજિન સ્તવન

ઓધવજી સંદેશો કહેજો શ્યામને–એ–રાગ

પ્રીતલડી બંધાણી રે અજિત જિણંદશું, પ્રભુ પાખે ક્ષણ એક મને ન સુહાય જો; ધ્યાનની તાલી રે લાગી નેહશું, જલદ ઘટા જેમ શિવસુત વાહન દાય જો, પ્રી૦ ॥ ૧ ॥ નેહ ઘેલું મન મારૂં રે પ્રભુ અલજે રહે, તન મન ધન તે કારણથી પ્રભુ મુજ

જો, મ્હારે તો આધાર રે સાહેબ રાવળો, અંતર-ગતની પ્રભુ આગલ કહું ગુંજ જો, પ્રી૦ ॥ ૨ ॥ સાહેબ તે સાચો રે જગમાં જાણીયે, સેવકનાં જે સહેજે સુધારે કાજ જો; એહવારે આચરણે કેમ કરી રહું, બિરૂદ તમારૂં તારણ તરણ જહાજ જો. પ્રી૦ ॥ ૩ ॥ તારકતા તુજ માંહે રે શ્રવણે સાંભળી, તે ભણી હું આવ્યો છું દીન દયાલ જો; તુંજ કરૂ-ણાની લહેરે રે મુજ કારજ સરે; શું ઘણું કહીયે જાણ આગળ કૃપાળ જો. પ્રી૦ ॥ ૪ ॥ કરૂણાધિક કીધી રે સેવક ઉપરે, ભવ ભય ભાવઠ ભાંગી ભક્તિ પ્રસંગ જો; મન વાંછિત ફળિયા રે જિન આલંબને, કરજોડીને 'મોહન' કહે મન રંગ જો. પ્રીત ૦॥ ૬ ॥

## ૧૫ શ્રી ધર્મનાથ જિન–સ્તવન

(હાંરે મારે ઠામ ધરમના–એ દેશી)

હાંરે મારે ધર્મ જિણંદશું લાગી પૂરણ પ્રીતજો,
જીવડલો લલચાણો જિનજીની ઓલગે રે લો;
હાંરે મુને થાશે કોઈક સમે પ્રભુ સુપ્રસન્ન જો,
વાતલડી માહરી રે, સવિ થાશે વગે રે લો. ૧

હાંરે પ્રભુ દુર્જનનો ભંભેર્યો માહરો નાથ જો,
ઓલવશે નહિ ક્યારે કીધી ચાકરી રે લો;
હાંરે મારા સ્વામી સરખો કુણ છે દુનિયામાંહી જો,
જઈયે રે જિમ તેહને ઘર આશા કરી રે લો. ૨
હાંરે જસ સેવાસેંતી સ્વારથની નહિ સિદ્ધિ જો,
ઠાલી રે શી કરવી તેહથી ગોઠડી રે લો;
હાંરે કાંઇ જુઠું ખાય તે મીઠાઈ ને માટે જો,
કાંઈ રે પરમારથ વિણ નહિ પ્રીતડી રે લો. ૩
હાંરે પ્રભુ અંતરજામી જીવન પ્રાણ આધાર જો,
વાયો રે નવિ જાણ્યો કલિયુગ વાયરો રે લો;
હાંરે મારે લાયક નાયક ભક્ત વચ્છલ ભગવંત જો,
વારૂ રે ગુણ કેરો સાહિબ સાયરૂ રે લો. ૪
હાંરે પ્રભુ લાગી મુજને તાહરી માયા જોર જો,
અલગા રે રહ્યાથી હોય ઓસીંગલો રે લો;
હાંરે કુણ જાણે અંતરગતની વિણ મહારાજ જો,
હેજે રે હસી બોલો, છાંડી આમલો રે લો. ૫
હાંરે તારે મુખને મટકે અટક્યું માહરૂં મન જો,
આંખડલી અણીયાલી કામણ ગારડી રે લો,

હાંરે મારા નયણા લંપટ જોવે ખિણુ ખિણુ તુજ જો,
રાતાં રે પ્રભુ રૂપે ન રહે વારીયાં રે લો, ૬
હાંરે પ્રભુ અલગા તો પણુ જાણજ્યો કરીને હજુર જો,
તાહરી રે બલિહારી હું જાઉં વારણે રે લોં,
હાંરે કવિ રૂપવિબુધનો 'મોહન' કરે અરદાસ જો,
ગિરૂઆથી મન આણી ઉલટ અતિ ઘણો રે લો. ૭

## ૧૬ શ્રી શાંતિનાથ જિન–સ્તવન

મારો મુજરો લ્યોને રાજ, સાહિબ શાંતિ સલુણા,
અચિરાજીના નંદન તોરે, દરિસન હેતે આવ્યો;
સમકિત રીઝ કરોને સ્વામી,
ભક્તિ ભેટણું લાવ્યો, મારો૦...૧
દુઃખભંજન છે બિરૂદ તમારૂં, અમને આશ તુમારી,
તુમે નીરાગી થઈને છૂટો,
શી ગતિ હોશે અમારી ? મારો૦...૨
કહેશે લોક ન તાણી કહેવું, એવડું સ્વામી આગે,
પણુ બાળક જો બોલી ન જાણે,
તો કિમ વ્હાલો લાગે. મારો૦...૩

માહરે તો તું સમરથ સાહિબ, તો કિમ ઓછું માનું ?
ચિન્તામણિ જેણે ગાંઠે બાંધ્યું,
તેહને કામ કિશ્યાનું ? મારો૦...૪
અધ્યાતમ રવિ ઉગ્યો મુજ ઘટ, મોહતિમિર હર્યું જુગતે,
'વિમલવિજય' વાચકનો સેવક,
'રામ' કહે શુભ ભગતે, મારો૦...૫

## ૧૮ શ્રી અરનાથ જિન-સ્તવન

અરનાથકું સદા મેરી વંદના,
જગનાથકું સદા મેરી વંદના....જ૦
જગ ઉપગારી ઘન જ્યોં વરસે,
વાણી શીતલચંદના રે...જ૦ ૧
રૂપે રંભા રાણી શ્રીદેવી,
ભૂપ સુદર્શન નંદના રે...જ૦ ૨
ભાવ ભગતિ શું અહનિશિ સેવે,
દુરિત હરે ભયફંદના રે...જ૦ ૩
છ ખંડ સાધી દૂધા કીધી,
દુર્જય શત્રુ નિકંદના રે...જ૦ ૪

'ન્યાયસાગર' પ્રભુ-સેવા મેવા,
માગે પરમાનંદના રે...જ૦ ૫

## ૧૯ શ્રી મલ્લિનાથ જિન-સ્તવન.

કૌન રમે ચિત્ત કૌન રમે,
મલ્લિનાથજી વિના ચિત્ત કૌન રમે;
માતા પ્રભાવતી રાણી જાયો,
કુંભ-નૃપતિ-સુત કામ દમે...મ૦ ૧
કામ કુંભ જિમ કામિત પૂરે,
કુંભ લંછન જિન મુખ ગમે...મ૦ ૨
મિથિલા નયરી જનમ પ્રભુકો,
દર્શન દેખત દુઃખ શમે...મ૦ ૩
ઘેબર ભોજન સરસાં પીરસ્યાં,
કુકસ બાકસ કૌન જમે...મ૦ ૪
નીલ વરણ પ્રભુ કાન્તિ કે આગે,
મરકત મણિ છબી દૂર ભમે...મ૦ ૫
'ન્યાયસાગર' પ્રભુ જગનો પામી,
હરિ હર બ્રહ્મા કૌન નમે...મ૦ ૬

## ૨૨ શ્રી નેમનાથ જિન સ્તવન

આવો જમાઇ પ્રાહૂણા–એ દેશી.

(૧) નિરખ્યો નેમિ જિણંદને અરિહંતાજી, રાજીમતી કર્યો ત્યાગ ભગવંતાજી; બ્રહ્મચારી સંયમ ગ્રહ્યો, અ૦ અનુક્રમે થયા વીતરાગ ભ૦ ॥ ૧ ॥ ચામર ચક્ર સિંહાસન, અ૦ પાદ પીઠ સંયુક્ત; ભ૦ ॥ ૧ ॥ છત્ર ચાલે આકાશમાં, અ૦ દેવ દુંદુભી વર યુત્ત ભ૦ ॥ ૨ ॥ સહસ જોયણ ધ્વજ સોહતો અ૦ પ્રભુ આગળ ચાલંતં; ભ૦ કનક કમલ તવ ઉપરે, અ૦ વિચરે પાય ઠવંત, ભ૦ ॥ ૩ ॥ ચાર મુખે દિયે દેશના. અ૦ ત્રણ ગઢ ઝાક ઝમાલ; ભ૦ કેશ રોમ શ્મશ્રુ નખા, અ૦ વાધે નહી કોઈ કાળ. ભ૦ ॥ ૪ ॥ કાંટા પણ ઉંધા હોય અ૦ પંચ વિષય અનુકૂળ; ભ૦ ષટરૂતુ સમકાળે ફલે, અ૦ વાયુ નહીં પ્રતિકુલ ભ૦ ॥ ૫ ॥ પાણી સુગંધ સુર કુસુમની. અ૦ વૃષ્ટિ હોયે સુરસાલ ભ૦ પંખી દીયે સુપ્રદક્ષિણા અ૦ વૃક્ષ નમે અસરાળ ભ૦ ॥ ૭ ॥ જિન ઉત્તમ પદ પદ્મની અ૦ સેવાકારે સુર કોડિ; ભ૦ ચાર નિકાયના જઘન્યથી, અ૦ ચૈત્ય વૃક્ષ તેમ જોડિ. ભ૦ ॥ ૭ ॥ ઈતિ ॥

## ૨૨ શ્રી નેમનાથ જિન-સ્તવન.

**રહો રહો રે યાદવ દો ઘડિયાં, રહો૦**

દો ઘડિયાં દો ચ્યાર ઘડિયાં,

રહો રહો રે યાદવ દો ઘડિયાં.

શિવામાત મલ્હાર નગીને,

કયું ચલીએ હમ બિછડીયાં; રહો૦

યાદવવંશ વિભૂષણ સ્વામી.

તુમે આધાર છો અડવડીયાં. રહો૦ ૧

તો બિન ઓરસેં નેહ ન કીનો,

ઓર કરનકી આંખડીયાં; રહો૦

ઇતને બિચ હમ છોડ ન જઇએ,

હોત બુરાઇ લાજડીયાં. રહો૦ ૨

પ્રીતમ પ્યારે કેહ કર જાનાં,

જે હોત હમ શિર બાંકડીયા; રહો૦

હાથસેં હાથ મિલાદે સાંઈ,

ફૂલ બિછાઉં સેજડીયાં. રહો૦ ૩

પ્રેમકે પ્યાલે બહુત મસાલે,

પીવત મધુરે સેલડીયાં; રહો૦

સમુદ્રવિજય કુલ તિલક નેમકું,
રાજુલ ઝરતી આંખડીયાં. રહો૦ ૪
રાજુલ છોડ ચલે ગિરનારે,
નેમ યુગલ કેવલ વરીયાં; રહો૦
રાજિમતી પણ દીક્ષા લીની,
ભાવના રંગ રસે ચડીયાં. રહો૦ ૫
કેવલ લઈ કરી મુગતિ સિધારે,
દંપતી મોહન વેલડીયાં; રહો૦
શ્રી શુભવીર અચલ ભઈ જોડી,
મોહરાય-શિર લાકડીયાં. રહો૦ ૬

## ૨૨. શ્રી પાર્શ્વનાથ જિન-સ્તવન.

(૧) રાતા જેવાં ફૂલડાંને શામળ જેવો રંગ;
આજ તારી આંગીનો કાંઇ રૂડો બન્યો રંગ;
પ્યારા પાસજી હો લાલ.
દીન દયાલ મુજને નયણે નિહાલ, ૧
જોગીવાડે જાગતો ને, માતો ધિંગડ મલ્લ;
શામળો સોહામણો કાંઇ,
જીત્યા આઠે મલ્લ. પ્યારા૦ ૨

તું છે મારો સાહિબો ને, હું છું તારો દાસ,
આશા પૂરો દાસની કાંઈ,
સાંભળી અરદાસ પ્યારા ૦ ૩
દેવ સઘળા દીઠા તેમાં, એક તું અવલ્લ;
લાખેણું છે લટકું તેહરું,
દેખી રીઝે દીલ્લ. પ્યારા૦ ૪
કોઈ નમે છે પીરનેને, કોઈ નમે છે રામ;
ઉદયરત્ન કહે પ્રભુજી, મારે તુમશું કામ. પ્યારા૦ ૫

## શ્રી શંખેશ્વર પાર્શ્વનાથનું સ્તવન

( રાગ–શ્રી રાગ )

(૨) અબ મોહે ઐસી આય બની;
શ્રી શંખેશ્વર પાસ જીનેસર,
મેરે તું એક ધની. અબ૦ ૧
તુમ બિનુ કોઉ ચિત ન સુહાવે, આવે કોડી ગુણી;
મેરો મન તુજ ઉપર રસિયો,
અલિ જિમ કમલ ભણી. અબ૦ ૨
તુમ નામે સવિ સંકટ ચૂરે, નાગરાજ ધરણી;
નામ જપું નિશિવાસર તેરો,
એ શુભ મુજ કરણી. અબ૦ ૩

ક્રોધાનલ ઉપજાવત દુર્જન, મથન વચન અરની;
નામ જપું જલધાર તિહાં તુજ,
ધારૂં દુઃખ હરની, અબ૦ ૪

મિથ્યામતિ બહુ જન હે જગમેં, પદ ન ધરત ધરની;
ઉનકો અબ તુજ ભક્તિ પ્રભાવે,
ભય નહિ એક કની. અબ૦ ૫

સજ્જન-નયન સુધારસ-અંજન, દુરજન રવિ ભરની;
તુજ મૂરતિ નીરખે સો પાવે,
સુખ 'જસ' લીલ ધની. અબ૦ ૬

## શ્રી પંચાસરાપાર્શ્વ જિન-સ્તવન.

(૩) પરમાતમ પરમેશ્વરૂ, જગદીશ્વર જિનરાજ;
જગબંધવ જગભાણુ, બલિહારી તુમ તણી,
ભવ-જલધિમાંહી જહાજ. પરમા૦ ૧

તારક વારક મોહનો, ધારક નિજગુણ ઋદ્ધિ;
અતિશયવંત ભદંત, રૂપાલી શિવવધુ
પરણી લહી નિજ સિદ્ધિ. પરમા૦ ૨

જ્ઞાન દર્શન અનંત છે, વળી તુજ ચરણ અનંત;
એમ દાનાદિ અનંત, ક્ષાયિક ભાવે થયાં,
ગુણ તે અનંતાનંત. પરમા૦ ૩

બત્રીશ વર્ણ સમાય છે, એકજ શ્લોક મોઝાર;
એક વરણ પ્રભુ ! તુજ, ન માયે જગતમાં,
કેમ કરી થુણીએ ઉદાર. પરમા૦ ૪

તુજ ગુણ કોણ ગણી શકે, જો પણ કેવલ હોય;
આવિરભાવથી તુજ, સયલ ગુણ માહરે
પ્રચ્છન્નાભાવથી જોય. પરમા૦ ૫

શ્રી પંચાસરા પાસજી ! અરજ કરૂં એક તુજ;
આવિરભાવથી થાય. દયાળ ! કૃપાનિધિ !
કરૂણા કીજેજી મુજ. પરમા૦ ૬

શ્રીજિન ઉત્તમ તાહરી, આશા અધિકી મહારાજ!
'પદ્મવિજય' કહે એમ, લહું શિવનગરીનું,
અક્ષય અવિચલ રાજ. પરમા૦ ૭

## ૨૪ શ્રી મહાવીર સ્વામીનું સ્તવન.

(૧) સિદ્ધારથના રે નંદન વિનવું, વિનતડી અવધાર;
ભવમંડપમાં રે નાટક નાચીયો,
હવે મુજ દાન દેવરાવ. સિ૦ ૧

ત્રણ રતન મુજ આપો તાતજી, જિમ નાવે રે સંતાપ;
દાન દીયંતા રે પ્રભુ કોસર કીસી ?
આપો પદવી રે આપ. સિ૦ ૨

ચરણ અંગુઠે મેરૂ કંપાવીયો, મોડયાં સુરનાં રે મન;
અષ્ટ કરમના રે ઝગડા જીતવા,
દીધાં વરસી રે દાન. સિ૦ ૩
શાસનનાયક શિવસુખ દાયક, ત્રિશલા-કુખે રતન;
સિદ્ધારથનો રે વંશ દીપાવીયો,
પ્રભુજી તમે ધન ધન. સિ૦ ૪
વાચકશેખર કીર્તિવિજય ગુરૂ, પામી તાસ પસાય;
ધરમ તણા એ જિન ચોવીશમા,
વિનયવિજય ગુણ ગાય. સિ૦ ૫

## ૨૪. શ્રી મહાવીર સ્વામી સ્તવન.

જગપતિ તું તો દેવાધિદેવ, દાસનો દાસ છું તાહરો;
જગપતિ તારક તું કીરતાર, મનરો મોહન પ્રભુ માહરો. ૧
જગપતિ તાહરે ભક્ત અનેક, માહરે એકજ તું ધણી;
જગપતિ વીરમાં તું મહાવીર, મૂરતિ તાહરી સોહામણી ૨
જગપતિ ત્રિશલારાણીનો તું તંત, ગંધાર બંદરે ગાજીયો;
જગપતિ સિદ્ધારથ કુલ શણગાર,
રાજ રાજેશ્વર રાજીયો. ૩

જગપતિ ભક્તોની ભાંગે તું ભીડ, પીડ પરાઈ પ્રભુ પારખે;
જગપતિ તુંહિ પ્રભુ અગમ અપાર,
સમજ્યો ન જાયે મુજ સારીખે, ૪
જગપતિ ખંભાત જમ્બૂસર સંઘ,
ભગવંત ચોવીસમો ભેટીયો;
જગપતિ 'ઉદય' નમે કરજોડ,
સત્તરનેવું સંઘ સમેટીયો. ૫

## ૨૪ શ્રી મહાવીર જિન સ્તવન.

(૩) ચઉમાસી પારણું આવે, કરી વિનતિ નિજ ઘર જાવે ॥ પ્રિયા પુત્રને વાત જણાવે, પટકુલ જરી પથરાવે રે ॥ મહાવીર પ્રભુ ઘેર આવે, જીરણ શેઠજી ભાવના ભાવે રે ॥ મહા૦ ॥ ૧ ॥ એ આંકણી ॥ ઉભી શેરીએ જલ છંટકાવે, જાઇ કેતકી ફુલ બિછાવે ॥ નિજ ઘર તોરણ બંધાવે, મેવા મિઠાઇ થાળ ભરાવે રે ॥ મહા૦ ॥ ૨ ॥ અરિહાને દાનજ દીજે, દેતાં જે દેખીને રીઝે ॥ષટમાસી રોગ હરીજે, સીઝે દાયક ભવ ત્રીજે રે ॥ મહા૦ ॥ ૩ ॥ જિનવરની સનમુખ જાઉં, મુજ મંદિરીએ પધરાવું ॥ પારણું

ભક્તી ભાંતે કરાવું, યુગતે જિનપૂજા રચાવું રે મહા૦ ॥ ૪ ॥ પછી પ્રભુને વોળાવા જઈશું, કરજોડીને સનમુખ રહિશું ॥ નમી વંદીને પાવન થઈશું, વિરતિ અતિ રંગે વહિશું રે ॥ મહા૦ ॥ ૫ ॥ દયા દાન ક્ષમા શીલ ધરશું, ઉપદેશ સજ્જનને કરશું ॥ સત્ય જ્ઞાન દિશા અનુસરશું, અનુકંપા લક્ષણ વરશું રે ॥ મહા૦ ॥ ૬ ॥ એમ જીરણ શેઠ વદંતા, પરિણામની ધારે ચઢંતા ॥ શ્રાવકની સીમે ઠરંતા, દેવ દુંદુભિ નાદ સુણંતા રે ॥ મહા૦ ૭ ॥ ॥ કરી આયુ પુરણ શુભ ભાવે, સુરલોક અચ્યુતે જાવે ॥ શાતા વેદની સુખ ગાવે, શુભવીર વચન રસ ગાવેરે ॥ મહા૦ ॥ ૮ ॥

## ૨૪ શ્રી મહાવીર જિન સ્તવન.

(૪) વીર કુંવરની વાતડી કોને કહીયે ॥ હાંરે કોને કહીયે રે કોને કહીયે ॥ નવિ મંદીર બેસી રહીયે, હાંરે સુકુમાર શરીર ॥ વી૦ ॥ ૧ ॥ એ આંકણી ॥ બાલપણાથી લાડકો નૃપ ભાવ્યો, હાંરે મલી ચોસઠ ઈંદ્ર મલ્હાવ્યો ॥ ઇંદ્રાણી મળી હુલરાવ્યો ॥ હાંરે ગયો રમવા

કાજ ॥ વી૦ ॥ ૨ ॥ જોરૂ ઉછાંછલા લોકના કેમ રહીયે, હાંરે એની માવડીને શું કહીયે ॥ કહીયે તો અદેખાં થઇયે, હાંરે નાશી આવ્યા બાલ ॥ વી૦ ॥૩॥ આમલકી ક્રીડા વશે વીંટાણો, હાંરે મોટા ભોરિંગ રોષે ભરાણો ॥ વીરે હાથે ઝાલીને તાણ્યો, હાંરે કાઢી નાખ્યો દૂર ॥ વી૦ ॥ ૪ ॥ રૂપપિચાશનું દેવતા કરી ચલિયો, હાંરે મુજ પુત્રને લેઇ ઉછલિયો ॥ વીરે મુષ્ટિ પ્રહારે વલિયો, હાંરે સાંભળીએ એમ ॥ વી૦ ॥ ૫ ॥ ત્રિશલા માતા મોજમાં એમ કહેતી, હાંરે સખીઓને ઓલંભા દેતી ॥ ક્ષણ ક્ષણ પ્રભુ નામ જ લેતી, હાંરે તેડાવે બાલ ॥ વી૦ ॥ ૬ ॥ વાટ જોવંતા વીરજી ઘેરે આવ્યા, હાંરે માતા ત્રિશલાએ ન્હવરાવ્યા ॥ ખોલે બેસારી હુલરાવ્યા, હાંરે આલિંગન દેત ॥ વી૦॥ ૭ ॥ યોવન વય પ્રભુ પામતાં પરણાવે, હાંરે પછી સંજમશું દીલ લાવે ॥ ઉપસર્ગની ફોજ હઠાવે, હાંરે લીધું કેવલનાણ ॥ વી૦ ॥ ૮ ॥ કર્મસુદન તપ ભાખીયું જિનરાજે, હાંરે ત્રણલોકની ઠકુરાઇ છાજે, ફળ પુજા કરી શિવ કાજે, હાંરે ભવિને ઉપગાર

॥ વી. ॥ ૯ ॥ શાતા અશાતા વેદની ક્ષય કીધું, હાંરે આગે અક્ષયપદ લીધું ॥ શુભ વીરનું કારજ સીધું, હાંરે ભાંગે સાદિ અનંત ॥ વીર કુંવર ૦॥ ૧૦ ॥

## ૧. શ્રી સીમંમર સ્વામિ જિન-સ્તવન

પુખ્ખલવઈ વિજયે જયો રે, નયરી પુંડરીગિણી સાર; શ્રી સીમંધર સાહિબા રે, રાય શ્રેયાંસ કુમાર, જિણંદરાય ! ધરજો ધર્મ સ્નેહ ॥ ૧ ॥ મોટા નાના અંતરો રે, ગિરૂઆ નવિ દાખંત; શશિદરિસન સાયર વધે રે, કૈરવ–વન વિકસંત જિણંદ૦ ॥ ૨ ॥ ઠામ કુઠામ નવિ લેખવે રે. જગ વરસંત જલધાર; કર દોય કુસુમે વાસિયે રે, છાયા સવિ આધાર જિણંદ૦ ॥૩॥ રાય ને રંક સરીખા ગણે રે, ઉદ્યોતે શશી સૂર; ગંગાજળ તે બિહું તણાં રે, તાપ કરે સવિ દૂર. જિણંદ૦ ॥ ૪ ॥ સરીખા સહુને તારવા રે, તિમ તુમે છો મહારાજ; મુજશું અંતર કિમ કરો રે, બાંહ્ય ગ્રહ્યાની લાજ જિણંદ૦ ॥ ૫ ॥ મુહ દેખી ટીલું કરે રે, તે નવિ હોય પ્રમાણ; મુજરો માને સવિ તણોરે, સાહિબ તેહ સુજાણ જિણંદ૦ ॥ ૬ ॥ વૃષભ લંછન

માતા સત્યકી રે, નંદન રૂકમિણી કંત; 'વાચકયશ' એમ વિનવે રે, ભય ભંજન ભગવંત–જિણંદ૦ ॥૭॥

## ૨. શ્રી સીમંધર જિન–સ્તવન.

તારી મૂરતિએ મન મોહ્યું રે, મનના મોહનીયા; તારી સુરતિએ જગ સોહ્યું રે, જગના જીવનીયા. તુમ જોતાં સવિ દુરમતિ વિસરી, દિન રાતડી નવી જાણી; પ્રભુ ગુણ ગણ સાંકળશું બાંધ્યું, ચંચલ ચિત્તડું તાણી રે. મ૦ ॥ ૧ ॥ પહેલાં તો એક કેવલ હરખે, હેજાળું થઈ હળિયો; ગુણ જાણીને રૂપે મિલીઓ, અભ્યંતર જઈ ભળિઓ રે. મ૦ ॥ ૨ ॥ વીતરાગ ઈમ જસ નિસુણીને, રાગી રાગ કરેહ; આપ અરૂપી રાગ નિમિત્તો, દાસ અરૂપ ધરેહ રે. મ૦ ॥ ૩ ॥ શ્રી સીમંધર તું જગબંધુ, સુંદર તાહરી વાણી; મંદર ભૂદર અધિક ધીરજ ધર, વંદે તે ધન્ય પ્રાણી રે. મ૦ ॥ ૪ ॥ શ્રી શ્રેયાંસ નરેસર નંદન, ચંદન શીતલ વાણી; સત્યકી માતા વૃષભ લંછન પ્રભુ, 'જ્ઞાનવિમલ' ગુણ ખાણી રે. મ૦ ॥ ૫ ॥

## ૩. શ્રી સીમંધર જિન-સ્તવન.

સુણો ચંદાજી ! સીમંધર પરમાતમ પાસે જાજો;
મુજ વિનતડી, પ્રેમ ધરીને, એણી પેરે તુમે સંભળાવજો.
જે ત્રણ ભુવનનો નાયક છે, જસ ચોસઠ ઇંદ્ર પાયક
છે; નાણ દરિસણ જેહને ખાયક છે; સુણો૦ ॥૧॥
જેની કંચનવરણી કાયા છે, જસ ધોરી લંછન પાયા
છે; પુંડરિકગિણી નગરીનો રાયા છે. સુણો૦ ॥૨॥
બાર પર્ષદામાંહી બિરાજે છે, જસ ચોત્રીશ અતિશય
છાજે છે; ગુણ પાંત્રીશ વાણીએ ગાજે છે. સુણો૦
॥૩॥ ભવિજનને જે પડિબોહે છે, તુમ અધિક શીતલ
ગુણ સોહે છે; રૂપ દેખી ભવિજન મોહે છે. સુણો૦
॥૪॥ તુમ સેવા કરવા રસિયો છું, પણ ભરતમાં દૂરે
વસિયો છું; મહા મોહરાયકર ફસિયો છું સુણો૦॥૫॥
પણ સાહિબ ચિત્તમાં ધરિયો છે, તુમ આણા ખડગ કર
ગ્રહિયો છે; તો કાંઇક મુજથી ડરિયો છે. સુણો૦ ॥૬॥
જિન ઉત્તમ પૂંઠ હવે પૂરો, કહે પદ્મવિજય થાઉં શૂરો;
તો વાધે મુજ મન અતિ નૂરો. સુણો૦ ॥૭॥

## ૧. શ્રી સિદ્ધાચલજીનું સ્તવન.

**સિદ્ધાચલ ગિરિ ભેટ્યા રે, ધન્ય ભાગ્ય હમરાં.**

એ ગિરિવરનો મહિમા મોટો, કહેતાં ન આવે પાર;
રાયણ રૂષભ સમોસર્યા સ્વામી.
પૂરવ નવાણું વારા રે. ધન્ય૦ ૧

મૂલનાયક શ્રી આદિ જિનેશ્વર, ચઉમુખ પ્રતિમા ચારા;
અષ્ટ દ્રવ્યશું પૂજો ભાવે,
સમકિત મૂલ આધારા રે. ધન્ય૦ ૨

ભાવ ભક્તિશું પ્રભુ ગુણ ગાતાં, અપના જન્મ સુધારા;
યાત્રા કરી ભવિજન શુભ ભાવે,
નરક તિર્યંચ ગતિ વારા રે. ધન્ય૦ ૩

દૂર દેશાંતરથી હું આવ્યો, શ્રવણે સુણી ગુણ તોરા;
પતિત ઉદ્ધારણ બિરૂદ તુમારૂં,
એ તીરથ જગ સારા રે. ધન્ય૦ ૪

સંવત અઢાર ત્યાસી માસ અષાઢા, વદિ આઠમ ભોમવારા;
પ્રભુજીકે ચરણ પ્રતાપકે સંઘમેં,
ખિમારતન પ્રભુ પ્યારા રે. ધન્ય૦ ૫

## ૨. શ્રી સિદ્ધાચલજીનું સ્તવન.

વિમલાચલ નિતુ વંદિએ, કીજે એહની સેવા;
માનું હાથ એ ધર્મનો, શિવતરૂ ફલ લેવા વિ૦ ૧
ઉજ્જવલ જિન ગૃહ મંડલી, તિહાં દીપે ઉત્તંગા;
માનું હિમગિરિ–વિભ્રમે, આઈ અંબર ગંગા. વિ૦ ૨
કોઈ અનેરૂં જગ નહિ, એ તીરથ તોલે ;
એમ શ્રીમુખ હરિ આગલે, શ્રીસીમંધર બોલે. વિ૦ ૩
જે સઘળાં તીરથ કર્યાં, યાત્રા ફળ કહીએ.
તેહથી એ ગિરિ ભેટતાં, શત–ગણું ફળ લહીયે વિ૦ ૪
જનમ સફલ હોય તેહનો, જે એ ગિરિ વંદે ;
સુજસવિજય સંપદ લહે, તે નર ચિર નંદે. વિ૦ ૫

## ૩. શ્રી સિદ્ધાચલજીનું સ્તવન.

**સિદ્ધાચલના વાસી પ્યારા, લાગે મોરા રાજીંદા.**

ઈણરે ડુંગરીયામાં ઝીણી ઝીણી કોરણી ;
ઉપર શિખર બિરાજે મો૦ સિ૦ ૧
કાને કુંડલ માથે મુગટ બિરાજે.
બાંહે બાજુબંધ છાજે. મો૦ સિ૦ ૧

ચૌમુખ બિંબ અનોપમ છાજે,

અદ્‌ભુત દીઠે દુઃખ ભાજે. મો૦ સિ૦ ૩

ચુવા ચુવા ચંદન ઓર અરગજા,

કેસર તિલક વિરાજે. મો૦ સિ૦ ૪

ઈણે ગિરિ સાધુ અનંતા સિદ્ધા,

કહેતાં પાર ન આવે. મો૦ સિ૦ ૫

જ્ઞાનવિમલ પ્રભુ એણી પેરે બોલે,

આ ભવ પાર ઉતારે. મો૦ સિ૦ ૬

## ૪ શ્રી સિદ્ધાચલજીનું સ્તવન.

શ્રી રે સિદ્ધાચલ ભેટવા, મુજ મન અધિક ઉમાહો;
ઋષભ જિણંદ પૂજા કરી,

લીજે ભવ તણો લાહો. શ્રી રે૦ ૧

મણિમય મૂરતિ શ્રી ઋષભની, નિપાઈ અભિરામ;
ભવન કરાવ્યાં કનકનાં, રાખ્યાં ભરતે નામ. શ્રી રે૦ ૨

નેમ વિના ત્રેવીશ પ્રભુ, આવ્યા સિદ્ધક્ષેત્ર જાણી;
શેત્રુંજા સમું તીરથ નહિ,

બોલ્યા સીમંધર વાણી. શ્રી રે૦ ૩

પૂરવ નવાણું સમોસર્યા, સ્વામી શ્રી ઋષભ જિણંદ;
રામ પાંડવ મુગતે ગયા, પામ્યા પરમાનંદ. શ્રી રે૦ ૪
પૂરવ પુન્ય પસાઉલે, પુંડરિકગિરિ પાયો;
કાન્તિવિજય હરખે કરી;
શ્રી સિદ્ધાચલ ગાયો. શ્રી રે૦ ૫

## ૫. શ્રી સિદ્ધાચલજીનું સ્તવન.

મારૂં મન મોહ્યું રે શ્રી સિદ્ધાચલે રે,
દેખીને હરખિત થાય;
વિધિશું કીજે રે જાત્રા એહની રે,
ભવભવનાં દુઃખ જાય. મારૂં૦ ૧
પંચમે આરે રે પાવન કારણે રે,
એ સમું તીરથ ન કોય;
મ્હોટો મહિમા રે જગમાં એહનો રે,
આ ભરતે ઈહાં જોય. મારૂં૦ ૨
ઇણ ગિરિ આવ્યા રે જિનવર ગણધરા રે,
સિધ્યા સાધુ અનંત;
કઠિન કરમ પણ ઈણ ગિરિ ફરસતાં રે,
હોય કરમ નિશાંત. મારૂં૦ ૩

જૈન ધરમ તે સાચો જાણીએ રે,
માનવ તીરથ એ સ્થંભ;
સુર નર કિન્નર નૃપ વિદ્યાધરા રે,
કરતા નાટારંભ. મારું૦ ૪
ધન ધન દહાડો રે ધન વેળા ઘડી રે,
ધરીએ હ્રદય મોઝાર;
જ્ઞાનવિમલસૂરિ ગુણ એહના ઘણા રે,
કહેતાં નાવે પાર. મારું૦ ૫

## ૬. શ્રી રાયણ પગલાંનું સ્તવન.

નીલુડી રાયણ તરૂ તળે સુણ સુંદરી,
પીલુડા પ્રભુના પાય રે, ગુણ મંજરી;
ઉજ્જવલ ધ્યાને ધ્યાઇએ સુણ સુંદરી,
એહિજ મુક્તિ ઉપાય રે–ગુણ મંજરી. ૧
શીતળ છાયાએ બેસીએ. સુણ સુંદરી,
રાતડો કરી મન રંગ રે; ગુણ મંજરી;
પૂજીએ સોવન ફૂલડે, સુણ સુંદરી,
જેમ હોય પાવન અંગ રે; ગુણ મંજરી. ૨

ખીર ઝરે જેહ ઉપરે, સુણ સુંદરી,
નેહ ધરીને એહ રે; ગુણ મંજરી;
ત્રીજે ભવે તે શિવ લહે, સુણ સુંદરી,
થાયે નિર્મળ દેહ રે; ગુણ મંજરી. ૩
પ્રીત ધરી પ્રદક્ષિણા દીયે, સુણ સુંદરી,
દીએ એહને જે સાર રે, ગુણ મંજરી;
અભંગ પ્રીતિ હોય જેહને, સુણ સુંદરી,
ભવભવ તુમ આધાર રે; ગુણ મંજરી. ૪
કુસુમ પત્ર ફળ મંજરે, સુણ સુંદરી,
શાખા થડ ને મૂળ રે; ગુણ મંજરી;
દેવ તણા વાસાય છે, સુણ સુંદરી,
તીરથને અનુકૂળ રે; ગુણ મંજરી. ૫
તીરથ ધ્યાન ધરો મુદા, સુણ સુંદરી,
સેવો એહની છાંય રે; ગુણ મંજરી;
જ્ઞાનવિમલ ગુણ ભાખિયો સુણ સુંદરી,
શત્રુંજય મહાત્મ્યમાંહી રે; ગુણ મંજરી. ૬

## ૭. શ્રી પુંડરીક સ્વામીનું સ્તવન.

એક દિન પુંડરીક ગણધરૂ રે લાલ,
પૂછે શ્રી આદિ જિણંદ સુખકારી રે;

કહીએ તે ભવજલ ઉતરી રે લાલ,
પામીશ પરમાનંદ ભવવારી રે. એ૦ ૧
કહે જિન ઇણગિરિ પામસો રે લાલ,
જ્ઞાન અને નિરવાણ જયકારી રે;
તીરથ મહિમા વાધશે રે લાલ,
અધિક અધિક મંડાણ નિરધારી રે. એ૦ ૨
ઇમ નિસુણીને ઇહાં આવીયા રે લાલ;
ઘાતી કરમ કર્યાં દૂર તમ વારી રે;
પંચ કોડી મુનિ પરિવર્યા રે લાલ,
હુઆ સિદ્ધિ હજુર ભ । વારી રે; એ૦ ૩
ચૈત્રી પૂનમ દિન કીજીએ રે લાલ,
પૂજા વિવિધ પ્રકાર દિલધારી રે;
ફળ પ્રદક્ષિણા કાઉસ્સગ્ગા રે લાલ,
લોગસ્સ થુઈ નમુક્કાર નરનારી રે. એ૦ ૪
દશ વીસ ત્રીશ ચાલીશ ભલા રે લાલ,
પચાસ પુષ્પની માળ અતિ સારી રે;
નરભવ લાહો લીજીએ રે લાલ,
જેમ હોય જ્ઞાન વિશાલ મનોહારી રે. એ૦ ૫

## ૮. શ્રી સિદ્ધગિરિજીનું સ્તવન.

### શેત્રુંજે જઇએ લાલન—એ દેશી

સિદ્ધિગિરિ ધ્યાવો ભવિકા, સિદ્ધિગિરિ ધ્યાવો; ઘેર બેઠાં બહુ ફલ પાવો, ભવિકા બહુ ફલ પાવો ॥ ૧ ॥ નંદીશ્વર યાત્રાએ જે ફલ હોવે, તેથી બમણેરૂં ફલ તે કુંડલગિરિ હોવે. ભવિકા૦ ॥ ૨ ॥ ત્રિગણું રૂચકગિરિ ચઉ ગજદંતા, તેથી બમણેરૂં ફલ; જંબુ મહંતા–ભવિકા ॥ જંબુ૦ ॥ ૩ ॥ ષટ ગુણું ધાતકી ચૈત્ય જુહારે, છત્રીસ ગણું ફલ પુષ્કર વિહારે; ભવિકા ॥ પુ૦ ॥ તેહથી તેરસ ગુણું, મેરૂ ચૈત્ય જુહારે, સહસગણું ફલ સમ્મેત શિખરે; ભવિકા ॥ સ૦ ॥ ૫ ॥ લાખ ગુણું ફલ, અંજન ગિરિ જુહારે; દશ લાખ ગુણું ફલ, અષ્ટાપદ ગિરનારે, ભવિકા ॥ અ૦ ॥ ૬ ॥ કોડી ગુણું ફલ, શ્રી શત્રુંજય ભેટે, જેમ રે અનાદિના, દુરિત ઉમેટે ભવિકા ॥ દુ૦ ॥ ૭ ॥ ભાવ અનંતે અનંત ફલ પાવે, જ્ઞાનવિમલસૂરિ એમ ગુણ ગાવે. ॥ ભવિકા ॥ એમ૦ ॥ ૮ ॥

## મહાવીર સ્વામીનું પારણું

ઝુલાવે માઈ વીર કુંવર પારણે. (૨)

રત્ન જડીત સોનેકા પારણા,
દોરી જરીકી જાલને. ઝુ૦ ૧
મણી મોતીઅરકે ઝુમકે નીકે,
ઘુઘરી ઘમક કારણે. ઝુ૦ ૨
રત્ન દામ શ્રીદામ ગંડક પગ,
કરે પ્રભુજી ખ્યાલને. ઝુ૦ ૩
મેના મોર શુક સારસ સુંદર,
હરખે કુંવર પારણે. ઝુ૦ ૪
છપ્પન દીગ્ કુંવરી હુલરાવે,
બજાવે બજાવે તાલને. ઝુ૦ ૫
ત્રીશલા માતા આનંદીત હોવે.
નીરખે નીરખે બાલને. ઝુ૦ ૬
હંસ કહે પ્રભુ પારણે પોઢ્યા,
જાણે જગત ચાલને. ઝુ૦ ૭

(૨) છાનો મોરા છબ, છાનો મોરા વીર; પછે તમારી દોરી તાણું; મહાવીર કુંવર ઝુલે પારણીએ.

ઝુલે૦ ટેક. હીરના દોરે ઘુમે છે મોર, કોયલડી સુર નારી. ॥ મહાવીર૦ ॥ ૧॥

ઇંદ્રાણી આવે, હાલણ હુલણ લાવે; વીરને હેતે કરી હુલરાવે ॥ મહાવીર૦ ॥ ૨ ॥ સુંદર બ્હેની આવે, આભુષણ લાવે; ખાજાં રૂડાં લાવે, મોતીચુર ભાવે, વીરને હેતે કરી જમાડે. ॥ મહાવીર૦ ॥ ૩ ॥ વીર મ્હોટા થાશે, નિશાળે ભણવા જાશે; એમ ત્રિસલા–માતા હરખાશે, ॥ મહાવીર૦ ॥ ૪ ॥ નંદિવર્ધન આવે, રાણી રૂડી લાવે; વીરને હેતે કરી પરણાવે ॥ મહાવીર૦ ॥ ૬ ॥ વીર મ્હોટા થાશે, જગતમાં ગવાશે; એમ કાંતિવિજય ગુણ ગાશે. ॥ મહાવીર૦ ॥ ॥ ૬ ॥

## ૧ શ્રી બીજનું ચૈત્યવંદન.

દુવિધ ધર્મ જિણે ઉપદિસ્યો, ચોથા અભિનંદન; બીજે જનમ્યા તે પ્રભુ, ભવદુઃખ નિકંદન ॥ ૧ ॥ દુવિધ ધ્યાન તુમ્હે પરિહરો, આદરો દોય ધ્યાન ॥ એમ પ્રકાસ્યું સુમતિજિને, તે ચવિયા બીજ દીન ॥ ૨ ॥ દોય બંધન રાગ દ્વેષ, તેહને ભવિ તજીયે ॥ મુજ પરે શીતલ જિન કહે, બીજ દિન શિવ ભજીયે

॥ ૩ ॥ જીવાજીવ પદાર્થનું, કરો નાણ સુજાણ ॥ બીજ દિન વાસુપુજ્ય પરે; લહો કેવલનાણ ॥ ૪ ॥ નિશ્ચય નય વ્યવહાર દોય, એકાંતે ન ગ્રહીએ ॥ અર જિન બીજ દિને ચ્યવી, એમ જન આગળ કહીએ ॥૫ વર્ત્તમાન ચોવીશીએ, એમ જિન કલ્યાણ ॥ બીજ દિને કેઈ પામીયા, પ્રભુ નાણ નિર્વાણ ॥ ૬ ॥ એમ અનંત ચોવીશીએ એ, હુઆ બહુ કલ્યાણ ॥ જિન ઉત્તમ પદ પદ્મને, નમતાં હોય સુખ ખાણ ॥ ૭ ॥

## ૨ શ્રી બીજનું સ્તવન.

ફતમલ પાણીડાને જાય—એ દેશી

પ્રણમી શારદ માય, શાસન વીર સુહંકરૂજી ॥ બીજ તિથિ ગુણગેહ, આદરો ભવિયણ સુંદરૂજી ॥૧॥ એહ દિન પંચ કલ્યાણ, વિવરીને કહું તે સુણોજી ॥ મહા શુદી બીજે જાણ, જન્મ અભિનંદન તણોજી ॥ ૨ ॥ શ્રાવણ શુદીની હો બીજ, સુમતિ ચ્યવ્યા સુરલોકથીજી; તારણ ભવોદધિ તેહ, તસ પદ સેવે સુરલોકથીજી ॥ ૩ ॥ સમેતશિખર શુભ ઠાણ, દશમા

શીતલજિન ગણુંજી ॥ ચૈત્ર વદીની હો બીજ, વર્યાં મુક્તિ તસ સુખ ઘણુંજી ॥ ૪ ફાલ્ગુન માસની બીજ, ઉત્તમ ઉજ્જવલ માસનીજી ॥ અરનાથ ચ્યવન, કર્મક્ષયે ભવપાસનીજી ॥ ૫ ॥ ઉત્તમ માઘજ માસ, શુદી બીજે વાસુપુજ્યનોજી ॥ એહીજ દિન કેવલનાણુ, શરણ કરો જિન રાજનોજી ॥ ૬ ॥ કરણીરૂપ કરો ખેત, સમક્તિ રૂપ રોપો તિહાંજી ॥ ખાતર કિરિયા હો જાણુ, ખેડ સમતા કરી જીહાંજી ॥ ૭ ॥ ઉપશમ તદ્રુપ નીર, સમક્તિ છોડ પ્રગટ હોવેજી ॥ સંતોષ કરી અહો વાડ, પચ્ચખ્ખાણ વ્રત ચોકી સોહેજી ॥ ૮ ॥ નાસે કર્મ રિપુ ચોર, સમક્તિ વૃક્ષ ફલ્યો તિહાંજી ॥ માંજર અનુભવ રૂપ, ઉતરે ચારિત્ર ફલ જીહાંજી ॥ ૯ ॥ શાંતિ સુધારસ વારિ, પાન કરી સુખ લીજીએજી ॥ તંબોલ સમ લ્યો સ્વાદ, જીવને સંતોષ રસ કીજીએજી ॥ ૧૦ ॥ બીજ કરો દોય માસ, ઉત્કૃષ્ટિ બાવીશ માસનીજી ॥ ચોવિહાર ઉપવાસ, પાલીયે શીલ [1]વસુધાસનીજી ॥ ૧૧ ॥ આવશ્યક દોય વાર, પડિલે

---

[1]ભુમિ શય્યા સહિત.

હણુ દોય લીજીએજી ॥ દેવવંદન ત્રણ્ કાલ, મન વચ કાયાએ કીજીએજી ॥ ૧૨ ॥ ઉજમણું શુભ ચિત્ત, કરી ધરીએ સંયોગથીજી ॥ જિનવાણી રસ એમ, પીજીએ શ્રુત ઉપયોગથીજી ॥ ૧૩ ॥ ઇણ વિધિ કરીયે હો બીજ, રાગ ને દ્વેષ દૂરે કરીજી ॥ કેવલ પદ લહી તાસ, વરે મુક્તિ ઉલટ ધરીજી ॥ ૧૪ ॥ જિન પુજા ગુરૂભક્તિ, વિનય કરી સેવો સદાજી; પદ્મ-વિજયનો શિષ્ય, ભક્તિ પામે સુખ સંપદાજી ॥ ૧૫ ॥

## શ્રી બીજ તિથિની સ્તુતિ.

દિન સકલ મનોહર, બીજ દિવસ સુવિશેષ ॥ રાય રાણા પ્રણમે, ચંદ્ર તણી જિહાં રેખ ॥ તિહાં ચંદ્ર વિમાને, શાશ્વતા જિનવર જેહ ॥ હું બીજ તણે દિન, પ્રણમું આણી નેહ ॥ ૧ ॥ અભિનંદન ચંદન, શીતલ શીતલનાથ ॥ અરનાથ સુમતિજિન, વાસુ-પુજ્ય શિવ સાથ; ઈત્યાદિક જીનવર, જન્મ જ્ઞાન નિરવાણ ॥ હું બીજતણે દિન તે પ્રણમું સુવિહાણ ॥ ૨ ॥ પરકાશ્યો બીજે, દુવિધ ધર્મ ભગવંત ॥ જેમ વિમલા કમલા, વિપુલ નયન વિકસંત ॥ આગમ અતિ

અનુપમ, જિહાં નિશ્ચય વ્યવહાર ॥ બીજે સવિ કીજે, પાતકનો પરિહાર ॥ ૩ ॥ ગજગામિની કામિની, કમલ સુકોમલ ચીર ॥ ચક્કેસરી કેસર, સરસ સુગંધ શરીર ॥ કરજોડી બીજે, હું પ્રણમું તસ પાય ॥ એમ લબ્ધિ-વિજય કહે, પુરો મનોરથ માય ॥ ૪ ॥

## શ્રી જ્ઞાનપંચમીનું ચૈત્યવંદન

ત્રિગડે બેઠા વીરજિન ભાખે ભવિજન આગે ॥ ત્રિકરણશું ત્રિહું લોક જન, નિસુણો મન રાગે ॥ ૧ ॥ આરાધો ભલી ભાતસેં, પંચમી અજુવાલી ॥ જ્ઞાન આરાધન કારણે, એહિજ તિથિ નિહાલી ॥ ૨ ॥ જ્ઞાન વિના પશુ સારિખા, જાણો એણે સંસાર ॥ જ્ઞાન આરાધનથી લહ્યું, શિવપદ સુખ શ્રીકાર ॥ ૩ ॥ જ્ઞાન રહિત કિરિયા કહી, કાશ કુસુમ ઉપમાન ॥ લોકાલોક પ્રકાશકર, જ્ઞાન એક પરધાન ॥ ૪ ॥ જ્ઞાની શ્વાસોશ્વાસમેં, કરે કર્મનો ખેહ ॥ પુર્વ કોડી વરસાં લગે, અજ્ઞાને કરે તેહ ॥ ૫ ॥ દેશ આરાધક કિરિયા કહી; સર્વ આરાધક જ્ઞાન ॥ જ્ઞાન તણો મહિમા ઘણો,

અંગ પાંચમે ભગવાન ॥ ૬ ॥ પંચ માસ લઘુ પંચમી, જાવજ્જીવ ઉત્કૃષ્ટિ ॥ પંચ વરસ પંચ માસની, પંચમી કરો શુભ દૃષ્ટિ ॥ ૭ ॥ એકાવનહી પંચનો એ, કાઉસ્સગ્ગ લોગસ્સ કેરો ॥ ઉજમણું કરો ભાવશું, ટાળે ભવ ફેરો ॥ ૮ ॥ એણી પેરે પંચમી આરાધીયેએ, આણી ભાવ અપાર ॥ વરદત્ત ગુણમંજરી પરે, રંગવિજય લહો સાર ॥ ૯ ॥

## શ્રી જ્ઞાનપંચમીનું સ્તવન.

### ॥ ઢાળ પહેલી ॥

### પુણ્ય પ્રશંસીયે—એ દેશી

સુત સિદ્ધારથ ભુપનોરે, સિદ્ધારથ ભગવાન ॥ બારહ પરખદા આગળે રે, ભાખે શ્રી વર્ધમાનોરે ॥ ભવિયણ ચિત્ત ધરો ॥ મન વચ કાય અમાયોરે, જ્ઞાન ભગતિ કરો ૧ ॥ એ આંકણી ॥ ગુણ અનંત આતમ તણારે, મુખ્ય પણે તિહાં દોય ॥ તેહમાં પણ જ્ઞાનજ વડું રે, જિણથી દંસણ હોય રે ॥ ભ૦ ॥ ૨ જ્ઞાને

ચારિત્ર ગુણ વધે રે, જ્ઞાને ઉદ્યોત સહાય ॥ જ્ઞાને થિવિરપણું લહેરે, આચારજ ઉવઝાય રે ॥ ભ૦ ॥ ॥ ૩ ॥ જ્ઞાની શ્વાસોશ્વાસમાં રે, કઠિણ કરમ કરે નાશ ॥ વહ્નિ જેમ ઇંધણ દહે રે, ક્ષણમાં જ્યોતિ પ્રકાશ રે ॥ ભ૦ ॥ ૪ ॥ પ્રથમ જ્ઞાન પછી દયા રે, સંવર મોહ વિનાશ ॥ ગુણ ઠાણંગ પગથાલીયે રે, જેમ ચઢે મોક્ષ આવાસો રે ॥ ભ૦ ॥ ૫ ॥ મઈ સુઅ ઓહિ મણપજ્જવારે, પંચમ કેવલજ્ઞાન ॥ ચઉ મુંગા શ્રુત એક છે રે, સ્વપર પ્રકાશ નિદાન રે ॥ ભ૦ ॥ ૬ ॥ તેહનાં સાધન જે કહ્યાં રે, પાટી પુસ્તક આદિ ॥ લખે લખાવે સાચવે રે, ધર્મી ધરી અપ્રમાદો રે ॥ ભ૦ ॥ ૭ ॥ ત્રિવિધ આશાતના જે કરે રે, ભણતાં કરે અંતરાય ॥ અંધા બહેરા બોબડા રે, મુંગા પાંગુલા થાય રે ॥ભ૦ ॥ ૮ ॥ ભણતાં ગુણતાં ન આવડે રે, ન મળે વલ્લભ ચીજ ॥ ગુણમંજરી વરદત્ત પરે રે, જ્ઞાન વિરાધન બીજરે ॥ ભ૦ ॥ ૯ ॥ પ્રેમે પૂછે પરખદા રે, પ્રણમી જગગુરૂ પાય, ગુણમંજરી વરદત્તનો રે, કરો અધિકાર પસાયો રે ॥ ભ૦ ૧૦ ॥

## ॥ ઢાળ બીજી ॥

કપુર હોયે અતિ ઉજળો રે— એ દેશી.

જંબુદ્વીપના ભરતમાં રે, નયરી પદમપુર ખાસ ॥ અજિતસેન રાજા તિહાં રે, રાણી યશોમતી તાસ રેઃ પ્રાણી આરાધો વર જ્ઞાન ॥ એહિજ મુક્તિ નિદાન રે ॥ પ્રાણી૦ ॥ ૧ ॥ એ આંકડી ॥ વરદત્ત કુંવર તેહનો રે, આઠ વિનયાદિક ગુણવંત ॥ પિતાએ ભણવા મુકીઓ રે, આઠ વરસ જબ હુંત રે ॥ પ્રા૦ ॥ ૨ ॥ પંડિત યત્ન કરે ઘણો રે, છાત્ર ભણાવણ હેત ॥ અક્ષર એક ન આવડે રે, ગ્રંથ તણી શી ચેતરે ॥ પ્રા૦ ॥ ॥ ૩ ॥ કોઢે વ્યાપી દેહડી રે, રાજા રાણી સચિંત ॥ શ્રેષ્ટિ તેહીજ નયરમાં રે, સિંહદાસ ધનવંતરે ॥ પ્રા૦ ॥ ૪॥ કપુરતિલકા ગેહિનીરે, શીલે શોભિત અંગ ॥ ગુણ-મંજરી તસ બેટડી રે, મુંગી રોગે વ્યંગરે પ્રા૦ ॥ ૫ ॥ સોળ વરસની સા થઇ રે, પામી યૌવન વેશ ॥ દુર્ભગ પણ પરણે નહીં રે, માત પિતા ધરે ખેદ રે. પ્રા૦ ॥ ૬ ॥ તેણે અવસરે ઉદ્યાનમાંરે, વિજયસેન ગણધાર ॥ જ્ઞાન રયણ રયણાયરૂ રે, ચરણ કરણ વ્રતધાર રે, પ્રા૦ ॥ ૭ ॥

વનપાલક ભૂપાલને રે, દીધ વધાઇ જામ ॥ ચતુરંગી સેના સજી રે, વંદન જાવે તામ રે. પ્રા૦ ॥ ॥ ૮ ॥ ધર્મ દેશના સાંભળે રે, પુરજન સહિત નરેશ ॥ વિકસિત નયણુ વદન મુદા રે, નહિં પ્રમાદ પ્રવેશ રે, ॥ પ્રા૦ ૯ ॥ જ્ઞાન વિરાધન પરભવે રે, મુરખ પર આધીન ॥ રોગે પીડા ટલવલે રે, દિસે દુઃખીયા દીન રે પ્રા૦ ॥ ૧૦ ॥ જ્ઞાન સાર સંસારમાં રે, જ્ઞાન પરમ સુખ હેત ॥ જ્ઞાન વિના જગ જીવડા રે, ન લહે તત્ત્વ સંકેત રે, ॥ પ્રા૦ ॥ ૧૧ ॥ શ્રેષ્ઠી પુછે મુણીંદને રે, ભાખો કરૂણાવંત ॥ ગુણમંજરી મુજ અંગજા રે, કવણુ કર્મ વિરતંતરે ॥ પ્રા૦ ॥ ૧૨ ॥

## ॥ ઢાળ ત્રીજી ॥

### સુરતી મહિનાની દેશીમાં.

ધાતકી ખંડના ભરતમાં, ખેટક નયર સુઠામ ॥ વ્યવહારી જિનદેવ છે, ધરણી સુંદરી નામ ॥ ૧ ॥ અંગજ પાંચ સોહામણા, પુત્રી ચતુરા ચાર ॥ પંડિત પાસે શીખવા, તાતે મુકયા કુમાર ॥ ૨ ॥ બાલ સ્વભાવે રમ્મત, કરતાં દહાડા જાય ॥ પંડિત મારે ત્યારે,

મા આગલ કહે આય ॥ ૩ ॥ સુંદરી શંખિણી શીખવે, ભણવાનું નહીં કામ ॥ પંડ્યો આવે તેડવા, તો તસ હણજો તામ ॥ ૪ ॥ પાટી ખડિયા લેખણા, બાળી કીધાં રાખ ॥ શઠને વિદ્યા નવિ રૂચે, જેમ કરહાને દ્રાખ ॥ ૫ ॥ પાડા પરે મહોટા થયા, કન્યા ન દીએ કોય ॥ શેઠ કહે સુણ સુંદરી, એ તુજ કરણી જોય ॥ ૬ ॥ ત્રાટકી ભાખે ભામિની, બેટા બાપના હોય ॥ પુત્રી હોયે માતની, જાણે છે સહુ કોય ॥ ૭ ॥ રે રે પાપિણી સાપિણી, સામા બોલ મ બોલ ॥ રીસાળી કહે તાહરો, પાપી બાપ નિટોલ ॥ ૮ ॥ શેઠે મારી સુંદરી, કાળ કરી તતખેવ ॥ એ તુજ બેટી ઉપની, જ્ઞાન વિરાધન હેવ ॥ ૯ ॥ મુર્છાગત ગુણમંજરી, જાતિસ્મરણ પામી ॥ જ્ઞાન દિવાકર સાચો, ગુરૂને કહે શિર નામી ॥ ૧૦ ॥ શેઠ કહે સુણો સ્વામી. કેમ જાયે એ રોગ ॥ ગુરૂ કહે જ્ઞાન આરાધો, સાધો વાંછિત યોગ ॥ ૧૧ ॥ ઉજ્જ્વલ પંચમી સેવો, પંચ વરસ પંચ માસ ॥ નમો નાણસ્સ ગુણણું ગણો, ચોવિહાર ઉપવાસ ॥ ૧૨ ॥ પૂરવ ઉત્તર સન્મુખ,

જપિયે દોય હજાર ॥ પુસ્તક આગળ ઢોઈયે, ધાન્ય ફલાદિ ઉદાર ॥ ૧૩ ॥ દીવો પંચ દીવટ તણો, સાથીઓ મંગલ ગેહ ॥ પોસહમાં ન કરી શકે, તેણે વિધિ પારણું એહ ॥ ૧૪ ॥ અથવા સૌભાગ્ય પંચમી, ઉજ્જવલ કાર્ત્તિક માસ ॥ જાવજ્જીવ લગે સેવીએ, ઉજમણા વિધિ ખાસ ॥ ૧૫ ॥

॥ ઢાળ ચોથી ॥

એકવીશાની—દેશીમાં.

પાંચ પોથી રે, ઠવણી પાઠાં વિટાંગણાં ॥ ચાબખી દોરા રે, પાટી પાટલા વરતણાં ॥ મસી કાગલ રે, કાંબી ખડિયા લેખણી ॥ કવલી ડાબલી રે, ચંદુઆ ઝરમર પુંજણી ॥ ૧ ॥ ત્રુટક—પ્રાસાદ પ્રતિમા તાસ ભુષણ, કેશર ચંદન ડાબલી ॥ વાસકુંપી વાલાકુંચી, અંગલુહણાં છાબડી ॥ કલશ થાલી મંગળદીવો, આરતી ને ધુપણાં, ચરવલા મુહપત્તિ સામીવચ્છલ, નોકારવાલી થાપના ॥ ૨ ॥ ઢાલ—॥ જ્ઞાન દરિસણ રે, ચરણનાં સાધન જે કહ્યાં ॥ તપ સંયુતરે, ગુણમંજરીએ સદ્દહ્યાં ॥ નૃપ પૂછે રે, વરદત્ત કુંવરને અંગ રે ॥

રોગ ઉપનો રે, કવણ કરમના ભંગ રે, ॥ ૩ ॥ ત્રુટક મુનિરાજ ભાખે જંબુદ્વીપે ભરત સિંહપુર ગામ એ ॥ વ્યવહારી વસુ તાસ નંદન, વસુસાર વસુદેવ નામ એ ॥ વનમાંહે રમતાં દોય બંધવ, પુણ્યયોગે ગુરૂ મળ્યા ॥ વૈરાગ્ય પામી ભોગ વામી, ધર્મ ધામી સંવર્યા ॥ ૪ ॥ ઢાલ—॥ લઘુ બાંધવ રે, ગુણવંત ગુરૂ પદવી લહે ॥ પણસય મુનિને રે, સારણ વારણ નિત્ય દીએ ॥ કર્મયોગે રે, અશુભ ઉદય થયો અન્યદા ॥ સંથારે રે, પોરિસી ભણી પોઢયા યદા ॥ ૫ ॥ ત્રુટક—॥ સર્વઘાતિ નિદ્રા વ્યાપી, સાધુ માગે વાયણા ॥ ઉંઘમાં અંતરાય થાતાં, સુરિ હુઆ દુમણા ॥ જ્ઞાન ઉપર દ્વેષ જાગ્યો, લાગ્યો મિથ્યા ભુતડો ॥ પુણ્ય અમૃત ઢોળી નાખ્યું, ભર્યો પાપ તણો ઘડો ॥ ૬ ॥ ઢાલ—॥ મન ચિંતવે રે, કાં મુજ લાગ્યું પાપ રે, શ્રુત અભ્યાસ રે, તો એવડો સંતાપ રે ॥ મુજ બાંધવ રે, ભોયણ સયણ સુખે કરે ॥ મુરખના રે, આઠ ગુણ મુખ ઉચ્ચરે ॥ ૭ ॥ ત્રુટક—॥ બાર વરસ કોઈ મુનિને, વાયણા દીધા નહી ॥ અશુભ ધ્યાને આયુ પૂરી,

ભુપ તુજ નંદન સહી ॥ જ્ઞાન વિરાધન મુઢ જડપણું, કોઢની વેદના લહી ॥ વૃદ્ધ બાંધવ માન સરોવર હંસ-ગતિ પામ્યો સહી ॥ ૮ ॥ ઢાલ-॥ વરદત્તને રે, જાતિ સ્મરણ ઉપન્યું ॥ ભવ દીઠો રે, ગુરૂ પ્રણમી કહે શુભ મને ॥ ધન્ય ગુરૂજી રે, જ્ઞાન જગ ત્રય દીવડો ॥ ગુણ અવગુણ રે ભારાન જે જગ પરવડો ॥ ૯ ॥ ॥ ત્રુટક- જ્ઞાન પાવન સિદ્ધિ સાધન, જ્ઞાન કહો કેમ આવડે ॥ ગુરૂ કહે તપથી પાપ નાસે, ટાઢ જેમ ધનતા વડે ॥ ભુપ પભણે પુત્રને પ્રભુ, તપની શક્તિ ન એવડી ॥ ગુરૂ કહે પંચમી તપ આરાધો, સંપદા લ્યો એવડી ॥ ૧૦ ॥

## ॥ ઢાળ પાંચમી ॥

મેંદી રંગ લાગ્યો,—એ દેશી

સદ્દગુરૂ વયણ સુધારસે રે, ભેદી સાતે ધાત, તપશું રંગ લાગ્યો ॥ ગુણમંજરી વરદત્તનો રે; નાઠો રોગ મિથ્યાત્વ ॥ ત૦ ॥ ૧ ॥ પચમી તપ મહિમા ઘણો રે, પ્રસર્યો મહીયલમાંહી ॥ ત૦ ॥ કન્યા સહસ સ્વયંવરા રે, વરદત્ત પરણ્યો ત્યાંહી

॥ ત૦ ॥ ૨ ॥ ભૂપે કીધો પાટવી રે, આપ થયો મુનિભુપ ॥ ત૦ ॥ ભીમ કાંત ગુણે કરી રે, વરદત્ત રવિ શશિરૂપ ॥ ત૦ ॥ ૩ ॥ રાજ રમા રમણીતણા રે, ભોગવે ભોગ અખંડ ॥ ત૦ ॥ વરસે વરસે ઉજવે રે, પંચમી તેજ પ્રચંડ ॥ ત૦ ॥ ॥ ૪ ॥ ભુક્તભોગી થયો સંજમી રે, પાળે વ્રત ખટકાય ॥ ત૦ ॥ ગુણમંજરી જિનચંદ્રને રે, પરણાવે નિજ તાય ॥ ત૦ ॥ ૫ ॥ સુખ વિલસી થઈ સાધવી રે, વૈજયંતે દોય દેવ ॥ ત૦ ॥ વરદત્ત પણ ઉપનો રે, જિહાં સીમધર દેવ ॥ ત૦ ॥ ૬ ॥ અમરસેન રાજા તણે રે, ગુણવંત નારી પેટ ॥ ત૦ ॥ લક્ષણ લક્ષિત રાયને રે પુણ્યે કીધો ભેટ ॥ ત૦ ॥ ૭ ॥ શૂરસેન રાજા થયો રે, સો કન્યા ભરતાર ॥ ત૦ ॥ સીમધર સ્વામી કને રે, સુણી પંચમી અધિકાર ॥ ત૦ ॥ ૮ ॥ તિહાં પણ તે તપ આદર્યું રે, લોક સહિત ભુપાલ ॥ ત૦ ॥ દશ હજાર વરસાં લગેરે, પાલે રાજ્ય ઉદાર ॥ ત૦ ॥ ॥ ૯ ॥ ચાર મહાવ્રત ચોંપશું રે, શ્રી જિનવરની

પાસ ॥ ત૦ ॥ કેવલધર મુકતે ગયા રે, સાદિ અનંત નિવાસ ॥ ત૦ ॥ ૧૦ ॥ રમણી વિજય શોભાપુરી રે, જંબુ વિદેહ મોઝાર ॥ ત૦ ॥ અમરસિંહ મહીપાલને રે, અમરાવતી ઘર નાર ॥ ત૦ ॥ ॥ ૧ ॥ વિજયંત થકી ચ્યવી રે, ગુણમંજરીનો જીવ ॥ ત૦ ॥ માનસ સર જેમ હંસલો રે, નામ ધર્યું સુગ્રીવ ॥ ત૦ ॥ ૧૨ ॥ વીશે વરશે રાજવી રે, સહસ ચોરાશી પુત્ર ॥ ત૦ ॥ લાખ પુરવ સમતા ધરેરે, કેવળજ્ઞાન પવિત્ર ॥ ત૦ ॥ ૧૩ ॥ પંચમી તપ મહિમા વિષે રે, ભાખે નિજ અધિકાર ॥ ત૦ ॥ જેણે જેહથી શિવપદ લહ્યું રે, તેને તસ ઉપકાર ॥ ત૦ ॥ ૧૪ ॥

॥ ઢાળ છઠ્ઠી. ॥

કરકંડુને કરૂં વંદના—એ દેશી

ચોવીશ દંડક વારવા હું વારી લાલ ॥ ચોવીશમો જિનચંદ રે હું વારી લાલ ॥ પ્રગટયો પ્રાણત સ્વર્ગથી ॥ હું૦ ॥ ત્રિશલા ઉર સુખકંદ રે ॥ હું૦ ॥ ૧ મહાવીરને કરું વંદના ॥ હું૦ ॥ એ આંકણી ॥ પંચમીગતિને

સાધવા ॥ હું૦ પંચમ નાણ વિલાસ રે ॥ હું૦ ॥
મહાનિશીથ સિદ્ધાંતમાં ॥ હું૦ પંચમી તપ પ્રકાશ રે
હું૦ ॥ ૨ ॥ અપરાધી પણ ઉદ્ધર્યો ॥ હુ૦ ॥ ચંડકોશિઓ
સાપ રે ॥ હું૦ ॥ યજ્ઞ કરંતાં બાંભણા ॥ હું૦ ॥
સરખા કીધા આપ રે ॥ હુ૦ ॥ ૩ ॥ દેવાનદા
બ્રાહ્મણી ॥ હું૦ ॥ ઋષભદત્ત વલી વિપ્ર રે ॥ હું ॥
બ્યાસી દિવસ સબંધથી ॥ હુ૦ ॥ કામિત
પુર્યો ક્ષિપ્ર રે ॥ હું૦ ॥ ૪ ॥ કર્મ રોગને ટાળવા
॥ હું૦ ॥ સવિ ઔષધનો જાણ રે ॥ હું૦ ॥ આદર્યો
મે આશા ધરી ॥ હું૦ ॥ મુજ ઉપર હિત આણ રે
॥ હું૦ ॥ ૫ ॥ શ્રી વિજયસિંહ સૂરીશનો ॥ હું૦ ॥
સત્યવિજય પન્યાસ રે ॥ હું૦ ॥ શિષ્ય કપુરવિજય
કવિ ॥ હુ૦ ॥ ચદ કિરણ જાસ રે ॥ હું૦ ॥ ૬ ॥
પાસ પંચાસરા સાન્નિધ્યે ॥ હું૦ ॥ ખિમાવિજય ગુરૂ
નામ રે ॥ હું૦ ॥ જીનવિજય કહે મુજ હજો ॥ હું૦ ॥
પંચમી તપ પરિણામ રે ॥ હું૦ ॥ ૭ ॥

॥ કલશ ॥

ઈમ વીર લાયક વિશ્વનાયક, સિદ્ધિ દાયક સંસ્ત-

જ્યો ॥ પંચમી તપ સંસ્તવન ટોડર, ગુંથી જિન-કંઠે ઠવ્યો ॥ પુણ્ય પાટણ ક્ષેત્રમાંહે, સત્તર ત્રાણું સંવત્સરે ॥ શ્રી પાર્શ્વજન્મ કલ્યાણ દિવસે, સકલ ભવિ મંગલ કરે ॥ ૧ ॥

## શ્રી પંચમીની સ્તુતિ.

શ્રાવણ શુદી દિન પંચમીએ, જનમ્યા નેમિજિણંદ તો ॥ શ્યામ વરણ તણું શોભતું એ, મુખ શારદકો ચંદ તો ॥ સહસ વરસ પ્રભુ આઉખું એ, બ્રહ્મચારી ભગવંત તો ॥ અષ્ટ કરમ હેલે હણીએ, પહોતા મુક્તિ મહંત તો ॥ ૧ ॥ અષ્ટાપદ પર આદિ જિન એ, પહોતા મુક્તિ મોઝાર તો ॥ વાસુપૂજ્ય ચંપાપુરીએ, નેમ મુક્તિ ગિરનાર તો ॥ પાવાપુરી નગરીમાં વળી એ, શ્રી વીરતણું નિર્વાણ તો ॥ સમેત શિખર વીશ સિદ્ધ હુઆ એ, શિર વહું તેહની આણ તો ॥ ૨ ॥ નેમનાથ જ્ઞાની હુઆ એ, ભાખે સાર વચન તો; ॥ જીવદયા ગુણ વેલડી એ, કીજે તાસ વચન તો; મૃષા ન બોલો માનવી એ, ચોરી ચિત્ત નિવાર તો ॥ અનંત તીર્થંકર એમ કહે એ, પરહ-

રીએ પરનાર તો ॥ ૩ ॥ ગોમેધ નામે જક્ષ ભલો એ, દેવી શ્રી અંબિકા નામતો ॥ શાસન સાનિધ્ય જે કરે એ, કરે વળી ધર્મનાં કામ તો ॥ તપગચ્છ નાયક ગુણનીલો એ, શ્રી વિજયસેન સૂરિ રાયતો ॥ ઋષભદાસ પાય સેવતાં એ, સફલ કરો અવતારતો ॥ ૪ ॥

## શ્રી અષ્ટમીનું ચૈત્યવંદન.

મહા શુદી આઠમને દિને, વિજયા સુત જાયો; તેમ ફાગણ શુદી આઠમે, સંભવ ચવિ આયો ॥ ॥ ૧ ॥ ચૈતર વદની આઠમે, જનમ્યા ઋષભજિણંદ ॥ દીક્ષા પણ એ દીન લહી, હુઆ પ્રથમ મુનિચંદ ॥ ૨ ॥ માધવ શુદી આઠમ દિને, આઠ કર્મ કર્યાં દૂર ॥ અભિનંદન ચોથા પ્રભુ, પામ્યા સુખ ભરપુર ॥ ૩ ॥ એહીજ આઠમ ઉજલી, જનમ્યા સુમતિ જીણંદ ॥ આઠ જાતિ કલશે કરી, ન્હવરાવે સુર ઇંદ્ર ॥ ૪ ॥ જનમ્યા જેઠ વદી આઠમે, મુનિસુવ્રત સ્વામી ॥ નેમ અષાઢ શુદી આઠમે, અષ્ટમી ગતિ પામી ॥ ૫ ॥ શ્રાવણ વદની આઠમે, નમિ જનમ્યા જગભાણ ॥ તિમ શ્રાવણ શુદી આઠમે, પાસજીનું

નિર્વાણ ॥ ૬ ॥ ભાદરવા વદી **આઠમ** દિને, ચવિયા સ્વામી સુપાસ ॥ જિન ઉત્તમ પદ પદ્મને, સેવ્યાથી શિવવાસ ॥ ૭ ॥

## શ્રી અષ્ટમીનું સ્તવન.

॥ ઢાળ ૧ લી ॥

હાંરે મારે ઠામ ધર્મના સાડા પચ્ચવીસ દેશ જો, દીપેરે તિહાં દેશ મગધ સહુમાં શિરે રે લોલ ॥ હાંરે મારે નયરી તેહમાં, રાજગૃહી સુવિશેષ જો ॥ રાજેરે તિહાં શ્રેણીક, ગાજે ગજપરે રે લોલ ॥ ૧ ॥ હાંરે મારે ગામ નગર પુર પાવન કરતા નાથ જો ॥ વિચરંતા તિહાં આવી, વીર સમોસર્યા રે લોલ ॥ હાં૰ ચઉદ સહસ મુનિવરનો સાથે સાથ જો ॥ સુધા રે તપ સંયમ શિયલે અલંકર્યા રે લોલ ॥ હાં૰ ફુલ્યા રસભર ઝુલ્યા અંબ કદંબજો ॥ જાણું રે ગુણશીલ વન હસી રોમાંચિયો રે લોલ ॥ ૩ ॥ હાં૰ વાયા વાય સુવાસ તિહાં અવલંબીજો ॥ પાસે રે પરિમલ ચિહું પાસે સંચિયો રે લોલ ॥ ૩ ॥ હાં૰ દેવ ચતુર્વિધ આવે કોડાકોડ જો ॥ ત્રિગડુ રે મણિ હેમ રજતનું તે

રચે રે લોલ ।। હાં૦ ચોસઠ સુરપતિ સેવે હોડાહોડ
જો ।। આગે રે રસ લાગે ઇંદ્રાણી નચે રે લોલ ।।
૪ ।। હાં૦ મણિમય હેમ સિંહાસન બેઠા આપજો,
ઢાળે રે સુર ચામર મણિ રત્ને જડયાં રે લોલ ।।
હાં૦ સુણતાં દુંદુંભી નાદ ટળે સવિ તાપ જો ।। વરસે
રે સુર ફુલ સરસ જાનું અડયાં રે લોલ ।। ૫ ।। હાં૦
તાજે તેજે ગાજે ઘન જેમ લુંબજો ।। રાજે રે જિન
રાજે સમાજે ધર્મને રે લોલ ।। હાં૦ નિરખી હરખી
આવે જન મન લુંબજો ।। પોષે રે રસ ન પડે ધોખે
[1]ભર્મને રે લોલ ।। ૬ ।। હાં૦ આગમ જાણી જિનનો
શ્રેણીક રાય જો ।। આવ્યો રે પરિવરિયો હય ગય રથ
[2]પાયગેરે લોલ ।। હાં૦ દેઈ પ્રદક્ષિણા વંદી બેઠો
ઠાય જો ।। સુણવારે જિનવાણી મોટે ભાયગેરે લોલ ।।
૭ ।। હાં૦ ત્રિભુવન નાયક લાયક તવ ભગવંત જો ।।
આણી રે જન કરૂણા ધર્મ કથા કહે રે લોલ ।। હાં૦
સહજ વિરોધ વિસારી જગના જંતુ જો ।। સુણવારે
જીનવાણી મનમાં ગહગહે રે લોલ ।। ૮ ।।

---

૧ આવાગમન. ૨ પાયદળ.

## ॥ ઢાળ ૨ જી. ॥

### વાલમ વહેલા રે આવજો-એ દેશી

વીર જિનવર એમ ઉપદિશે, સાંભળો ચતુર સુજાણ રે ॥ મોહની નિંદમાં કાં પડો, ઓળખો ધર્મના ઠાણ રે ॥ વિરતિએ સુમતિ ધરી આદરો ॥ ૧ ॥ એ આંકણી ॥ પરિહરો વિષય કષાય રે ॥ બાપડા પંચ પરમાદથી, કાં પડો કુગતિમાં ધાર રે ॥ વિ૦ ॥ ॥ ૨ । કરી શકો ધર્મ કરણી સદા, તો કરો એહ ઉપદેશ રે ॥ સર્વ કાળે કરી નવિ શકો, તો કરો પર્વ સુવિશેષ રે ॥ વિ૦ ॥ ૩ ॥ જુજૂઆ પર્વષટનાં કહ્યાં, ફલ ઘણાં આગમે જોય રે ॥ વચન અનુસારે આરાધતાં, સર્વથા સિદ્ધિ ફલ હોય રે ॥ વિ૦ ॥ ૪ ॥ જીવને આયુ પરભવ તણો, તિથિ દિને બંધ હોય પ્રાણ રે ॥ તેહ ભણી એહ આરાધતાં, પ્રાણીઓ સદ્‌ગતિ જાય રે ॥ વિ૦ ॥ ૫ ॥ તેહવે અષ્ટમી ફલ તિહાં, પૂછે ગૌતમ સ્વામી રે ॥ ભવિક જીવ જાણવા કારણે, કહે વીર પ્રભુ તામ રે ॥ વિ૦ ॥ ૬ ॥ અષ્ટ મહા સિદ્ધિ હોય એહથી, સંપદા

આઠની વૃદ્ધિ રે ॥ બુદ્ધિના આઠ ગુણ સંપજે, એહથી આઠ ગુણ સિદ્ધિ રે. વિ૦ ॥ ૭ ॥ લાભ હોય આઠ પડિહારનો, આઠ પવયણ ફળ હોય રે ॥ નાશ અષ્ટ કર્મનો મુળથી, અષ્ટમીનું ફળ જોય રે ॥ વિ૦ ॥૮॥ આદિ જિન જન્મ દીક્ષા તણો, અજિતનો જન્મ કલ્યાણ રે ॥ ચ્યવન સંભવતણો એહ તિથે, અભિનંદન નિરવાણ રે ॥ વિ૦ ॥ ૯ ॥ સુમતિ સુવ્રત નમિ જનમિયા, નેમનો મુક્તિ દિન જાણ રે ॥ પાસ જિન એહ તિથે સિદ્ધિયા, સાતમા જિન ચ્યવન માણ રે. વિ૦ ॥ ૧૦ ॥ એહ તિથિ સાધતો રાજીઓ, દંડ વીરજ લહ્યો મુકિત રે ॥ કર્મ હણવા ભણી અષ્ટમી, કહે સૂત્ર નિર્યુકિત રે ॥ વિ૦ ॥ ૧૧ ॥ અતીત અનાગત કાળના, જિનતણાં કેઈ કલ્યાણ રે ॥ એહ તિથે કરે વળી ઘણા સંયમી, પામશે પદ નિર્વાણ રે ॥ વિ૦ ॥ ૧૨ ॥ ધર્મ વાસિત પશુ પંખિયા, એહ તિથે ઉપવાસ રે ॥ વ્રતધારી જીવ પોસહ કરે, જેહને ધર્મ અભ્યાસ રે ॥ વિ૦ ॥ ૧૩॥ ભાખીયો વીરે આઠમ તણો, ભવિક હિત એહ અધિકાર રે ॥

જિન મુખે ઉચ્ચરે પ્રાણીયા, પામશે ભવ તણો પાર રે ॥ વિ૦ ॥ ૧૪ ॥ એહથી સંપદા સવિ લહે, ટળે કષ્ટની ક્રોડ રે ॥ સેવજો શિષ્ય બુધ પ્રેમનો, કહે કાંતિ કરજોડ રે ॥ વિ૦ ॥ ૧૫ ॥

## ॥ કળશ ॥

એમ ત્રિજગ ભાસન અચલ શાસન, વર્દ્ધમાન જિનેશ્વરૂ ॥ બુધ પ્રેમ ગુરૂ સુપસાય પામી, સંથુણ્યો અલવેસરૂ ॥ જિન ગુણ પ્રસંગે ભણ્યો રંગે, સ્તવન એ આઠમ તણો ॥ જે ભવિક ભાવે સુણે ગાવે; કાંતિ સુખ પાવે ઘણો. ૧

## શ્રી અષ્ટમીની સ્તુતિ.

મંગળ આઠમ કરી જસ આગળ, ભાવ ધરી [1]સુરરાજજી ॥ આઠ જાતિના કળશ કરીને, ન્હવરાવે જિનરાજજી ॥ વીર જિનેશ્વર જન્મ મહોત્સવ, કરતાં શિવ સુખ સાધેજી ॥ આઠમનું તપ કરતાં અમ ઘર, મંગલ કમલા વાધેજી ॥ ૧ ॥ અષ્ટ કરમ વયરી ગજ-

૧ ઇંદ્ર.

ગંજન, અષ્ટાપદ પરે બલીયાજી ॥ આઠમે આઠ સુરૂપ વિચારી, મદ આઠે તસ ગલીયાજી ॥ અષ્ટમી ગતિ પરે પહોંતા જિનવર, ફરસ આઠ નહીં અંગજી ॥ આઠમનું તપ કરતાં અમ ઘર, નિત્ય નિત્ય વાધે રંગજી ॥ ૨ ॥ પ્રાતિહારજ આઠ બિરાજે, સમવસરણ જિન રાજેજી ॥ આઠમે આઠ સુઆગમ ભાખી, ભવિ સંશય ભાંજેજી ॥ આઠ જે પ્રવચનની માતા, પાળે નિરતિચારેજી ॥ આઠમને દિન અષ્ટ પ્રકારે, જીવ દયા ચિત્ત ધારેજી ॥ ૩ ॥ અષ્ટ પ્રકારી પૂજા કરીને, માનવ ભવ ફલ લીજેજી ॥ સિદ્ધાઈ દેવી જિન વર સેવી, અષ્ટ મહાસિદ્ધિ દીજેજી ॥ આઠમનું તપ કરતાં લીજે, નિર્મલ કેવલજ્ઞાનજી ॥ ધીરવિમલ કવિ સેવક નય કહે, તપથી કોડ કલ્યાણજી ॥ ૪ ॥

## શ્રી એકાદશીનું ચૈત્યવંદન

શાસન નાયક વીરજી, પ્રભુ કેવળ પાયો; સંઘ ચતુર્વિધ સ્થાપવા, મહસેન વન આયો ॥ ૧ ॥ [1]માધવ સિત એકાદશી, સોમલ દ્વિજ યજ્ઞ ॥ ઇંદ્રભૂતિ

૧ વૈશાખ શુદ

આદે મળ્યા, એકાદશ વિપ્ર ॥ ૨ ॥ એકાદશસેં ચઉ ગુણો, તેહનો પરિવાર ॥ વેદ અર્થ અવળો કરે, મન અભિમાન અપાર ॥ ૩ ॥ જીવાદિક સંશય હરીએ, એકાદશ ગણધાર ॥ વીરે થાપ્યા વંદીએ, જિન શાસન જયકાર ॥૩॥ મલ્લી જન્મ અર મલ્લી પાસ, વર ચરણ વિલાસી ॥ ઋષભ અજિત સુમતિ નમિ, મલ્લી ઘન-ઘાતિ વિનાશી ॥ ૫ ॥ પદ્મપ્રભ શિવવાસ પાશ, ભવ ભવના તોડી ॥ એકાદશી દિન આપણી, ઋદ્ધિ સઘળી જોડી ॥ ૬ ॥ દશ ક્ષેત્રે ત્રિહું કાળનાં, ત્રણશેં કલ્યાણ ॥ વરસ અગ્યાર એકાદશી, આરાધો વર નાણ ॥૭॥ અગીયાર અંગ લખાવીએ, એકાદશ પાઠાં ॥ પુંજણી ઠવણી વિંટણી, મશી કાગલ કાઠાં ॥ ૮ ॥ અગીયાર અવ્રત છાંડવા એ, વહો પડિમા અગીયાર ॥ ખીમા-વિજય જિન શાસને, સફલ કરો અવતાર ॥ ૯ ॥

## શ્રી એકાદશીનું સ્તવન.

જગપતિ નાયક નેમિ જિણંદ, દ્વારિકા નયરી સમોસર્યા ॥ જગપતિ વંદવા કૃષ્ણ નરિંદ, જાદવ કોડશું પરિવર્યા ॥ ૧ ॥ જગપતિ ધીગુણ ફૂલ અમુલ,

[1]ભકિત ગુણે માલા રચી ॥ જગપતિ પૂજી પૂછે કૃષ્ણ, ક્ષાયિક સમકિત શિવરૂચિ ॥ ૨ ॥ જગપતિ ચારિત્ર ધર્મ અશક્ત, રક્ત આરંભપરિગ્રહે ॥ જગપતિ મુજ આતમ ઉદ્ધાર, કારણ તુમ વિણ કોણ કહે ॥ ૩ ॥ જગપતિ તુમ સરીખો મુજ નાથ, માથે ગાજે ગુણનીલો ॥ જગપતિ કોઈ ઉપાય બતાવ, જેમ કરે શિવવધુ કંતલો ॥ ૪ ॥ નરપતિ ઉજ્જવલ માગશિર માસ, આરાધો એકાદશી ॥ નરપતિ એકસો ને પચાસ, કલ્યાણક તિથિ ઉલ્લસી ॥ ૫ ॥ નરપતિ દશ ક્ષેત્રે ત્રણ કાળ, ચોવીશી ત્રીશે મળી ॥ નરપતિ નેવું જિ-જિનનાં કલ્યાણ, વિવરી કહું આગળ વળી ॥ ૬ ॥ નરપતિ અર દીક્ષા નમિ નાણ, મલ્લી જન્મ વ્રત કેવલી ॥ નરપતિ વર્તમાન ચોવીશી, માંહે કલ્યાણક આ ફળી ॥ ૭ ॥ નરપતિ મૌનપણે ઉપવાસ, દોઢસો જપમાલા ગણો; નરપતિ મન વચ કાય પવિત્ર, ચરિત્ર સુણો સુવ્રત તણો ॥ ૮ ॥ નરપતિ [2]દાહિણ ધાતકી ખંડ, પશ્ચિમ દિશે [3]ઈષુકારથી ॥ નરપતિ

---

૧ ભક્તિરૂપી દોરાથી ૨ દક્ષિણ. ૩ ઈષુકારપર્વતથીપશ્ચિમે

વિજય પાયાયું અભિધાન, આવ્યો નૃપ પ્રજાપાળણી ॥ ૯ ॥ નરપતિ નારી ચંદ્રાવતી તાસ, ચંદ્રમુખી ગજગામિની ॥ નરપતિ શ્રેષ્ઠી શૂર વિખ્યાત, શીયળ સલીલા કામિની ॥ ૧૦ ॥ નરપતિ પુત્રાદિક પરિવાર, સાર ભૂષણ ચીવર ધરી ॥ નરપતિ જાયે નિત્ય જિનગેહ, નમન સ્તવન પૂજા કરે ॥ ૧૧ ॥ નરપતિ પોષે પાત્ર સુપાત્ર, સામાયિક પોસહ કરે ॥ નરપતિ દેવવંદન આવશ્યક, કાલ વેળાએ અનુસરે ॥ ૧૨ ॥

## ॥ ઢાળ બીજી ॥

એક દિન પ્રણમી પાય, સુવ્રત સાધુ તણા રી ॥ વિનવે વિનવે શેઠ, મુનિવર કરી કરૂણા રી ॥ ૧ ॥ દાખો મુજ દીન એક, થોડો પુણ્ય કીયો રી ॥ વાધે જિમ વડ બીજ, શુભ અનુબંધી થયો રી ॥ ૨ ॥ મુનિ ભાખે મહાભાગ્ય, પાવન પર્વ ઘણા રી ॥ એકાદશી સુવિશેષ, તેહમાં સુણ સુભ નારી ॥ ૩ ॥ સિત એકાદશી સેવ, માસ અગ્યાર લગેરી ॥ અથવા વરસ અગ્યાર, ઉજવી તપશું વગે રી ॥ ૪ ॥ સાંભળી સહુ સુર વેણ, આનંદ અતિ ઉલસ્યો રી ॥ તપ લેવી ઉજ-

વીય, આરણ્ સ્વર્ગે વસ્યો રી ॥ ૫ ॥ એકવીશ સાગર આય, પાળી પુણ્ય વસે રી ॥ સાંભળ કેશવ રાય, આગળ જેહ થશે રી ॥ ૬ ॥ સૌરીપુરીમાં શેઠ સમૃદ્ધદત્ત વડો રી ॥ પ્રીતિમતી પ્રિયા તાસ, પુણ્ય જોગ જડ્યો રી ॥ ૭ ॥ તસ કુખે અવતાર, સૂચિત શુભ સ્વપને રી ॥ જનમ્યો પુત્ર પવિત્ર, ઉત્તમ ગ્રહ શકુને રી ॥ ૮ ॥ નાલ નિક્ષેપ નિધાન, ભુમિથી પ્રગટ હવો રી ॥ ગર્ભ દોહદ અનુભાવ, સુવ્રત નામ ઠવ્યોરી ॥ ૯ ॥ બુદ્ધિ ઉત્તમ ગુરૂ જોગ, શાસ્ત્ર અનેક ભણ્યો રી ॥ યૌવન વય અગીયાર, રૂપવંતી પરણ્યો રી ॥ ૧૦ ॥ જિનપુજન મુનિદાન, સુવ્રત પચ્ચખ્ખાણ ધરે રી ॥ અગીયાર કંચન કોડ, નાયક પુણ્ય ભરે રી ॥ ૧૧ ॥ ધર્મઘોષ અણગાર, તિથિ અધિકાર કહે રી ॥ સાંભળી સુવ્રત શેઠ, જાતિસ્મરણ લહે રી ॥ ૧૨ ॥ જિન પ્રત્યય મુનિ શાખ, ભક્તે તપ ઉચ્ચરે રી ॥ એકાદશી દિન આઠ, પહોરો પોસો ધરે રી ॥ ૧૩ ॥

## ॥ ઢાળ ત્રીજી ॥

પત્ની સંયુત પોસહ લીધો, સુવ્રત શેઠે અન્ય-

દાજી ॥ અવસર જાણી તસ્કર આવ્યા, ઘરમાં ધન લુટે તદાજી ॥ ૧ ॥ શાસન ભકતે દેવી શકતે, થંભાણા તે બાપડાજી ॥ કોલાહલ સુણી કોટવાળ આવ્યો, ભૂપ આગળ ધર્યાં રાંકડાજી ॥ ૨ ॥ પોસહ પારી દેવ જુહારી દયાવંત લેઈ ભેટણાંજી ॥ રાયને પ્રણમી ચોર મુકાવી, શેઠે કીધાં પારણાંજી ॥ ॥ ૩ ॥ અન્ય દિવસ વિશ્વાનર લાગ્યો, સોરીપુરમાં આકરોજી ॥ શેઠજી પોસહ સમરસ બેઠા, લોક કહે હઠ કાં કરોજી ॥ ૪ ॥ પુણ્યે હાટ વખારો શેઠની, ઉગરી સૌ પ્રશંસા કરેજી ॥ હરખે શેઠજી તપ ઉજમણું, પ્રેમદા સાથે આદરેજી ॥ ૫ ॥ પુત્રને ઘરનો ભાર ભળાવી, સંવેગી શિર સેહરોજી ॥ ચઉનાણી વિજય શેખરસૂરી, પાસે તપ વ્રત આદરેજી ॥ ૬ ॥ એક ખટ માસી ચાર ચઉમાસી, દોસય છઠ્ઠ સો અઠ્ઠમ કરેજી ॥ બીજાં તપ પણ બહુશ્રુત સુવ્રત, મૌન એકાદશી વ્રત ધરેજી ॥ ૭ ॥ એક અધમ સુર મિથ્યા દ્રષ્ટિ, દેવતા સુવ્રત સાધુનેજી ॥ પૂર્વોપાર્જિત કર્મ ઉદેરી, અંગે વધારે વ્યાધિનેજી ॥ ૮ ॥ કર્મે

નડીયો પાપે જડીયો, સુર કહે જાઓ ઔષધ ભણીજી ॥ સાધુ ન જાયે રોષ ભરાયે, પાટુ પ્રહારે હણ્યો મુનિજી ॥ ૯ ॥ મુનિ વન વચ કાય ત્રિયોગે, ધ્યાન અનલ દહે કર્મનેજી ॥ કેવલ પામી જિત મદ રામી, સુવ્રત નેમ કહે શ્યામનેજી ॥ ૧૦ ॥

## ॥ ઢાળ ચોથી ॥

કાન પયંપે નેમને એ, ધન્ય ધન્ય યાદવ વંશ; જિહાં પ્રભુ અવતર્યા એ ॥ મુજ મન માનસ હંસ, જયો જિન નેમને એ ॥ ૧ ॥ ધન્ય શિવાદેવી માવડી એ, સમુદ્રવિજય ધન્ય તાત ॥ સુજાત જગત ગુરૂએ, રત્નત્રયી અવદાત ॥ જયો૦ ॥ ૨ ॥ ચરણ વિરાધી ઉપનો એ, હું નવમો વાસુદેવ ॥ જયો૦ ॥ તિણે મન નવી ઉલ્લસે એ, ચરણ ધરમની સેવા ॥ જયો૦ ॥ ૩ ॥ હાથી જેમ કાદવ કળ્યો એ, જાણું ઉપાદેય હેય ॥ જયો૦ ॥ તો પણ હું ન કરી શકું એ, દુષ્ટ કર્મનો ભેય ॥ ॥ જયો૦ ॥ ૪ ॥ પણ શરણું બળીયા તણું એ, કીજે સીઝે કાજ ॥ જયો૦ ॥ એહવાં વચનને સાંભળી એ, બાંહે ગ્રહ્યાની લાજ ॥

જયો૦ ॥ ૫ ॥ નેમ કહે એકાદશી એ, સમકિત યુત આરાધ ॥ જયો૦ ॥ થાઈશ જિનવર બારમો એ, ભાવિ ચોવીશી એ લદ્ધ ॥ જયો૦ ॥ ૬ ॥

## ॥ કલશ ॥

ઇમ નેમિ જિનવર, નિત્ય પુરંદર, રેવતાચલ મંડણો ॥ બાણ નવ મુનિ ચંદ વરસે, રાજનગરે સંથુણ્યો ॥ સંવેગ રંગ તરંગ જલનિધિ, સત્યવિજય ગુરૂ અનુસરી ॥ કપુરવિજય કવિ, ક્ષમાવિજય ગણિ, જિનવિજય જયસિરિ વરી ॥ ૧ ॥

## શ્રી એકાદશીની સ્તુતિ.

એકાદશી અતિ રૂઅડી, ગોવિંદ પુછે નેમ ॥ કોણ કારણ એ પર્વ મહોટું, કહો મુજશું તેમ ॥ જિનવર કલ્યાણક અતિ ઘણાં, એકસો ને પચાસ ॥ તેણે કારણ એ પર્વ મહોટું, કરો મૌન ઉપવાસ ॥ ૧ ॥ અગીયાર શ્રાવક તણી પડિમા, કહે તે જિનવર દેવ ॥ એકાદશી એમ અધિક સેવો, વન ગજા જિમ રેવ ॥ ચોવીશ જિનવર સયલ સુખકર, જેસા સુરતરૂ ચંગ ॥ જેમ ગંગ નિર્મલ નીર જેહવો, કરો જિનશું રંગ ॥ ૨ ॥ અગીયાર અંગ

લખાવીએ, અગીયાર પાઠાં સાર ॥ અગીયાર ફવલી વિંટણાં, ઠવણી પુંજણી સાર ॥ ચાબખી ચંગી વિવિધ રંગી, શાસ્ત્ર તણે અનુસાર ॥ એકાદશી એમ ઉજવો, જેમ પામીયે ભવપાર ॥ ૩ ॥ વર કમલ નયણી કમલ વયણી, કમલ સુકોમલ કાય ॥ ભુજ દંડ ચંડ અખંડ જેહને, સમરતાં સુખ થાય ॥ એકાદશી એમ મન વસી, ગણી હર્ષ પંડિત શિષ્ય ॥ શાસન દેવિ વિઘ્ન નિવારો, સંઘ તણાં નિશ દિશ ॥ ૪ ॥

## શ્રી દેવચંદ્રજી કૃત ચોવિશી.

### શ્રી ઋષભદેવ સ્વામીનું સ્તવન.

ઋષભ જિણંદશુ પ્રીતડી, કીમ કીજે હો કહો ચતુર વિચાર; પ્રભુજી જઈ અલગા વસ્યા, તિહાં કિણે નવિ હો કોઈ વચન ઉચ્ચાર ॥ ઋષભ૦ ॥ ૧ ॥ કાગળ પણ પહોંચે નહિ, નવી પહોંચે હો તીહાં કો પરધાન; જે પહોંચે તે તુમ સમો, નવી ભાખે હો કોઈનું વ્યવધાન ॥ ઋષભ૦ ॥ ૨ ॥ પ્રીતિ કરે તે રાગીયા, જિનવરજી હો તુમે તો વીતરાગ, પ્રીતડી જેહ અરાગીથી, ભેલવવી હો તે લોકોત્તર

માર્ગ ॥ ઋષભ૦ ॥ ૩ ॥ પ્રીતિ અનાદિની વિષ ભરી, તે રીતે હો કરવા મુજ ભાવ, કરવી નિર્વિષ પ્રીતડી, કિણ ભાંતે હો કહો બને બનાવ ॥ ઋષભ૦ ॥ ૪ ॥ પ્રીતિ અનંતી પર થકી, જે તોડે હો તે જોડે એહ; પરમ પુરૂષથી રાગતા, એકત્વતા હો દાખી ગુણ ગેહ ॥ ઋષભ૦ ॥ ૫ ॥ પ્રભુજીને અવલંબતાં, નિજ પ્રભુતા હો પ્રગટે ગુણરાશ; દેવચંદ્રની સેવના, આપે મુજ હો અવિચલ સુખવાસ ॥ ઋષભ૦ ॥ ૬ ॥

## ૨ શ્રી અજિતનાથ જિન સ્તવન

( દેખો ગતિ દૈવની રે—એ દેશી. )

જ્ઞાનાદિક ગુણસંપદારે, તુજ અનંત અપાર; તે સાંભળતાં ઉપનીરે, રૂચી તેણે પાર ઉતાર અજિત જિન તારજોરે, તારજો દીન દયાળ ॥ અજિત૦ ॥ ૧ ॥ એ આંકણી ॥ જે જે કારણ જેહનું રે, સામગ્રી સંયોગ; મળતાં કારજ નીપજે રે, કર્ત્તા તણે પ્રયોગ ॥ અજિત૦ ॥ ૨ ॥ કાર્ય સિદ્ધિ કર્ત્તા વસુરે, લહી કારણ સંયોગ; નિજ પદ કારક પ્રભુ મીલ્યારે, હોય નિમિત્તહ ભોગ ॥ અજિત૦ ॥ ૩ ॥

અજકુલગત કેસરી લહેરે, નિજ પદ સિંહ નિહાળ; તિમ પ્રભુ ભકતે ભવી લહેરે આતમ શકિત સંભાળ ॥ અજિત૦ ॥ ૪ ॥ કારણ પદ કર્તાપણે રે, કરી આરોપ અભેદ, નિજપદ અરથી પ્રભુ થકી રે, કરે અનેક ઉમેદ ॥ અજિત૦ ॥ ૫ ॥ એહવા પરમાતમ પ્રભુરે, પરમાનંદ સ્વરૂપ; સ્યાદવાદ સત્તા રસીરે, અમલ અખંડ અનુપ ॥ અજીત૦ ॥ ૬ ॥ આરોપિત સુખ ભ્રમ ટળ્યો રે, ભાસ્યો અવ્યાબાધ; સમર્યું અભિલાષીપણું રે; કર્ત્તા સાધન સાધ્ય ॥ અજિત૦ ॥ ૭ ॥ ગ્રાહકતા સ્વામીત્વતારે; વ્યાપક ભોકતા ભાવ; કારણતા કારજ દશારે, સકલ ગ્રહ્યું નિજભાવ ॥ ॥ અજિત૦ ॥ ૮ ॥ શ્રદ્ધા ભાસન રમણતારે, દાનાદિક પરીણામ; સકલ થયા સત્તારસીરે, જિનવર દરીસણ પામ ॥ અજિ૦ ॥ ૯ ॥ તિણે નિર્યામક માહણોરે, વૈદ્ય ગોપ આધાર; દેવચંદ્ર સુખસાગરૂરે, ભાવ ધરમ દાતાર ॥ અજિત૦ ॥ ૧૦ ॥

### ૩ શ્રી સંભવનાથ જિન સ્તવન

( ધણરા ઢોલા—એ દેશી. )

શ્રી સંભવ જિનરાજજીરે, તાહરૂં અકલ સ્વરૂપ,

જિનવર પૂજો; સ્વપર પ્રકાશક દિનમણિરે, સમતા રસનો ભૂપ, ॥ જિનવર૦ ॥ ૧ ॥ પૂજો પૂજો રે ભવિક જન પૂજો, પ્રભુ પૂજ્યા પરમાનંદ ॥ જિન૦ ॥ એ આંકણી ॥ અવિસંવાદ નિમિત્ત છો રે, જગત જંતુ સુખ કાજ ॥ જિન૦ હેતુ સત્ય બહુમાન-થી રે, જિન સેવ્યા શિવરાજ ॥ જિન૦ ॥ ૨ ॥ ઉપા-દાન આતમ સહી રે, પુષ્ટાલંબન દેવ ॥ જિન૦ ॥ ઉપાદાન કારણપણેરે, પ્રગટ કરે પ્રભુ સેવ ॥ જિન૦ ॥ ૩ ॥ કાર્ય ગુણ કારણપણે રે, કારણ કાર્ય અનૂપ; જિન૦ ॥ સકલ સિદ્ધતા તાહરીરે, માહરે સાધન રૂપ ॥ જિન૦ ॥ ૪ ॥ એકવાર પ્રભુ વંદનારે, આગમ રીતે થાય ॥ જિન૦ ॥ કારણ પ્રત્યે કાર્યનીરે, સિદ્ધિ પ્રતીત કરાય ॥ જિન૦ ॥ ૫ ॥ પ્રભુપણે પ્રભુ ઓળખીરે, અમલ વિમલ ગુણ ગેહ ॥ જિન૦ ॥ સાધ્યદૃષ્ટિ સાધકપણેરે, વંદે ધન્ય નર તેહ ॥ જિન૦ ॥ ૬ ॥ જન્મ કૃતારથ તેહનોરે, દિવસ સફલ પણ તાસ ॥ જિન૦ ॥ જગત શરણ જિન ચરણનેરે, વંદે ધરીય ઉલ્લાસ ॥ જિન૦ ॥ ૭ ॥ નિજ સત્તા નિજ

ભવાથીરે, ગુણ અનંતનું ઠાણ ॥ જિન૦ ॥ દેવચંદ્ર જિનરાજજીરે; શુદ્ધ સિદ્ધિ સુખ ખાણ ॥ જિન૦ ॥ ૮ ॥

## ૪ શ્રી અભિનંદન જિન સ્તવન

કયું જાણું કયું બની આવશે, અભિનંદન-રસ રીતિ હો મિત્ત; પુદ્ગલ અનુભવ ત્યાગથી, કરવી જસુ પરતીત હો મિત્ત ॥ કયું૦ ॥ ૧ ॥ પરમાતમ પરમેશ્વરૂ, વસ્તુગતે તે અલિપ્ત હો મિત્ત; દ્રવ્યે દ્રવ્ય મીલે નહીં, ભાવે તે અન્ય અવ્યાપ્ત હો મિત્ત ॥ કયું૦ ॥ ૨ ॥ શુભ સ્વરૂપ સનાતનો; નિર્મલ જે નિઃસંગ હો મિત્ત; આત્મ વિભુતિ પરિણમ્યો; ન કરે તે પરસંગ હો મિત્ત ॥ કયું૦ ॥૩ ॥ પણ જાણું આગમ બળે, મીલવું તુમ પ્રભુ સાથ હો મિત્ત; પ્રભુ તો સ્વસંપત્તિમયી, શુદ્ધ સ્વરૂપનો નાથ હો મિત્ત ॥ કયું૦ ॥ ૪ ॥ પર પરિણામિકતા અછે, જે તુજ પુદ્ગલ જોગ હો મિત્ત; જડ ચલ જગની એંઠનો, ન ઘટે તુજને ભોગ હો મિત્ત ॥ કયું૦ ॥૫॥ શુદ્ધ નિમિત્તિ પ્રભુ ગ્રહો, કરી અશુદ્ધ પર હેય હો મિત્ત; આત્માલંબી ગુણ લહી, સહુ સાધકનો ધ્યેય

હો મિત્ત ॥ કયું૦ ॥ ૬ ॥ જીમ જિનવર આલંબને, વધે સધે એક તાન હો મિત્ત; તીમ તીમ આત્મા-લંબની, ગ્રહે સ્વરૂપ નિદાન હો મિત્ત ॥ કયું૦ ॥ ૭॥ સ્વ સ્વરૂપ એકત્વતા, સાધે પુર્ણાનંદ હો મિત્ત; રમે ભોગવે આતમા, રત્નત્રયી ગુણવૃંદ હો મિત્ત ॥ કયું૦ ॥ ૮ ॥ અભિનંદન અવલંબને, પરમાનંદ વિલાસ હો મિત્ત; દેવચંદ્ર પ્રભુ સેવના, કરી અનુભવ અભ્યાસ હો મિત્ત ॥ કયું૦ ૯ ॥

## ૫ શ્રી સુમતિનાથ જિન સ્તવન.

( દેશી કડખાની )

અહો શ્રી સુમતિ જિન શુદ્ધતા તાહરી, સ્વ ગુણ પર્યાય પરિણામ રામી; નિત્યતા એકતા અ-સ્તિતા ઈતરયુત, ભોગ્ય ભોગી થકો પ્રભુ અકામી ॥ અહો૦ ॥ ૧ ॥ ઉપજે વ્યય લહે તહવિ તેહવો રહે, ગુણ પ્રમુખ બહુલતા તહવિ પિંડી; આત્મભાવે રહે અપરતા નવી ગ્રહે, લોક પ્રદેશ મિત પણ અખંડી ॥ અહો૦ ॥ ૨ ॥ કાર્ય કારણપણે પરિ-ણમે તહવિ ધ્રુવ; કાર્ય ભેદે કરે પણ અભેદી, કર્તૃતા

પરિણમે નવ્યતા નવી રમે, સકલવેત્તા થકો પણ અવેદી ॥ અહો૦ ॥ ૩ ॥ શુદ્ધતા બુદ્ધતા દેવ પરમાત્મતા, સહજ નિજ ભાવ ભોગી અયોગી; સ્વ પર ઉપયોગી તાદાત્મ્ય સત્તારસી, શક્તિ પ્રયુંજતો ન પ્રયોગી ॥ અહો૦ ॥ ૪ ॥ વસ્તુ નિજ પરિણતે સર્વ પરિણામકી, એટલે કોઈ પ્રભુતા ન પામે; કરે જાણે રમે અનુભવે તે પ્રભુ, તત્ત્વ સ્વામિત્વ શુચિ તત્ત્વ ધામે ॥ અહો૦ ॥ ૫ ॥ જીવ નવી પુગ્ગલી નૈવ પુગ્ગલ કદા, પુગ્ગલાધાર નહી તાસ રંગી; પર તણો ઈશ નહી અપર ઐશ્વર્યતા, વસ્તુ ધર્મે કદી ન પ્રસંગી ॥ અહો૦ ॥ ૬ ॥ સંગ્રહે નહી આપે નહી પરભણી, નવિ કરે આદરે ન પર રાખે; શુદ્ધ સ્યાદ્વાદ નીજ ભાવ ભોગી જિકે, તેહ પરભાવને કેમ ચાખે ॥ અહો૦ ૭ ॥ તાહરી શુદ્ધતા ભાસ આશ્ચર્યથી, ઉપજે રૂચિ તેણે તત્ત્વ ઈહે; તત્ત્વરંગી થયો દોષથી ઉભગ્યો; દોષ ત્યાગે ઢલે તત્ત્વ લીહે ॥ અહો૦ ॥ ૮ ॥ શુદ્ધ માર્ગે વધ્યો સાધ્ય સાધન સધ્યો, સ્વામી પ્રતિછંદે સત્તા આરાધે; આત્મ નિષ્પત્તિ તીમ સાધના

નવી ટકે, વસ્તુ ઉત્સર્ગ આતમ સમાધે ॥ અહો૦ ॥૯॥ માહરી શુદ્ધ સત્તા તણી પૂર્ણતા, તેહનો હેતુ પ્રભુ તું હે સાચો; દેવચંદ્ર સ્તવ્યો મુનિ ગણે અનુભવ્યો, તત્ત્વ ભકતે ભવિક સકલ રાચો ॥ અહો૦ ॥ ૧૦ ॥

## ૬ શ્રી પદ્મપ્રભ જિન સ્તવન.

( હું તુજ આગલ શી કહું કેસરીયાલાલ—એ દેશી. )

શ્રી પદ્મપ્રભ જિન ગુણ નિધિરે લાલ, જગ તારક જગદીશરે વાલેસર; જિન ઉપગાર થકી લહેરે લાલ, ભવિજન સિદ્ધિ જગીશરે ॥ વાલેસર૦ ॥૧॥ તુજ દરિસણ મુજ વાલહુંરે લાલ, દરિસણ શુદ્ધ પવિત્તરે ॥ વા૦ ॥ દરિસણ શબ્દનયે કરેરે લાલ, સંગ્રહ એવંભૂતરે ॥ વા૦ ॥ તુ૦ ॥ ૨ ॥ બીજે વૃક્ષ અનંતતારે લાલ, પસરે ભૂ જલ યોગ રે ॥ વા૦ ॥ તીમ મુજ આતમ સંપદારે લાલ, પ્રગટે પ્રભુ સંયોગરે ॥ વા૦ ॥ તુ૦ ॥ ૩ ॥ જગત જંતુ કારજ રૂચિરે લાલ, સાધે ઉદયે ભાણરે ॥ વા૦ ॥ ચિદાનંદ સુવિલાસતારે લાલ, વાધે જિનવર જાણરે ॥ વા૦ ॥ તુ૦ ॥ ૪ ॥ લબ્ધિ સિદ્ધિ મંત્રાક્ષરે રે લાલ, ઉપજે

સાધન સંગરે ॥ વા૦ ॥ સહજ અધ્યાતમ તત્ત્વતારે લાલ, પ્રગટે તત્ત્વી રંગરે ॥ વા૦ ॥ તુ૦ ॥ ૫ ॥ લોહ ધાતુ કંચન હુવેરે લાલ, પારસ ફરસન પામીરે ॥ વા૦ પ્રગટે અધ્યાતમ દશારે લાલ, વ્યક્ત ગુણી ગુણ ગ્રામરે ॥ વા૦ ॥ તુ૦ ॥ ૬ ॥ આત્મસિદ્ધિ કારજ ભણીરે લાલ, સહજ નિયામક હેતુરે ॥ વા૦ ॥ નામાદિક જિનરાજનાંરે લાલ, ભવસાગરમાંહે સેતુરે ॥ વા૦ ॥ તુ૦ ॥ ૭ ॥ સ્થંભન ઈંદ્રિય યોગનોરે લાલ, રક્ત વર્ણ ગુણ રાયરે ॥ વા૦ ॥ દેવચંદ્ર વૃંદે સ્તવ્યોરે લાલ, આપ અવર્ણ અકાયરે ॥ વા૦ ॥ તુ૦ ॥૮॥

## ૭ શ્રી સુપાર્શ્વનાથ જિન સ્તવન.

( હો સુંદર ! તપ સરીખો જગ કો નહીં - એ દેશી. )

શ્રી સુપાસ આનંદમેં, ગુણ અનંતનો કંદ હો ॥ જિનજી૦ ॥ જ્ઞાનાનંદે પુરણો, પવિત્ર ચરિત્રાનંદ હો ॥ જિ૦ શ્રીસુપાસ૦ ॥૧॥ સંરક્ષણ વિણ નાથ છો, દ્રવ્ય વિના ધનવંત હો. જિ૦ ॥ કર્તા પદ કિરિયા વિના, સંત અજેય અનંત હો ॥ જિ૦ શ્રીસુ૦ ॥૨॥ અગમ અગોચર અમર તું, અવ્યય ઋદ્ધિ સમુહ હો

જિ૦ ॥ વર્ણ ગંધ રસ ફરસવિણુ, નિજ ભોક્તા ગુણ વ્યુહ હો ॥ જિ૦ શ્રીસુ૦ ॥ ૩ ॥ અક્ષય દાન અચિંતના, લાભ અયત્ને ભોગ હો જિ૦ ॥ વીર્ય શક્તિ અપ્રયાસતા, શુદ્ધ સ્વગુણ ઉપભોગ હો ॥ જિ૦ શ્રીસુ૦ ॥ ૪ ॥ એકાંતિક આત્યંતિકો, સહજ અકૃત સ્વાધીન હો જિ૦ ॥ નિરૂપચરિત નિદ્વંદ્વ સુખ, અન્યઅહેતુક પીન હો ॥ જિ૦ શ્રીસુ૦ ॥ ૫ ॥ એક પ્રદેશે તાહરે, અવ્યાબાધ સમાય હો જિ૦ ॥ તસુ પર્યાય અવિભાગતા, સર્વાકાશ ન માય હો ॥ જિ૦ શ્રીસુ૦ ॥ ૬ ॥ એમ અનંત ગુણનો ધણી, ગુણ ગુણનો આનંદ હો જિ૦ ॥ ભોગ રમણ આસ્વાદ યુત, પ્રભુ તું પરમાનંદ હો ॥ જિ૦ શ્રીસુ૦ ॥ ૭ ॥ અવ્યાબાધ રૂચિ થઈ, સાધે અવ્યાબાધ હો જિ૦ ॥ દેવચંદ્રપદ તે લહે, પરમાનંદ સમાધ હો ॥ જિ૦ શ્રી૦ ॥ ૮ ॥

## ૮ શ્રી ચંદ્રપ્રભ જિન સ્તવન.

( શ્રી શ્રેયાંસ જિન અંતરજામી—એ દેશી. )

શ્રી ચંદ્રપ્રભ જિનપદ સેવા, હેવાએ જે હલીયાજી; આતમ ગુણ અનુભવથી મલીયા, તે ભવ ભયથી

રસીયાજી ॥ શ્રી ચંદ્રપ્રભ૦ ॥ ૧ ॥ દ્રવ્ય સેવ વંદન નમનાદિક; અર્ચન વલી ગુણગ્રામોજી; ભાવ અભેદ થવાની ઈહા, પરભાવે નિઃકામોજી ॥ શ્રી૦ ॥ ૨ ॥ ભાવ સેવ અપવાદે નૈગમ; પ્રભુ ગુણને સંકલ્પેજી; સંગ્રહ સત્તા તુલ્યાસેવે, ભેદાભેદ વિકલ્પેજી ॥ શ્રી૦ ॥ ૩ ॥ વ્યવહારે બહુ માન જ્ઞાન નિજ, ચરણે જિન ગુણ રમણાજી; પ્રભુ ગુણ આલંબી પરિણામે, ઋજુ-પદ ધ્યાન સ્મરણાજી ॥ શ્રી૦ ॥ ૪ ॥ શબ્દ શુકલ ધ્યાનારોહણ, સમભિરૂઢ ગુણ દશમેજી; બીય શુકલ અવિકલ્પ એકત્વે, એવંભૂત તે અમમેંજી ॥ શ્રી૦ ॥ ૫ ॥ ઉત્સર્ગે સમકીત ગુણ પ્રગટયો, નૈગમ પ્રભુતા અંશેજી; સંગ્રહ આતમ સત્તાલંબી, મુનિપદ ભાવ પ્રશંસેજી ॥ શ્રી૦ ॥ ૬ ॥ ઋજુસૂત્રે જે શ્રેણી પદસ્થે, આત્મ શક્તિ પ્રકાસેજી; યથાખ્યાત પદ શબ્દ સ્વરૂપે, શુદ્ધ ધર્મ ઉલ્લાસેજી ॥ શ્રી૦ ॥ ૭ ॥ ભાવ સયોગી અયોગી શૈલેશે, અંતિમ દુગ નય જાણોજી; સાધનતાએ નિજ ગુણ વ્યક્તિ, તેહ સેવના વખા-ણોજી ॥ શ્રી૦ ॥ કારણ ભાવ તેહ અપવાદે, કાર્ય

રૂપ ઉત્સર્ગેજી; આત્મભાવ તે ભાવ દ્રવ્ય પદ, બાહ્ય પ્રવૃત્તિ નિસર્ગેજી ॥ શ્રી૦ ॥ ૯ ॥ કારણ ભાવ પરંપર સેવન, પ્રગટે કારજ ભાવોજી; કારજ સિદ્ધે કારણતા વ્યય, શુચિ પરિણામિક ભાવોજી ॥ શ્રી૦ ॥ ૧૦ ॥ પરમ ગુણી સેવન તન્મયતા, નિશ્ચય ધ્યાને ધ્યાવેજી; શુદ્ધાતમ અનુભવ આસ્વાદી, દેવચંદ્ર પદ પાવેજી ॥ શ્રી૦ ॥ ૧૧ ॥

## ૯ શ્રી સુવિધિનાથ જિન સ્તવન.

થારા મહેલા ઉપર મેહ, ઝરૂખે વીજલી હો લાલ—એ દેશી.

દીઠો સુવિધિ જિણંદ, સમાધિરસે ભર્યો હો લાલ, સમાધિરસે ભર્યો; ભાસ્યું આત્મ સ્વરૂપ, અનાદિનો વિસર્યો હો લાલ, અ૦ ॥ સકલ વિભાવ ઉપાધિ, થકી મન ઓસર્યો હો લાલ. થ૦ ॥ સત્તા સાધન માર્ગ, ભણી એ સંચર્યો હો લાલ ॥ ભ૦ ॥ ૧ ॥ તુમ પ્રભુ જાણગ રીતિ, સરવ જગ દેખતા હો લાલ. સ૦ ॥ નિજ સત્તાએ શુદ્ધ, સહુને લેખતા હો લાલ સ૦ ॥ પર પરિણિત અદ્વેષ, પણે ઉવેખતા હો લાલ. પણે૦ ॥ ભોગ્યપણે નિજ શકિત, અનંત

ગવેષતા હો લાલ ॥ અ૦ ॥ ૨ ॥ દાનાદિક નિજ ભાવ, હતા જે પરવશા હો લાલ, હતા૦ તે નિજ સનમુખ ભાવ, ગ્રહી લહી તુજ દશા હો લાલ. ગ્ર૦ ॥ પ્રભુનો અદ્‌ભુત યોગ, સ્વરૂપ તણી રસા હો લાલ. સ્વ૦ ॥ વાસે ભાસે તાસ, જાસ ગુણ તુજ જિસા હો લાલ, ॥ જા૦ ॥ ૩ ॥ મોહાદિકની ઘુમિ, અનાદિની ઉતરે હો લાલ. ॥ અ૦ ॥ અમલ અખંડ અલિપ્ત, સ્વભાવ જ સાંભરે હો લાલ. સ્વ૦ ॥ તત્ત્વ રમણ શુચિ ધ્યાન, ભણી જે આદરે હો લાલ. ભ૦ ॥ તે સમતારસ ધામ, સ્વામી મુદ્રા વરે હો લાલ સ્વા૦ ॥ ૪ ॥ પ્રભુ છો ત્રિભુવન નાથ, દાસ હું તાહરો હો લાલ; દાસ૦ ॥ કરૂણા નિધિ અભિલાષ, અછે મુજ એ ખરો હો લાલ. ॥ અ૦ ॥ આતમ વસ્તુ સ્વભાવ, સદા મુજ સાંભરો હો લાલ; સ૦ ॥ ભાસન વાસન એહ, ચરણ ધ્યાને ધરો હો લાલ. ॥ ચ૦ ॥ ૫ ॥ પ્રભુ મુદ્રાને યોગ, પ્રભુ પ્રભુતા લખે હો લાલ. પ્ર૦ ॥ દ્રવ્ય તણે સાધર્મ્ય, સ્વસંપત્તિ ઓળખે હો લાલ. સ્વ૦ ॥ ઓળખાતાં બહુમાન,

સહિત રૂચિ વધે હો લાલ. સ૦ ॥ રૂચિ અનુયાયી વીર્ય, ચરણ ધારા સધે હો લાલ. ॥ ચ૦ ॥ ૬ ॥ ક્ષયોપશમિક ગુણ સર્વ, થયા તુજ ગુણ રસી હો લાલ. થ૦ ॥ સત્તા સાધન શક્તિ વ્યકતના ઉલ્લસી હો લાલ વ્ય૦ ॥ હવે સંપુરણ સિદ્ધ, તણી શી વાર છે હો લાલ. તણી૦ ॥ દેવચંદ્ર જિનરાજ, જગત આધાર છે હો લાલ. જગત૦ ॥ ૭ ॥

## ૧૦. શ્રી શિતળનાથ પ્રભુ જિન સ્તવન

( આદર જીવ ક્ષમા ગુણ આદર—એ દેશી )

શીતલ જિનપતિ પ્રભુતા પ્રભુની, મુજથી કહીય ન જાયજી; અનંતતા નિર્મલતા પુર્ણતા, જ્ઞાન વિના ન જણાયજી ॥ શી૦ ॥ ૧ ॥ ચરમ જલધિ જલ મિણે અંજલી, ગતિ જીપે અતિવાયજી; સર્વ આકાશ ઓલંઘે ચરણે, પણ પ્રભુતા ન ગણાયજી ॥ શી૦ ॥ ૨ ॥ સર્વ દ્રવ્ય પ્રદેશ અનંતા, તેહથી ગુણ પર્યાયજી; તાસ વર્ગથી અનંત ગણું પ્રભુ, કેવલજ્ઞાન કહાયજી ॥ શી૦ ॥ ૩ ॥ કેવલ દર્શન એમ અનંતુ, ગ્રહે સામાન્ય સ્વભાવજી; સ્વપર અનંતથી

શરણુ અનંતુ, સમરણુ સંવર ભાવજી ॥ શી૦ ॥ ૪॥ દ્રવ્ય ક્ષેત્ર ને કાલ ભાવ ગુણ, રાજનીતિએ ચારજી; ત્રાસ વિના જડ ચેતન પ્રભુની, કોઈ ન લોપે કારજી ॥ શી૦ ॥ ૫ ॥ શુદ્ધાશય થિર પ્રભુ ઉપયોગે, જે સમરે તુજ નામજી; અવ્યાબાધ અનંતું પામે, પરમ અમૃત સુખધામજી ॥ શી૦ ॥ ૬ ॥ આણા ઈશ્વરતા નિર્ભયતા, નિર્વાંછકતા રૂપજી; ભાવ સ્વાધીન તે અવ્યય રીતે, ઈમ અનંત ગુણ ભૂપજી; ॥ શી૦ ॥૭॥ અવ્યાબાધ સુખ નિર્મલ તે તો, કારણ જ્ઞાને ન જણાયજી; તેહ જ એહનો જાણગ ભોક્તા, જે તુમ સમ ગુણ રાયજી ॥ શી૦ ॥ ૮ ॥ એમ અનંત દાનાદિક નિજ ગુણ, વચનાતીત પંડુરજી; વાસન ભાસન ભાવે દુર્લભ, પ્રાપ્તિ તો અતિ દુરજી ॥ શી૦ ॥ ૯ ॥ સકલ પ્રત્યક્ષપણે ત્રિભુવન ગુરૂ, જાણું તુજ ગુણ ગ્રામજી; બીજું કાંઇ ન માગું સ્વામી, એહી જ છે મુજ કામજી ॥ શી૦ ॥ ૧૦ ॥ એમ અનંત પ્રભુતા સદ્દહતાં, અર્ચે જે પ્રભુ રૂપજી; દેવચંદ્ર પ્રભુતા તે પામે, પરમાનંદજી સ્વરૂપજી ॥ ૧૧ ॥

## ૧૧. શ્રેયાંસનાથ પ્રભુ જિન સ્તવન

( પ્રાણી વાણી જિન તણી—એ દેશી. )

શ્રી શ્રેયાંસ પ્રભુ તણો, અતિ અદ્‌ભુત સહજાનંદરે; ગુણ એકવિધ ત્રિક પરિણમ્યો; એમ ગુણ અનંતનો વૃંદરે; મુનિચંદ જિણંદ અમંદ દિણંદ પરે; નિત્ય દીપતો સુખ કંદરે ॥ ૧ ॥ એ આંકણી ॥ નિજ જ્ઞાને કરી જ્ઞેયનો, જ્ઞાયક જ્ઞાતા પદ ઈશરે; દેખે નિજ દર્શન કરી, નિજ દશ્ય સામાન્ય જગીશરે ॥ મુનિ૦ ॥ ૨ ॥ નિજ રમ્યે રમણ કરો, પ્રભુ ચારિત્રે રમતા રામરે; ભોગ્ય અનંત ભોગવો, ભોગે તેણે ભોક્તા સ્વામિરે ॥ મુનિ૦ ॥ ૩ ॥ દેય દાન નિત દીજતે, અતિ દાતા પ્રભુ સ્વયંમેવરે; પાત્ર તુમેં નિજ શક્તિના, ગ્રાહક વ્યાપકમય દેવરે ॥ મુનિ૦ ॥ ૪ ॥ પરિણામિક કારજ તણો, કર્તા ગુણ કરણે નાથરે; અક્રિય અક્ષય સ્થિતિમયી, નિકલંક અનંતી આથરે ॥ મુનિ૦ ॥ ૫ ॥ પરિણામિક સત્તા તણો, આવિર્ભાવ વિલાસ નિવાસરે; સહજ અકૃત્રિમ અપરાશ્રયી, નિર્વિકલ્પ ને નિઃપ્રયાસરે ॥ મુનિ૦ ॥ ૬ ॥ પ્રભુ પ્રભુતા

સંભારતાં, ગાતાં કરતાં ગુણ ગ્રામરે; સેવક સાધનતા વરે, નિજ સંવર પરિણિત પામરે ॥ મુનિ૦ ॥ ૭ ॥ પ્રગટ તત્ત્વતા ધ્યાવતાં, નિજ તત્ત્વનો ધ્યાતા થાયરે, તત્ત્વરમણ એકાગ્રતા, પૂરણ તત્ત્વે એહ સમાય રે ॥ મુનિ૦ ॥ ૮ ॥ પ્રભુ દીઠે મુજ સાંભરે, પરમાતમ પૂર્ણાનંદરે; દેવચંદ્ર જિનરાજના, નિત્ય વંદો પય અરવિંદરે ॥ મુનિ૦ ॥ ૯ ॥

## ૧૨. શ્રી વાસુપુજ્ય સ્વામિ જિન સ્તવન

(પંથડો નિહાળુ રે બીજા જિન તણો રે—એ દેશી)

પૂજના તો કીજેરે બારમા જિન તણીરે, જસુ પ્રગટયો પુજ્ય સ્વભાવ; પરકૃત પુજારે જે ઇચ્છે નહીરે, સાધક કારજ દાવ ॥ પુજના૦ ॥ ૧ ॥ દ્રવ્યથી પુજારે કારણ ભાવનુંરે, ભાવ પ્રશસ્ત ને શુદ્ધ; પરમ ઇષ્ટ વલ્લભ ત્રિભુવન ધણીરે, વાસુપુજ્ય સ્વયંબુદ્ધ ॥ પુ૦ ॥ ૨ ॥ અતિશય મહિમારે અતિ ઉપગારતારે, નિર્મલ પ્રભુ ગુણ રાગ; સુર મણિ સુરઘટ સુરતરૂ તું છતેરે, જિન રાગી મહાભાગ ॥ પુ૦ ॥ ૩ ॥ દર્શન જ્ઞાનાદિક ગુણ આતમનારે, પ્રભુ પ્રભુતા લયલીન; શુદ્ધ સ્વરૂપી રૂપે

તન્મયીરે, તસુ આસ્વાદન પીન ॥ પુ૦ ॥ ૪ ॥ શુદ્ધ તત્ત્વ રસ રંગી ચેતનારે, પામે આત્મ સ્વભાવ, આત્માલંબી નિજ ગુણ સાધતોરે, પ્રગટે પુજ્ય સ્વભાવ ॥ પુ૦ ॥ ૫ ॥ આપ અકર્ત્તા સેવાથી હુવેરે, સેવક પુરણ સિદ્ધિ; નિજ ધન ન દીયે પણ આશ્રિત લહેરે, અક્ષય અક્ષર ઋદ્ધિ ॥ પુ૦ ॥ ૬ ॥ જિનવર પુજારે તે નિજ પુજનારે, પ્રગટે અન્વય શકિત; પરમાનંદ વિલાસી અનુભવેરે, દેવચંદ્ર પદ વ્યકિત ॥ પુ૦ ॥૭॥

## ૧૩ શ્રી વિમલનાથ પ્રભુ જિન સ્તવન

વિમલ જિન વિમલતા તાહરીજી, અવર બીજે ન કહાય; લઘુ નદી જીમ તીમ લંઘીયેજી, સ્વયંભુરમણ ન તરાય ॥ વિ૦ ॥૧ સયલ પુઢવી ગિરિ જલ તરૂજી, કોઇ તોલે એક હત્થ; તેહ પણ તુજ ગુણગણ ભણીજી, ભાખવા નહિં સમરથ ॥ વિ૦ ॥ ૨ ॥ સર્વ પુદ્દગલ નભ ધર્મનાજી, તેમ અધર્મ પ્રદેશ; તાસ ગુણ ધર્મ પજ્જવ સહુજી, તુજ ગુણ એક તણો લેશ ॥ વિ૦ ॥ ૩ ॥ એમ નિજ ભાવ અનંતનીજી, અસ્તિતા કેટલી થાય; નાસ્તિકતા સ્વપર પદ અસ્તિતાજી, તુજ

સમકાલ સમાય ॥ વિ૦ ॥ ૪ ॥તાહરા શુદ્ધ સ્વભાવનેજી, આદરે ધરી બહુ માન; તેહને તેહીજ નીપજેજી. એ કોઈ અદ્‌ભુત તાન ॥ વિ૦ ॥ ૫ ॥ તુમ પ્રભુ તુમ તારક વિભુજી, તુમ સમો અવર ન કોય; તુમ દરિસણ થકી હું તર્યોજી, શુદ્ધ આલંબન હોય ॥ વિ૦ ॥ ૬ ॥ પ્રભુ તણી વિમલતા ઓળખીજી; જે કરે સ્થિર મન સેવ; દેવચંદ્ર પદ તે લહેજી, વિમલ આનંદ સ્વયમેવ ॥ વિ૦ ॥ ૭ ॥

## ૧૪. શ્રી અનંતનાથ જિન સ્તવન

(દીઠી હો પ્રભુ દીઠી જગગુરૂ તુજ એ–દેશી)

મૂરતિ હો પ્રભુ મૂરતિ અનંત જિણંદ, તાહરી હો પ્રભુ તાહરી મુજ નયણે વસીજી ॥ સમતા હો પ્રભુ સમતા રસનો કંદ, સહેજે હો પ્રભુ સહેજે અનુભવ રસ લસીજી ॥ ૧ ॥ ભવદવ હો પ્રભુ ભવદવ તાપિત જીવ, તેહને હો પ્રભુ તેહને અમૃતઘન સમીજી ॥ મિથ્યા હો પ્રભુ મિથ્યા વિષની ખીવ, હરવા હો પ્રભુ હરવા જાંગુલિ મન રમીજી ॥ ૨ ॥ ભાવ હો પ્રભુ ભાવ ચિંતામણિ એહ, આતમ હો પ્રભુ આતમ

સંપતિ આપવાજી ॥ એહીજ હો પ્રભુ એહીજ શીવ-સુખ ગેહ, તત્ત્વ હો પ્રભુ તત્ત્વાલબન સ્થાપવાજી ॥ ૩ ॥ જાયે હો પ્રભુ જાયે આશ્રવ ચાલ, દીઠે હો પ્રભુ દીઠે સવરતા વધેજી ॥ રત્ન હો પ્રભુ રત્નત્રયી ગુણમાલ, અધ્યાતમ હો પ્રભુ અધ્યાતમ સાધન સધેજી ॥ ૪ ॥ મીઠી હો પ્રભુ મીઠી મુરતિ તુજ, દીઠી હો પ્રભુ દીઠી રૂચી બહુ માનથીજી ॥ તુજ ગુણ હો પ્રભુ તુજ ગુણ ભાસન યુક્ત, સેવે હો પ્રભુ સેવે તસુ ભવ ભય નથીજી ॥ ૫ ॥ નામે હો પ્રભુ નામે અદ્ભુત રંગ, ઠવણા હો પ્રભુ ઠવણા દીઠે ઉલ્લસેજી ॥ ગુણ આસ્વાદ હો પ્રભુ ગુણ આસ્વાદ અભંગ, તન્મય હો પ્રભુ તન્મયતાએ જે ધસેજી ॥ ૬ ॥ ગુણ અનંત હો પ્રભુ ગુણ અનંતનો વૃંદ, નાથ હો પ્રભુ નાથ અનંતને આદરેજી ॥ દેવચંદ્ર હો પ્રભુ દેવચંદ્રને આણંદ, પરમ હો પ્રભુ પરમ મહોદય તે વરેજી ॥૭॥

## ૧૫. શ્રી ધર્મનાથ પ્રભુ જિન સ્તવન

ધર્મ જગનાથનો ધર્મ શુચિ ગાઈએ, આપણો આતમા તેહવો ભાવીયે; જાતિ જસુ એકતા તેહ પલટે

નહીં, શુદ્ધ ગુણ પજ્જવા વસ્તુ સત્તામયી ॥ ૧ ॥ નિત્ય નિરવયવ વળી એક અક્રિયપણે, સર્વગત તેહ સામાન્ય ભાવે ભણે; તેહથી ઇતર સાવયવ વિશેષતા, વ્યક્તિ ભેદે પડે જેહની ભેદતા ॥ ૨ ॥ એકતા પિંડ ને નિત્ય અવિનાશતા, અસ્તિ નિજ ઋદ્ધિથી કાર્યગત ભેદતા; ભાવ શ્રુત ગમ્ય અભિલાપ્ય અનંતતા, ભવ્ય પર્યાયની જે પરાવર્તિતા ॥ ૩ ॥ ક્ષેત્ર ગુણ ભાવ અવિભાગ અનેકતા, નાશ ઉત્પાદ અનિત્ય પરનાસ્તિતા; ક્ષેત્ર વ્યાપ્યત્વ અભેદ અવ્યક્તતા, વસ્તુ તે નિત્ય અભવ્યતા ॥ ૪ ॥ ધર્મ પ્રાગ ભાવતા સકલ ગુણ શુદ્ધતા, ભોગ્યતા કર્તૃતા રમણ પરિણામતા; શુદ્ધ સ્વપ્રદેશતા તત્ત્વ ચૈતન્યતા, વ્યાપ્ય વ્યાપક તથા ગ્રાહ્ય ગ્રાહક ગતા ॥ ૫ ॥ સંગ પરિહારથી સ્વામી નીજ પદ લહ્યું, શુદ્ધ આત્મિક આનંદ પદ સંગ્રહ્યું; જહવિ પરભાવથી હું ભવોદધિ વસ્યો, પર તણો સંગ સંસારતાએ ગ્રસ્યો ॥ ૬ ॥ તહવિ સત્તા ગુણે જીવ એ નિર્મલો, અન્ય સંશ્લેષ જીમ સ્ફટિક નવી શામલો; જે પરોપાધિથી દુષ્ટ પરિણતિ ગ્રહી, ભાવ તાદાત્મ્યમાં

માહરૂં તે નહીં ।। ૭ ।। તીણે પરમાત્મ પ્રભુ ભક્તિ રંગી થઈ, શુદ્ધ કારણ રસે તત્ત્વ પરિણતિમયી, આત્મગ્રાહક થયે તજે પર ગ્રહણતા; તત્ત્વ ભોગી થયે ટળે પરભોગ્યતા, ।। ૮ ।। શુદ્ધ નિ:પ્રયાસ નીજ ભાવ ભોગી યદા, આત્મક્ષેત્રે નહીં અન્ય રક્ષણ તદા; એક અસહાય નિસ્સંગ નિર્દ્દંદ્ધતા, શક્તિ ઉત્સર્ગની હોય સહુ વ્યક્તિતા ।। ૯ ।। તેણે મુજ આતમા તુજ થકી નીપજે; માહરી સંપદા સકલ મુજ સંપજે; તીણે મન મંદિરે ધર્મ પ્રભુ ધ્યાઈએ, પરમ દેવચંદ્ર નિજ સિદ્ધિ સુખ પાઇયે ।। ૧૦ ।।

## ૧૬. શ્રી શાન્તિનાથ પ્રભુ જિન સ્તવન

( આંખડીયે મેં આજ શેત્રુંજો દીઠો રે—એ દેશી. )

જગત દિવાકર જગત કૃપાનિધી, વહાલા મારા સમવસરણમાં બેઠા રે; ચઉમુખ ચઉવિહ ધર્મ પ્રકાશે, તે મેં નયણે દીઠા રે ।। ભવીક જન હરખોરે, નીરખી શાંતિ જિણંદ ।। ભ૦ ।। ઉપશમ રસનો કંદ, નહિં ઇણુ સરીખોરે ।। એ આંકણી ।। ૧ ।। પ્રાતિહારજ અતિશય શોભા ।। વા૦ ।। તે તો કહીય ન જાવે રે; ધુક

બાલકથી રવિ કરભરનું, વર્ણન કેણી પેરે થાવેરે ॥ ભ૦ ॥ ૨ ॥ વાણી ગુણ પાંત્રીશ અનોપમ ॥ વા૦ ॥ અવિસવાદ સરૂપેરે, ભવ દુઃખ વારણ શિવ સુખ કારણ, શુદ્ધ ધર્મ પ્રરૂપેરે ॥ ભ૦ ॥ ૩ ॥ દક્ષિણ, પશ્ચિમ, ઉત્તર દિશિ મુખ ॥ વા૦ ॥ ઠવણા જિન ઉપગારી રે; તસુ આલંબન લહીય અનેકે, તીહાં થયા સમકીતધારી રે ॥ ભ૦ ॥ ૪ ॥ ષટ નય કારજ રૂપે ઠવણા ॥ વા૦ ॥ સગ નય કારણ ઠાણી રે; નિમિત્ત સમાન થાપના જિનજી, એ આગમની વાણી રે ॥ ભ૦ ॥ ૫ ॥ સાધક તીન નિક્ષેપા મુખ્ય ॥ વા૦ ॥ જે વીણુ ભાવ ન લહીયે રે; ઉપકારી દુગ ભાષ્યે ભાખ્યા, ભાવ વૃંદકનો ગ્રહીયેરે ॥ ભ૦ ॥ ૬ ॥ ઠવણા સમવસરણે જિન સેંતી ॥ વા૦ ॥ જો અભેદતા વાધી રે. એ આતમના સ્વસ્વભાવ ગુણ, વ્યક્ત યોગ્યતા સાધીરે ॥ ભ૦ ॥ ૭ ॥ ભલું થયું મેં પ્રભુ ગુણ ગાયા ॥ વા૦ ॥ રસનાનો ફલ લીધો રે; દેવચંદ્ર કહે મહારા મનનો, સકલ મનોરથ સીધો રે ॥ ભ૦ ॥ ૮ ॥

# ૧૭ શ્રી કુંથુનાથ પ્રભુ જિન સ્તવન.

( ચરમ જીનેસર—એ દેશી. )

સમવસરણ બેસી કરી રે, બારહ પરષદામાંહે; વસ્તુ સ્વરૂપ પ્રકાશતા રે, કરૂણાકર જગના હો રે ॥ કુંથુ જીનેસરૂ૦ ॥ ૧ ॥ નીર્મલ તુજ મુખ વાણીરે, જે શ્રવણે સુણે; તેહીજ ગુણ મણી ખાણી રે ॥ કું૦ ॥ એ આંકણી ॥ ગુણ પર્યાય અનંતતા રે, વલીય સ્વભાવ અગાહ; નય ગમ ભંગ નિક્ષેપના રે, હેયાદેય પ્રવાહો રે ॥ કું૦ ॥ ૨ ॥ કુંથુનાથ પ્રભુ દેશના રે, સાધન સાધન સિદ્ધિ; ગૌણ મુખ્યતા વચનમાં રે, જ્ઞાન તે સકલ સમૃદ્ધિ રે કું૦ ॥ ૩ ॥ વસ્તુ અનંત સ્વભાવ છે રે, અનંત કથક તસુ નામ; ગ્રાહક અવસર બોધથી રે; કહેવે અર્પિત કામો રે ॥ કું૦ ॥ ૪ ॥ શેષ અનર્પિત ધર્મને રે, સાપેક્ષ શ્રદ્ધાબોધ; ઉભય રહિત ભાસન હુવે રે, પ્રગટે કેવલ બોધ રે ॥ કું૦ ॥ ॥ ૫ ॥ છતી પરિણતી ગુણવર્તના રે, ભાસન ભોગ આનંદ; સમકાળે પ્રભુ તાહરો રે, રમ્ય રમણ ગુણ વૃંદો રે ॥ કું૦ ॥ ૬ ॥ નીજ ભાવે સીય અસ્તીતા

રે, પર નાસ્તીત્વ સ્વભાવ, અસ્તિપણે તે નાસ્તીતા રે, સીય તે ઉભય સ્વભાવો રે ॥ કુ૦ ॥ ૭ ॥ અસ્તી સ્વભાવ જે આપણો રે, રૂચી વૈરાગ્ય સમેત, પ્રભુ સન્મુખ વંદન કરી રે, માગીશ આતમ હેતો રે ॥ કું૦ ॥ ૮ ॥ અસ્તી સ્વભાવ રૂચી થઈ રે, ધ્યાતો અસ્તી સ્વભાવ, દેવચંદ્ર પદ તે લહે રે, પરમાનંદ જમાવો રે ॥ કુંથુ ॥ ૯ ॥

## ૧૮ શ્રી અરનાથ પ્રભુ જિન સ્તવન

(રામચંદ્રકે બાગમેં, ચાંપો મોરી રહ્યોરી–એ દેશી)

પ્રણમો શ્રી અરનાથ, શિવપુર સાથ ખરોરી; ત્રિભુવન જન આધાર, ભવનિસ્તાર કરોરી, ॥ ૧ ॥ કર્તા કારણ યોગ, કારજ સિદ્ધિ લહેરી; કારણ ચાર અનુપ, કાર્યથી તેહ ગ્રહેરી ॥ ૨ ॥ જે કારણ તે કાર્ય, થાયે પુર્ણ પદેરી; ઉપાદાન તે હેતુ, માટી ઘટ ને વદેરી ॥ ૩ ॥ ઉપાદાનથી ભિન્ન, જે વિણુ કાર્ય ન થાયે; ન હુવે કારજ રૂપ, કર્તાને વ્યવસાયે ॥ ૪ ॥ કારણ તેહ નિમિત્ત, ચક્રાદિક ઘટ ભાવે; કાર્ય તથા સમવાય, કારણ નિયતને દાવે ॥ ૫ ॥ વસ્તુ અભેદ

સ્વરૂપ, કાર્યપણું ન ગ્રહેરી; તે અસાધારણ હેતુ, કુંભે સ્થાસ લહેરી ॥ ૬ ॥ જેહનો નવી વ્યાપાર, ભીન્ન નીયત બહુ ભાવી; ભુમિ કાલ આકાશ, ઘટ કારણ સદભાવી ॥ ૭ ॥ એહ અપેક્ષા હેતુ, આગમ માંહી કહ્યોરી; કારણ પદ ઉત્પન્ન, કાર્ય થયે ન લહ્યોરી ॥ ૮ ॥ કર્તા આતમ દ્રવ્ય, કારજ સિદ્ધિ-પણો રી, નીજ સત્તાગત ધર્મ, તે ઉપાદાન ગણોરી ॥ ૯ ॥ યોગ સમાધિ વિધાન, અસાધારણ તેહ વદેરી; વિધિ આચરણા ભકિત, જેણે નીજ કાર્ય સધેરી ॥ ૧૦ ॥ નરગતિ પઢમ સંઘયણ, તેહ અપેક્ષા જાણો; નિમિત્તાશ્રિન ઉપાદાન, તેહને લેખે આણો ॥ ૧૧ ॥ નિમિત્ત હેતુ જિનરાજ, સમતા અમૃત ખાણી; પ્રભુ અવલંબન સિદ્ધિ નિયમા એહ વખાણી ॥ ૧૨ ॥ પુષ્ટ હેતુ અરનાથ, તેહને ગુણથી હળીએ, રીઝે ભકિત બહુમાન, ભોગ ધ્યાનથી મળીએ ॥ ૧૩ ॥ મોટાને ઉત્સંગ બેઠાને શાં ચિંતા; તીમ પ્રભુ ચરણ પસાય, સેવક થયા નિચિંતા ॥ ૧૪ ॥ અર પ્રભુ પ્રભુતા રંગ, અંતર શકિત વીકાસી, દેવચંદ્રને આનંદ, અક્ષય ભોગ વિલાસી ॥ ૧૫ ॥

## ૧૯ શ્રી મલ્લિનાથ પ્રભુ જિન સ્તવન

(દેખી કામિની કોઈ—એ દેશી)

મલ્લિનાથ જગનાથ, ચરણયુગ ધ્યાઈએ રે; ચરણ૦ ॥ શુધ્ધાતમ પ્રાગભાવ, પરમ પદ પાઈએ રે ॥ પરમ૦ ॥ સાધક કારક ષટક, કરે ગુણ સાધના રે ॥ ક૦ ॥ તેહીજ શુદ્ધ સ્વરૂપ, થાયે નીરબાધનારે થા૦ ॥ ૧ ॥ કર્તા આતમ દ્રવ્ય,કારજ નીજ સિદ્ધતા રે ॥ કા૦ ॥ ઉપાદાન પરિણામ, પ્રયુકત તે કરણતારે ॥ પ્ર૦ ॥ આતમ સપદ દાન, તેહ સંપ્રદાનતા રે ॥ તે૦ ॥ દાતા પાત્ર ને દેય, ત્રિભાવ અભેદતા રે ॥ ત્રિ૦ ॥ ૨ ॥ સ્વપર વિવેચન કારણ, તેહ અપાદાનથી રે ॥ તે૦ ॥ સકલ પર્યાય આધાર સંબધ આસ્થાનથી રે ॥ સં૦ ॥ બાધક કારક ભાવ અનાદિ નીવારવા રે ॥ અ૦ ॥ સાધકતા અવલંબી, તેહ સમારવા રે ॥ તે૦ ॥ ૩ ॥ શુદ્ધપણે પર્યાય, પ્રવર્ત્તન કાર્યમેં રે ॥ પ્ર૦ ॥ કર્તાદિક પરિણામ, તે આતમ ધર્મમેં રે ॥ તે૦ ॥ ચેતન ચેતન ભાવ, કરે સમવેતમેં રે ॥ ક૦ ॥ સાદિ અનંતો કાલ,

રહે નીજ એતમેં રે ॥ રહે૦ ॥ ૪ ॥ પરકર્તૃત્વ સ્વભાવ, કરે તાં લગી કરેરે ॥ ક૦ ॥ શુદ્ધ કાર્ય રૂચિ ભાસ, થયે નવી આદરેરે ॥થ૦॥ શુદ્ધાતમ નીજ કાર્ય, રૂચિકારક ફીરેરે ॥ રૂ૦ ॥ તેહીજ મૂલ સ્વભાવ, ગ્રહે નિજ પદ વરેરે ॥ ગ્ર૦ ॥ ૫ ॥ કારણ કારજ રૂપ, અછે કારક દશારે ॥ અ૦ ॥ વસ્તુ પ્રગટ પર્યાય, એહ મનમેં વસ્યારે ॥ એ૦ ॥ પણ શુદ્ધ સ્વરૂપ ધ્યાન, તે ચેતનતા ગ્રહેરે ॥ તે૦ ॥ તવ નીજ સાધક ભાવ, સકલ કારક લહેરે ॥ સ૦ ॥ ૬ ॥ માહરૂં પુર્ણાનંદ, પ્રગટ કરવા ભણીરે ॥ પ્ર૦ ॥ પુષ્ટાલંબન રૂપ, સેવ પ્રભુજી તણીરે ॥ સે૦ ॥ **દેવચંદ્ર** જીનચંદ્ર, ભક્તિ મનમેં ધરોરે ॥ ભ૦ ॥ અવ્યાબાધ અનંત, અક્ષય પદ આદરો રે ॥ અ૦ ॥ ૭ ॥

## ૨૦ શ્રી મુનિસુવ્રત પ્રભુ જિન સ્તવન

ઓલગડી ઓલગડી સુહેલી હો, શ્રી શ્રેયાંસનીરે—એ દેશી

ઓલગડી ઓલગડી તો કીજે, શ્રી મુનિસુવ્રત સ્વામીનીરે, જેહથી નીજ પદ- સિદ્ધ, કેવલ કેવલ-જ્ઞાનાદિક ગુણ ઉલ્લસેરે, લહીએ સહજ સમૃદ્ધિ ॥

ઓ૦ ॥ ૧ ॥ ઉપાદાન ઉપાદાન નિજ પરિણતી વસ્તુનીરે, પણ કારણ નિમિત્ત આધીન; પુષ્ટ અપુષ્ટ દુવિધ તે ઉપદીશ્યોરે; ગ્રાહક વિધિ આધીન ॥ ઓ૦ ॥ ૨ ॥ સાધ્ય સાધ્ય ધર્મ જેમાંહી હુવેરે, તે નિમિત્ત અતિ પુષ્ટ; પુષ્પ માંહી તિલ વાસક વાસનારે, નવિ પ્રધ્વંસક દુષ્ટ ॥ ઓ૦ ॥ ૩ ॥ દંડ દંડ નિમિત્ત અપુષ્ટ ઘડા તણોરે; નવિ ઘટતા તસુ માંહી; સાધક સાધક પ્રધ્વંસકતા અછેરે, તીણે નહીં નિયત પ્રવાહ ॥ ઓ૦ ॥ ૪ ॥ ષટ્કારક ષટ્કારક તે કારણ કાર્યનારે, જે કારણ સ્વાધીન; તે કર્ત્તા તે કર્ત્તા સહુ કારક તે વસુરે, કર્મ તે કારણ પીન ॥ ઓ૦ ॥ ૫ ॥ કારણ કારણ સંકલ્પે કારક દશા રે, છતી સત્તા સદ્‌ભાવ; અથવા અથવા તુલ્ય ધર્મને જોયવેરે, સાધ્યારોપણ દાવ ॥ ઓ૦ ॥ ૬ ॥ અતિશય અતિશય કારણ કારક કરણતારે, નિમિત્ત અને ઉપાદાન; સંપ્રદાન સંપ્રદાન કારણ પદ ભવનથી રે, કારણ વ્યય અપાદાન ॥ ઓ૦ ॥ ૭ ॥

—✻—

## ૨૧ શ્રી નમિનાથ પ્રભુ જિન સ્તવન

( પીછોલારી પાલ, ઉભા દોય રાજવીરે—એ દેશી. )

શ્રી નમિ જિનવર સેવ, ઘનાઘન ઉનમ્યો રે ॥ ઘ૦ ॥ દીઠાં મીથ્યારોર, ભવિક ચિત્તથી ગમ્યો રે ॥ ભ૦ ॥ શુચિ આચરણા રીતિ, તે અભ્ર વધે વડારે ॥ તે૦ ॥ આતમ પરિણતિ શુદ્ધ, તેવી જ ઝબુકડારે ॥ તે૦ ॥ ૧ ॥ વાજે વાયુ સુવાય, તે પાવન ભાવના રે ॥ તે૦ ॥ ઈંદ્રધનુષ ત્રિક યોગ, તે ભક્તિ એકમનારે ॥ તે૦ ॥ નિર્મળ પ્રભુ સ્તવ ઘોષ, ધ્વનિ ઘન ગર્જના રે ॥ ધ્વ૦ ॥ તૃષ્ણા ગ્રીષ્મ કાલ, તાપની તર્જના રે ॥ તા૦ ॥ ૨ ॥ શુભ લેશ્યાની આલિ, તે બગપંક્તિ બનીરે ॥ તે૦ ॥ શ્રેણી સરોવર હંસ, વસે શુચિ ગુણ મુનિ રે ॥ વ૦ ॥ ચઉગતિ મારગ બંધ, ભવિકજન ઘર રહ્યારે ॥ભ૦॥ ચેતન સમતા સંગ, રંગ મેં ઉમહ્યારે ॥ રં૦ ॥ ૩ ॥ સમ્યગ્દૃષ્ટિ મોર, તીહાં હરખે ઘણું રે ॥ તી૦ ॥ દેખી અદ્‌ભુત રૂપ, પરમ જિનવર તણું રે ॥પરમ૦॥ પ્રભુ ગુણનો ઉપદેશ, તે જલધારા વહીરે ॥ તે૦ ॥

ધર્મ રૂચિ ચિત્ત ભૂમિ, માંહી નિશ્ચલ રહીરે ॥માં૦ ॥ ૪ ॥ ચાતક શ્રમણ સમૂહ, કરે તવ પારણોરે ॥ ક૦ ॥ અનુભવ રસ આસ્વાદ, સકલ દુઃખ વારણો રે ॥ સ૦ ॥ અશુભાચાર નિવારણ, તૃણ અંકુરતારે ॥ તૃ૦ ॥ વિરતિ તણા પરિણામ, તે બીજની પુરતા રે ॥ તે૦ ॥ ૫ ॥ પંચ મહાવ્રત ધાન્ય, તણાં કર્ષણ વધ્યાંરે ॥ ત૦ ॥ સાધ્યભાવ નિજ થાપી, સાધનતાએ સધ્યાંરે ॥ સા૦ ॥ ક્ષાયિક દરિસણ જ્ઞાન, ચરણ ગુણ ઉપન્યારે ॥ ચ૦ ॥ આદિક બહુ ગુણ સસ્ય, આતમ ઘર નીપન્યારે ॥ આ૦ ॥ ૬ ॥ પ્રભુ દરિસણ મહામેહ, તણે પ્રવેશમેંરે ॥ ત૦ ॥ પરમાનંદ સુભિક્ષ, થયા મુજ દેશમેંરે ॥ થ૦ ॥ દેવચંદ્ર જીનચંદ્ર, તણો અનુભવ કરોરે ॥ ત૦ ॥ સાદિ અનંતો કાળ, આતમ સુખ અનુસરોરે ॥ આતમ૦ ॥ ૭ ॥

## ૨૨ શ્રી નેમનાથ પ્રભુ જિન સ્તવન

( પદ્મપ્રભ જિન જઈ અલગા વસ્યા—એ દેશી. )

નેમિ જિણેસર નિજ–કારજ કર્યું, છાંડ્યો સર્વ વિભાવોજી; આત્મશક્તિ સકલ પ્રગટ કરી, આસ્વા-

દન નજ ભાવોજી ॥ નેο ॥ ॥ રાજુલ નારીરે સારી મતિ મરી, અવલંબ્યા અરિહંતોજી; ઉત્તમ સંગેરે ઉત્તમતા વધે, સધે આનંદ અનંતોજી ॥ને ॥ ॥ ૨ ॥ ધર્મ અધર્મ આકાશ અચેતના, તે વિજાતિ અ ગ્રહ્યોજી; પુદ્દગલ ગ્રહવેરે કર્મ કલંકતા, વાધે બાધક બાહ્યોજી ॥ નેο ॥ ૩ ॥ રાગી સંગે રે રાગ દશા વધે, થાયે તિણે સંસારોજી, નીરાગીથીરે રાગનું જોડવું, લહીએ ભવનો પારોજી ॥ નેο॥૪॥ અપ્રશસ્તતા ટાલી પ્રશસ્તતા, કરતાં આશ્રવ નાસેજી; સંવર વાધે રે સાધે નિર્જરા, આતમભાવ પ્રકાશેજી ॥નેο॥ ૫ ॥ નેમિપ્રભુ ધ્યાને રે એકત્વતા, નિજ તત્ત્વે એક તાનોજી, શુકલ ધ્યાને રે સાધી શુસિદ્ધતા, લહીયે મુકિત નિદાનોજી ॥ નેο ॥ ૬ ॥ અગમ અરૂપી રે અલખ અગોચરૂ, પરમાતમ પરમીશોજી; દેવચંદ્ર જિનવરની સેવના, કરતાં વાધે જગીશોજી ॥નેમિο ॥૭॥

## ૨૩ શ્રી પાર્શ્વનાથ પ્રભુ જિન સ્તવન

( કડખાની–દેશી. )

સહજ ગુણ આગરો સ્વામી સુખ સાગરો, જ્ઞાન

વૈરાગરે પ્રભુ સવાયો; શુદ્ધતા એકતા તીક્ષ્ણતા ભાવથી, મોહ રિપુ જીતી જય પડહ વાયો ॥ સ૦ ॥ ૧ ॥ વસ્તુ નિજ ભાવ અવિભાસ નિકલંકતા, પરિણતિ વૃત્તિતા કરી અભેદે; ભાવ તાદા ત્મ્યતા શકિત ઉલ્લાસથી, સંતતિ યોગને તું ઉચ્છેદે ॥ સ૦ ॥ ૨ ॥ દોષ ગુણ વસ્તુની લખીય યથાર્થતા, લહી ઉદાસીનતા અપર ભાવે; ધ્વંસી તજ્જન્યતા ભાવ કર્ત્તાપણું, પરમ પ્રભુ તું રમ્યો નિજ સ્વભાવે ॥સ૦॥ ॥ ૩ ॥ શુભ અશુભ ભાવ અવિભાસ તે હકીકતા, શુભ અશુભ ભાવ તિહાં પ્રભુ ન કીધું; શુદ્ધ પરિણમતા વીર્ય કર્ત્તા થઈ, પરમ અક્રિયતા અમૃત પીધું ॥ સ૦ ॥ ૪ ॥ શુદ્ધતા પ્રભુ તણી આત્મભાવે રમે, પરમ પરમાત્મતા તાસ થાએ, મિશ્રભાવે અછે ત્રિગુણની ભિન્નતા, ત્રિગુણ એકત્વ તુજ ચરણ આયે ॥ સ૦ ॥ ॥ ૫ ॥ ઉપશમ રસ ભરી સર્વ જન શંકરી; મુર્તિ જિનરાજની આજ ભેટી; કારણે કાર્ય નિષ્પત્તિ શ્રદ્ધાન છે, તેણે ભવ ભ્રમણની ભીડ મેટી ॥ સ૦ ॥ નયર ખંભાયતે પાર્શ્વપ્રભુ દર્શને, વિકસતે હર્ષ ઉત્સાહ

વાધ્યો; હેતુ એકત્વતા રમણ પરિણામથી, સિદ્ધિ સાધક તણો આજ સાધ્યો ॥ સ૦ ॥ ૭ ॥ આજ કૃત પુણ્ય ધન્ય દીહ માહરો થયો, આજ નર જન્મ મેં સફલ ભાવ્યો; દેવચંદ્ર સ્વામી ત્રેવીશમો વંદીયો, ભકિતભરી ચિત્ત તુજ ગુણ રમાવ્યો ॥ સ૦ ॥ ૮ ॥

## ૨૪. શ્રી મહાવીર સ્વામિ જિન સ્તવન

તાર હો તાર પ્રભુ, મુજ સેવક ભણી, જગતમાં એટલું સુજશ લીજે ॥ દાસ અવગુણ ભર્યો, જાણી પોતા તણો, દયાનિધિ દીન પર દયા કીજે ॥ તાર હો૦ ॥ ૧ ॥ રાગ દ્વેષે ભર્યો, મોહ વૈરિ નડયો, લોકની રીતિમાં ઘણુએ રાતો ॥ ક્રોધ વશ ધમધમ્યો, શુદ્ધ ગુણ નવિ રમ્યો, ભમ્યો ભવમાંહે હું વિષય માંતો ॥ તા૦ ॥ ૨ ॥ આદર્યું આચરણ, લોક ઉપચારથી, શાસ્ત્ર અભ્યાસ પણ કાંઈ ન કીધો ॥ શુદ્ધ શ્રદ્ધાન વલી આત્મ અવલંબ વિના, તેહવો કાર્ય તિણે કો ન સીધો ॥ તા૦ ૩ ॥ સ્વામી દરિસણ સમો, નિમિત્ત લહી નિર્મલો; જો ઉપાદાન એ શુચિ ન થાશે ॥ દોષ કો વસ્તુનો અહવા ઉદ્યમ તણો,

સ્વામી સેવા સહી નિકટ લાશે ॥ તા૦ ॥ ૪ ॥ સ્વામી ગુણ ઓળખી, સ્વામીને જે ભજે, દરિસણ શુદ્ધતા તેહ પામે ॥ જ્ઞાન ચારિત્ર તપ વીર્ય ઉલ્લાસથી, કર્મ જીપી વસે મુકિતધામે ॥ તા૦ ॥ ૫ ॥ જગત વત્સલ મહાવીર જિનવર સુણી, ચિત્ત પ્રભુ ચરણને શરણ વાસ્યો ॥ તારજો બાપજી બિરૂદ નિજ રાખવા, દાસની સેવના રખે જોશો ॥ તા૦ ॥ ૬ ॥ વિનતિ માનજો, શકિત એ આપજો, ભાવ સ્યાદ્વાદતા શુદ્ધ ભાસે ॥ સાધી સાધક દશા, સિદ્ધતા અનુભવી, દેવચંદ્ર વિમલ પ્રભુતા પ્રકાશે ॥ તા૦ ૭ ॥

॥ કળશ ॥

ચોશીશે જિનગુણ ગાઈયે, ધ્યાઈએ તત્ત્વ સ્વરૂપોજી ॥ પરમાનંદ પદ પાઈયે, અક્ષય જ્ઞાન અનૂપોજી ॥ ચો૦ ॥ ૧ ॥ ચઉદહસેં બાવન ભલા, ગણધર ગુણ ભંડારોજી ॥ સમતામયી સાહુ સાહુણી, સાવય સાવયી સારોજી ॥ ચો૦ ॥ ૨ ॥ વર્દ્ધમાન જિનવર તણો, શાસન અતિ સુખકારોજી ॥ ચઉવિહ સંઘ વિરાજતો, દુઃષમ કાલ આધારોજી ॥ ચો૦ ॥ ૩ ॥

જિન સેવનથી જ્ઞાનતા; લહે હિતા હિત બોધોજી ॥ અહિત ત્યાગ હિત આદરે, સંયમ તપની શોધોજી ॥ ચો૦ ॥ ૪ ॥ અભિનવ કર્મ અગ્રહણતા, જીર્ણ કર્મ અભાવોજી ॥ નિઃકર્મીને અબાધતા, અવેદન અનાકુલ ભાવોજી ॥ ચો૦ ॥ ૫ ॥ ભાવારોગના વિગમથી, અચલ અક્ષય નિરાબાધોજી ॥ પુર્ણાનંદ દશા લહી, વિલસે સિદ્ધ સમાધોજી ॥ ચો૦ ॥ ૬ ॥ શ્રી જિનચંદ્રની સેવના, પ્રગટે પુણ્ય પ્રધાનોજી ॥ સુમતિ-સાગર અતિ ઉલ્લસે, સાધુરંગ પ્રભુ ધ્યાનોજી ॥ ચો૦ ॥ ૭ ॥ સુવિહિત ગચ્છ ખરતરવરૂ, રાજસાગર ઉવઝા-યોજી ॥ જ્ઞાનધર્મ પાઠક તણો, શિષ્ય સુજસ સુખ દાયોજી ॥ ચો૦ ॥ ૮ ॥ દીપચંદ્ર પાઠક તણો, શિષ્ય સ્તવે જિનરાજોજી ॥ દેવચંદ્ર પદ સેવતાં; પુર્ણાનંદ સમાજોજી ॥ ચો૦ ॥ ૯ ॥

—❋—

# શ્રી જિન પૂજન સ્તવન.

ધન ધન વો જગમેં નરનાર, પૂજા કરન કરાને વાલે ॥ એ આંકણી૦ ॥ રાયપશ્રેણી સૂત્ર મોઝાર, પૂજા વરની સતરાં પ્રકાર ॥ સૂર્યાભ દેવતા કરણહાર, શ્રી ગણધર ફરમાનેવાલે ॥ ધન૦ ॥ ૧ ॥ જીવાભિગમ સૂત્ર મેં સાર, વિજય દેવતાકા અધિકાર ॥ શાશ્વત જિનમંદિર વિસ્તાર, જૈન સિદ્ધાંત બતાનેવાલે ॥ ધન૦ ૨ ॥ આનદ સાતમે અંગ વિચાર, જ્ઞાતા ઉવવાઈ ભગવતી ધાર ॥ દ્રૌપદી અરૂ અંબડ અનગાર, યે સબ મોક્ષકે જાનેવાલે ॥ ધન૦ ॥ ૩ ॥ ઈત્યાદિ જૈન શાસ્ત્ર રસાલ, જિન પ્રતિમાકા વર્ણન ભાલ ॥ પૂજા કરે તુમ દીન દયાલ, હૈ મુકિતફલ પાનેવાલે ॥ ધન૦ ૪ ॥ આતમ આનંદ રસમેં લીન, કારણ કારજ સમજ યકીન ॥ વલ્લભ પ્રભુકે હૈ આધીન, પ્રભુકો સીસ નમાને વાલે ॥ ધન૦ ૫ ॥

# શ્રી ગૌતમ સ્વામીનો છંદ

વીર જિનેશ્વર કેરો શિષ્ય, ગૌતમ નામ જપું નિશદિશ; જો કીજે ગૌતમનું ધ્યાન, તો ઘર વિલસે નવે નિધાન ॥ ૧ ॥ ગૌતમ નામે ગિરિવર ચઢે, મનવાંછિત હેલા સંપજે; ગૌતમ નામે નાવે રોગ, ગૌતમ નામે સર્વ સંયોગ ॥ ૨ ॥ જે વૈરિ વિરૂઆ વંકડા, તસ નામે નાવે ઢુંકડા; ભૂત પ્રેત નવિ ખંડે આણ, તે ગૌતમના કરૂં વખાણ ॥ ૩ ॥ ગૌતમ નામે નિર્મળ કાય, ગૌતમ નામે વાધે આય; ગૌતમ જિનશાસન શણગાર, ગૌતમ નામે જયજયકાર ॥૪॥ શાલ દાલ સુરહાં ઘૃત ગોળ, મનવાંછિત કાપડ તંબોળ; ઘર સુગૃહિણી નિર્મલ ચિત્ત, ગૌતમ નામે પુત્ર વિનીત. ॥ ૫ ॥ ગૌતમ ઉદયો અવિચળ ભાણુ, ગૌતમ નામ જપો જગજાણ; મહોટાં મંદીર મેરૂ સમાન, ગૌતમ નામે સફળ વિહાણ ॥ ૬ ॥ ઘર

મયગલ ઘોડાની જોડ, વારૂ પહોંચે વાંછિત કોડ; મહીયલ માને મોટા રાય, જો તુઠે ગૌતમના પાય ॥ ૭ ॥ ગૌતમ પ્રણમ્યા પાતક ટળે, ઉત્તમ નરની સંગત મળે; ગૌતમ નામે નિર્મલ જ્ઞાન, ગૌતમ નામે વાધે વાન ॥ ૮ ॥ પુણ્યવંત અવધારો સહુ, ગુરૂ ગૌતમના ગુણ છે બહુ; કહે લાવણ્ય સમય કરજોડ, ગૌતમ તુઠે સંપત્તિ કોડ ॥ ૯ ॥

## શ્રી સોળ સતીનો છંદ.

આદિનાથ આદે જિનવર વંદી, સફળ મનોરથ કીજીએ એ; પ્રભાતે ઉઠી મંગલિક કામે, સોળ સતીનાં નામ લીજીએ એ ॥ ૧ ॥ બાલ કુમારી જગ હિત-કારી, બ્રાહ્મી ભરતની બહેનડી એ; ઘટ ઘટ વ્યાપક અક્ષરરૂપે, સોળ સતીમાંહે જે વડી એ ॥ ૨ ॥ બાહુબલ ભગિની સતીય શિરોમણિ, સુંદરી નામે ઋષભસુતાએ; અંક સ્વરૂપી ત્રિભુવન માંહે, જેહ અનુપમ ગુણજુતા એ ॥ ૩ ॥ ચંદનબાલા બાલ-પણાથી, શીયલવતી શુદ્ધ શ્રાવિકાએ; અડદના બાકુલા

વીર પ્રતિલાભ્યા, કેવલ લહી વ્રત ભાવિકાએ ॥ ૪ ॥ ઉગ્રસેન ધુઆ ધારિણી નંદની, રાજિમતી નેમ વલ્લભા એ; જોબન વેશે કામને જીત્યો, સંયમ લેઈ દેવ દુલ્લભા એ. ॥ ૫ ॥ પંચ ભરતારી પાંડવ નારી, દ્રુપદ તનયા વખાણીએ એ; એકસો આઠે ચીર પુરાણાં, શીયલ મહિમા તસ જાણીએ એ ॥ ૬ ॥ દશરથ નૃપની નારી નિરૂપમ, કૌશલ્યા કુળચંદ્રિકા એ; શીયલ સલુણી રામજનેતા, પુણ્ય તણી પરનાલિકા એ ॥ ૭ ॥ કૌશંબિક ઠામે શતાનિક નામે, રાજ્ય કરે રંગ રાજીયો એ; તસ ઘર ગૃહિણી મૃગાવતી સતી, સુરભુવને જશ ગાજીયો એ ॥ ૮ ॥ સુલસા સાચી શીયલે ન કાચી, રાચી નહિં વિષયા રસે એ; મુખડું જોતાં પાપ પલાએ, નામ લેતાં મન ઉલ્લસે એ ॥ ૯ ॥ રામ રઘુવંશી તેહની કામિની, જનકસુતા સીતા સતી એ; જગ સહુ જાણે ધીજ કરંતાં, અનલ શીતળ થયો શીયલથી એ ॥ ૧૦ ॥ કાચે તાંતણે ચાલતી બાંધી, કુવા થકી જલ કાઢીયું એ; કલંક ઉતારવા સતી સુભદ્રાએ, ચંપા બાર ઉઘાડીયું એ. ॥ ૧૧ ॥

સુરનર વંદિત શિયલ અખંડિત, શિવા શિવપદ ગામિની એ; જેહને નામે નિર્મળ થઈએ, બલિહારી તસ નામની એ ॥ ૧૨ ॥ હસ્તિનાગપુરે પાંડુરાયની, કુંતા નામે કામિની એ; પાંડવમાતા દશે દશારની, બહેન પતિવ્રતા પદ્મિની એ. ॥ ૧૩ ॥ શીલવતી નામે શીલવ્રત ધારિણી, ત્રિવિધે તેહને વંદીયે એ; નામ જપંતાં પાતક જાયે. દરિસણ દુરિત નિકંદીએ એ. ॥ ૧૪ ॥ નિષિધા નગરી નળહ નરિંદની, દમયંતી તસ ગેહિની એ; સંકટ પડતાં શીયલજ રાખ્યું, ત્રિભુવન કીર્તિ જેહની એ ॥ ૧૫ ॥ અનંગ અજિતા જગજન પુજિતા, પુષ્પચુલા ને પ્રભાવતી એ; વિશ્વ વિખ્યાષતા કામિત દાતા, સોળમી સતી પદ્માવતી એ ॥ ૧૬ ॥ વીરે ભાખી શાસ્ત્રે સાખી, ઉદય રતન ભાખે મુદાએ; વહાણું વાતાં જે નર ભણશે, તે લહેશે સુખ સંપદા એ ॥ ૧૭ ॥

## શ્રી સંખેશ્વર પાર્શ્વનાથ જિન સ્તવન

**પ્રભુ** જગજીવન જગ બંધુ રે; સાંઈ સયાણો રે૦
**તારી** મુદ્રાએ મન માન્યું રે, જૂઠ ન જાણો રે૦
તું પરમાતમ ! તું પુરૂષોત્તમ !
વાલા મારા તું પર બ્રહ્મ સ્વરૂપી;
સિદ્ધ સાધક સિદ્ધાંત સનાતન, તું ત્રય ભાવે પ્રરૂપી રે.
સાંઈ સયાણો રે–તારી૦ ૧
તાહરી પ્રભુતા ત્રિહું જગમાંહે, વા૦
પણ મુજ પ્રભુતા મોટી;
તુજ સરીખો માહરે મહારાજા,
માહરે નહિ કાંઈ ખોટ રે–સાં૦ ૨
તું નિરદ્રવ્ય પરમપદવાસી, વા૦ હું તો દ્રવ્યનો ભોગી;
તું નિરગુણ હું તો ગુણધારી,
હું કરમી તું અભોગી રે–સાં૦ ૩
તું તો અરૂપી ને હું રૂપી, વા૦હું રાગી તું નીરાગી;
તું નિરવિષ હું તો વિષધારી,
હું સંગ્રહી તું ત્યાગી રે–સાં૦ ૪

તાહરે રાજ નથી કોઈ એકે, વા૦ ચૌદ રાજ છે માહરે;
માહરી લીલા આગલ જોતાં,
અધિકું શું છે તાહરે રે–સાં૦ ૫
પણ તું મોટો ને હું છોટો, વા૦ ફોગટ ફુલ્યે શું થાય;
ખમજો એ અપરાધ અમારો,
ભકિત વશે કહેવાય રે–સાં૦ ૬
શ્રી શંખેશ્વર વામાનંદન વા૦ ઉભા ઓલગ કીજે,
**રૂપવિબુધનો મોહન** પભણે, ચરણની સેવા દીજે રે.
સાંઈ સયાણો રે–તારી મુદ્રાએ૦ ૭

o—o

## શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિન સ્તવન

( મહાવીર પ્રભુ ઘેર આવે–એ દેશી. )

નિત્ય સમરૂં સાહિબ સયણાં, નામ સુણતાં શીતલ શ્રવણાં,
જિન દરિસણે વિકસે નયણાં, ગુણ ગાતાં ઉલસે વયણાં રે;
શંખેશ્વર સાહિબ સાચો, બીજાનો આશરો કાચો રે.
શંખેશ્વર૦ ૧
દ્રવ્યથી દેવ દાનવ ધ્રુજે, ગુણ શાંત રૂચિપણું લીજે;
અરિહાપદ પજ્જવ છાજે, મુદ્રા પદ્માસન રાજે રે.
શંખેશ્વર૦ ૨

સંવેગે તજી ઘરવાસો, પ્રભુ પાસના ગણધર થાશો,
તવ મુકિતપુરીમાં જાશો, ગુણિલોકમાં વયણે ગવાશો રે.
શં૦ ૩

એમ દામોદર જિનવાણી, અષાઢી શ્રાવકે જાણી;
જિન વંદી નિજ ઘર આવે,
પ્રભુ પાર્શ્વની પ્રતિમા ભરાવે રે. શં૦ ૪

ત્રણ કાલ તે ધૂપ ઉખેવે, ઉપકારી શ્રી જિન સેવે;
પછી તેહ વૈમાનિક થાવે,
તે પ્રતિમા પણ તિહાં લાવે રે. શં૦ ૫

ઘણા કાલ પૂજી બહુમાને, વલી સૂરજ ચંદ્ર વિમાને;
નાગ લોકના કષ્ટ નિવાર્યા,
જ્યારે પાર્શ્વ પ્રભુજી પધાર્યા રે. શં૦ ૬

યદુ સૈન્ય રહ્યો રણ ઘેરી, જીત્યા નવિ જાય વૈરી;
જરાસંઘે જરા તવ મેલી, હરિબલ વિના સઘલે
ફેલી રે. શં૦ ૭

નેમીશ્વર ચોકી વિશાલી, અઠ્ઠમ કરે વનમાલી;
તૂઠી પદ્દમાવતી બાલી, આપે પ્રતિમા ઝાક ઝમાલી રે.
શં૦ ૮

પ્રભુ પાસની પ્રતિમા પૂજી, બલવંત જરા તવ ધ્રૂજી;
છંટકાવ ન્હવણજલ જોતી, જાદવની જરા જાય રોતી રે.
શં૦ ૯

શંખ પૂરી સહુને જગાવે, શંખેશ્વર ગામ વસાવે;
મંદિરમાં પ્રભુ પધરાવે શંખેશ્વર નામ ધરાવે રે.
શં૦ ૧૦

રહે જે જિનરાજ હજુરે, સેવક મન વાંછિત પૂરે;
એ પ્રભુજીને ભેટણ કાજે, શેઠ મોતીભાઈને રાજે રે.
શં૦ ૧૧

નાના માણેક કેરા નંદ, સંઘવી પ્રેમચંદ વીરચંદ;
રાજનગરથી સંઘ ચલાવે,
ગામો ગામના સંઘ મિલાવે રે. શં૦ ૧૨

અઢાર અઠોતેર વરસે, ફાગણ વદિ તેરસ દિવસે;
જિન વંદી આનંદ પાવે,
**શુભવીર** વચન રસ ગાવે રે. શં૦ ૧૩

—★—

# શ્રી મહાવીરસ્વામી જિન સ્તવન

( આમલકી ક્રીડા વર્ણન ગર્ભિત-સ્તવન. )

માતા ત્રિશલાનંદ કુમાર, જગતનો દીવોરે,
મારા પ્રાણ તણો આધાર, વીર ઘણું જીવોરે;
આમલકી ક્રીડાએ રમતાં, હાર્યો સુર પ્રભુ પામીરે,
સુણજો તે સ્વામી અંતરજામી, વાત કહું શીશ નામીરે.
જગ૦ ૧

સુધર્મા દેવલોકે રહેતા, અમો મિથ્યાત ભરાણાં રે;
નાગદેવની પૂજા કરતાં, શીશ ન ધરી પ્રભુ આણારે.
જગ૦ ૨

એકદિન ઈંદ્ર સભામાં બેઠા, સોહમપતિ એમ બોલેરે;
ધીરજ બલ ત્રિભુવનનું નાવે, ત્રિશલા બાલક તોલેરે.
જગ૦ ૩

સાચું સાચું સહુસુર બોલ્યા, પણ મેં વાત ન માનીરે;
ફણિધરને લઘુ બાલક રૂપે, રમત રમીયો છાનીરે.
જગ૦ ૪

વર્ધમાન તુમ ધૈરજ મોટું, બલમાં પણ નહિ કાચુંરે;

ગિરૂઆના ગુણ ગિરૂઆ ગાવે, હવે મેં જાણ્યું સાચું રે.
જગ૦ ૫

એક જ મુષ્ટિ પ્રહારે મારૂં, મિથ્યાત્વ ભાગ્યું જાયરે;
કેવલ પ્રગટે મોહરાયને, રહેવાનું નહિ થાય રે.
જગ૦ ૬

આજ થકી તું સાહિબ મારો, હું છું સેવક તાહરોરે;
ક્ષણ એક સ્વામી ગુણ ન વિસારૂં, પ્રાણથકી તું પ્યારોરે.
જગ૦ ૭

મોહ હરાવે સમકિત પાવે, તે સુર સ્વર્ગ સિધાવેરે;
મહાવીર પ્રભુ નામ ધરાવે, ઇંદ્રસભા ગુણ ગાવેરે.
જગ૦ ૮

પ્રભુ મલપંતા નિજ ઘર આવે, સરખા મિત્રોસો હાવેરે;
**શ્રી શુભવીર**નું મુખડું નીરખી માતાજી સુખ પાવેરે.
જગ૦ ૯

—✱—

## શ્રી પર્યુષણા પર્વનું ચૈત્યવંદન

પર્વ પર્યુષણ ગુણનીલો, નવ કલ્પી વિહાર;

ચાર માસાન્તર સ્થિર રહે, એહિજ અર્થ ઉદાર. ૧
અષાઢ શુદિ ચૌદશ થકી, સંવત્સરી પચાસ;
મુનિવર દિન સિત્તોરમે, પડિકકમતા ચૌમાસ. ૨
શ્રાવક પણ સમતા ધરી, કરે ગુરૂનું બહુમાન;
કલ્પસૂત્ર સુવિહિત મુખે, સાંભલે થઈ એક તાન. ૩
જિનવર ચૈત્ય જુહારીએ, ગુરૂ ભકિત વિશાલ;
પ્રાયે અષ્ટ ભવાંતરે, વરીએ શિવ વરમાલ. ૪
દર્પણથી નિજ રૂપને, જુવે સુદષ્ટિ રૂપ; ૫
દર્પણથી અનુભવ અર્પણો, જ્ઞાન રયણ મુનિ ભૂપ. ૫
આત્મ સ્વરૂપ વિલોકતાં, પ્રગટે મિત્ર સ્વભાવ;
રાય ઉદાયી ખામણાં, પર્વ પર્યુષણ દાવ. ૬
નવ વખાણ પૂજી સુણે, શુકલ ચતુર્થી સીમા;
પંચમી દિન વાંચે સુણે, હોય વિરાધક નિયમા. ૭
એ નહિ પર્વે પંચમી, સર્વ સમાણી ચોથે;
ભવભીરૂ મુનિ માનશે, ભાખ્યું અરિહા નાથે. ૮
શ્રુત કેવલી વયણાં સુણી એ, લહી માનવ અવતાર;
શ્રી શુભવીરને શાસને, પામ્યા જય જયકાર. ૯

## શ્રી પર્યુષણા પર્વનું સ્તવન.

સુણજો સાજન સંત, પર્યુષણ આવ્યાં રે;
તુમે પુણ્ય કરો પુન્યવંત, ભવિક મન ભાવ્યાં રે.
એ આંકણી૦
વીર જીણેસર અતિ અલવેસર વાલા મારા૦
પરમેશ્વર એમ બોલે રે;
પર્વ માંહે પજુસણ મહોટાં, અવર ન આવે તસ તોલેરે.
પજુ૦ ૧
ચૌપદમાં જેમ કેસરી મોટો, વા૦
ખગમાં ગરૂડ તે કહીએ રે;
નદી માંહે જેમ ગંગા મોટી, નગમાં મેરૂ લહિએ રે.
પજુ૦ ૨
ભૂપતિમાં ભરતેશ્વર ભાખ્યો, વા૦ દેવમાંહે સુર ઇંદ્રરે;
તીરથમાં શેત્રુંજો દાખ્યો, ગ્રહગણમાં જેમ ચંદ્ર રે.
પજુ૦ ૩
દસરા દીવાલીને વલી હોલી, વા૦ અખાત્રીજ દિવાસો રે;
બળેવ પ્રમુખ બહુલાં છે બીજાં,

પણ નહિ મુક્તિનો વાસો રે. પજુ૦ ૪
તે માટે તમે અમર પલાવો, અટ્ઠાઈ મહોત્સવ કીજેરે;
અટ્ઠમ તપ અધિકાઈએ કરીને, નરભવ લાહો લીજેરે.
પજુ૦ ૫
ઢોલ દદામા ભેરી નફેરી, વા૦ કલ્પસૂત્રને જગાવો રે;
ઝાંઝરના ઝમકાર કરીને, ગોરીની ટોલી મલી આવોરે.
પજુ૦ ૬
સોના રૂપાને ફુલડે વધાવો, વા૦ કલ્પસૂત્રને પૂજો રે;
નવ વખાણ વિધિએ સાંભળતાં, પાપ મેવાસી ધ્રુજોરે.
પજુ૦ ૭
એમ અટ્ઠાઈ મહોત્સવ કરતાં, વા૦
બહુ જન જગ ઉદ્ધરિયા રે;
વિબુધવિમલ વર સેવક એહથી,
નવનિધિ રિદ્ધિ સિદ્ધિ વરિયા રે. પજુ૦ ૮

૦—૦

## ૧. શ્રી પર્યુષણા પર્વની સ્તુતિ

પુણ્યનું પોષણ પાપનું શોષણ, પર્વ પજુસણ પામીજી,

કલ્પ ધરે પધરાવો સ્વામી, નારી કહે શિર નામીજી;
કુંવર ગયવર ખંધ ચઢાવી, ઢોલ નિશાન વજડાવોજી,
સદ્‌ગુરૂ સંગે ચઢતે રંગે, વીર ચરિત્ર સુણાવોજી. ૧
પ્રથમ વખાણે ધર્મસારથિપદ, બીજે સુપના ચારજી,
ત્રીજે સુપન પાઠકવલી ચોથે વીર જનમ અધિકારજી;
પાંચમે દીક્ષા, છઠે શિવપદ, સાતમે જિન ત્રેવીશજી,
આઠમે થિરાવલી સંભલાવી, પિઉડા પૂરો જગીશજી. ૨
છઠ્ઠ અઠ્ઠમ અઠ્ઠાઈ કીજે, જિનવર ચૈત્ય નમીજેજી,
વરશી પડિક્કમણું મુનિવંદન, સંઘ સયલ ખામીજેજી;
આઠ દિવસ લગે અમર પળાવી, દાન સુપાત્રે દીજેજી,
ભદ્રબાહુ ગુરૂ વયણ સુણીને, જ્ઞાન સુધારસ પીજેજી. ૩
તીરથમાં વિમલાચલ ગિરિમાં, મેરૂ મહીધર જેમજી,
મુનિવર માંહી જિનવર મહોટા, પર્વ પજુસણ તેમજી;
અવસર પામી સ્વામિવત્સલ, બહુ પકવાન્ન વડાઈજી,
ખિમાવિજય જિન દેવી સિદ્ધાઈ,
દિન દિન અધિક વધાઈજી. ૪

૦—૦

## શ્રી પર્યુષણ પર્વની સ્તુતી.

મણિ રચિત સિંહાસન બેઠા જગદાધાર,
પર્યુષણ કેરો, મહિમા અગમ અપાર;
નિજ મુખથી દાખી, સાખી સુર નર વૃંદ,
એ પર્વ પર્વમાં, જિમ તારામાં ચંદ. ૧
નાગકેતુની પરે, કલ્પ સાધના કીજે,
વ્રત નિયમ આખડી, ગુરૂ મુખ અધિકી લીજે;
દોય ભેદે પૂજા. દાન પંચ પ્રકાર,
કર પડિકકમણાં ધર, શીયલ અખંડિત ધાર. ૨
જે ત્રિકરણ શુદ્ધે, આરાધે નવવાર;
ભવ સાત આઠ નવ-શેષ તાસ સંસાર;
સહુ સૂત્ર શિરોમણિ, કલ્પસૂત્ર સુખકાર,
તે શ્રવણે સુણીને, સફલ કરો અવતાર. ૩
સહુ ચૈત્ય જુહારી, ખમત ખામણાં કીજે,
કરી સાહમ્મિવત્સલ, કુગતિ દ્વાર પટ દીજે;
અઠ્ઠાઈ મહોત્સવ, **ચિદાનંદ** ચિત્ત લાઈ,
ઈમ કરતાં સંઘને, શાસન દેવ સહાઈ. ૪

—★—

# પ્રાચીન સજ્ઝાયો

## (૧) શ્રી ઈલાચી પુત્રની સજ્ઝાય.

નામ ઈલાચીપુત્ર જાણીયે, ધનદત્ત શેઠનો પુત્ર ।। નટવી દેખીને મોહીયો, જે રાખે ઘર સુત ।। ૧ ।। કરમ ન છુટેરે પ્રાણીયા, પૂરવ નેહ વિકાર, નિજ કુળ છંડીરે નટ થયો ।। નાણી શરમ લગાર ।। કરમ૦ ।। ૨ ।। ઈકપુર આવ્યો રે નાચવા, ઉંચો વાંસ વિશેષ ।। તિહાં રાય જોવારે આવીયો, મળીયા લોક અનેક ।। કરમ૦ ।। ૩ ।। દોય પગ પહેરીરે પાવડી, વાંસ ચડયો ગજ ગેલ ।। નિરાધાર ઉપર નાચતો, ખેલે નવનવા ખેલ ।। કરમ૦ ।। ૪ ।। ઢોલ વજાવેરે નટવી, ગાવે કિંનર સાદ ।। પાયતલ ઘુઘરારે ઘમઘમે, ગાજે અંબર નાદ ।। કરમ૦ ।। ૫ ।। તિહાં રાય ચિત્તમાંરે ચિંતવે લુબ્ધો નટવીની સાથ ।। જો નટ પડેરે નાચતો, તો નટવી આવી મુજ હાથ ।। કરમ ।।૬।। દાન ન આપેરે ભૂપતી, નટ જાણે નૃપ વાત ।। હું ધન વાંછુરે રાયનો, રાય વાંછે મુજ ઘાત ।। કરમ૦

॥ ૭ ॥ તવ તિહાં મુનિવર પેખીયા, ધન ધન સાધુ નિરાગ ॥ ધિક્ ધિક્ વિખયારે જીવને, એમ તે પામ્યો વઈરાગ ॥ કરમ૦ ॥ ૮ ॥ થાળ ભરી શુદ્ધ મોદકે, પદમણી ઉભેલાં બહાર ॥ લો લો કે છે લેતા નથી, ધન ધન મુનિ અવતાર ॥ કરમ૦ ॥ ૯ ॥ સંવરભાવેરે કેવળી, થયો મુનિ કર્મ ખપાય ॥ કેવળ મહિમારે સુર કરે, લબ્ધિવિજય ગુણ ગાય ॥ કરમ૦ ॥ ૧૦ ॥

## (૨) શ્રી અરણીક મુનીની સજ્ઝાય.

અરણિક મુનિવર ચાલ્યા ગોચરી, તડકે દાઝે શિશોજી ॥ પાય અલવાણેરે વેળુ પરજળે, તન સુકુમાર મુનિશોજી ॥ અરણિક૦ ॥૧॥ મુખ કરમાણું રે માલતી ફૂલ જ્યું, ઉભો ગોખની હેઠોજી ॥ ખરે બપોરે રે જાતો એકલો, મોહી માનિની દીઠોજી ॥ અ૦ ॥ ૨ ॥ વયણ રંગીલીરે નયણે વીંધીયો, ઋષિ થંભ્યો તેણે ઠામોજી ॥ દાસીને કહે જારે ઉતાવળી, ઋષિ તેડી ઘેર આણોજી ॥ અ૦ ॥ ૩ ॥ પાવન કીજેરે ઋષિ ઘર આંગણું, વહોરો મોદક સારોજી;

નવ જોવનરસ કાયા કાં દહો, સફળ કરો અવતારોજી ॥ અ૦ ॥ ૪ ॥ ચંદ્રાવદનીયે ચારિત્રથી ચુકવ્યો, સુખ વિલસે દિન રાતોજી ॥ બેઠો ગોખે રે રમતો સોગઠે, તવ દીઠી નિજ માતોજી ॥ અ૦ ॥ ૫ ॥ અરણિક અરણિક કરતી મા ફરે, ગલિયે ગલિયે બજારોજી; કહો કેણે દિઠોરે મારો અરણિકો, પુંઠે પુંઠે લોક હજારોજી ॥ અ૦ ॥ ૬ ॥ હું કાયર છું રે મહારી માવડી; ચારિત્ર ખાંડાની ધારોજી ॥ ધિકક ધિકક વિષયારે મહારા જીવને, મેં કીધો અવિચારોજી ॥ અ૦ ॥ ૭ ॥ ગોખથી ઉતરીરે જનની ને પાય પડયો, મનશું લાજ્યો અપારોજી; વત્સ તુજ ન ઘટેરે ચારિત્રથી ચૂંકવું, જેહથી શિવ સુખ સારોજી ॥ અ૦ ॥ ૮ ॥ એમ સમજાવીરે પાછો વાળિયો, આણ્યો ગુરૂની પારોજી ॥ સદ્દગુરૂ દીયેરે શિખ ભલી પરે, વૈરાગે મન વાસોજી ॥ અ૦ ॥ ૯ ॥ અગ્નિ ધિખંતીરે શીલા ઉપરે, અરણિકે અણસણ કીધોજી ॥ રૂપવિજય કહે ધન્ય તે મુનિવરૂ, જેણે મનવાંછિત લીધોજી ॥ અરણિક૦ ॥ ૧૦॥

## ૩. શ્રી ખંધકમુનિની સજ્ઝાય

નમો નમો ખંધક મહામુનિ, ખંધક ખિમા ભંડારરે ॥ ઉગ્રવિહાર મુનિ, વિચરંતા, ચારિત્ર ખડગની ધારરે ॥ નમો૦ ॥ ॥ ૧ ॥ સમિતિ ગુપ્તિને ધારતો, જિતશત્રુ રાજાનો નંદરે ॥ ધારણી ઉદરે જનમિઓ, દર્શન પરમાનંદ રે ॥ નમો ૦ ॥ ૨ ॥ ધર્મઘોષ મુનિ દેશના, પામીયો તેણે પ્રતિબોધ રે ॥ અનુમતિ લેઈ માત તાતની, કર્મ શું યુદ્ધ થઈ યોદ્ધ રે ॥ નમો૦ ॥ ૩ ॥ છઠ્ઠ અઠ્ઠમ આદે ઘણા, દુકકર તપે તનું શોષ રે ॥ રાત દિવસ પરિસહ સહે, તો પણ મન નહિ રોષ રે ॥ નમો૦ ॥ ૪ ॥ દવદાધા ખીજડા દેહમાં, ચાલતાં ખડખડે હાડરે ॥ તો પણ તપ તપેરે આકરા, જાણુતો અથિર સંસાર ॥ નમો૦ ૫ ॥ એક સમે ભગનીપુરી પ્રતે, આવીયા સાધુજી સોય રે ॥ ગોખે બેઠી ચિંતે બેનડી, એ મુજ બંધવ હોય રે ॥ નમો૦ ॥ ॥ ૬ ॥ બેનને બંધવ સાંભર્યો, ઉલટયો વિરહ અપાર રે ॥ છાતી લાગી છે ફાટવા, નયણે વહે જેમ નીર રે ॥ નમો૦ ॥ ૭ ॥ રાયચિંતે મનમાં ઇશ્યું, એ કોઇ

નારીનો જારરે ॥ રાય સેવકને કહે, સાધુની લાવોજી ખાલ ઉતાર રે ॥ નમો૦ ॥ ૮ ॥

## ॥ ઢાલ બીજી ॥

રાય સેવક કહે સાધુને, ખાલડી જીવથી હણશુંરે ॥ અમ ઠાકુરની એહ છે, આણા, તે અમે આજ કરશું રે ॥ અહો અહો સાધુજી સમતા વરિયા ॥ ૧ ॥ મુનિવર મનમાંહી આણંદ્યા, પરિસહ આવ્યો જાણીરે ॥ કર્મ ખપાવાનો અવસર આવ્યો, ફરી નહીં આવે પ્રાણિરે ॥ અ૦ ॥૨॥ એ તો વલી સખાઈ મીલીઓ, ભાઈ થકી ભલેરોરે ॥ પ્રાણી કાયરપણું પરિહરજે, જિમ ન થાયે ભવ ફેરોરે ॥ અ૦ ॥ ૩ ॥ રાય સેવકને મુનિવર કહે, કઠણ ફરસ મુજ કાયારે ॥ બાધા રખે તુમ હાથે થાયે, કહો તિમ રહીયે ભાયારે ॥ અ૦ ॥ ॥ ૪ ॥ ચાર સરણા ચતુર કરીને, ભવ ચરમ આવરતેરે ॥ શુક્લ ધ્યાનશું તાન લગાયું, કાયાને વોસિરાવેરે ॥ અ૦ ॥ ૫ ॥ ચડચ્ચડ ચામડી તેહ ઉતારે, મુનિ સમતારસ ઝીલેરે ॥ ક્ષપકશ્રેણી આરોહણ કરીને, કરમ કઠણને પીલેરે ॥ અ૦ ॥ ૬ ॥ ચોથું ધ્યાન ધરતાં

અંતે, કેવલ લઈ મુનિ સિધ્યારે ॥ અજર અમરપદ મુનિ પામ્યા, કારજ સઘળાં સિધ્યાં રે ॥ અ૦ ॥ ॥ ૭ ॥ હવે મુહપતિ લોહી ખરડી, પંખીડે અમિષ જાણીરે ॥ રાજદુવારે લેઈ નાંખી; સેવકે લીધી તાણીરે ॥ અ૦ ॥ ૮ ॥ સેવક મુખથી વાતજ જાણી, બહેને મુહપત્તિ દીઠીરે ॥ નિશ્ચે ભાઈ હણીઓ જાણી, હઈયે ઉઠી અંગીઠી રે ॥ અ૦ ॥ ૯ ॥ વિરહ વિલાપ કરે રાય રાણી, સાધુંની સમતા વખાણેરે ॥ અથિર સંસાર સ્વરૂપ તત્ર જાણી, સંજમ લે રાય રાણીરે ॥ અ૦ ॥ ॥ ૧૦ ॥ આલોઈ પાતક સવી છંડી, કરમ કઠણ તે નંદીરે ॥ તપદુઃકર કરી કાયા ગાળી, શિવ સુખ લહે આણંદીરે ॥ અ૦ ॥ ૧૧ ભવિયણ એહવા મુનિવર વંદી, માનવભવ ફલ લીજેરે, કરજોડી મુનિ મોહન વિનવે, સેવક સુખિયા કીજેરે ॥ અહો૦ ॥ ૧૨ ॥

## ૪. ॥ શ્રી મૌન એકાદશીની સજઝાય ॥

આજ મ્હારે એકાદશીરે, નણદલ મૌન કરી મુખ રહીએ ॥ પૂછ્યાનો પડુત્તર પાછો, કેહને કાંઈ ન

કહીએ ॥ આજ૦ ॥ એ આંકણી ॥ મ્હારો નણદોઈ તુજને વહાલો, મુજને તહારો વીરો ॥ ધુમાડાનાં બાચકાં ભરતાં, હાથ ન આવે હીરો ॥ આજ૦ ॥ ૨ ઘરનો ધંધો ઘણો કર્યો પણ, એક ન આવ્યો આડો; પરભવ જાતાં પાલવ ઝાલે, તે મુજને દેખાડો ॥ આ૦ ॥ ૩ ॥ માગશર શુદિ અગીયારશ મ્હોટી, નેવું જિનનાં નિરખો ॥ દોઢસો કલ્યાણક મ્હોટાં, પોથી જોઈ જોઈ હરખો ॥ આ૦ ॥ ૪ ॥ સુવ્રતશેઠ થયો શુદ્ધ શ્રાવક, મૌન ધરી મુખ રહીયો ॥ પાવક પુર સઘળો પરજાળ્યો, એહનો કાંઈ ન દહીયો ॥આજ૦॥ ॥ ૫ ॥ આઠ પહોર પોસહ તે કરીએ, ધ્યાન પ્રભુનું ધરીએ ॥ મન વચ કાયા જો વશ કરીએ, તો ભવ-સાયર તરીએ ॥ આજ૦ ॥ ૬ ॥ ઈર્યાસમિતિ ભાષા ન બોલે આડું અવળું પેખે ॥ પડિક્કમણા શું પ્રેમ ન રાખે, કહો કેમ લાગે લેખે ॥ આજ૦ ॥ ૭ ॥ કર ઉપર તો માળા ફિરતી, જીવ ફરે વનમાંહી ॥ ચિત્તડું તો ચિહું દિશિયે ડોલે, ઈણ ભજને સુખ નાહિ ॥ આજ૦ ॥૮॥ પૌષધશાળે ભેગાં થઈને, ચાર

ક્રિયા વળી સાધે ॥ કાંઈક પાપ મિટાવણ આવે, બાર ગણું વળિ બાંધે ॥ આજ૦ ૯ ॥ એક ઉઠંતી આળસ મોરે, બીજી ઉંઘે બેઠી ॥ નદીયોમાંથી કોઈક નિસરતી, જઈ દરિયામાં પેઠી ॥ આજ૦ ॥ ૧૦ ॥ આઈ બાઈ નણન્દ ભોજાઇ, ન્હાની મ્હોટી વહુને ॥ સાસુ સસરો મા ને માસી, શિખામણ છે સહુને ॥ આજ૦ ॥ ૧૧ ॥ ઉદય રતન વાચક ઉપદેશે, જે નર નારી રહેશે ॥ પોસામાંહે પ્રેમ ધરીને, અવિચળ લીલા લહેશે ॥ આજ મ્હારે એકાદશી રે૦ ॥ ૧૨ ॥

—※—

## ૫. શ્રી સહજાનંદીની સજઝાય—

(બીજી અશરણ ભાવના—એ દેશી)

સહજાનન્દીરે આતમા, સૂતો કાંઈ નિશ્ચિંત રે ॥ મોહ તણા રણીયા ભમે, જાગ જાગ મતિવન્ત રે ॥ લુંટે જગતના જન્તરે, નાંખી વાંક અત્યન્ત રે ॥ નરકાવાસ ઠવન્તરે, કોઇ વિરલા ઉગરંત રે ॥ સ૦ ॥ ॥ ૧ ॥ રાગ દ્વેષ પરિણતી ભજી, માયા કપટ કરાય રે ॥ કાશ કુસુમ પરે જીવડો, ફોગટ જનમ ગમાય

રે, માથે ભય જમરાય રે, શો મન ગર્વ ધરાયરે,
સહુ એક મારગ જાય રે, કોણ જગ અમર કહાય રે
॥ સ૦ ॥ ૨ ॥ રાવણ સરિખા રે રાજવી, નાગા
ચાલ્યા વિણ ધાગ રે ॥ દશ માથાં રણ રડવડયાં,
ચાંચ દીએ શિર કાગ રે, દેવ ગયા સવિ ભાગ રે,
ન રહ્યો માનનો છાગ રે, હરિ હાથે હરિ નાગ રે,
જો જો ભાઇઓના રાગ રે ॥ સ૦ ॥ ૩ ॥ કેઇ
ચાલ્યા કેઇ ચાલશે, કેતા ચાલણહાર રે ॥ મારગ
વહેતો રે નિત્ય પ્રત્યે, જોતાં લગ્ન હજારરે, દેશ
વિદેશ સધાયરે, તે નર એણે સંસાર રે, જાતાં જમ
દરબાર રે, ન જુવે વાર કુવાર રે ॥ સ૦ ॥ ૪ ॥ નારા-
યણપુરિ દ્વારિકા, બળતી મેલી નિરાશ રે ॥ રોતા
રણમાં તે એકલા, નાઠા દેવ આકાશરે, કિહાં તરૂ
છાયા આવાસરે, જળ જળ કરી ગયો સાસરે, બળ-
ભદ્ર સરોવર પાસરે, સુણી પાંડવ શિવ વાસરે ॥ સ૦
॥ ૫ ॥ રાજી ગાજીને બોલતા, કરતા હુકમ હેરાનરે ॥
પોઢયા અગ્નિમાં એકલા, કાયા રાખ સમાનરે, બ્રહ્મ-
દત્ત નરક પ્રયાણરે, એ ઋદ્ધિ અથિર નિદાનરે, જેવું

પીંપળ પાનરે, મ ધરો જુઠ ગુમાનરે ॥ સ૦ ॥ ૬ ॥
વાલેશર વિના એક ઘડિ, નવિ સોહાતું લગારરે ॥
તે વિણુ જનમારો વહી ગયો, નહીં કાગળ સમાચારરે,
નહી કોઇ કોઈનો સંસારરે, સ્વારથિયો પરિવારરે,
માતા મરૂદેવી સારરે, પહોંત્યા મોક્ષ મોઝારરે ॥ સ૦ ॥
॥ ૭ ॥ માતા પિતા સુત બાંધવા, અધિકો રાગ વિચાર
રે ॥ નારી આશારીરે ચિત્તમાં, વાંછે વિષય ગમારરે,
જુઓ સૂરિકાંતા જે નાર રે, વિષ દીધો ભરતારરે,
નૃપ જિનધર્મ આધારરે, સજ્જન નેહ નિવારરે ॥
॥ સ૦ ॥ ૮ ॥ હસી હસી દેતારે તાલીયો, શય્યા
કુસુમની સારરે, તે નર અંતે માટી થયા, લોક ચણે
ઘરબારરે, ઘડતા પાત્ર કુંભારરે, એહવું જાણી અસારરે,
છોડો વિષય વિકારરે, ધન્ય તેહનો અવતારરે ॥સ૦॥
॥ ૯ ॥ થાવચ્ચા સુત શિવ વર્યા, વળી એલાચી
કુમારરે; ધિક્ ધિક્ વિષયારે જીવને, લઈ વૈરાગ્ય
રસાળરે, મ્હેલી મોહ જંજાળરે, ઘેર રમે કેવળ
બાળરે ધન્ય, કરકંડૂ ભૂપાળરે ॥ સ૦ ॥ ૧૦ ॥ શ્રી
શુભવિજય સુગુરૂ લહી, ધર્મરયણ ધરો છેકરે ॥ વીર

વચન રસ શેલડી, ચાખે ચતુર વિવેકરે, ન ગમે તે નર ભેખરે, ધરતા ધર્મનો ટેકરે, ભવજળ તરિયા અનેકરે ॥ સ૦ ૧૧ ઇતિ ॥

## ૬ શ્રી સુબાહુ કુમારની સજ્ઝાય

હવે સુબાહુકુંવર એમ વીનવે, અમે લેઇશ્યું સંયમભાર માડી મોરીરે, મા મેં વીર પ્રભુની વાણી સાંભળી, તેથી મેં જાણ્યો અથીર સંસાર, માડી મોરીરે હવે હું નહિ રાચું આ સંસારમાં ॥૧॥ અરે જાયા તુજ વિના સુનાં મંદિર માળીયાં, તુજ વિના સુનોરે સંસાર, જાયા મોરારે કાંઇ માણેક મોતી મુદ્રિકા, કાંઇ રિદ્ધિ તણો નહીં પાર, જાયા મોરારે તુજ વિના ઘડી એક ન નીસરે ॥ ૨ ॥ અરે માડી તન, ધન, જોબન, કારમું, કારમો કુટુંબ પરીવાર, માડી મોરીરે, કારમા સગપણમાં કોણ રહે, એથી જાણ્યો અથિર સંસાર. માડી મોરીરે૦ ॥ ૩ ॥ અરે જાયા સંયમ પંથ ઘણો આકરો, જાયા વ્રત છે ખાંડાની ધાર, જાયા મોરારે, બાવીસ પરીસહ જીતવા,

જાયા રહેવું છે વનવાસી, જાયા મોરારે તુજ૦ ॥ ૪ ॥ અરે માજી, વનમાં રહે છે મૃગલાં, તેની કોણ કરેરે સંભાળ, માડી મોરીરે હવે૦ ॥ ૫ ॥ હાંરે માજી, નરકની ગોદમાં હું જન્મ્યો, અનંતી અનંતીવાર, માડી મોરીરે, છેદન ભેદન મેં ત્યાં સહ્યાં, તે કહેતાં નાવે પાર, માડી મોરીરે હવે૦ ॥ ૬ ॥ અરે જાયા તુજને પરણાવી પાંચસેં નારીઓ, રૂપે અપ્સરા સમાન, જાયા મોરારે, ઉંચા કુલમાં જનમના રહેવા પાંચસેં પાંચસેં મહેલ, જાયા મોરારે તુજ૦ ॥ ૭ ॥ હાંરે માડી ઘરમાં જો એક નાકલે નાગણી, સુખે નિદ્રા ન આવે લગારે, માડી મોરીરે, પાંચસેં નાગણીઓમાં કેમ રહુ, મારૂં મન આકુલ વ્યાકુલ થાય, માડી મોરીરે હવે૦ ॥ ૮ ॥ હાંરે જાયા આટલા દિવસ હું તો જાણતી, રમાડીશ વહુરોનાં બાલ, જાયા મોરારે, દેવ અટારો હવે ઉલટો આવીયો, તુ તો લે છે સંયમ ભાર ॥ જાયા મોરારે તુજ૦ ॥ ૯ ॥ હાંરે માજી મુસાફર આવ્યો પંખી પરગલો, ફરી ભેગો થાય ન થાય, માડી મોરીરે, મનુષ્ય જન્મ આવો દોહીલો પામ્ય

વિના દુરગતિ જાય, માડી મોરીરે હવે૦ ॥ ૧૦ ॥
હવે પાંચસેં વહુરો એમ વીનવે, તેમાં વડેરી કરેરે
જવાબ, વાલમ મોરારે; તુમે તો સંયમ લેવા સંચર્યા,,
સ્વામી અમને કોનો છે આધાર, વાલમ મોરારે
વાલમ વિના કેમ રહી શકું ॥ ૧૧ ॥ હાંરે માજી માત
પિતા ભાઈ બેનડી, નારી કુટુંબનો પરિવાર, માડી
મોરીરે અંત વેલાએ સહુ અળગા રહે, એક જીનધર્મ
તરણ તારણહાર માડી મોરીરે હવે૦ ॥ ૧૨ ॥ હાંરે
માજી કાચી કાયા તે કારમી, ચડી પડી વીણસી જાય
માડી મોરીરે, જીવડો જાયને કાયા પડી રહેશે, મુવા
પછી બાળી કરે રાખ, માડી મોરીરે હવે૦ ॥ ૧૩ ॥
હવે ધરણી માતા એમ ચિંતવે, આ પુત્ર નહીં રહેરે
સંસાર, ભવીક જનોરે, એક દીવસનું રાજ્ય ભોગવ્યું,
લીધો સંયમ મહાવીર સ્વામી પાસ, ભવીક૦
સોભાગી કુવરે સંયમ આદર્યું ॥ ૧૪ ॥ હાંરે
તપ જપ કરી કાયા શોષવી, આરાધી ગયા દેવલોક,
ભવીક જનરે, પંદર ભવ પુરા કરી, જાશે મહાવિદેહ
ક્ષેત્ર મોઝાર, ભવીક જનરે, સોભાગ્યવિજય ગુરૂ
એમ કહે ॥ ૧૫ ॥ ઇતિ૦ ॥

## (૭) શ્રી નેમ રાજુલના સજઝાય

નદી જમુના કે તીર ઉડે દોય પંખીયાં ॥ એ દેશી ॥

પીયુજી પીયુજીરે નામ જપું દીન રાતીયાં, પિયુજી ચાલ્યા પરદેશ તપે મોરી છાતીયાં, પગ પગ જોતી વાટ વાલેશ્વર કબ મીલે, નીર વિછોયાં મીન કે તે જયુ ટળવળે ॥ ૧ ॥ સુંદર મંદિર સેજ સાહિબ વિણુ નવિ ગમે, જિહાંરે વાલેશ્વર નેમ તિહાં મારૂં મન ભમે, જો હોવે સજ્જન દુર તો હી પાસે વસે, કિહાં પંકજ કિહાં ચંદ, દેખી મન ઉલ્લસે ॥ ૨ ॥ નિઃસ્નેહિ શું પ્રીતમ કરજો કો સહી, પતંગ જલાવે દેહ દીપક મનમે નહીં, વહાલા માણસનો વિજોગ મ હોજો કેહને, સાલેરે સાલ સમાન હઇયામાં તેહને ।, ૩ ॥ વિરહવ્યથાની પીડ જોબન વય અતિ દહે, જેનો પીયુ પરદેશ તે માણસ દુઃખ સહે, ઝુરી ઝુરી પંજર કીધ કાયા કમલજ જિસી, હજીઅ ન આવ્યો નેમ મલિ ન નયણે હસી ॥ ૪ ॥ જેહને જેહ શું રાગ, ટાલ્યો તે નવિ ટલે, ચકવા રયણી વિજોગ, તે તો દિવસે મલે, આંબા કેરો સ્વાદ લિંબુ તે નવિ કરે, જે નાહ્યા

ગંગા નીર, તે છિલ્લર કિમ તરે ॥ ૫ ॥ જે રમ્યા માલતી ફુલ, તે ધંતુરે કિમ રમે, જેહને ધૃત શું પ્રેમ તે તેલે કિમ જમે, જેહને ચતુરશું નેહ તે અવરને શું કરે, નવ જોબન તજી નેમ વૈરાગી થઇ ફરે ॥૬॥ રાજુલરૂપ નિધાન પહોતી સહસાવને, જઈ વાંધ્યા પ્રભુ નેમ સંયમ લેઈ એક મને, પામ્યા કેવળજ્ઞાન પોતી મનની રલી, રૂપવિજય પ્રભુ નેમ ભેટે આશા ફલી ॥ ૭ ॥ ઇતિ૦

o——o

## (૮) જીવને સમતા વિષે સજઝાય

હો પ્રિતમજી પ્રિતકી રીત અનિત તજી ચિત્ત ધારીયે, હો વાલમજી વચન તણો અતિ ઉંડો મરમ વિચારીયે ॥ એ આંકણી ॥ હાંરે તમે કુમતિને ઘેર જાઓ છો, તુમ કુળમાં ખોડ લગાવો છો ॥ ધિક્ક એંઠ જગતની ખાઓ છો ॥ હો૦ ॥ ૧ ॥ અમૃત ત્યાગી વિષ પીઓ છો, કુમતિનો મારગ લીઓ છો; એ તો કાજ અયુક્ત કીયો છો ॥ હો૦ ॥ ૨ ॥ એતો મોહરાયકી ચેટી છે, શિવ સંપત્તિ એથી છેટી

છે ॥ એતો સાગર ગળતી પેટી છે ॥ હો૦ ॥ ૩ ॥ એક શંકા મેરે મન આવી છે, કિણ વિધ એ ચિત્ત તુમ ભાવી છે ॥ એ તો ડાકણ જગમાં ચાવી છે ॥ ॥ હો૦ ॥ સહુ રિદ્ધિ તમારી ખાએ છે, કરી કામણ ચિત્ત ભરમાએ છે ॥ તુમ પુણ્ય યોગે એ પાઇ છે ॥ હો૦ ॥ ૫ ॥ મત આંબ કાજ બાવલ બોવો, અનુપમ ભવ વિરથા નવિ ખોવો, અબ ખોલ નયણ પ્રગટ જોવો ॥ હો૦ ૬ ॥ ઇણ વિણ સમતા બહુ સમજાવે, ગુણ અવગુણ કંઇ સહુ દરશાએ ॥ સુણો ચિદાનંદ નિજ ધન આયે ॥ હો૦ ॥ ૭ ॥ ઇતિ ॥

★ —— ★

## (૯) શ્રી પરસ્ત્રી ત્યાગ કરવાની સજઝાય

સુણ ચતુર સુજાણ, પરનારી શું પ્રીત કદીએ નવ કીજિએ, ॥ એ આંકણી ॥ હાંરે જેણે પરનારી શું પ્રીત કરી, તેને હૈડે રૂંધાણ થાય ઘણી ॥ તેણે કુળ મરજાદા કાંઈ ન ગણી ॥ સુણ૦ ॥ ૧ ॥ ત્હારી લાજ જશે નાત જાતમાં, તું તો હળુઓ પડીશ સહુ સાથમાં, એ ધુમાડો ન આવે હાથમાં ॥ સુણ૦ ॥ ૨ હાંરે

સાંજ પડે રવિ આથમે, ત્હારો જીવ ભમરાની પેરે ભમે ।। તને ઘરનો ધંધો કાંઈ ન ગમે ।। સુણ૦ ।।૩।। હાંરે તું જઈને મલીશ દુતીને, ત્હારૂં ધન લેશે સવિ ધુતીને ।। પછી રહીશ હૈડું કુટીને ।। સુણ૦ ।। ૪ ।। તું તો બેઠો મૂછો મરડીને, ત્હારૂં કાળજું ખાશે કરડીને ।। તારૂં માંસ લેશે ઉઝરડીને ।। સુણ૦ ।। ૫ ।। હાંરે તને પ્રેમના પ્યાલા પાઇને, ત્હારાં વસ્ત્ર લેશે વાઈને ।। તને કરશે ખોખું ખાઇને ।। સુણ૦ ।। ૬ ।। હાંરે તું તો પરમંદિરમાં પેસીને, તિહાં પારકી સેજે બેસીને ।। તેં ભોગ કર્યા ઘણું હશીને ।। સુણ૦ ।। ૭ ।। હાંરે જેમ ભુયંગ થકી ડરતા રહિયે, તેમ પર-નારીને પરિહરિયે ।। હારે ભવસાયર ફેરો ન ફરિયે ।। સુણ૦ ।। ૮ ।। વ્હાલા પરણી નારીથી પ્રિત સારી, એ માથું વઢાવે પરનારી ।। મે નિશ્ચે જાણજો નિર-ધારી ।। સુણ૦ ।। ૯ ।। એ સદ્ગુરૂ કહે તે સાચું છે, ત્હારી કાયાનું સરવે કાચું છે ।। એક નામ પ્રભુનું સાચું છે. સુણ૦ ।। ૧૦ ।। ઇતિ ।।

—★—

## (૧૦) શ્રી આપ સ્વભાવની સજઝાય

આપ સ્વભાવમાં રે, અવધુ સદા મગનમે રહેના ॥ જગત જીવ હે કરમાધિના, અચરિજ કછુઅ ન લીના ॥ આપ૦ ॥ ૧ ॥ તું નહી કેરા કોઈ નહીં તેરા, કયા કરે મેરા મેરા ॥ તેરા હે સો તેરી પાસે, અવર સબે અનેરા ॥ આપ૦ ॥ ૨ ॥ વપુ વિનાશી તું અવિનાશી, અબ હે ઈનકું વિલાસી ॥ વપુ સંગ જબ દૂર નિકાસી, તબ તુમ શિવકા વાસી ॥ આપ૦ ॥ ૩ ॥ રાગ ને રીસા દોય ખવીસા, એ તુમ દુઃખકા દીસા. જબ તુમ ઉનકું દૂર કરીસા, તબ તુમ જગકા ઈસા ॥ આપ૦ ॥ ૪ ॥ પારકી આશા સદા નિરાશા, એ હે જગજન પાસા ॥ તે કાટનકું કરો અભ્યાસા, લહો સદા સુખ વાસા ॥ આપ૦ ॥ ૫ ॥ કબહીક કાજી કબહીક પાજી, કબહીક હુઆ અપભ્રાજી ॥ કબહીક જગમેં કીર્તિ ગાજી; સબ પુદ્ગલકી બાજી ॥ આપ૦ ॥ ૬ ॥ શુદ્ધ ઉપયોગને સમતાધારી, જ્ઞાન ધ્યાન મનોહારી ॥ કર્મ કલંકકુ દૂર નિવારી, જીવ વરે શિવનારી ॥ આપ૦ ॥ ૭ ॥

## (૧૧) ॥ શ્રી મૂર્ખને પ્રતિબોધની સજઝાય ॥

જ્ઞાન કદી નવ થાય, મુરખને જ્ઞાન કદી નવ

થાય ।। કહેતાં પોતાનું પણ જાય ।। મુરખને૦ ।।૧।। (એ આંકણી) શ્વાન હોય તે ગંગાજળમાં, સો વેળા જો ન્હાય ।। અડસઠ તીરથ ફરિ આવે પણ, શ્વાનપણું નવિ જાય ।। મુરખને ।। કહે૦ ।। ૨ ।। ક્રૂર સર્પ પયપાન કરંતાં, સંતપણું નવિ થાય ।। કસ્તુરિનું ખાતર જો કીજે, વાસ લસણ નવિ જાય ।। મુરખને૦ ।। કહે૦ ।। ૩ ।। વૃષ્ટા સમે સુગ્રીવ તે પક્ષી, કપિ ઉપદેશ કરાય ।। તે કપિને ઉપદેશ ન લાગ્યો, સુગ્રી ગૃહ વિખરાય ।। મુરખને૦ ।। કહે૦ ।। ૪ ।। નદીમાંહે નિશદિન રહે પણ પાષાણપણું નવિ જાય ।। લોહ ધાતુ ટંકણજો લાગે, અગ્નિ તુરત ઝરાય ।। મુરખને૦ ।। કહે૦ ।। ૫ ।। કાગ કંઠમાં મુકતાફળની ગળા તે ન ધરાય ।। ચંદન ચર્ચિત અંગ કરિજે, ગર્ધવ ગાય ન થાય ।। મુરખને૦ કહે૦ ।। ૬ ।। સિંહ ચર્મ કોઈ શિયાળ સુતને, ધારે વેષ બનાય ।। શિયાળ સુત પણ સિંહ ન હોવે, શિયાળપણું નવિ જાય ।। મુરખને૦ ।। કહે૦ ।। ૭ તે માટે મુરખથી અલગા, રહે તે સુખીયા થાય ।। ઉખરભુમિ બીજ ન હોવે ઉલટું બીજ તે જાય ।। મૂરખને ।। કહે૦ ૮ ।। સમકિતધારી સંગ કરીજે, ભવ ભય ભીતિ મિટાય;

માનવિજય સદ્ગુરૂ સેવાથી, બોધિબીજ સુખ પાય
॥ મુરખને૦ ॥ કહે૦ ॥ ૯ ॥

o——o

## (૧૨) શ્રી શીયલની સજઝાય

(ધન્ય ધન્ય તે દિન માહરો—એ દેશી)

**શીયલ સમું વ્રતકો નહિ**, શ્રીજિનવર એમ ભાખેરે,
સુખ આપે જે શાશ્વતાં,
દુર્ગતિ પડતાં પડતાં રાખે રે. શી૦ ૧

વ્રત પચખ્ખાણ વિના જુઓ, નવ નારદ જેહ રે;
એકજ શીયલ તણે બળે,
ગયા મુગતિમાં તેહ રે. શી૦ ૨

સાધુ અને શ્રાવક તણાં, વ્રત છે સુખદાયી રે;
શીયલ વિના વ્રત જાણજો,
કુસકા સમ ભાઈ રે. શી૦ ૩

તરૂવર મૂળ વિના જીસ્યો, ગુણવિણ લાલ કમાન રે;
શીયલ વિના વ્રત એહવું,
કહે વીર ભગવાન રે. શી૦ ૪

નવ વાડે કરી નિર્મળું, પહેલું શીયલજ ધરજો રે;
**ઉદયરતન** કહે તે પછી,
વ્રતનો ખપ કરજો રે. શી૦ ૫

## (૧૩) વૈરાગ્યની સજઝાય

ઉંચાં મંદિર માળીયાં, સોડ વાળીને સૂતો;
કાઢો કાઢો એને સહુ કહે,
જાણે જનમ્યોજ નહોતો. ૧

એક રે દિવસ એવો આવશે, મન સબળોજી સાલે;
મંત્રી મલ્યા સવિ કારમા,
તેનું કાંઈ ન ચાલે. એક રે૦ ૨

સાવ સોનાનાં સાંકલાં, પહેરણ નવ નવા વાઘા;
ધોળું રે વસ્ત્ર એના કર્મનું,
તે તો શોધવા લાગા એક રે૦ ૩

ચરૂ કઢાઈયા અતિ ઘણા, બીજાનું નહિ લેખું;
ખોખરી હાંડલી એના કર્મની,
તે તો આગળ દેખું. એક રે૦ ૪

કેના છોરૂ ને કેના વાછરૂ, કેના માય ને બાપ;
અંતકાળે જાવું જીવને એકલું,
સાથે પુણ્ય ને પાપ. એક રે૦ ૫

સગી રે નારી એની કામિની, ઉભી ટગ મગ જુવે;
તેનું પણ કાંઈ ચાલે નહિ,
બેઠી ધ્રુસકે રૂવે. એક રે૦ ૬

વહાલાં તે વહાલાં શું કરો, વહાલાં વોળાવી વળશે;

વહાલાં તે વનનાં લાકડાં.
તે તો સાથેજ બળશે. એક રે૦ ૭

નહિ ત્રાપો નહિ તુંબડી, નથી તરવાનો આરો;
ઉદયરતન પ્રભુ ઇમ ભણે,
મને પાર ઉતારો. એક રે૦ ૮

## (૧૪) સંસારના ખોટા સગપણની સજઝાય

ચેતે તો ચેતાવું તને રે, ઓ પામર પ્રાણી—એ દેશી
સગું તારું કોણ સાચું રે, સંસારીયામાં—સગું૦
પાપનો તો નાખ્યો પાયો, ધરમમાં તું નહિ ધાયો;
ડાહ્યો થઇને તું દબાયો રે. સંસા૦ ૧

કૂડું કૂડું હેત કીધું, તેને સાચું માની લીધું;
અંત કાલે દુઃખ દીધું રે. સંસા૦ ૨
વિસવાસે વ્હાલા કીધા, પીયાલા ઝેરના પીધા;
પ્રભુને વિસારી દીધા રે. સંસા૦ ૩

મનગમતામાં મહાલ્યો, ચોરને મારગ ચાલ્યો;
પાપીઓનો સંગ ઝાલ્યો રે. સંસા૦ ૪
ધરને ધંધે ઘેરી લીધો, કામિનીયે વશ કીધો;
**ઋષભદાસ** કહે દગો દીધો રે સંસા૦ ૫

---

## શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિન છંદ

પાસ શંખેશ્વરા, સારકર સેવકા, દેવકાં એવડી

વાર લાગે; કોડી કરજોડી દરબાર આગે ખડા, ઠાકુર ચાકુરા માન માગે. ॥ ૧ ॥ પ્રગટથા પાસજી મેલી પડદો પરો, મોડ અસુરાણને આપ ઓડો, ॥ ૨ ॥ મુજ મહિરાણ મંજુષમાં પેસીને ખલકના નાથજી બંધ ખોલો, ॥ ૩ ॥ જગતમાં દેવ જગદીશ તું જાગતો, એમ શું આજ જિનરાજ ઉંઘે, ॥ ૪ ॥ મોટા દાનેશ્વરી તેહને દાખીયે, દાન દે જેહ જગ કાળ મોંઘે ॥ ૫ ॥ ભીડ પડી જાદવા જોર લાગી જરા, તત્ક્ષણ ત્રિકમે તુજ સંભાર્યો ॥ ૬ ॥ પ્રકટી પાતાળથી પલકમાં તેં પ્રભુ, ભકતજન તેહનો ભય નિવાર્યો ॥ ૭ ॥ આદિ અનાદિ અરિહંત તું એક છે, દિનદયાલ છે કોણ દૂજો. ॥ ૮ ॥ ઉદયરત્ન કહે પ્રકટી પ્રભુ પાસજી, મેલી ભય ભંજનો એહ પૂજો—પાસ૦ ॥ ૯ ॥

અમારે ત્યાંથી દરેક જાતનાં

ધર્મનાં પુસ્તકો મળી શ

મળો યા લખો:

માસ્તર રતિલાલ આદરચંદ

દાવાદ,